# સફળતાની ચાવી

તમારી ક્ષમતાઓને મુક્તપણે વિસ્તારવાની,
મૂશ્કેલીઓને પાર પાડીને જીવનના ઉચ્ચ લક્ષ્યો
હાંસલ કરવાની ચાવી



મૌલાના વહીદુદ્દીન ખાન

# સફળતાની ચાવી

મૌલાના વહીદુદ્દીન ખાન

(મૂળ ઉર્દૂ પુસ્તક રાઝ-એ-હયાતનો ગુજરાતી અનુવાદ)

**અનુવાદક: અહમદ ગિનાની**

૨૦૨૦માં પ્રથમ પ્રકાશિત

સફળતાની ચાવી એ અંગ્રેજી પુસ્તક - સિક્રેટ ઓફ સક્સેસનું ગુજરાતી અનુવાદ છે, જે મૂળ ઉર્દૂ ભાષામાં લખાયેલ પુસ્તક રાઝ-એ-હયાતનું અંગ્રેજી આવૃતિ છે.

આ પુસ્તક રોયલ્ટી અને કોપી-રાઇટથી સંપૂર્ણપણે મુક્ત છે. તેનો અનુવાદ, પ્રિન્ટ કે રિ-પ્રિન્ટ કરવા માટે, કોઈ ડિજીટલ પ્લેટફોર્મ પર મૂકવા કે વાપરવા માટે લેખક કે પબ્લિશરની અગાઉથી પરવાનગી લેવાની જરૂર નથી. તમે નોન-પ્રોફિટ અને/અથવા કોમર્શિયલ હેતુસર પુસ્તકનો ઉપયોગ કરી શકો છો. પરંતુ, મહેરબાની કરીને તમારા પ્રકાશન તથા પ્રિન્ટનો નમૂનો અથવા ડિજીટલ કોપીની લિંક અમોને નીચેના એડ્રેસપર મોકલી આપશો જી.
E-Mail: info@cpsglobal.org

Centre for Peace and Spirituality International

1, Nizamuddin West Market, New Delhi-110013

e-mail: info@cpsglobal.org

www.cpsglobal.org

Goodword Books

A-21, Sector 4, Noida-201301

Delhi NCR, India

e-mail: info@goodwordbooks.com

www.goodwordbooks.com

Center for Peace and Spirituality USA

2665 Byberry Road, Bensalem, PA 19020

e-mail: kkaleemuddin@gmail.com

Printed in India

# અનુક્રમણિકા

અનુક્રમણિકા........................................................................ 1
પ્રસ્તાવના........................................................................ 9
મધનો સ્વાદ........................................................................ 13
કુદરતનો નિયમ........................................................................ 15
જીવન-શક્તિ........................................................................ 16
વૃક્ષ - શિક્ષકની ફરજ બજાવતું કુદરતનું જીવંત ઉદાહરણ........ 19
સરળ સમાધાન........................................................................ 20
ચિહ્નોનું વાંચન........................................................................ 22
લેટીન કહેવત: પર એર્દુઆ એદ એસ્ત્રા (ઘોર અંધકારમાંથી પ્રકાશની કિરણો તરફ)........................................................................ 24
નમન્યતાની જરૂરીયાત........................................................................ 27
ખંતનુ મૂલ્ય........................................................................ 29
સુધારાની પ્રેરણા........................................................................ 31
શિક્ષકોને શિક્ષણ........................................................................ 33
પોતાની ભૂલોમાંથી શીખવું........................................................................ 35
ગતિ અને દિશા........................................................................ 38
નિયત સમય........................................................................ 40
કઠણાઈ અને સહેલાઈ........................................................................ 41
અનિવાર્ય સંજોગો........................................................................ 44
અજ્ઞાનતાનું અનિષ્ટ........................................................................ 45
મોજામાં ડૂબકી........................................................................ 47
તકની ઉપલબ્ધી........................................................................ 49
આપશો તો જ મેળવશો........................................................................ 51

કુદરતનો ક્રમ........................................................................ 52
જ્યારે કોઈ તૂટી જાય છે.......................................................... 54
દુનિયા ટાઈપરાઇટર નથી.......................................................... 56
સર્જનહારની સર્જન-યોજના........................................................ 58
આજની દુનિયા (પૃથ્વીલોક) અને આગામી દુનિયા (પરલોક).. 61
માણસની અજમાયશનો હેતુ........................................................ 63
દિવ્ય આયોજન........................................................................ 66
આત્મહત્યા એ ઉપાય નથી. શા માટે?........................................ 67
ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ.................................................... 69
લાંબાગાળાનું આયોજન.............................................................. 71
પંદર વર્ષ................................................................................ 73
વાસ્તવિક અભિગમ.................................................................. 76
ગૂમાવેલી તક.......................................................................... 78
મિથ્યાભિમાન.......................................................................... 80
તત્કાલ સહાય.......................................................................... 82
ધૈર્યના આધારે........................................................................ 84
વેરનો કોઈ અંત નથી.............................................................. 86
અતિ-ઉતાવળનું અનિષ્ટ............................................................ 88
અસ્તિત્વ ટકાવી રાખવાની ક્ષમતા.............................................. 90
ઘમંડ: દુષ્ટતાનું મૂળ................................................................ 92
એકતાનું મૂલ્ય........................................................................ 93
એકતાનું રહસ્ય...................................................................... 96
ડહાપણભર્યો પ્રતિભાવ............................................................ 98
ખામીઓનો સ્વીકાર................................................................ 100
જીવન-સંદેશ.......................................................................... 102
વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ.................................................................. 104
શાળામાંથી હકાલપટ્ટી.............................................................. 105
ગુસ્સા પર કાબૂ...................................................................... 108

જીવનના પડકારો........................................................ 110
તમે ગરીબ નહીં, પણ ખૂબ અમીર છો!.............................. 112
નબળાઈની સબળાઈ................................................... 115
વ્યર્થ અફસોસ............................................................ 117
ઇતિહાસનું નિર્માણ અને ભંગાણ.................................... 120
અગવડતાને પાછળ છોડી દો.......................................... 122
સન્માનિત સ્થાન........................................................ 124
અન્યોને માર્ગ આપો.................................................... 126
નૈતિક વારસો............................................................ 127
પૂર્વજોને શ્રદ્ધાંજલિ...................................................... 131
મર્યાદાઓનું વિસ્તરણ.................................................. 134
દ્રઢતાનો ઉપદેશ......................................................... 135
જાણકારીનું મહત્વ...................................................... 138
ફરિયાદ વિનાની સહનશક્તિ......................................... 140
સકારાત્મક દ્રષ્ટિકોણ.................................................... 142
કરેલું કર્મ ક્યારેય એળે જતું નથી................................... 143
હતાશાનો સામનો....................................................... 145
પૈસાનો સદ્ઉપયોગ...................................................... 148
પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય બાંધછોડ................................. 150
શરૂઆત કરતાં પહેલાં, અંત વિશે વિચારો........................ 152
સુખની શોધ.............................................................. 153
સામૂહિક હિત............................................................ 156
કોઈપણ કામ ક્યારે કરવું અને ક્યારે ના કરવું.................. 159
નુકશાન ભરપાઈ કરવાની યોગ્ય રીત............................. 161
ભૂલ પર ભૂલ............................................................. 165
કાળા વાદળ ધોળો વરસાદ લાવે છે................................ 167
ધ્યેય-લક્ષી જીવન........................................................ 169
સંપૂર્ણ સમર્પણ........................................................... 171

ધ્યેયનું મહત્વ.......... 173
બધુ લોહી માથામાં.......... 177
દ્રઢ સંકલ્પ.......... 179
ક્રેમોના શહેરનો જેરાર્ડ.......... 181
મારી પાસે સમય નથી.......... 183
હજુ કંઈક બાકી છે.......... 185
આગળ વધવામાં સાવધાન.......... 187
ચારિત્ર્ય-બળ.......... 189
ભરોસો મોટું સોનું છે.......... 190
સંકલ્પ અને ખંતનો સુમેળ.......... 192
અવરોધોથી પર.......... 195
વિશિષ્ટતાનું ઈનામ.......... 197
પરમ નિષ્ઠા.......... 199
આળસ.......... 201
સમય-સુચકતા.......... 202
વધુ સારો વિકલ્પ.......... 204
ચંદ્ર-મિશન.......... 207
શૂન્યથી શરૂઆત.......... 209
સખતાઈથી પણ સખત.......... 211
ટોચની જગ્યા ખાલી છે.......... 213
કારણ તમારા અંદર જ છે!.......... 214
સ્વપ્નનો અને સફળતા.......... 216
વિજેતાઓનું માનસ.......... 218
આપ-લેનો સિદ્ધાંત.......... 219
નિઃસ્વાર્થ સેવાની ભાવના.......... 221
લાયકાત કેળવો.......... 223
વિશિષ્ટ ક્ષમતા.......... 227
ઉપલબ્ધ તકનો લાભ લો.......... 228

ઉદ્યોગસાહસિકતા........................................................230
નવો દિવસ........................................................232
એક જ ઉપચાર: અથાગ પ્રયત્નો........................................................234
હારનો સ્વીકાર........................................................236
નિષ્ફળતાનું વિશ્લેષણ........................................................237
નિષ્ફળતાનું રૂપાંતરણ સફળતામાં........................................................239
જમાનાથી વિપરીત........................................................240
આગ હોય કે પાણી........................................................242
ચઢતા પહેલા વિચારો........................................................244
પોતાની જાતે શીખો........................................................245
સફળતાનું રહસ્ય: સરળ નિયમોનું પાલન........................................................247
સાથ-સહકાર અને વહેંચણી........................................................249
નિરાશા સામેની લડાઈ........................................................250
અન્યોનો હિસ્સો........................................................253
સફળતા: અથાગ પરિશ્રમનું નામ........................................................254
રુચિ અને સમર્પણ........................................................256
સંસાધનોનો શ્રેષ્ઠ સદુપયોગ........................................................258
ભૂલો કરવાની હિંમત........................................................260
"પેક્કાવિ"........................................................262
એક સાધારણ પગલું........................................................264
તકો અને સમસ્યાઓ........................................................266
એક પાઠ વાઘમાંથી........................................................267
પાયાનું મહત્વ........................................................269
અન્યોનો વિશ્વાસ જીતો........................................................271
ભૂલનો સ્વીકાર........................................................274
ધંધાનું રહસ્ય........................................................276
શ્રેષ્ઠ પ્રદર્શન........................................................277
અપેક્ષા કરતાં પણ વધુ........................................................279

સફળતાની કિંમત.......... 280
કંઈક મોટું હાંસલ કરવું હોય તો.......... 282
મૂશ્કેલીનું સંચાલન.......... 284
તમારા વ્યક્તિત્વને આકાર આપો.......... 286
બદલાની આગ.......... 288
બેવડા ધોરણનો નમૂનો.......... 290
સંતોષપૂર્ણ જીવન.......... 292
દિલ જીતી લેતી સંપત્તિ.......... 293
પ્રારંભિક તૈયારી.......... 296
અધીરાઈનું પરિણામ.......... 298
શાંત રહો.......... 300
પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનની સ્વસ્થતા જાળવો.......... 302
ટીકાનો જવાબ.......... 304
જોખમ અને અસુરક્ષનું શુભ.......... 306
હારનો સ્વીકાર.......... 308
તૂટવાથી.......... 309
અતૂટ સ્વ-બલિદાન.......... 311
ઊંચી-ઊંચી ફેંકવી.......... 313
ભરોસાપાત્ર ગુણવત્તા.......... 314
મનથી મોટા, દિલથી ઉદાર બનો.......... 315
ભૂલનો ઈનકાર.......... 317
ભૂલ પર ભૂલ.......... 318
સર્વોચ્ચ સફળતા.......... 321
અન્યો સામે ફરિયાદ.......... 322
માનવ-વ્યક્તિત્વ.......... 324
સામાજિક વ્યવહાર.......... 326
સુસંગત પાત્ર.......... 330
વ્યક્તિગત સુધારો.......... 334

સ્વ-મૂલ્યાંકન....336
તમારી ખામીઓને ઓળખો....338
ધીરજ, ખંત અને કરુણા....340
સુમેળભર્યા જીવનનું રહસ્ય....342
વ્યવહારુ ઉકેલ.... 344
સામાજિક એકતા....345
સમય સાથે બદલાવ.... 347
સત્યનો ઈન્કાર....349
કઠિનતાનું સંચાલન.... 351
સંપૂર્ણ તપાસ.... 353
યુવાઓને પ્રોત્સાહન....355
સામૂહિક વફાદારી.... 358
ઉલટો પિરામિડ.... 359
શંકા દૂર કરો....360
લાભદાયી ટીકા....362
સામાજિક સમસ્યાઓના ઉકેલ....364
એક ભૂમિકા ભજવવા ખાતર.... 366
ટીમવર્ક....367
પૂર્વ-જ્ઞાનનો અભાવ....369
ફરિયાદો અને મતભેદોને મૂકો તડકે!....371
સમાજનું સિમેન્ટીકરણ....373
રાષ્ટ્રનું નિર્માણ ચારિત્ર્યથી થાય છે.... 375
મજબૂત રાષ્ટ્રનું નિર્માણ.... 377
રચનાત્મક અભિગમ....379
જાપાની અનુભવ....380
ક્ષમતા એ જ સંપત્તિ છે....384
જાતે જ પોતાનું નુકશાન ના કરો....386
રાખમાંથી ફોએનિક્સની જેમ ઉદય....389

આર્થિક પર્લ હાર્બર........................................................ 392
શિક્ષણ: જીવનનું વિજ્ઞાન...................................................395
બેદરકારી: એક નૈતિક ખામી...............................................397
રાષ્ટ્રની સ્થિરતા........................................................... 399
નૈતિકતા અને ટેકનોલોજી....................................................401
યુવાનો સાથે વ્યવહાર..................................................... 403
વિકાસ-યાત્રા...................................................................405
ઈચ્છા-શક્તિ અને ખંત......................................................407
નોબેલ પારિતોષિક કેવી રીતે મેળવી શકાય?...........................408
નિષ્પક્ષતા: સફળતાનું ચાવી.............................................. 409
એકતાનો તાલમેલ............................................................411
આપણે આપવામાં જ મેળવીએ છીએ.................................. 413
સર્જનાત્મક આવેગ...........................................................414
સુગમ અભિગમ...............................................................415
માનવતા ખાતર બલિદાન................................................ 417
રાષ્ટ્રનો વિકાસ.............................................................. 419
સમર્પણ: ઉમદા હેતુ ખાતર...............................................421
પૂન:અભ્યાસ કર્યા વિના...................................................423
અંત:કરણની જાગૃતિ........................................................424
રાષ્ટ્રરૂપી વૃક્ષનું વાવેતર.................................................. 426

# પ્રસ્તાવના

આલ્ફ્રેડ એડ્લર (1870-1937) નામના પ્રખ્યાત મનોવિજ્ઞાનીએ, મુખ્યત્વે વ્યક્તિગત મનોવિજ્ઞાનના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એક નિરીક્ષકે એડ્લરના પસંદ કરેલા ક્ષેત્ર પર નીચે મુજબ ટિપ્પણી કરી છે:

માણસ અને તેની અંદર છૂપાયેલા શક્તિઓના ભંડારનો અભ્યાસ કરવામાં જીવન વિતાવ્યા પછી, મહાન મનોવિજ્ઞાની, આલ્ફ્રેડ એડ્લરે જાહેર કર્યું કે મનુષ્યની અજાયબીથી ભરેલી લાક્ષણિકતાઓમાંની એક "નકારાત્મકતાને સકારાત્મકતામાં ફેરવવાની તેની શક્તિ" છે.

ઈશ્વરે મનુષ્યનું સર્જન અસાધારણ ક્ષમતાઓ સાથે કર્યું છે. ઉપરોક્ત અવતરણ એ મનોવૈજ્ઞાનિક દ્વારા વ્યક્ત કરાયેલ ઈશ્વરના કાર્યની સંક્ષિપ્ત સ્વીકૃતિ છે. ખરેખર, માનવ-ક્ષમતાની સૌથી મોટી વિશેષતા એ છે કે વ્યક્તિ અંધકારમાં પણ વસ્તુઓની તેજસ્વી બાજુ જોઈ શકે છે. તેને પ્રતિકૂળ પરિસ્થિતિઓને અનુકૂળ પરિસ્થિતિઓમાં બદલવાનું શક્ય લાગે છે. તે, હારમાં પણ, જીત હાંસલ કરવાની નવી તકો શોધી શકે છે.

એ હકીકત છે કે માણસ કુદરતી રીતે જ પોતાની ખામીઓને લાક્ષણિકતાઓમાં ફેરવવા માટે સક્ષમ છે. પરંતુ તેની

સાથે એક શરત જોડાયેલી છે - તેણે મેનેજમેન્ટનો માર્ગ અપનાવવો પડશે અને ઘર્ષણનો માર્ગ ત્યજવો પડશે. વ્યક્તિએ સૌપ્રથમ તેને જે પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે, તેનો અભ્યાસ કરવો જોઈએ અને પછી જ તેના માટેના પગલાંઓનું ઉદ્દેશ્યપૂર્વક આયોજન કરવું જોઈએ.

વ્યક્તિ તો જ સફળ થશે જો તે અથડામણને બદલે મેનેજમેન્ટના સિદ્ધાંતને અનુસરશે. બિન-ઘર્ષણાત્મક પદ્ધતિઓ હંમેશા સકારાત્મક પરિણામો આપે છે, જ્યારે અથડામણની પદ્ધતિઓ માત્ર પરિસ્થિતિને વણસાવે છે.

માનવ-જીવનમાં સૌથી મહત્વની વસ્તુ એ તેની કર્મ કરવાની ઇચ્છા છે. આખરે તે જ લોકો સફળ થાય છે, જેઓ પ્રતિકૂળ સંજોગોમાં પણ અડગ રહે છે, જેઓ પ્રતિકૂળતાઓ પર વિલાપ કરવામાં સમય બગાડવાને બદલે આવી પડેલી મુશ્કેલીઓનો સામનો કરવામાં ધ્યાન આપે છે.

અને આખરે, એવું તો નથી જ કે જીવનમાં સૌથી સફળ રહ્યાં હોય એમણે ક્યારેય કોઈપણ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો ના હોય. ખરેખર તો સફળ વ્યક્તિ તે છે જે પોતાના ઉદ્દેશ્યોને અમલમાં મૂકી જાણે છે, પછી ભલે તેને ગમે તેટલી અડચણોમાંથી પસાર થવું પડે. આવી જ વ્યક્તિ, તેના માર્ગમાં ગમે તેટલા અવરોધો છતાં, તેની મંઝિલ પર પહોંચી શકે છે.

આવી વ્યક્તિ તેની સામે આગ આવે કે પાણી, તે બધામાંથી પસાર થઈને અંત સુધી સંઘર્ષ કરવા માટે તૈયાર હોય છે.

ઈશ્વરે આ દુનિયાનું સર્જન અસાધારણ શક્યતાઓ સાથે કર્યું છે. અહીં, જ્યારે કોઈ પ્રયાસ નિષ્ફળતાના અંધકારમાં પડતો દેખાય તો એ જ અંધકારમાંથી નવો પ્રકાશની કિરણ ઝળકી શકે છે. જ્યારે કોઈ એક મકાન પડે છે, ત્યારે તે પોતાની જગ્યાએ બીજા મકાનો બાંધવા માટે જગ્યા છોડી દે છે. માનવ-જીવનનું પણ એવું જ છે. અહીં, દરેક નિષ્ફળતા સાથે, સફળતાની નવી સંભાવનાઓ ઊભી થાય છે. બે રાષ્ટ્રોની હરીફાઈમાં જો એક રાષ્ટ્ર વિકસિત થઈ જાય અને બીજું પાછળ રહી જાય તો ત્યાં વાત પૂરી થઈ જતી નથી. ત્યારબાદ, એક નવી પ્રક્રિયા આકાર લેવાનું શરૂ થઈ જાય છે, કે જેમાં વિકસિત રાષ્ટ્રોના લોકો ભવ્ય જીવન-શૈલી અપનાવવા તરફ આગળ વધે છે, અને વૈભવી સુવિધાઓનો આનંદ માણવાનું વલણ અપનાવે છે, જ્યારે બીજી બાજું અવિકસિત રાષ્ટ્રોના લોકો સખત મહેનત અને સંઘર્ષ માટે જુસ્સો વિકસાવે છે અને, આ રીતે તેમનો વિકાસ થાય છે.

આનો અર્થ એવો થયો કે ઈશ્વરે સર્જેલ આ દુનિયામાં નિરાશાઓ અને હતાશાઓને કારણે પાછળ રહી જવાનો સવાલ જ પેદા થતો નથી. સંજોગો ગમે તેટલા નિરાશાસ્પદ કેમ ન હોય, સફળતાની નવી તક હંમેશા નજીક જ હોય છે. હારને જીતમાં બદલવા માટે રહેલી આ નવી તકનો લાભ લેવાનું ચૂકવું જોઈએ નહીં.

તદુપરાંત, આ જગતમાં વંચિતતા એ કંઈ મૂલ્યહીન નથી; વંચિતતા એ ઉચ્ચ સાહસો માટેના જુસ્સાને જન્મ આપે છે. અને આ રીતે, તે જૂથોને વધુ સક્રિય બનાવે છે, અને વધુ સફળતાની સંભાવનાઓ પેદા કરે છે.

જે લોકો આવા જીવન-જરૂરી તબક્કાઓમાંથી પસાર થયા વિના જ આગળ વધી જવા અને સફળ થવા માંગે છે, તેઓએ પોતાના માટે બીજી દુનિયાનું સર્જન કરવું જોઈએ કે જ્યાં તેઓ પોતાની આ (અપ્રાકૃતિક) જરૂરિયાતને સંતોષી શકે; કારણકે ઈશ્વરે બનાવેલી દુનિયામાં તો, તેમના સપનાઓ આના વગર ક્યારેય સાકાર થઈ શકવાના નથી.

- મૌલાના વહીદુદ્દીન ખાન, ૮મી મે, ૨૦૧૯, દિલ્હી

# મધનો સ્વાદ

મધમાખીઓ ફૂલોમાંથી જે રસ એકત્રિત કરે છે, તેમાંથી માત્ર ત્રીજા ભાગનું જ મધમાં રૂપાંતર થાય છે. આશરે ૫૦૦ ગ્રામ મધ બનાવવા માટે, મધમાખીઓએ અંદાજિત ૨૦ લાખ ફૂલોમાંથી રસ એકત્રિત કરવો પડે છે. આમાં આશરે ૮૦૦૦૦ કિલોમીટરના એકંદર અંતર પર અંદાજિત ૩૦ લાખ ધક્કાઓનો સમાવેશ થાય છે. જ્યારે જરૂરી માત્રામાં રસ એકઠો થાય ત્યારબાદ જ મધ બનવાની પ્રક્રિયા શરૂ થાય છે.

આ ફૂલોનો રસ, પ્રારંભિક અવસ્થામાં, પાણી જેવા જ પાતળાં પ્રવાહી સ્વરૂપમાં હોય છે. મધમાખીની પાંખોને એવા પંખા તરીકે કામ કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે કે તે વધારાના પ્રવાહીને વરાળમાં ફેરવે છે. આમ, વધારાનું પ્રવાહી દૂર થઈ ગયા પછી, ફક્ત એક મીઠો રસ બાકી રહે છે, જે મધમાખીઓ ચૂસે છે. મધમાખીઓના મોઢામાં ચોક્કસ પ્રકારની ગ્રંથિ હોય છે, જે મધુર પ્રવાહી પદાર્થને આપમેળે મધમાં પરિવર્તિત કરે છે. હવે, મધ તૈયાર કરવામાં આવ્યા બાદ મધમાખીઓ, તેમના મધપૂડામાં,  તેને મીણ જેવાં પદાર્થમાંથી ખાસ બનાવેલા છિદ્રોમાં સંગ્રહિત કરે છે. આ સંપૂર્ણ પ્રક્રિયામાં બધી જ મધમાખીઓની પ્રચંડ મહેનત સામિલ હોય છે. સંગ્રહની આ પદ્ધતિની સલામતી અને અસરકારકતા એ કોઈપણ પેકેજિંગ જેટલી જ કે તેનાથી પણ વધુ અસરકારક છે, જે પદ્ધતિ દ્વારા મનુષ્ય મધને લાંબા ગાળા માટે સંગ્રહ કરે છે.  જ્યારે

માનવ-વપરાશ માટે મધની જરૂર હોય ત્યારે તે આવી રીતે મધપૂડામાંથી જ મળે છે.

મધ બનાવવા માટે આ પ્રકારની બીજી અસંખ્ય વ્યવસ્થાઓ કરી શકાઈ હોત. સર્વશક્તિમાન ઈશ્વર બધું કરવા સક્ષમ છે: તે ફક્ત શબ્દ ઉચ્ચારીને જાદૂઈ રીતે પણ મધ લાવી શક્યા હોત; તે તેને જમીનમાંથી ઉગાડી શક્યા હોત, જેમ તેણે અનાજ-પાણી માટે વ્યવસ્થા કરી છે. પરંતુ મધ બનાવવા માટે તેણે આ બીજી, અદ્ભૂત અને સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી છે. આ એના માટે છે કે ઈશ્વરે બ્રહ્માંડની રચના કેવી રીતે કરી છે તેનું માણસને ભાન થાય અને તેની અનુભૂતિ કરે. માણસે જો આ દુનિયામાં સફળ થવું હશે તો તેણે બ્રહ્માંડમાં ઈશ્વરે બતાવેલ નિયમો અને પદ્ધતિઓનું પાલન કરતાં શીખવું પડશે.

જો આપણે મધની બનાવટમાં મધમાખીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલ પદ્ધતિનો અભ્યાસ કરીએ, તો આપણે કહી શકીએ કે તે સંપૂર્ણ આયોજનબદ્ધ પદ્ધતિ છે. માણસે પણ આ જ પદ્ધતિ અનુસરવાની છે. માણસે જીવનમાં કોઈપણ સાર્થક ધ્યેય હાંસલ કરવા માટે, તેણે આયોજિત અને પદ્ધતિસર રીતે એ હેતુની દિશામાં કામ કરવું પડશે. પોતાના ધ્યેયોમાં સફળ થવાનો આ એકમાત્ર રસ્તો છે. જે બાબત મધમાખીઓને લાગુ પડે છે તે જ માનવજાતને પણ લાગુ પડે છે.

# કુદરતનો નિયમ

જંગલના શિકાર પરના એક નિષ્ણાત એવું લખ્યું છે કે: " જંગલી ખૂંખાર પ્રાણીઓ સામાન્ય રીતે માણસનો શિકાર ત્યારે જ કરે છે, જ્યારે તેઓ એટલા ઘરડાં થઈ ગયા હોય છે કે અન્ય પ્રાણીઓનો શિકાર કરવા કે તેમને જાળમાં ફસાવવા માટે તેઓ અસમર્થ થઈ ગયા હોય. પરંતુ, દસમાંથી નવ કિસ્સામાં તેમના માણસનો શિકાર કરવાનું કારણ એ હોય છે કે કોઈ માનવ-શિકારીએ તેમને ઘાયલ કર્યા હોય છે." (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, મે 12, 1984)

સ્વાભાવિક રીતે, ખૂંખાર જંગલી પ્રાણીઓ માનવભક્ષી હોતાં નથી. પરંતુ દુશ્મનાવટ માટે બધા પ્રાણીઓમાં તેઓ સૌથી વધુ ખતરનાક હોય છે. ખૂંખાર જંગલી પ્રાણીઓ તેમના દુશ્મનને ક્યારેય છોડતા નથી. અને, જ્યારે કોઈ ખૂંખાર જંગલી પ્રાણી કોઈપણ માણસને જુએ છે તો સામાન્ય રીતે તેઓ તેનાથી દૂર જતાં રહે છે.

પરંતુ ઘણી વખત માનવ-શિકારીઓ, કાં તો યોગ્ય હથિયારના અભાવે અથવા તો નબળા લક્ષ્યને કારણે, તેમનો શિકાર કરવામાં નિષ્ફળ રહેતા હતા, અને તેમને ઘાયલ છોડી દેતાં હતા. આવા ખૂંખાર શિકારી પ્રાણીઓ માનવભક્ષી બની જતાં, તેઓ "માણસો" ને પોતાના દુશ્મનો માનતા, અને જ્યારે પણ

માણસ તેમની સામે આવે ત્યારે તેઓ તેમને મારી નાખે નહીં ત્યાં સુધી રોકાતા ન હતા.

જીવનના નિયમોમાંનો આ એક નિયમ છે. જેમ તે જંગલી ખૂંખાર પ્રાણી અને માણસ માટે સાચું છે, એમ માણસ - માણસ માટે પણ સાચું જ છે. બાબત એક વ્યક્તિની હોય કે રાષ્ટ્રની, બંને પરિસ્થિતિઓમાં સમાન સિદ્ધાંત લાગુ પડે છે. જો તમે સફળ રહેવા અસમર્થ હોવ, તો તમારા વિરોધી પર બદલો લેવા માટે વાર ના કરશો, નહીં તો તે તમારો પહેલા કરતાં પણ મોટો વિરોધી બની જશે.

યોગ્ય તૈયારી વગર પોતાના વિરોધી સાથે વ્યવહાર કરવાનો પ્રયાસ કરવો એ પોતાના હાથે જ પોતાની કબર ખોદવા જેવું છે. યોજના ઘડવા માટે અસમર્થ હોય એવાં લોકોની અધીરાઈ તેમને ક્યારેય કામ આવતી નથી. આવા લોકો, અન્ય લોકો સાથે ઘર્ષણમાં ઉતરીને તેમને પોતાના દુશ્મન બનાવી લેતાં હોય છે, જેની તેમને જાણ સુદ્ધાં રહેતી નથી અને પાછળથી તેઓ ફરિયાદો, દેખાવો અને વિરોધનો સહારો લેવા દોડી જાય છે. આ વિશ્વમાં અયોગ્ય તૈયારી અને ખોટી ફરિયાદોનું કોઈ જ મૂલ્ય નથી.

## જીવન-શક્તિ

એક ઘરના આંગણામાં ઉગી નીકળેલી એક વેલને એકવાર બહુ મોટી મૂશ્કેલીનો સામનો કરવો પડ્યો. થયું એવું કે

ઘરનું સમારકામ ચાલી રહ્યું હતું અને તે દરમિયાન તેના મૂળ અને ડાળીઓ માટીના ઢગલા અને કાટમાળની નીચે દબાઈ ગયા. ત્યારબાદ, જ્યારે આંગણું સાફ કરવામાં આવ્યું ત્યારે ઘરના માલિકે તો આખી વેલને જ કાપી નાખી, જે તેના માટે ખૂબ જ દુ:ખદ હતું, અને તેના મૂળ પણ ખેંચી લેવામાં આવ્યા જેથી કરીને તે ફરીથી ક્યારેય ઉગી શકે જ નહીં. આમ કર્યા બાદ, આખું આંગણું ઈંટો અને સિમેન્ટથી ભરી દેવામાં આવ્યું.

થોડાં સમય બાદ, જ્યાંથી વેલને જળમૂળથી ઉખાડી નાખવામાં આવી હતી તે જગ્યાએ થોડું હલનચલન જણાયું. ઈંટો એક તરફ એવી રીતે ઢળી રહી હતી જાણે કે તેમને નીચેથી કોઈક ધક્કો મારી રહ્યું હોય. જે ખૂબ જ વિચિત્ર લાગતું હતું; ઉંદરોના કોતરણીની શંકાથી ત્યાંથી બધુ હટાવવામાં આવ્યું. હજું તો થોડીક ઈંટો દૂર કરી ત્યાં જ રહસ્ય ઉકેલાઈ ગયું, ખબર પડી કે પેલી વેલ ફરીથી ઊગવા લાગી હતી, જો કે તે બહુ નાજુક અને કમજોર હતી. જ્યાં તેના મૂળ રહી ગયા હતા, તેમાં વિકાસનો સમય આવતા તેની અંદર જીવન આકાર લેવા લાગ્યું હતું અને સિમેન્ટના બંધનમાંથી સૂર્યપ્રકાશ માટે આગળ વધવા માટે જોર કરી રહ્યું હતું. આ એક કુદરતનો એવો ચમત્કાર છે કે જેમાં કોમળ પાંદડા અને કળીઓ, કે જેઓને આપણે ફક્ત આપણી આંગળીઓ અને અંગૂઠા વડે મસળી શકીએ છીએ, તેઓ પોતાના જીવન-માર્ગ માટે, ઈંટો અને સિમેન્ટના મજબૂત બાંધકામ પર દબાણ કરવાં માટે, આટલું બળ એકત્ર કરી શકે છે.

ત્યારબાદ ઘરના માલિકને વેલનો જીવ લેવા બદલ પસ્તાવો થયો. તેણે મનોમન વિચાર્યું કે, "આ તો એવું છે કે જાણે વેલ મને પોતાના જીવન-અધિકાર માટે અપીલ કરી રહી છે. મારે ખરેખર તેના માર્ગમાં ઊભા રહેવું જોઈએ નહીં." અને આમ વિચારીને, તેણે વધારાની બીજી થોડી ઇંટો કાઢી નાખી જેથી તે કોઈ અવરોધ વગર આગળ વધે. એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં, પંદર ફૂટની વેલ આંગણાની દીવાલની સામે તે ચોક્કસ બિંદુએથી ફરીથી ખીલી ઉઠી કે જ્યાંથી તે ખૂબ જ બેરહમીથી ઉખેડાઈ ગઈ હતી.

શક્તિશાળી દેખાતો પર્વત, તેની ખૂબ મોટી ઉંચાઈ અને ઘેરાવો હોવા છતાં, તેના પરથી કાંકરા જેટલી વસ્તુ પણ દૂર કરી શકતો નથી. પરંતુ ઝાડની આ નાનકડી, કોમળ કળીઓ સિમેન્ટના બનેલા પાકા ભોંયતળિયામાં પણ તિરાડ પાડી શકે છે, અને તેમાંથી ફૂટી નીકળી શકે છે. આવી શક્તિ ક્યાંથી જન્મ લે છે? તેની ઊર્જાનો સ્ત્રોત એ આપણા વિશ્વની એવી ચમત્કારીક ઘટના છે, જેને જીવન કહેવાય છે. જીવન આ બ્રહ્માંડની એક સ્તબ્ધ કરી દે એવી, નિરંતર ચાલતી પ્રક્રિયા છે - એક એવી શક્તિ જે આ વિશ્વમાં તેના અધિકારોનો દાવો કરે છે, અને, જો જડમૂળથી ઉખડી જાય તો પણ, તે અસ્તિત્વમાં રહે છે, સુષુપ્ત હોવા છતાં, એક અથવા બીજી જગ્યાએ અને જ્યારે તક મળે ત્યારે ફરીથી દેખા દે છે. જ્યારે સપાટી પર કંઈ ના દેખાતું હોય ત્યારે લોકો એવા નિષ્કર્ષ પર આવે છે કે, આ હવે જીવનનો અંત છે, તે સમયે જ કાટમાળના કોઈક ખૂણેથી તે પોતાનું માથું ઊંચકે છે.

# વૃક્ષ - શિક્ષકની ફરજ બજાવતું કુદરતનું જીવંત ઉદાહરણ

એક આખા વૃક્ષમાં અડધો ભાગ તેનું થડ-શાખાઓ અને બીજો અડધો ભાગ તેના મૂળિયા બનાવે છે. વનસ્પતિશાસ્ત્રીઓ આપણને જણાવે છે કે વૃક્ષ જેટલું જમીનની ઉપર ફેલાયેલું હોય છે, તે એટલું જ જમીનની નીચે પણ દટાયેલું હોય છે. ઝાડની ટોચનો અડધો ભાગ, જમીનની ઉપર ત્યારે જ ટટ્ટાર અને લીલો રહી શકે છે, જ્યારે તે તેના બીજા અડધા ભાગને જમીનની નીચે દાટી રાખવા માટે તૈયાર હોય. આ એક એવું કુદરતી ઉદાહરણ છે, જેમાં વૃક્ષો માનવજાતને શિક્ષણ આપે છે કે જીવનનું નિર્માણ મજબૂતપણે કેવી રીતે કરવું.

એક ફિલસૂફ તેને આ રીતે વ્યક્ત કરે છે:

“મૂળ નીચે તરફ, અને ફળ ઉપરની તરફ, તે પ્રાકૃતિક બંદોબસ્ત છે. ગુલાબ તેના રંગ, રેખા અને સુગંધના સંપૂર્ણ સંયોજનમાં તેની ઊંચી દાંડી ઉપર આવે છે. પરંતુ, તેની સંપૂર્ણતા પ્રાપ્ત થવાનું કારણ તેના મૂળ, જમીનના ઘરેલું માળખામાં, સૌથી પહેલા નીચે જતાં રહ્યાં હોય એ છે. બગીચાનો માળી અથવા જમીનનો ખેડૂત આ વાત સારી રીતે સમજે છે. આપણી રુચિઓ, માત્ર ફળ એકત્ર કરવા પર એટલી બધી કેન્દ્રિત હોય છે કે, તેની ખેતી પાછળની મૂળ મહેનત સરળતાથી ભૂલી જવાય છે. કુદરતના વહેંચણીના નિયમમાં, આપણા જીવનના મૂળિયાં નાખ્યા વગર, આપણે

વાસ્તવિકપણે ક્યારેય સમૃદ્ધિ અને સંતોષ પ્રાપ્ત કરી શકતા નથી. સંતોષનું ફળ જ્યાં સુધી આવી વહેંચણીનું મૂળ રોપાય નહીં ત્યાં સુધી સંપૂર્ણપણે ઊગી શકતું નથી."

એક વૃક્ષ જમીનની ઉપર તટસ્થપણે ત્યારે ઊભું રહી શકે છે, જ્યારે તેના મૂળ જમીનની નીચે નિશ્ચિતપણે સ્થિર હોય છે. વૃક્ષ હંમેશા નીચેથી ઉપર હવામાં ઉગે છે; તે ઉપરથી નીચે તરફ ઊગતું નથી. વૃક્ષ આપણો શિક્ષક છે, જે આપણને કુદરતનો એવો પાઠ શીખવે છે કે જો આપણે બાહ્ય પ્રગતિ કરવી હશે, તો સૌ-પ્રથમ આપણે પોતાની જાતને આંતરિક રીતે મજબૂત કરવી પડશે; આપણે સમાજનું નવેસરથી નિર્માણ કરવાની આશા રાખી શકીએ, પરંતુ તે પહેલાં આપણે સ્વથી શરૂઆત કરવી પડશે.

## સરળ સમાધાન

એકવાર એક હકીમ (યુનાની ચિકિત્સક)ને એક વ્યક્તિ મળવા આવી. હકીમને એક દાગીનાનું ભરેલું બોક્ષ દેખાડીને તે દાગીના શુદ્ધ સોનાના હોવાનું કહ્યું અને વિનંતી કરી કે "આ દાગીનાની કિંમત ૨૦,૦૦૦ (વીસ હજાર) રૂપિયાથી ઓછી નથી અને તેના બદલે મને ૧૦,૦૦૦ (દસ હજાર) રૂપિયાની જરૂર છે, જે હું તમને એક મહિનામાં પરત કરી દઇશ અને આ દાગીનાનું બોક્ષ તમારી પાસેથી પાછું લઈ લઇશ". હકીમે મનાઈ કરતાં કહ્યું: "ના, હું આ પ્રકારનો ધંધો કરતો નથી!" પરંતુ, એ વ્યક્તિએ એવી લાચારી વ્યક્ત કરી કે હકીમને તેના પ્રત્યે સહાનુભૂતિ થઈ આવી

અને તેણે એ વ્યક્તિને દાગીના સામે ૧૦,૦૦૦ (દસ હજાર) રૂપિયા ઉછીના આપી દીધા. ત્યારબાદ, તેણે બોક્ષને દાગીનાની અલમારીમાં એક સુરક્ષિત જગ્યાએ સંભાળીને મૂકી દીધુ.

મહિનાઓ વીતી ગયા પણ તે માણસ પાછો ન આવ્યો. હકીમને હવે શંકા ગઈ. અંતે એક દિવસ તેણે એ દાગીના એક સુવર્ણકારને બતાવ્યા. તેણે તરત જ હકીમને જણાવ્યું કે આ તો પિત્તળ છે, સોનું નથી. પૈસા ગુમાવ્યા પછી, હકીમ પોતાને ગુમાવવા માંગતા ન હતા. તેથી તેણે સૌથી પહેલું કામ આ છેતરપિંડીની પીડા વિશે વિચારવાનું બંધ કરવાનું કર્યું. તેણે ફક્ત દાગીનાની જગ્યા બદલી. જે દાગીના તેણે લોખંડના મજબૂત કબાટમાં સુરક્ષિત રીતે રાખ્યા હતા, કે જ્યાં સોનાના દાગીના હતા, ત્યાંથી હટાવીને તેને પિત્તળના ખૂલ્લાં વાસણમાં મૂકી દીધા.

સામાન્ય રીતે, અન્ય વ્યક્તિ પાસેથી આપણી અપેક્ષાઓ પૂર્ણ ન થવાને કારણે ગુસ્સો આવે છે. અને ખાસ કરીને ત્યારે કે, આપણે જેને પ્રામાણિક માનતા હોઈએ, તેની સાથે બહુ ખરાબ અનુભવ થઈને તે વ્યક્તિ અપ્રમાણિક હોવાનું બહાર આવે છે. અને, ત્યારે કે જેને આપણે આજ્ઞાકારી વ્યક્તિ માનતા હોઈએ, તે એનાથી વિપરીત હોવાનું બહાર આવે!

આવી પરિસ્થિતિનો સામનો કરવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે સંબંધિત વ્યક્તિ (પોતાના મનમાં) તેની જગ્યા બદલી નાખે, જેવી રીતે નકલી દાગીનાના કિસ્સામાં હકીમે કર્યું. જે દાગીના તેણે

પહેલા સોનાના માનીને સુરક્ષિત જગ્યાએ રાખ્યા હતા, તે સન્માનિત જગ્યાએથી કાઢીને પિત્તળના વાસણમાં તેની લાયકાતવાળી જગ્યાએ મૂકી દીધા.

## ચિહ્નોનું વાંચન

આધુનિક સમયમાં ટ્રાફિક વધવાથી અકસ્માતનો ભય પણ વધી ગયો છે. આ ભયને દૂર કરવા માટે, વાહનચાલકોના માર્ગદર્શન માટે રોડ-રસ્તાઓ પર વિવિધ પ્રકારના ચિહ્નો મૂકવામાં આવે છે. અંગ્રેજીમાં આવું ચિહ્ન દર્શાવતું એક પ્રસિદ્ધ વાક્ય છે: "લેન ડ્રાઈવિંગ ઈઝ સેન ડ્રાઈવિંગ".  જેનો અર્થ થાય છે: અન્ય વાહન સાથે અથડાવાના જોખમને ટાળવા, અને કોઈની મુસાફરી દુર્ઘટનામાં ના પરિણમે તેની ખાતરી કરવા માટે, પોતાની લેન પર રહેવું એ અકસ્માતો સામે અસરકારક સુરક્ષા છે.

ડ્રાઇવિંગના એક નિષ્ણાંત દ્વારા, ડ્રાઇવરો માટે કેટલાક અનિવાર્ય અને વ્યવહારું નિયમો દર્શાવતો એક લેખ,  બ્રિટિશ મોટર મેગેઝિનમાં છપાયો હતો. એમાંનું એક ઉદાહરણ આવું હતું, જો કોઈ વાહન મુખ્ય માર્ગ પરથી આગળ ધપી રહ્યું હોય, અને તેના ડ્રાઈવરને અચાનક બાજુના રસ્તા પરથી રમવાનો કોઈ દડો દેખાય, તો તેણે ત્વરિત સમજી જવું જોઈએ કે કદાચ, કોઈ બાળક તેની પાછળ જ બહુ દૂર નહીં હોય. જો કોઈ ડ્રાઈવર દડાને જોઈ શકે, પરંતુ તેની પાછળના બાળકનો વિચાર ના કરી શકે, તો તે વ્યક્તિ સારો ડ્રાઈવર ગણાઈ શકે નહીં.  ખરેખર સારો કહેવાને

લાયક ડ્રાઈવર આ રમવાના દડાને જોઈને નહીં, પરંતુ એ બાળકને જોઈને ગાડી ધીમી કરે છે, જેને તે પોતાના મગજની આંખથી જુએ છે. ડ્રાઇવરના મગજની આ ત્વરિત ચેતના, પોતાના વાહન અને બાળકનો અકસ્માત થતાં બચાવે છે.

ડ્રાઇવિંગ કરતી વખતે આપણે જે સિદ્ધાંતો ધ્યાનમાં રાખવાની જરૂર છે, તે જ સિદ્ધાંતો આપણે જીવનની મુસાફરી દરમિયાન પણ ધ્યાનમાં રાખવા જરૂરી છે. જો કોઈ વ્યક્તિ ઈચ્છે, તો "હાઈવે કોડ"માંથી એવા સિદ્ધાંતો શીખી શકે છે, કે જેને વ્યક્તિએ જીવનના વિશાળ ક્ષેત્રમાં અનુસરવા જરૂરી છે.

તમારી પ્રવૃત્તિઓને હંમેશા તમારા પોતાના ક્ષેત્ર પૂરતી સીમિત રાખો; જો તમે અન્ય લોકોના ક્ષેત્રમાં જઈને ઉલ્લંઘન કરશો, તો તેમની સાથે તમારી અથડામણ થશે: ત્યારબાદ તમારી પ્રગતિ પર અચાનક જ બ્રેક લાગી શકે છે. જ્યારે સમાજની ક્ષિતિજ પર અમુક ચિહ્નો દેખાય, ત્યારે આ સંકેતો શું સૂચવે છે તે જાણવાનો પ્રયાસ કરો. માત્ર બાહ્ય સંકેતો પર જ ના જાઓ; તેમની પાછળના અર્થ સુધી પહોંચવાનો પ્રયાસ કરો.  જો કોઈ વ્યક્તિ આગળ વધવામાં માત્ર દેખીતી વસ્તુ દ્વારા જ પ્રરિત હશે, અને પૃષ્ઠભૂમિમાં શું છુપાયેલું છે તે જોવામાં નિષ્ફળ રહેશે, તો તે વ્યક્તિ જીવનની મુસાફરીમાં બહુ આગળ વધી શકશે નહીં. અન્ય લોકો કે જે પોતાના કરતાં વધુ દૂરનું જોનારા હોય છે તેઓ, આગળ વધવામાં સફળ રહે છે, જ્યારે કે આગળ-પાછળનો કોઈ વિચાર ના કરનાર વ્યક્તિ, ઘણી વખત એવા જોખમોનો ભોગ

બનતો હોય છે, જે પોતાને નજર સામે આવેલા ચિહ્નોને યોગ્ય રીતે સમજીને સરળતાથી ટાળી શકે એમ હોય છે.

## લેટીન કહેવત: પર એર્દુઆ એદ એસ્ત્રા (ઘોર અંધકારમાંથી પ્રકાશની કિરણો તરફ)

એક અંગ્રેજ વિદ્વાન, ઇયાન નેશ, કે જેમણે જાપાનમાં અગિયાર વર્ષ સુધી ત્યાંનાં લોકો અને રાષ્ટ્રનો વિગતવાર અભ્યાસ કર્યો હતો અને તેમના મત મુજબ, જાપાનીઓને સૌથી વધુ હચમચાવી નાખેલી બાબત એ રાજકારણની ઉથલપાથલ નહોતી, પરંતુ પ્રચંડ કેન્ટો નામનો ધરતીકંપ હતો, જે ઘટનાએ 1 સપ્ટેમ્બર 1923 ના રોજ, જાપાનના સૌથી વધુ વસ્તી ધરાવતા સમગ્ર પૂર્વીય ભાગને તબાહ કરી નાખ્યો હતો.  જાપાનને બીજો મોટો ભયંકર ફટકો તેના બે મોટા શહેરો પર ઝીંકવામાં આવેલા અણુ-બોમ્બને કારણે થયેલો વિનાશ હતો. આના કારણે 1945માં, બીજા વિશ્વયુદ્ધમાં, જાપાનની કારમી હાર થઈ હતી.

કોઈપણ વ્યક્તિને એવું જ લાગે કે આ રીતે જે દેશ બેહાલ થઈ ગયો હોય, તે ક્યારેય આવી રાખમાંથી બેઠો થઈ શકે જ નહીં. પરંતુ વાસ્તવિકતા કઈંક અલગ જ છે; જાપાને ન તો માત્ર પોતાનું પુનર્વસન કર્યું છે, બલ્કે વિશ્વમાં વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રમાં પોતાનું અગ્રણી સ્થાન પણ જમાવ્યું છે. બ્રિટન, યુરોપ અને

અમેરિકા જેવા વિકસિત દેશો કરતાં ઘણા લાંબા સમય બાદ ઓદ્યોગિક અભ્યાસક્રમ પર પોતાની જાતને શરૂ કરી હોવા છતાં, જાપાન આજે તકનિકી પ્રવૃતિઓનું મોટું મથક બની ગયું છે. સૌથી વધારે મહત્વની બાબત તો એ છે કે જાપાન પાસે તો એવા કોઈ કુદરતી સંસાધનો (ઓઇલ, પેટ્રોલ, ધાતુ) પણ નથી, જ્યારે કે તેનાથી પહેલાના સ્થાપિત ઓદ્યોગિક રાષ્ટ્રોએ આવા સંસાધનો તેમની જમીનમાં દફનાવી રાખ્યા છે, અને માત્ર બહાર કાઢવાની રાહ જોઈ રહ્યાં છે.

માનવ-જીવનનું સૌથી મહત્વનું તત્વ તેની કર્મ (કામ) કરવાની ઈચ્છા-શક્તિ છે. જાપાનીઓએ જો ખોટ અને હતાશાની લાગણીને વશ થઈને, નિરર્થક રાજકીય વિરોધમાં પોતાની શક્તિઓને વિખેરી નાખી હોત તો તેમનો આખો દેશ વિનાશ અને પતન તરફ ધકેલાઈ ગયો હોત. પરંતુ થયું એવું કે, તેઓએ તેમની ભોગવટાની કોઈપણ ભાવના પર કાબુ મેળવ્યો અને તેમના રાષ્ટ્રીય જીવનને યોગ્ય ઇચ્છા-શક્તિથી મેળવેલા માર્ગના સહારે પુનઃનિર્માણ કર્યું. અનેક સંકટોને કારણે થયેલા મૃત્યુ અને વિનાશ છતાં, તેઓએ પોતાના જીવનને નવેસરથી નવી રીતે જીવવાનું શરૂ કર્યું.

આવી ગંભીર વિકટ પરિસ્થિતિઓમાં, જો વ્યક્તિ પાસે ઇચ્છા હોય તો, તે તેની બધી છુપાયેલી સંભાવનાઓ અને સુષુપ્ત કૌશલ્યોને અમલમાં લાવી શકે છે. વ્યક્તિ વધુ સારી રીતે વિચારી શકે છે, વધુ સફળતાપૂર્વક આયોજનો કરી શકે છે, અને પોતાની

યોજનાઓને ફળીભૂત કરવા માટે જરૂરી અથાગ પ્રયત્નો કરી શકે છે. જે વ્યક્તિમાં પોતાનું જીવન સુધારવાની ઈચ્છા-શક્તિનો અભાવ હોય તે ખોટકાયેલી નિષ્ક્રિય કાર જેવો છે, જે ત્યાંને ત્યાં ભંગારની જેમ પડી રહે છે.

અનુભવે એ પણ દર્શાવ્યું છે કે, ભોગવિલાસ, આરામ અને સુખ-સગવડોની ભાવના એ વિનાશ અને નિરાશા કરતાં પણ વધુ ગંભીર પરિબળો બની શકે છે. આનો અર્થ એ નથી કે પ્રતિકૂળતા જ માત્ર લાભદાયી છે. ના, તે તો ફક્ત એક સ્પાર્ક છે, જે તમારા અંતરાત્માના બળતણને સળગાવે છે, અને તમને મોટી સિદ્ધિઓ તરફ દોરી જાય છે. તે તો માત્ર પહેલનો એક સ્ત્રોત, એક પરિબળ છે જે તમને અવિરતપણે આગળ ધપવા મજબૂર કરે છે. પ્રતિકૂળતાનો સામનો કરતી વખતે, તમારામાં છુપાયેલી ક્ષમતાઓ સામે આવે છે, અને તમારા માટે અણધારી ઊંચાઈઓ સુધી પહોંચવાનું શક્ય બને છે. પરંતુ પ્રથમ શરત એ છે કે, આવું કરવા માટે તમારી ઇચ્છા હોવી જોઈએ. સ્વ-દયામાં ડૂબી જવાનું બંધ કરવાની અને ઊઠીને પગલાં લેવાની ઇચ્છા હોવી જોઈએ.

એક કહેવત, સાચું જ કહે છે: "તે સરળતા અને સુવિધાઓ નહીં, પરંતુ મુશ્કેલીઓ અને પ્રયત્નો છે, જે માણસને ખરેખર જેવો છે તેવો બનાવે છે."

# નમ્રતાની જરૂરીયાત

એક માણસ કપડાં ખરીદવા માટે કાપડની દુકાને ગયો. કાપડની પસંદગી તો સરળતાથી થઈ ગઈ, પરંતુ તેનો ભાવ-તાલ એટલો સરળ ન હતો. પૂર્વીય દેશોમાં ખરીદી કરતી વખતે, વસ્તુઓના ભાવતાલ કરવા માટે, વાટાઘાટો કરવી એ ગ્રાહકો માટે સામાન્ય વાત છે. આ વખતે, આ ભાવતાલ કરવો મૂશ્કેલ જણાઈ રહ્યું હતું. દુકાનદાર કે ગ્રાહક બંનેમાંથી એકેય જણ પોતાની વાત, પોતાએ જણાવેલ કિંમત, પરથી હટવા તૈયાર ન હતા. છેવટે, અડધા કલાકની માથાકૂટ બાદ, દુકાનદારે ગ્રાહકની માંગણી સામે નમતું જોખ્યું, અને સોદો શક્ય બન્યો.

દુકાનદારનો એક મિત્ર તે સમયે દુકાનમાં હાજર હતો. ગ્રાહકના ચાલ્યા ગયા બાદ, તરત જ તેણે દુકાનદારને પૂછ્યું, "જ્યારે તમે ગ્રાહકે માંગેલ ભાવમાં વસ્તુ આપવા તૈયાર હતા, તો પછી આટલો બધો સમય તેની સાથે વાટાઘાટો કરવા માટે શા માટે બગાડ્યો?". "તમને ખબર ના પડી!!" દુકાનદારે સમજાવતા આગળ કહ્યું, "ધંધો કરવાની મારી આ જ રીત છે. કારણકે, જો હું ગ્રાહકની વાતમાં તુરંત જ સહમત થઈ જાત, તો તેને એવું થાત કે, 'અચ્છા, તો પછી આ જ કાપડ આના કરતાં પણ સસ્તું બીજી દુકાનમાંથી મળી રહેશે!', આવું વિચારીને તે અહિયાથી જતો રહ્યો હોત, હું, ગમે તેમ કરીને, એ જાણવા માંગતો હતો કે એ કેટલે સુધી જઈ શકે છે, અને જ્યારે મને ખ્યાલ આવી ગયો કે હવે આ ભાઈ,

આના કરતાં એક પૈસો પણ આગળ વધી શકે એમ નથી, ત્યારે મેં નમતું જોખવાનું નક્કી કર્યું, અને તેની કિંમત પર વસ્તુ વેચી."

આ બાબત, જીવનની કોઈપણ વાટાઘાટોની પરિસ્થિતિમાં લાગુ પડે છે. કોઈપણ વ્યક્તિ કે પક્ષ, સ્વાભાવિકપણે, કોઈપણ બાબતને પોતાની તરફેણમાં, મામલાને થાળે પાડવા માંગતા હોય છે. ત્યારે તેમના માટે, તેમની માંગણીઓ માટે દબાણ કરવું એ સ્વાભાવિક છે. પરંતુ, તે જ સમયે, સામાન્ય બુદ્ધિ પ્રમાણે તેણે પોતાની મર્યાદા જાણવી પણ જરૂરી છે, એટલે કે, તે કેટલા નુકશાન વગર આગળ જઈ શકે છે? - કે પછી, તેણે તેના ગ્રાહકને, અસંતુષ્ટ રાખીને, જતો કરવો જોઈએ?

અહી આપણે જીવનનો એક મૂળભૂત સિદ્ધાંત લઈ શકીએ છીએ. તેને એક શબ્દમાં કહી શકાય - એડજસ્ટમેન્ટ એટલે કે સુમેળ.

વ્યક્તિઓ, સંસ્થાઓ અને રાષ્ટ્રો બધા માટે, જીવનમાં સફળતાની ચાવી એ એડજસ્ટમેન્ટ છે.  આપણે, સમાયોજન એટલે કે સુમેળને, પોતાના સિવાય અન્યની જરૂરિયાતોને ધ્યાનમાં લેવા તરીકે વ્યાખ્યાયિત કરી શકીએ છીએ. આ જગતમાં, સફળતા એ જ વ્યક્તિના માર્ગે આવે છે જે સિક્કાની બંને બાજુઓ જોઈ શકે છે, જે બાબતોને બીજાના તેમજ પોતાના એમ બંને દૃષ્ટિકોણથી વિચારી શકે છે.

જેઓ, અન્યની જરૂરિયાતોને ધ્યાનમાં લીધા વિના, ફક્ત પોતાની જરૂરિયાતો વિશે જ વિચારે છે, અને તેને જ પ્રાપ્ત કરવા બધા ધમપછાડા કરે છે, તેમને જીવનમાં અવરોધો અને મૂશ્કેલીઓ ભરેલો માર્ગ જ પ્રાપ્ત થશે, અને આને લીધે જો તેઓ દુ:ખભરી પરિસ્થિતિમાં મૂકાય, તો તેમાં કોઈ નવાઈ નથી!

## ખંતનુ મૂલ્ય

એક દિવસ સવારે, એક માણસે પક્ષીઓના ઘોંઘાટથી જાગીને જોયું કે, એક ઈંડું ફૂટેલી હાલતમાં ભોંયતળિયા પર પડ્યું છે. એ તો દેખીતું જ હતું કે, તે ઘરની છત નીચે, ચકલીઓએ બાંધેલા માળામાંથી પડી ગયું હતું. તેણે જરા ઉકળાટથી ઈંડાને ત્યાંથી સાફ કર્યું. પછી, અને માળીયા પર ગોઠવાયેલો સળિયાઓનો કચરો જોઈને તેને વધારે અણગમો થયો. તેણે ટેબલ પર ચઢીને, છતના માળીયામાંથી આખો માળો જ બહાર કાઢી નાખ્યો. આમ, તેને થોડીક મહેનત અને પ્રયત્નો કરવા પડ્યા.

બીજે જ દિવસે, તેણે જોયું કે સાફ કરેલી જગ્યા પર સળિયાનો નવો કચરો, ફરીથી માળીયાને ગંદુ કરી રહ્યો છે, તેમજ ચકલીઓ ફરીથી તેની છત નીચે પોતાનો માળો બનાવી રહી છે. તેને એવું થયું કે આ કાયમી ઝંઝટ અને પક્ષીઓની ચિચિયારીઓથી તે હેરાન-પરેશાન થઈ જશે, તેણે તરત જ, અડધા બનેલા નવા માળાનો તે પૂર્ણ થાય એ પહેલાં જ નિકાલ

કર્યો. તેણે વિચાર્યું કે આ રીતે તે, તેઓને હંમેશને માટે ભગાડી દેશે.

પરંતુ તેનાથી બિલ્કુલ ઉલટું થયું. ઘરના બરબાદ થવાની દુર્ઘટનાએ પક્ષીઓને પહેલાં કરતાં વધારે મહેનત કરવા માટે પ્રોત્સાહિત કર્યા, અને ખૂબ જ હિંમત સાથે, તેઓએ પહેલા કરતાં પણ વધુ ઝડપથી કામ કર્યું. તેઓએ તેમના નુકશાન પર રોદણા રડવામાં એક પણ ક્ષણ વેડફી નહીં. તેમ જ, ના તો તેઓ ઘરના માલિક પર વળતો પ્રહાર કરવા માટે પક્ષીઓનું ટોળું એકઠું કરવા ગયા. તેઓ શાંતિથી અવિરતપણે, ઘરના માળિયામાં, અહીંથી તહીં ઉડાન ભરીને, સળિયા એકઠા કરીને, તેમને વ્યવસ્થિત ગોઠવતા રહ્યાં. આમ કરવામાં તેમણે એક પણ ક્ષણનો વેડફાટ કર્યો નહીં.

આ આખી ઘટના, સતત એક મહિના સુધી, દરરોજ પુનરાવર્તિત થતી રહી. ઘરનો માલિક ગુસ્સે થઈને તેમના માળાનો નાશ કરે, અને થોડીક ક્ષણો પછી ફરીથી ચકલીઓ તેમની ચાંચમાં સળિયાઓ સાથે વારંવાર તેમની મજૂરી શરૂ કરે. તેમના પ્રયત્નોનો કોઈ મતલબ જણાઈ રહ્યો ન હતો. માળો બનાવવા માટેની તેમની મહેનત દેખીતી રીતે નિરર્થક હતી. પરંતુ, પરિણામોની પરવા કર્યા વિના, તેઓએ ખંતથી તેમનું કામ સતતપણે ચાલુ રાખ્યું. તે વ્યક્તિની  હડહડતી નફરત પ્રત્યે પક્ષીઓનો આ લાજવાબ જવાબ હતો! તે વ્યક્તિ ખૂબ શક્તિશાળી હોવા છતાં, કોણ જાણે કેમ, ચકલીઓ તેની નિષ્ફળતા માટે

આશાવાદી લાગતી હતી. છેવટે, તેમના મૌન પ્રયાસોથી, એક દિવસ તેમનો હાથ ઉપર આવ્યો. તે માણસને સમજાઈ ગયું કે તેનો પોતાનો પ્રતિકાર નિરર્થક હતો, અને તેણે માળાઓનો નાશ કરવાનું બંધ કરી દીધું. હવે, ચકલીઓએ ત્યાં માળો બનાવી લીધો છે, ઈંડા પણ મૂક્યા છે, અને તેમને પ્રેમથી ઉછેરી રહી છે. હવે, તેમના કલરવથી માણસને સૂગ થતી નથી. તેણે એ ધ્યાનમાં લેવાનું જ બંધ કરી દીધું છે, પક્ષીઓએ તેને એક અમૂલ્ય પાઠ શીખવ્યો કે, તમારાથી અલગ જીવ અસ્તિત્વને ક્યારેય ધિક્કારશો નહીં. કોઈપણ સંજોગે, રચનાત્મક પ્રવૃતિઓમાં ખંતપૂર્વક વળગેલા રહો. અંતે, જીત તમારી થશે.

## સુધારાની પ્રેરણા

તારીખ 20 જાન્યુઆરી, 1987ના રોજ, દિલ્હી-હૈદરાબાદ ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ નં. 439ના બોર્ડિંગ વખતે થયેલા એનાઉન્સમેન્ટમાં મેં નોંધ્યું કે, વિમાન-કર્મચારી ગણમાં પાયલટ તરીકે કેપ્ટન મુસ્તફાનું નામ બોલાયું છે. હું ઇન્ડિયન એરલાઇન્સની ફ્લાઇટ્સનો નિયમિત મુસાફર હતો, પરંતુ આ નામ મારા માટે નવું હતું. આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે મુસ્લિમોની હવે ભારતની એરલાઇન્સ તેમજ દેશની અન્ય પ્રતિષ્ઠિત સેવાઓમાં ભરતી કરવામાં આવી રહી છે. સમુદાયના દેખિતા પછાતપણાને દૂર કરવાના મુખ્ય પ્રયાસ તરીકે, મને આ પગલું બહુ મોટું જણાયું.

યુવા મુસ્લિમોને હંમેશા સારી નોકરીઓથી દૂર રાખવામાં આવે છે, એવી ભારતીય મુસ્લિમ નેતાઓની ઘોષણાઓના સંદર્ભમાં ઉપરોક્ત બાબત ખૂબ જ નોંધપાત્ર છે. ચિત્રની બંને બાજુઓ રજૂ કર્યા વિના, આ રસ્તે જવાનું ભાગ્યે જ વાજબી લાગે છે. જો, અમુક કિસ્સાઓ કે જેમાં મુસ્લિમ યુવાનોને નોકરી આપવાનો ઈન્કાર કરવામાં આવે છે, તો તે વખતે, બીજી બાજુ કે જેમાં, તેમને નોકરી આપવાના કિસ્સાઓ છે, એ પણ લોકોના ધ્યાન પર લાવવા જરૂરી છે. રાષ્ટ્રીય તકોની બદલાતી પેટર્નને જોતાં, સતત એવું જ બહાર લાવવું કે મુસ્લિમો મજબૂરીપણે નુકશાનમાં જ રહે છે, એ ચોક્કસપણે અન્યાયી છે.

અલબત્ત, હું સંમત છું કે દરેક 'મુસ્તફા' કે જેને આ દેશની સેવાનો મોકો મળ્યો છે, ત્યાં એક બીજો, ઓછો ભાગ્યશાળી 'મુસ્તફા' પણ છે, કે જેને પાછા ફરવું પડ્યું છે. પરંતુ આને ભેદભાવ કહેવા સામે મને વાંધો છે. આ બાબત આપણા અત્યંત સ્પર્ધાત્મક વિશ્વની વાસ્તવિકતાઓમાંની એક છે. ઐતિહાસિક હકીકત પ્રમાણે, સ્પર્ધાત્મક તત્વ એ કોઈપણ સામાજિક વ્યવસ્થામાં માનવ પ્રગતિ માટે આવશ્યક ઘટક બની રહ્યું છે. સુધારાની પ્રેરણા તરીકે, સ્પર્ધાએ તેની ભૂમિકા, વ્યક્તિઓ અને સમાજો વચ્ચે, સમાન રીતે ભજવવી જરૂરી છે. પ્રાણીઓ પરના એક અવલોકન મુજબ, પ્રાણી સંગ્રહાલયમાં સલામત રીતે રખાયેલા પ્રાણીઓ કે જ્યાં તેમની તમામ જરૂરિયાતો તૈયાર પૂરી પાડવામાં આવે છે, તેઓ અંતે આળસ અને સુસ્તીમાં ગ્રસ્ત થઈ જાય છે. અને તેઓ ત્યારે જ

તેમનો ઉત્સાહ અને જોમ પાછું મેળવે છે, જ્યારે 'હરીફ' પ્રાણીઓને તેમના પાંજરામાં દાખલ કરવામાં આવે છે.

જીવનમાં ઘણી પરિસ્થિતિઓમાં, વિજેતા અને પરાજિત એમ બંને હોવા જરૂરી છે. જે ક્ષણે આવી સ્થિતિને સાંપ્રદાયિક કહેવામાં આવે છે, ત્યારે  કડવાશનું વાતાવરણ સર્જાય છે, જેમાં હંમેશા ફરિયાદો જ કરવામાં આવે છે. બીજી બાજુ, જો આપણે તેને માનવીય હરીફાઈ કહીએ, તો તેને કુદરતી નિયમના આજ્ઞાપાલનના ઉદાહરણ તરીકે જોઈ શકાય. ત્યાર પછી, વિરોધાત્મક ભાવના અને દુશ્મનાવટને જન્મવા માટે કોઈ અવકાશ બાકી રહેશે નહીં.

## શિક્ષકોને શિક્ષણ

ઈ. સ. 1950 અને 1970ની મધ્યમાં, લગભગ ૨૦ વર્ષો સુધી, જાપાન દેશ પશ્ચિમના દેશોમાંથી, ક્યારેક સીધી ખરીદી દ્વારા અને મોટેભાગે ઉધાર અને ક્રેડિટને આધારે, ઉચ્ચ ઔદ્યોગિક તકનિકોની આયાત કરતું હતું. આને પરિણામે, આજે જાપાન આર્થિક રીતે પોતાના પગ ઉપર ઊભું છે, અને તે અન્ય દેશોમાં માત્ર તેના માલસામાનની જ નહીં પરંતુ તેના જ્ઞાન-શિક્ષણની પણ નિકાસ કરવાની સ્થિતિમાં છે.

હવે જાપાન તેની અદ્યતન તકનિકી કુશળતાને કારણે, અન્ય દેશોને મદદ કરવા, તેમની સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા અને તેમની સાથે વેપાર કરવા માટે કરારો કરવાની સ્થિતિમાં છે. તેની સિદ્ધિઓમાં થાઈલેન્ડમાં નવીનતમ સિંચાઈ પ્રોજેક્ટ્સ પર કામ કરવું, સિંગાપોરમાં કોમ્પ્યુટર પ્રોગ્રામિંગની સૂચનાઓ આપવી, દક્ષિણ કોરિયા અને ચીનમાં લોખંડ અને સ્ટીલના કારખાનાઓ બાંધવા અને મધ્ય-પૂર્વીય દેશોમાં પેટ્રો-કેમિકલ ઉદ્યોગોની સ્થાપના કરવી વગેરેનો સમાવેશ થાય છે. જાપાનીઓ અમેરિકનો પાસેથી આયર્ન અને સ્ટીલ બનાવતા શીખ્યા, અને ત્યારબાદ, તેઓએ તેનો એટલો બહોળો વિકાસ કર્યો કે હવે તેઓ પોતાની આ કુશળતા અમેરિકનોને જ નિકાસ કરી રહ્યા છે. જાપાન, જે એક સમયે વિદ્યાર્થી હતું, તે હવે ઘણા ક્ષેત્રોમાં-ખાસ કરીને સંદેશાવ્યવહાર અને ઇલેક્ટ્રોનિક્સમાં-એટલું સારું સ્થાન ધરાવે છે કે અમેરિકા પોતે તેના ઘણા મહત્વપૂર્ણ લશ્કરી વિભાગોમાં જાપાનની તકનિકી સહાયની માંગ કરી રહ્યું છે. વિદ્યાર્થીઓ હવે તેમના શિક્ષકોને ભણાવી રહ્યા છે. એક અખબારના સંવાદદાતાના અહેવાલ મુજબ: "હવે પ્રવાહ અંદરના બદલે બહાર તરફનો છે." (હિન્દુસ્તાન ટાઈમ્સ, જૂન 11, 1981)

જાપાને સ્વેચ્છાએ 20 વર્ષ માટે ઔદ્યોગિક શિક્ષણને સમર્પિત કર્યું અને પરિણામે, ઔદ્યોગિક ક્ષેત્રે પ્રભુત્વ મેળવ્યું. જો જાપાને તેના વિકાસના નિર્ણાયક તબક્કે અન્યોની સર્વોપરિતાને ઓળખવાનું પસંદ કર્યું ન હોત, અને મદદ માટે તેમની પાસે જવા

માટે ખૂબ અભિમાન કર્યું હોત, તો તેને ક્યારેય આવી પ્રચંડ સફળતા મળી ન હોત.

આપણે ઘણી વખત, કશુંક પામવા માટે કશુંક ગુમાવવું પડે છે.  જ્યાં સુધી આપણે આપણી જાતને વધુ સંતોષકારક ઉંચાઈ સુધી લઈ જઈને કામ ન કરી શકીએ ત્યાં સુધી આપણે નીચલા સ્થાને રહીને કામ કરવું પડશે.  જેઓ આ જરૂરિયાતને જીવનની એક હકીકત તરીકે ઓળખે છે, તેઓને આ દુનિયામાં સફળ થવાની વધુ સારી તક મળશે. જ્યારે કે જેઓ નમ્રતાની સ્થિતિ સ્વીકાર્યા વિના, સીધા ટોચ પર ચઢી જવાની અપેક્ષા રાખે છે,  તેઓ હંમેશા પોતાની નિષ્ફળતા માટે બીજાઓને જ દોષી ઠેરવતા રહી જાય છે. ધીરજ, મનોબળ અને મક્કમતા એ એવા ગુણો છે, જે આપણને હંમેશા સફળતા તરફ દોરી જાય છે, જો કે તેઓ હંમેશા નમ્રતાથી ખમીરાયેલા હોય છે.

## પોતાની ભૂલોમાંથી શીખવું

આદમ, પૃથ્વી પરનો પ્રથમ માણસ કે જેમના બે પુત્રો હતા, જેમાંથી એકે બીજાને ગુસ્સામાં આવીને મારી નાખ્યો. માનવ ઈતિહાસમાં કોઈ માણસની હત્યાની આ પ્રથમ ઘટના હતી, અને હત્યારાને તેના ભાઈના મૃતદેહ સાથે શું કરવું જોઈએ તેની કોઈ જાણકારી નહોતી.

"પછી ઈશ્વરે એક કાગડો મોકલ્યો, જેણે તેના ભાઈના શબને કેવી રીતે દફનાવવું તે બતાવવા માટે જમીનને ખોદી. 'કાશ!' તે રડ્યો, 'શું મારામાં આ કાગડા જેટલી પણ સમજ નથી કે તેની જેમ હું મારા ભાઈના શબને દફનાવી દઉં?' અને તેણે પસ્તાવો કર્યો. " (અલ-કુરાન ૦૫:૩૧)

આ ઘટના બની ત્યારથી, આપણે આપણું જીવન કેવી રીતે જીવવું જોઈએ તેનું માર્ગદર્શન આપવા માટે, ઈશ્વર સતત એક પછી એક આવા જીવને આપણી પાસે મોકલતા રહ્યા છે. પરંતુ, માણસ ભાગ્યે જ આવી ઘટનાઓ પર ધ્યાન આપે છે.

રાજૌરીના થન્ના મંડીમાં રહેતા ખુર્શીદ બિસ્મિલ નામના મિત્રએ એકવાર મને તેમના ઘરમાં એક જગ્યા બતાવી, જ્યાં આવી જ એક ઘટના બની હતી, અને તે માનવીય પ્રયત્નોની ગુણવત્તા વિશે ગંભીરતાથી વિચારવા માટે પ્રેરક છે. એવું હતું કે લાકડાની છતની એક બાજુએ, બે પક્ષીઓએ થોડી-થોડી માત્રામાં ગારા જેવો માટીનો ભીનો કચરો લાવીને તેમને સતત મહેનતથી વ્યવસ્થિત રીતે ગોઠવીને એક માળો બાંધ્યો હતો. આ માળાને ઈંડા રહી શકે તેવો મજબૂત બનાવવા માટે તેમણે ઘણા દિવસો સુધી સતત પ્રયત્નો કર્યા. દુ:ખની વાત એ છે કે, જ્યારે ઇંડામાંથી બચ્ચું બહાર નીકળવાનો સમય આવ્યો ત્યારે જ માળો અચાનક જમીન પર પડ્યો અને તૂટી ગયો. તેના માટે ચાર ઈંડા અને બે પક્ષીઓનું વજન ખૂબ વધારે પડતું હતું. પરંતુ ત્યારબાદ, બિલ્કુલ

ગભરાયા વગર, પક્ષીઓ તેમના ઘરને ફરીથી બાંધવા માટે આસપાસમાં અન્ય સુરક્ષિત સ્થાનની શોધમાં લાગી ગયા. અને છેવટે, તેમને એક વધુ ખરબચડી સપાટીવાળી એક સરસ જગ્યા મળી ગઈ જ્યાં તેમના માળાને પહેલાં કરતાં પણ વધારે સારો ટેકો મળી શકે એમ હતો. પક્ષીઓએ તેમનો પહેલો માળો ફક્ત ભીની માટીથી બનાવ્યો હતો, પરંતુ હવે તેઓએ નવો માળો ભીની માટી, ઘાસ તેમજ સાંઠીકળીઓના મિશ્રણથી બનાવ્યો. માળો બનાવવાની આ સામગ્રીઓનું મિશ્રણ સાદી ભીની માટીની સરખામણીમાં ઘણું વધારે મજબૂત સાબિત થયું અને આ વખતનું તેનું માળખું અગાઉ કરતાં ક્યાંય વધારે મજબૂત હતું.  ત્યારબાદ, તેઓએ તેમાં મૂકેલા ઈંડામાંથી સફળતાપૂર્વક બાળ-પક્ષીઓ જનમ્યાં, મોટા થયા, ઉડતા શીખ્યા અને પોતાનું ઘર બનાવવા માટે ઊડી ગયા, ત્યાં સુધી તેઓ આ મજબૂત માળામાં આશ્રય પામ્યા.

આપણા બધા માટે આમાંથી શીખવા જેવો એક મહાન પાઠ છે: જો કોઈ પક્ષી અથવા પ્રાણી કોઈ પ્રયત્નમાં નિષ્ફળ જાય છે, તો તે તેની નિષ્ફળતાનું કારણ સમજવાનો પ્રયત્ન કરે છે. તેઓ પ્રતિકૂળતાઓને વશ થઈને, હાર માનીને બેસી જતાં નથી.  તે કામ કરવાની અન્ય, વધુ સારી રીતો અપનાવે છે અને સખત મહેનત અને બહેતર આયોજન દ્વારા તેની ભૂલોને સુધારે છે. જો માણસ આ ઉદાહરણને અનુસરે તો એ તેના માટે સારું છે. આપણું આયોજન ઘણીવાર ખામીયુક્ત હોય છે, અને આપણે જે પ્રયત્નો કરીએ છીએ તે પણ એટલા અપૂરતા હોય છે કે ઘણી વખત

નિષ્ફળતા જ સામાન્ય બાબત બની રહે છે. પરંતુ, ખરેખર, સફળતા હાંસલ કરવા માટે પૂન:વિચારણા  અને વ્યૂહરચનાને બદલવાની રીતને ખૂબ કદરદાની સાથે અપનાવવી પડશે. જે વ્યક્તિ પોતાની ભૂલોમાંથી શીખે છે, તે ખરેખર જ્ઞાની માણસ છે.

## ગતિ અને દિશા

એક પશ્ચિમી ચિંતકે એક વખત કહ્યું હતું, "જો તમે ગતિ અને દિશા વચ્ચેનો તફાવત શીખી જશો તો સમજી લો કે તમે સફળતાના માર્ગ પરના મોટાભાગના અવરોધોને દૂર કરી દીધા છે."

પ્રવૃત્તિની એક આંતરિક ગુણવત્તા એ ગતિ છે. જ્યારે તમે ચાલતા હોવ, વાહન ચલાવતા હોવ, સાયકલ ચલાવતા હોવ, ઘોડા પર દોડી રહ્યા હોવ અથવા મોટરસાઇકલ પર જતાં હોવ ત્યારે તમે આગળ વધી રહ્યા હોવ છો. પરંતુ કંઈ દિશામાં? શું તમે તમારી મંઝિલ તરફ આગળ વધી રહ્યા છો, કે તેનાથી વિરુદ્ધ? બંને કિસ્સાઓમાં વાસ્તવિક ગતિની ગુણવત્તામાં કોઈ તફાવત નથી. બંને વચ્ચેનો મોટો તફાવત એ છે કે એક તમને તમારી મંઝિલની નજીક લઈ જાય છે, જ્યારે બીજું તમને તેનાથી વધારે ને વધારે દૂર લઈ જાય છે - અને, તમને ક્યાં છોડે છે? ક્યાય પણ નહિ. આ બાબત તમારા માટે થોડુંક પણ આગળ વધવાનું યોગ્ય બનાવતું

નથી. સૌથી મહત્વપૂર્ણ વાત એ તમારી આગળ વધવાની દિશા છે. જો તમે ધીમી ગતિએ ચાલતી બળદગાડી અથવા સાયકલ રીક્ષામાં જ જતાં હશો, તો પણ તમે એવા જેટ પ્લેન કરતાં વધુ સારું આગળ વધશો જેના પાઇલટને તેની દિશાની કોઈ સમજ ન હોય.

આપણા અંગત જીવન કે સામાજિક અસ્તિત્વના સંદર્ભમાં, આપણે જરૂરી સાધનો અને સંસાધનો વસાવવા અનિવાર્ય છે, અને ત્યારબાદ જો યોગ્ય દિશામાં પ્રયાણ કરીશું, તો વહેલા કે મોડા, આપણે આપણા મુકામ સુધી પહોંચી શકીશું.

ઘણીવાર લોકો, પોતાની વાસ્તવિક ક્ષમતાઓ બાબતે, તેમની પાસે એવી કંઈ એવી યોગ્ય ક્ષમતા છે કે જેમને તેઓ પોતાનામાં વિકસાવી શકે તે અંગે જરાપણ વિચાર કર્યા વગર જ, તેઓ પોતાની કારકિર્દીને બરબાદ કરી મૂકે છે.  કેટલીકવાર, તેઓ તુચ્છ વિચારણાઓ, ખોટા મંતવ્યો અને ખોટી  લાગણીઓ દ્વારા ગેરમાર્ગે દોરાય છે, અને જે પ્રથમ હાથમાં આવે તે તરફ બેકારમાં દોડી જાય છે. જ્યારે પરિણામ તેમના ધાર્યા બહારનું આવે ત્યારે તેઓ અન્ય લોકો પર દોષારોપણ કરે છે; પોતાની ખામી કે નિષ્ફળતાઓનો શોક વ્યક્ત કરવા તેઓ એવો દાવો કરે છે કે, અન્યના પૂર્વગ્રહોને કારણે તેઓએ હતાશા સહન કરવી પડી અને તેમની કારકિર્દી વ્યર્થમાં જતી રહી.  જો તેઓ આ બાબતે થોડોક પણ વિચાર કરશે, તો તેઓને સમજાઈ જશે કે દોષ તેમના પોતાના અયોગ્ય આયોજનમાં અથવા તો સંપૂર્ણ ધ્યેયહીનતામાં

છે. જો તેઓએ પોતે સાચી દિશામાં શરૂઆત કરી હોત, તો અન્યોને તેમના માર્ગમાં અવરોધો મૂકવાની અને તેમની સફળતાઓને નિષ્ફળતામાં ફેરવવાની તક જ મળી ન હોત. ધ્યેયહીનતા એ એક બહુ મોટી નબળાઈ છે અને તેને કોઈપણ કિંમતે ટાળવી જોઈએ. વાસ્તવમાં, કોઈપણ પ્રવૃત્તિ બિલ્કુલ મૂલ્યવાન નથી સિવાય કે તે તેની દિશા દ્વારા દર્શાવવામાં આવે અને માત્ર તેની ગતિ દ્વારા જ નહીં.

## નિયત સમય

1163માં સ્થપાયેલી ઓક્સફર્ડ યુનિવર્સિટી, લીલાછમ લોનથી ઘેરાયેલી છે. એકવાર મુલાકાતે આવેલા એક અમેરિકન કરોડપતિ, જેઓ તેનાથી ખૂબ જ મોહિત થયા હતા, તેમણે ઓક્સફર્ડના માળીને પૂછ્યું કે અમેરિકામાં તેની હવેલીની આસપાસ આવા જ પ્રકારની લોન રાખવા માટે તેને કેટલો ખર્ચ થઈ શકે. "કશું નહિ." માળીએ જવાબ આપ્યો. "કેવી રીતે?" કરોડપતિએ નવાઈ પામતા પૂછ્યું. "તમારે માત્ર જમીન સમતળ કરવી પડશે અને ઘાસ ઉગાડવું પડશે. પછી તમારે તેને કાપીને તેના પર રોલ ફેરવવાનું રહેશે." "ખરેખર!" આશ્વાસન અનુભવતા કરોડપતિએ કહ્યું. પરંતુ પછી માળીએ ખૂબ ગંભીરતાથી કહ્યું: "આ પ્રક્રિયાને પાંચસો વર્ષો સુધી પુનરાવર્તિત કરો અને તમારી લોન તૈયાર થઈ જશે." માળીની સ્થિર નજરને જોઈને, કરોડપતિને સમજાયું કે તે અંગ્રેજી ભાષાની માત્ર રમૂજની વિશેષ ભાવના

નહોતી, પરંતુ એવી વસ્તુઓ પણ છે જે પૈસાથી ખરીદી શકાતી નથી.

એવી વસ્તુઓ છે, જેના માટેનો આધાર માત્ર સમય પર છે. સાંજે, જ્યારે સૂર્ય આથમી ગયો હોય, ત્યારે જો આપણને અચાનક સૂર્યને જોવાની ફરીથી ઈચ્છા થાય, તો સવારની લાંબી રાત સુધી રાહ જોવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. જો આપણે બીજ વાવીએ અને તેમાંથી ઉગેલા રોપા અને ફળો જોવાની આશા રાખીએ, તો આપણે ઘણાં વર્ષો સુધી રાહ જોવી પડશે. તો જ આપણે પૂર્ણ વિકસેલા વૃક્ષને તેની સંપૂર્ણ શક્તિ અને ભવ્યતામાં જોઈ શકીશું.

કુદરતની તમામ ઘટનાઓ માટે ચોક્કસ સમયની નિમણૂક કરવામાં આવી છે. તે નિયત સમય પહેલાં કંઈપણ અસ્તિત્વમાં આવી શકતું નથી કે ફળીભૂત થઈ શકતું નથી.

## કઠણાઈ અને સહેલાઈ

જે લોકોએ રણ પ્રદેશોમાં ધૂળ અથવા રેતીના તોફાનોનો અનુભવ કર્યો હોય તેમને ખ્યાલ હશે કે તે કેવો આઘાતજનક અનુભવ હોય છે. ત્યાં ગરમ લૂ અને તોફાની આંધીમાં કશું જ નજર આવતું હોતું નથી. પરંતુ સોવિયેત હવામાનશાસ્ત્રીઓએ -

કારાકોરમ રણમાં - ધૂળના વાવાઝોડાના ગુણધર્મોની તપાસ કરી અને જાણવા મળ્યું કે તે આત્યંતિક આબોહવાને નિયંત્રિત કરવાની કુદરતી રીત છે. ઝડપી પવનો ધૂળને ઊંચકીને વાતાવરણમાં એક આવરણ બનાવે છે, જે પૃથ્વીને સૂર્ય-તાપની તીવ્રતાથી બચાવે છે. ઉનાળાના ધોમધખતા તાપમાં તપેલી રણની સપાટી ફાટી જવા પામે છે, ત્યારે તોફાનમાં ઉછળેલી આ ધૂળને કારણે તે ઠંડી પડે છે. પરિણામે, ઘણી વખત અરેબિયા, અને મધ્ય એશિયા, અને તેનાથી દૂર અમેરિકા અને આર્કટિક જેવા પ્રદેશોમાં તાપમાનના ફેરફારો અનુભવાય છે.

આ કુદરતનો ક્રમ છે. આ જગતમાં સહેલાઈ હંમેશા કઠણાઈને અનુસરે છે, ફળદાયી પરિણામો માત્ર મૂશ્કેલ, પરિશ્રમશીલ કાર્યોથી જ આવે છે. કુદરત આ જ રીતે કામ કરે છે, અને તેમાંથી આપણે એ શીખવાનું કે આપણે પૃથ્વી પર કેવી રીતે જીવન જીવવું જોઈએ. આપણા ઈચ્છિત પરિણામોની અપેક્ષા રાખતા પહેલાં આપણે સખત સંઘર્ષના સમયગાળા માટે તૈયાર રહેવું પડશે. આ કાયદો બ્રહ્માંડના રચયિતા દ્વારા સ્થાપિત છે, અને તેનું પાલન કરીને જ આપણે જીવનમાં આપણા લક્ષ્ય તરફ આગળ વધી શકીએ છીએ. જો આપણે સાવ સહેલાઈથી જ બધા કામોને પાર પાડવા માંગતા હોઈએ, તો આપણે, આપણા માટે, આપણી જાતે જ એક અલગ વિશ્વ બનાવી લેવું જોઈએ, જેમાં ગરમ લૂ ના હોય અને ફક્ત ઠંડા વાદળો જ હોય!

એ વાતમાં કોઈ શંકા નથી કે જીવનમાં નિષ્ફળતા સામાન્ય રીતે તત્કાળ સફળતાની લાલસામાંથી જન્મે છે.

"શોર્ટ-કટ" શબ્દ રસ્તાઓ અને ફૂટપાથની દુનિયાને લાગુ પડી શકે, પરંતુ જીવનના સંઘર્ષમાં એવો  કોઈ શોર્ટ-કટ હોતો નથી. જીવનમાં આ હકીકત વારંવાર અનૈચ્છિકપણે સાબિત થતી રહે છે.

ગુજરાતના સુરત શહેરની એક ઘટનાનો દાખલો લઈ લો. એક યુવાને જવેલર્સની દુકાનમાં ઘૂસી, દાગીનાની ચોરી કર્યા બાદ, ઝડપથી ભાગી નીકળવાનો પ્રયાસ કર્યો.  શંકાસ્પદ દુકાનદારે સીડી તરફની દિશા દર્શાવતી લાઈન તોડી નાખેલી. તેથી, આ ભાઈએ, ભાગી છૂટવાની ઉતાવળમાં, નજીકની બારી પરથી કૂદકો માર્યો. પરંતુ, તેનું આ સાહસ વિનાશક સાબિત થયું. બીજા માળની બારી પરથી કૂદવાથી તેનું તાત્કાલિક મૃત્યુ થયું. (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, 21 જાન્યુઆરી, 1980)

યુવાનની મૂર્ખતા સાથે સંકળાયેલી આ ઘટના દુર્લભ હોઈ શકે છે, પરંતુ તમે જોયું હશે કે જે લોકો પોતાની જાતને ખૂબ હોશિયાર સમજતા હોય છે, તેઓ તેમના જીવનમાં આવી જ ભૂલ કરતા હોય છે.  જે કામ માટે જરૂરી સમય આપવો પડતો હોય તેને તાત્કાલિક પૂર્ણ કરવાના પ્રયાસમાં વ્યક્તિ પેલા યુવાનની જેમ ઉતાવળે કૂદકો મારે છે, અને પોતાની જાતને વિનાશ તરફ ધકેલે છે.  જો કોઈ નેતા આવું કરે, તો તે તેનું અનુસરણ કરતાં બધા જ લોકો માટે વિનાશને નોતરું આપે છે.

# અનિવાર્ય સંજોગો

શ્રીમાન દાસને સૌથી વરિષ્ઠ IAS અધિકારીઓમાં સ્થાન આપવામાં આવ્યું હતું. દિલ્હીની પોશ કોલોની “મધુબન”માં તેમનું મોટું ઘર હતું.  પરંતુ તેમણે 3 ઓગસ્ટ, 1985ના રોજ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી.

તેમની પત્ની હેના દાસ બપોરે એક વાગ્યાની આસપાસ જ્યારે તેમના રૂમમાં પ્રવેશ્યા ત્યારે તેમનો મૃતદેહ સીલિંગ ફેન સાથે લટકતો જોવા મળ્યો. તેમનું અવસાન થયું ત્યારે તેઓ 54 વર્ષના હતા.  તેમને તાજેતરમાં જ દિલ્હી પ્રવાસન વિકાસ નિગમના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમનું પગારધોરણ પણ ખાસ્સું એવું ઊંચું હતું.

આટલું બધું હોવા છતાં તેમણે આત્મહત્યા કેમ કરી? આ મુદ્દા પર હિન્દુસ્તાન ટાઈમ્સ અને ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, બંનેમાં 4 ઓગસ્ટના રોજ આવું કહેવામાં આવ્યું હતું:

"શ્રીમાન દાસના એક વેપારી મિત્રે જણાવ્યું કે મૃતક અમલદાર તેમને આપવામાં આવેલી ઘણી પદવીઓથી અસંતુષ્ટ હતા. તેમણે ઉમેર્યું કે શ્રીમાન દાસ અવારનવાર એવું કહેતા રહેતાં કે તેમને હંમેશા તુચ્છ અને સામાન્ય હોદ્દો આપવામાં આવે છે.

તેઓ હતાશ પણ રહેતા હતા કારણકે તેમને એવું લાગતું હતું કે વહીવટમાં તેમને તેમની યોગ્યતા આપવામાં આવી રહી નથી."

કોઈપણ વ્યક્તિ, બહુમતી જૂથની હોય કે લઘુમતી જૂથની, સામાન્ય કર્મચારી હોય કે વરિષ્ઠ અધિકારી, દરેક પરિસ્થિતિમાં તેને અવારનવાર એવો અનુભવ થતો હોય છે, જેને તે અનિષ્ટ અથવા અન્યાયી સમજે છે. આ વિશ્વમાં, કોઈ વ્યક્તિ ભાગ્યે જ એવા વિચારથી છટકી શકે છે કે પોતાને લાયક પદ તેને સોંપવામાં આવ્યું નથી. આવા સમયે, વ્યક્તિએ પરિસ્થિતિનો સ્વીકાર કરવો જોઈએ. કારણકે આમ કરવાનો ઇનકાર વ્યક્તિને સંપૂર્ણ હતાશા અને છેવટે આત્મહત્યા તરફ દોરી શકે છે.

## અજ્ઞાનતાનું અનિષ્ટ

આઝાદી પહેલાની આ એક ઘટના છે. એક ગ્રામીણ અજ્ઞાની વ્યક્તિ એક વખત શહેરમાં આવ્યો અને તેના એક પરિચિતને ત્યાં રોકાયો. તેને જમતી વખતે તરબૂચ પીરસવામાં આવ્યું હતું. અને, તરબૂચને કાપવા માટે તેની સાથે ડીશમાં એક છરી પણ રાખવામાં આવી હતી. આ જોઈને તે એકદમ હેબતાઈ ગયો. તેણે કહ્યું: "હું છરી અને તરબૂચના સંયોજનને સમજી શકતો નથી."  તેણે એ તરબૂચ ખાધા વિના જ પાછું આપી દીધું.  જ્યારે કોઈએ તેને પૂછ્યું કે તેણે તરબૂચ કેમ ના ખાધું, ત્યારે તેણે જવાબ આપ્યો કે: "જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી તરબૂચને ખાવાની

એક જ રીત છે, પોતાના હાથથી દબાવીને ખાવું. તો પછી પેલી છરી તરબૂચની બાજુમાં શા માટે રાખવામાં આવી હતી? મને તેમાં કોઈ જાદુટોણા હોય એવું લાગ્યું અને તેથી મેં તે ખાધું જ નહીં."

રાત્રે ફરી એકવાર આવી જ એક ઘટના તેની સાથે ઘટી. તેના માટે પલંગ પર તેની પથારીમાં એક ઓશીકું રાખવામાં આવ્યું હતું. તે આખી રાત સૂઈ ન શક્યો અને ફક્ત તકિયા તરફ જ તાકતો રહ્યો. પાછળથી તેણે જણાવ્યું કે, "મને લાગ્યું કે તેની અંદર કોઈ ખજાનો છે. હું સમજી શકતો ન હતો કે મારે આ બંડલનું ધ્યાન રાખવું જોઈએ કે સૂઈ જવું જોઈએ."

સામાન્ય જીવનમાં ઘણી વાર એવું બને છે કે વ્યક્તિ બીજા વિશે એટલી હદે નકારાત્મકતા વિકસાવે છે, કે તે પોતે જાતે જ દુ:ખી-દુ:ખી થઈ જાય છે. તેને પોતાની આ પરેશાની અને ફરિયાદોની લાગણી સંપૂર્ણપણે સાચી લાગે છે. જ્યારે કે તે માત્ર તેની અજ્ઞાનતાને કારણે હોય છે. સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લીધા વિના, તે પોતાના મંતવ્યો બનાવે છે અને તેને વળગી રહે છે, જ્યારે કે હકીકતમાં, તેની ફરિયાદો નિરર્થક હોય છે.

કુરાન આપણને આવા અનિષ્ટથી દૂર રહેવા માટે મામલાની સંપૂર્ણ તપાસ કરવાનું માર્ગદર્શન આપે છે. નિષ્ઠાવાન વ્યક્તિ, તેના કાન સુધી આવેલી બાબત માટે, બેમાંથી એક વલણ પસંદ કરે કરશે: કાં તો તેણે જે સાંભળ્યું છે, તેને જતું કરશે અથવા મૌન રહેશે. અને, જો કોઈ કારણોસર આવી બાબતોમાં પડવાનું

થશે તો તે પહેલા સંબંધિત વ્યક્તિ સાથે ચર્ચા કરશે. આમ તે યોગ્ય તપાસ કર્યા બાદ જ હકીકતનો સ્વીકાર કરશે. તપાસમાં ખોટું સાબિત થવા છતાં પોતાના અગાઉના અભિપ્રાયને વળગી રહેવું એ અવિશ્વાસ્ય બાબતોનો પ્રચાર માત્ર છે.

## મોજામાં ડૂબકી

બે યુવાન મિત્રો, બંને સારા તરવૈયાઓ, એકવાર મદ્રાસના દરિયા-કિનારે તરવા ગયા હતા. દિવસ ખૂશનુમા હતો, સમુદ્ર શાંત હતો, અને તેઓ ક્યારેક પાણીની સપાટી ઉપર તો ક્યારેક નીચે તેમ તરતાં-તરતાં ટૂંક સમયમાં જ કિનારાથી ઘણા દૂર નીકળી ગયા. પછી, અચાનક જ, તેઓએ પ્રચંડ મોજાઓનો સામનો કરવો પડ્યો, જેના જબરદસ્ત બળ તળે તેઓ દટાઈ ગયા. તેમાંથી એક યુવાન મોજા સામે જોરદાર રીતે ત્રાટક્યો અને કિનારા તરફ જવા ઝઝૂમવા લાગ્યો. પરંતુ સખત પ્રયાસ કરવા છતાં, તે બીચ સુધી પહોંચી શક્યો નહીં અને ડૂબી ગયો. મોજાઓ તેના કરતાં વધારે બળવાન સાબિત થયા. તેનો મિત્ર પણ તે જ રીતે બહાર આવ્યો, પણ તે તુરંત જ સમજી ગયો કે તેના પ્રયત્નો નિરર્થક છે. સદનસીબે તેને યાદ આવ્યું કે મોજાઓનું બળ સપાટી પર વધુ અને નીચે ઘણું ઓછું અનુભવાતું હોય છે, તેથી તે તરત જ ડૂબકી મારીને, લાત મારતો અને સંઘર્ષ કરતો, એવી ઊંડાઈ સુધી ગયો કે જ્યાં તેને મોજાના ઝાટકાઓ ના લાગે. હવે, તે પોતાનો જીવ બચાવવા માટે તરવાનું શરૂ કરી શક્યો, જો કે તેના

ફેફસા ફાટી રહ્યાં હતા અને સ્નાયુઓમાં ખૂબ દુખાવો થઈ રહ્યો હતો. અંતે, શરીરના દરેક તંતુઓને તાણતો, તે કિનારાની નજીક છીછરામાં પહોંચવામાં સફળ રહ્યો, જ્યાંથી તેને કેટલાક ખલાસીઓએ ઉઠાવી લીધો. તેઓ તેને સુરક્ષિત રીતે સૂકી જમીન પર લાવ્યા, અને ત્યાંથી તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. તેને ઈમરજન્સી સારવાર આપવામાં આવી અને તે જલ્દી સ્વસ્થ થઈ ગયો. એ તો તેનું સદનસીબ જ હતું કે ત્યાંથી બહાર કાઢવા માટે નજીકમાં જ એક હોડી હતી, અને તેને તાત્કાલિક તબીબી સારવાર પણ મળી ગઈ.  પરંતુ, શક્તિશાળી મોજાઓ સામે જો તેણે પોતાની રણનીતિ બદલી ના હોત, તો તે પોતાના જીવનને બચાવી શક્યો ન હોત.

બંને યુવાનોએ ટકી રહેવા માટે બહાદુરીપૂર્વક સંઘર્ષ કર્યો હતો, પરંતુ આ કહાની કહેવા માટે તે જ જીવી શક્યો કે જેણે બચવા માટે માત્ર શારીરિક-શક્તિ નહીં પણ બુદ્ધિનો પણ ઉપયોગ કર્યો. તે લગભગ તરત જ સમજી ગયો હતો કે પ્રકૃતિની પ્રચંડ શક્તિઓ સામે તેની પોતાની માનવ-શક્તિનો મુકાબલો નકામો અને નિરર્થક જ પુરવાર થશે.

આ એક પાઠ છે જે માનવ-પ્રવૃત્તિની બધી શ્રેણીઓ પર સારી રીતે લાગુ થઈ શકે છે, કે ઘર્ષણ ભાગ્યે જ આપણને કોઈ જાતની સકારાત્મક લાવે છે. જ્યારે પ્રચંડ મોજાઓ નજીક આવે છે, ત્યારે માછલીઓ પણ ઊંડામાં ડૂબકી મારે છે.

# તકની ઉપલબ્ધી

પહાડોની પાછળ સૂર્ય પશ્ચિમમાં આથમી રહ્યો હતો. સૂર્યનો અડધો ભાગ પર્વતની ટોચની પાછળ ડૂબી ગયો, જ્યારે બાકીનો અડધો ભાગ તેની ઉપર દેખાઈ રહ્યો હતો. થોડીવાર પછી સૂર્ય પર્વતમાળા પાછળ પૂરેપૂરો આથમી ગયો.

હવે બધે અંધારું છવાવા લાગ્યું હતું. સૂર્ય ધીમે-ધીમે તેનો પ્રકાશ પાછો ખેંચી ગયો હતો, અને હવે એવું લાગતું હતું કે જાણે આખું વાતાવરણ અંધકારમાં ઘેરાયેલું રહેશે. પરંતુ, તે જ સમયે, આકાશમાં બીજી તરફ નવી પ્રકાશની કિરણો દેખાઈ.  તે બારમી રાત્રિનો ચંદ્ર હતો, જે સૂર્ય અદૃશ્ય થઈ ગયા પછી ચમકવા લાગ્યો હતો. થોડા સમય પછી ચંદ્રની ચમક તેની ચરમસીમા સુધી પહોંચતા તે ખૂબ જ તેજસ્વી બન્યો. સૂર્યપ્રકાશ અદૃશ્ય થઈ ગયા પછી પૃથ્વી પર આ એક નવો પ્રકાશ ફેલાયો હતો.

આ કુદરતની નિશાની છે, મેં વિચાર્યું.  જ્યારે એક તક પૂરી થાય છે, તે જ સમયે બીજી તક ઊભી થાય છે.  સૂરજ આથમ્યા પછી ચંદ્રના પ્રકાશથી દુનિયા ફરી ઝળહળી ઉઠી હતી. આ રીતે વ્યક્તિઓ અને રાષ્ટ્રો બંને માટે તકો ઊભી થતી રહે છે. જો કોઈ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થાય છે, તો પણ ઈશ્વરે રચેલી આ સૃષ્ટિમાં નિરાશ થવાનો કોઈ પ્રશ્ન નથી.  નવી તકોનો લાભ લઈને વ્યક્તિ ફરી એક વાર આગળ વધી શકે છે.  તમારે

માત્ર એક જ વસ્તુ કરવાની જરૂર છે, અને તે છે નિરાશામાં હાર્યા વિના સંઘર્ષ કરતા રહીને પોતાના ડહાપણની સાબિતી આપવી. ઈશ્વરે આ દુનિયાને અસાધારણ તકો સાથે બનાવી છે. અહીં, જ્યારે કોઈપણ પ્રયાસ નિષ્ફળતાની વિસ્મૃતિમાં પડતો દેખાય છે, ત્યારે અંધકારમાંથી નવો પ્રકાશ ઝળકે છે.  જ્યારે કોઈ મકાન પડી જાય છે, ત્યારે તે તેની જગ્યાએ બીજા નવા મકાનો બાંધવા માટે જગ્યા છોડી દે છે.  માનવજીવનનું પણ એવું જ છે. અહીં, દરેક નિષ્ફળતા સાથે, સફળતાની નવી તકો ઊભી થાય છે.  બે રાષ્ટ્રોની હરીફાઈમાં જો એક રાષ્ટ્ર વિકસિત થઈ જાય અને બીજું પાછળ રહી જાય તો વાત ત્યાં પૂરી થઈ જતી નથી.  ત્યારબાદ, એક નવી પ્રક્રિયા આકાર લેવાનું શરૂ થાય છે જ્યાં વિકસિત રાષ્ટ્રોના લોકો વૈભવી જીવનશૈલી અપનાવે છે અને વધારે પડતી સુવિધાઓ ભોગવવા તરફ વળે છે, જ્યારે અવિકસિત રાષ્ટ્રોના લોકો સખત મહેનત અને સંઘર્ષ માટે જુસ્સો વિકસાવે છે.

મતલબ કે ઈશ્વરે રચેલી આ સૃષ્ટિમાં નિરાશા અને હતાશામાં ગરકાવ થઈને બેસી રહેવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. સંજોગો ગમે તેટલા વિકટ કેમ ન હોય, સફળતાની નવી તક હંમેશા નજીક જ ઊભી હોય છે. નિષ્ફળતાને સફળતામાં બદલવા માટે આ નવી તકોનો લાભ લેવો જરૂરી છે.

## આપશો તો જ મેળવશો

લેતી - દેતી બાબતે અંગ્રેજીમાં એક કહેવત છે, જેનો અનુવાદ આ પ્રમાણે થાય છે: “જે આપે છે, તે જ મેળવે છે. ”

જગતના નિર્માતાએ એવો કાયદો ઘડ્યો છે કે જે આપે છે, તે જ મેળવે છે. આ દુનિયામાં, જેની પાસે આપવા માટે કંઈ નથી, તેને બદલામાં મળવાનું પણ કંઈ નથી.

ઈશ્વરે આ સિદ્ધાંત આખી દુનિયા માટે લાગુ પાડેલો છે. અહીં, દરેક તત્વને પોતાને ટકાવી રાખવા માટે બીજેથી કશુંક મેળવવું પડે છે, એ સાચું છે પરંતુ, દરેક તત્વ જે કંઈ મેળવે છે તેના કરતાં વધુ આપવાનો પ્રયાસ કરે છે, એ પણ એક સનાતન સત્ય છે.

દાખલા તરીકે, આપણે વૃક્ષનું ઉદાહરણ લઈએ. વૃક્ષ જમીનમાંથી પાણી અને અન્ય ખનીજો મેળવે છે, હવામાંથી નાઇટ્રોજન મેળવે છે, સૂર્યમાંથી ગરમી મેળવે છે અને આ રીતે બ્રહ્માંડમાંથી તેનું પોષણ પ્રાપ્ત કરીને, તે તેના અસ્તિત્વને પૂર્ણતાના સ્તરે લઈ જાય છે. પરંતુ, ત્યારબાદ તે કરે છે શું? ત્યારબાદ તેનું સંપૂર્ણ અસ્તિત્વ અન્ય જીવો માટે આરક્ષિત બની જાય છે. તે કોઈકને છાંયો આપે છે, તો કોઈકને લાકડું. કોઈકને ફૂલો આપે છે, તો કોઈકને ફળો. તે પોતાની જાતને જીવનના છેલ્લા શ્વાસ સુધી અન્યોની સેવા માટે અર્પણ કરી દે છે. જગતનું દરેક તત્વ આ પ્રમાણે જ કર્મ કરે છે. દરેક તત્વ અન્યોની સેવા કરવા અને બીજાઓને લાભ આપવામાં જ વ્યસ્ત રહે છે. આવી જ

રીતે સૂરજ-ચાંદ, નદીઓ, પર્વતો, હવા - વગેરે બધા બીજાઓને લાભ આપે છે. આમ, બ્રહ્માંડનો ધ્યેય અન્યોને આપવા પર આધારિત છે, બીજાઓ પાસેથી માત્ર મેળવવા પર નહીં.

જગતમાં એક જ જીવ એવું છે, જેને બીજાઓ પાસેથી બધુ લઈ લેવું છે; લાભ ખાટી લેવો છે, પણ બીજાઓને કશું આપવું નથી. અને તે છે માણસ-જાત. માણસ બીજાનું શોષણ કરીને એકપક્ષીય લાભ મેળવવાનો પ્રયાસ કરે છે.  તે બીજાને આપવા કરતાં તેમની પાસેથી લેવાની ગણતરી રાખે છે. તે આપનાર (ત્યાગી) બનવા કરતાં લેનાર (ભોગી) બનવું વધારે પસંદ કરે છે. આ પ્રકારનું વલણ ઈશ્વરના આયોજનની વિરુદ્ધ છે. તે જગતના કુદરતી નિયમથી વિપરીત છે. આવા વિરોધાભાસ ધરાવતા લોકો આ જગતમાં ક્યારેય સફળ રહેશે નહીં. આ વિશ્વમાં ફક્ત તેઓ જ સફળ રહેશે, જેઓ આ વિશાળ બ્રહ્માંડની સંસ્કૃતિને અનુરૂપ જીવન જીવશે, અને જેઓ જગતમાંથી ફક્ત લેનારા (સ્વાર્થી) તરીકે નહીં, પરંતુ આપનારા (પરગજું) તરીકે રહીને જીવન જીવશે.

## કુદરતનો ક્રમ

તમે કોઈ રૂમને અમુક અઠવાડિયાઓ સુધી બંધ રાખશો, અને પછી જ્યારે લાંબા સમય બાદ પાછા ફરીને જોશો તો તમને રૂમની દરેક વસ્તુ પર ધૂળના થર જામી ગયેલા જણાશે. જ્યાં સુધી રૂમમાં સાફ-સફાઈ ના થાય ત્યાં સુધી તમને એમાં બેસવાનું મન થશે નહીં. આમ, આ ધૂળ અણગમતી વસ્તુ છે.  તે હવાને કારણે

વાતાવરણમાં ઊડીને, તમારા મોં પર લાગતી, ધૂળ જેટલી જ અપ્રિય છે. જે ખરેખર તો, તમને વાતાવરણના અમુક નુકશાનથી બચાવે છે.

પણ આ ધૂળ શું ચીજ છે જે આપણને આટલી બધી હેરાન કરે છે? હકીકતમાં, તે જમીનની સપાટીની ઉપરનું એક ફળદ્રુપ સ્તર છે, તે જમીન પરનો એક ખૂબ જ અગત્યનો પદાર્થ છે, જે તમામ પ્રકારના શાકભાજી, ફળો અને અનાજના વિકાસને સક્ષમ બનાવે છે. જો આ માટી પૃથ્વીની સપાટી પર ન પડી હોત, તો આપણા માટે પૃથ્વી પર જીવવું બિલકુલ અશક્ય હોત.

આ ધૂળ જ છે, જે પૃથ્વીના વાતાવરણને પાણીની વરાળ માટે પૂરતું ગાઢ બનાવે છે, વાદળો બનાવે છે જે પૃથ્વીને પુનર્જીવિત કરવા અને ફરી ભરવા માટે પાણીનો ધોધ (વરસાદ) છોડે છે. વરસાદ વિના, પૃથ્વી પર કોઈ જીવન ન હોત, અને પૃથ્વીના વાતાવરણમાં વરસાદ ધૂળને કારણે જ  શક્ય બને છે.

સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશની લાલાશ પણ વાતાવરણમાં ધૂળની હાજરીને કારણે જ શક્ય બને છે.  આ રીતે ધૂળ, અનેક વ્યવહારુ લાભો આપવા ઉપરાંત, પૃથ્વીની સુંદરતામાં પણ યોગદાન આપે છે.

આ સીધા-સાદા ઉદાહરણ પરથી આપણે જોઈ શકીએ છીએ કે કેવી રીતે ઈશ્વરે જીવનની ગમતી વસ્તુઓની સાથે

અણગમતી વસ્તુઓ પણ મૂકી છે. જેમ ગુલાબના છોડ પર સુંદર ફૂલોની સાથે તીક્ષ્ણ કાંટાઓ પણ હોય છે, તેમ જીવન પણ પ્રિય અને અપ્રિય એમ બંને વસ્તુઓના મિશ્રણથી બનેલું છે. ઈશ્વરે વિશ્વનું સર્જન આ જ રીતે કર્યું છે. આપણી પાસે તેના દ્વારા નિર્ધારિત કુદરતના ક્રમમાં બંધબેસતા ગોઠવાયા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આપણે ગમે તેટલો પ્રયત્ન કરીએ, આપણા માટે આ વસ્તુઓ અન્ય કોઈપણ રીતે હોવી અશક્ય છે.

જો તમે ફરિયાદ કરવા માંગતા હો, તો તમને જીવન વિશે ચોક્કસ ફરિયાદોનો ઢગલો મળી આવશે. પરંતુ વસ્તુઓની સતત ફરિયાદ કર્યા કરતાં રહેવું એ ચોક્કસપણે નિરર્થક પ્રણાલી છે. ડહાપણ એ જ છે કે અપ્રિય વસ્તુઓને અવગણો કે જે જીવનનો એક ભાગ, એક હિસ્સો માત્ર છે, માટે ક્રોધાવેશને અંકુશમાં રાખો અને જીવનમાં તમારા સાચા હેતુને પૂર્ણ કરવા માટે સતત પ્રયત્નશીલ રહો.

## જ્યારે કોઈ તૂટી જાય છે.

જ્યારે કોઈ નિર્જીવ પદાર્થ, જેમકે લાકડાનો ટુકડો, તૂટીને બે કટકા થઈ જાય છે, ત્યારે તે તૂટેલો જ રહે છે. તે પછી ક્યારેય પોતાને ફરીથી આખા એક ભાગમાં ફેરવી શકતું નથી. જ્યારે કે સજીવ પદાર્થો તૂટયા પછી પણ જીવે છે. જ્યારે એક જીવંત અમીબાને બે

ભાગમાં કાપવામાં આવે છે, ત્યારે તે બે જીવંત અમીબામાં ફેરવાય છે.

આ ઘટના ચોક્કસપણે ઈશ્વર તરફથી એક નિશાની છે, જે આપણને ઈશ્વરે આ વિશ્વમાં જીવતા માણસો માટે સંગ્રહિત કરી રાખેલી જીવન માટેની તકોની વિશાળતા દર્શાવે છે. મનુષ્ય માટે, કોઈ પણ હાર અંતિમ હોતી નથી, કોઈ આપત્તિ કાયમ માટે આપદાજનક હોતી નથી. એક સજીવ પ્રાણી તરીકે, કોઈપણ માણસને કાયમી રીતે તોડી શકાતો નથી, કારણકે જ્યારે પણ કોઈ માણસ તૂટી જાય છે ત્યારે તેને પહેલા કરતા પણ વધારે મજબૂતાઈથી જોડીને ફરીથી જીવંત કરવામાં આવે છે.

મનુષ્ય માટે, નિષ્ફળતા એ કોઈ આપદા નથી, કારણકે નિષ્ફળતા તેને વધુ ગહન, વિચારશીલ વ્યક્તિ બનાવવાનું કામ કરે છે. અવરોધો કોઈ અડચણ નથી, પરંતુ તેઓ બૌદ્ધિક વિકાસના નવા રસ્તાઓ ખોલે છે. ઝાટકાઓ વ્યક્તિના વિકાસને અટકાવતા નથી, કારણકે જો કોઈને તોડી પાડવા માટે, તેમના ટૂકડે-ટૂકડા કરી નાખવામાં આવે તો પણ, દરેક ટૂકડાઓ તેના પોતાના અધિકાર સાથે સંપૂર્ણપણે નવા અસ્તિત્વ-નિર્માણના ઘટકો બનવાની ક્ષમતા ધરાવે છે.

ઈશ્વરે આ દુનિયામાં માણસ માટે ક્યારેય સમાપ્ત ના થાય એવી તકો રાખી છે, પરંતુ જીવંત લોકો જ આ તકોનો લાભ લઈ શકે છે, જે તેમને લાગેલા ઝાટકાઓથી વિખેરાઈ ગયા પછી પણ તેમના

માટે સાધન-સંપતિને ભેગી કરીને તેને કાર્યરત કરી શકે છે. જ્યારે તે હારનો સ્વાદ ચાખે છે, ત્યારે તે હિંમત હારતો નથી, પરંતુ પોતાને નવો પડકાર ઝીલવા માટે તૈયાર કરે છે. તે તેની ભાંગી ગયેલી હોડીને ફરીથી જહાજ બનાવે છે, અને, તેના પર સવાર થઈને, જીવનની તેની મુસાફરી ફરીથી શરૂ કરે છે.

## દુનિયા ટાઈપરાઇટર નથી

એક માણસ, એક વખત ટાઈપરાઇટર લઈને બેઠો હતો. અચાનક જ તેના મનમાં કંઈક સૂઝ્યું, તેણે તરત જ એક પેપર લીધુ, ટાઈપરાઈટર પર મૂક્યું, અને કીબોર્ડ પર કશુંક ટાઈપ કરવા માંડ્યું, તેના વિચારો પેપર પર શબ્દોનું સ્થાન લઈ રહ્યા હતા. હવે, બધા જ વાક્યો નીચે મુજબ તૈયાર થઈ ગયા હતા:

- હું જ સાચો છું, મારા સિવાય બીજા બધા ખોટા છે.
- બધી બાબતોમાં બીજા બધાનો જ કઈંક ને કઈંક વાંક હોય છે, પણ મારો ક્યારેય કોઈ વાંક હોતો નથી.
- હું સૌથી મહાન છું, બાકી બધા મારા કરતા નીચા છે.
- હું ઈશ્વરની ચાહિતી વ્યક્તિ છું,  મારા માટે જન્નત (સ્વર્ગ) આરક્ષિત છે.

આ માણસ રાજી-રાજી થઈ ગયો હતો, કારણકે તેને જે જોઈતું હતું એ બધુ પેપર પર લખાઈ ગયું હતું. પરંતુ, આ

માણસની કમનસીબી એ છે, કે તે જે દુનિયામા જીવે છે એ કોઈ ટાઈપરાઇટર નથી. જેવી રીતે તેણે પોતાના વિચારો ટાઈપરાઇટર પર લખ્યાં, એવું વાસ્તવિક દુનિયામાં સંભવ નથી. ટાઈપરાઇટરના કીબોર્ડ પર પોતાના મનગમતા વિચારો આપણી આંગળીઓનું થોડું હલન-ચલન કરીને ટાઈપ કરી શકાય. પરંતુ, વાસ્તવિક દુનિયામાં પોતાના સપનાઓ સાકાર કરવા માટે ફક્ત ટાઈપિંગ કરવું એ પૂરતું નથી, તેના માટે લાંબા સમયનો અવિરત સંઘર્ષ ખેડવો પડે. આ એક ચોખ્ખું સત્ય છે. ટાઈપિસ્ટે શબ્દોની દુનિયામા જે હાંસલ કર્યું, તેનાથી તે બહારની વાસ્તવિક દુનિયામાં સંપૂર્ણપણે વંચિત હતો. આ વાત આપણને ગમે તેટલી કડવી લાગે, પણ હકીકત એ છે કે, આ દુનિયા કોઈ ટાઈપરાઇટર નથી. આપણે કાંઈ આ વિશ્વના ટાઈપિસ્ટ નથી કે તેના પર આપણે આપણી આંગળીઓના હલનચલન દ્વારા મનફાવે એવો નકશો દોરી શકીએ. આ દુનિયા ગંભીર વાસ્તવિક્તાઓથી ભરેલી છે, આ વાસ્તવિક્તાઓ સાથે સંતુલિત થઈને જ આપણે કંઈપણ હાંસલ કરી શકીએ છીએ.

માણસ પાસે જીભ અને કલમ છે, જેનાથી તે પોતાની ઈચ્છા વ્યક્ત કરી શકે છે. પરંતુ તેણે એ યાદ રાખવું જોઈએ કે જીભ અને કલમથી માત્ર શબ્દો સાકાર થઈ શકે છે, વાસ્તવિક જીવન નહીં. શબ્દો એ કાગળ પરના ટપકાઓ અથવા આકૃતિઓ માત્ર છે, જેમને વાસ્તવિકતામાં ફેરવવા માટે સખત પ્રયાસો, નિર્ધાર અને કાર્યો હાથ ધરવાની જરૂર પડે છે. ખરેખર, વાસ્તવિક પ્રેક્ટિકલ વગર કાલ્પનિક થિયરીનો કોઈ અર્થ નથી.

# સર્જનહારની સર્જન-યોજના

ઘણા લોકોને એવા પ્રશ્નો થતાં હોય છે કે: હું કોણ છું? હું શા માટે આ પૃથ્વી પર આવ્યો છું? માણસનો હેતુ શું છે? સફળતા શું છે? નિષ્ફળતા શું છે? આ બધા જ પ્રશ્નોને ભેગા કરીને એક જ વાક્યમાં આવી રીતે પૂછી શકાય: આવડા મોટા સર્જન કરવા પાછળ સર્જનહારનો હેતુ કે યોજના શું છે? કુરઆનનું સડસઠમું પ્રકરણ, અલ્-મુલ્ક (રાજ્ય), આ પ્રશ્નનો ઉત્તર નીચે મુજબ આપે છે.

સંબંધિત શ્લોકનો અનુવાદ અહીં ટાંક્યો છે:

અલ્લઝી ખલકલ્ મૌત વલ્ હયાત લિ યબ્લુવકુમ્ અહ્‌સનુ અમલા*,* વ હુ વલ્ અઝીઝુલ્ ગફૂર ***o*** ***(***૬૭***:***૨***)***

***"***તેણે ***(***ઈશ્વરે***)*** જીવન અને મૃત્યુનું સર્જન કર્યું છે*,* એ ચકાસવા માટે કે તમારામાંથી કોણ આચરણ ***(***કર્મો***)*** માં શ્રેષ્ઠ છે*.* તે સર્વશક્તિમાન*,* અને સર્વક્ષમાશીલ છે***"*** ***(***૬૭***:***૨***)***

**(**અલ્લઝી = તેણે, ખલક = બનાવવું અથવા સર્જન કરવું, મૌત = મૃત્યુ, હયાત = જીવન, યબ્લુવકુમ્ = તમારામાંથી, અહ્‌સનુ = શ્રેષ્ઠ, અમલ = કર્મ / આચરણ, અઝીઝ = સર્વશક્તિમાન ઈશ્વર, ગફૂર = સર્વક્ષમાશીલ)

કુરાનિક શિક્ષણ અનુસાર, માણસને શાશ્વત (અનંત) જીવ તરીકે બનાવવામાં આવ્યો છે. ઉપરોક્ત કુરાનિક શ્લોકમાં "મૃત્યુ અને જીવન" એ, મૃત્યુ પહેલા તેમજ મૃત્યુ પછી, એમ જીવનના બે સમયગાળા દર્શાવે છે. આમ, મૃત્યુ અને જીવન એ મનુષ્યના સમગ્ર શાશ્વત જીવનકાળને આવરી લે છે.

સત્ય હકીકત એ છે કે ઈશ્વરે માણસનું સર્જન ખૂબ જ વિચારપૂર્ણ આયોજન સાથે કર્યું છે, જેનો સાર માણસને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાનો છે, પણ એ એક માત્ર ભેટ તરીકે નહીં, પરંતુ પરીક્ષા તરીકે આપી છે.  આ પરીક્ષાના પરિણામ દ્વારા સર્જનહાર જોશે કે પોતાને મળેલી આ સ્વતંત્રતાનો કોણે સદ્ઉપયોગ કર્યો છે, અને કોણે તેનો દુરુપયોગ કર્યો છે.  માણસ માટે વસ્તુઓની દિવ્ય યોજના આ જ હતી અને આ જ છે.

માણસ-જાતની આ રીતની પરીક્ષાનું આયોજન, વગર હેતુએ કરવામાં આવ્યું નથી. તેનો ઉદેશ્ય બહુ જ ઊંચો છે. માણસનું સર્જન કરતાં પહેલા ઈશ્વરે એક આદર્શ વિશ્વ એટલે કે જન્નત (સ્વર્ગ) નું સર્જન કર્યું. હવે, ઈશ્વરને તેમાં એવા આદર્શ સ્ત્રી-પુરુષો સ્થાયી કરવા છે, જેઓ આ સ્વર્ગમાં કાયમી વસવાટ માટે લાયક ઠરે. આમ, વર્તમાન પૃથ્વી પરનું જીવન એ સ્વર્ગમાં પ્રવેશની પસંદગી માટેનું મેદાન તરીકે બનાવવામાં આવ્યું છે.

આ દૈવી યોજના મુજબ, વર્તમાન દુન્યવી જીવન માણસને એક મોટી તક પૂરી પાડે છે. જીવનના મૃત્યુ પહેલાના સમયગાળામાં, માણસને સ્વર્ગ માટે પોતાને લાયક બનાવવાની તક મળે છે, જેથી જીવનના મૃત્યુ પછીના સમયગાળામાં તે આ સંપૂર્ણ-વિશ્વ એટલે કે સ્વર્ગમાં લાયક ઉમેદવાર તરીકે સ્થાયી થઈ શકે.

આ દૈવી યોજના માણસને મોટી આશા આપે છે.  વર્તમાન પૃથ્વી પરનુ જીવન કદાચ સમસ્યાઓથી ભરેલું છે, કારણકે આ દુનિયામાં દુ:ખ, પીડા અને અનિચ્છનીય પરિસ્થિતિઓ છે. પરંતુ કુરાનમાં દર્શાવેલ જીવનની દૈવી યોજના આપણને એક અમૂલ્ય આશ્વાસન પૂરું પાડે છે. તે અંધકારમાં તેજ પ્રકાશ સમાન છે. તે સ્ત્રી-પુરૂષોને મહાન સંદેશ આપે છે કે વર્તમાન વિશ્વમાં તેઓ જે દુઃખો અનુભવે છે તે પરીક્ષણના અસ્થાયી સમયગાળા માટે છે, અને જો તેઓ આ પરીક્ષામાંથી પસાર થઈને પોતાની લાયકાત કેળવશે, તો તેઓ શાશ્વત સ્વર્ગ માટે ભાગ્યશાળી ઉમેદવારો બનશે.

આ કુરાનિક ખ્યાલ માનવ-જીવનનો હેતુ સમજાવે છે. તે માણસના અસ્તિત્વ માત્રને જ નહીં, પણ આ દુનિયામાં તે જે દુ:ખોનો સામનો કરે છે તે બાબતે પણ સમજાવે છે. તે જીવનમાં સારા અને નરસા એમ બધા પાસાઓને મહાન અર્થ આપે છે.

માણસ અનન્ય ગુણો સાથે જન્મે છે, તે અમર્યાદિત ઇચ્છાઓ સાથે જન્મે છે, તેના મનમાં પ્રચંડ શક્તિઓ હોય છે, પરંતુ, તેની શક્તિઓને સમજતા પહેલા અને તેની ઇચ્છાઓ પૂર્ણ કરતા પહેલા, તેનું જીવન સમાપ્ત થઈ જાય છે.

તેમાં અકાળે અવસાનને જોતાં, માણસ સંપૂર્ણપણે અકલ્પનીય ઘટના લાગે છે, પરંતુ ઉપરોક્ત દૈવી યોજનાના પ્રકાશમાં, માનવ જીવન સંપૂર્ણપણે સમજી તેમજ સમજાવી શકાય તેવું બની જાય છે. આને ધ્યાનમાં રાખીને, વ્યક્તિ જુએ છે કે જગતમાં બધું કેવી રીતે ગોઠવાયું છે.

## આજની દુનિયા (પૃથ્વીલોક) અને આગામી દુનિયા (પરલોક)

જો કોઈ ખેડૂત બીજ વાવવાના દિવસે જ લણણી કરવાની ઈચ્છા રાખે તો લણણી તો ના જ થઈ શકે, પરંતુ આવું કરવાથી તે બીજ વાવવાનો સમય પણ ગુમાવે છે. આજના મૃત્યુ-પહેલાના એટલે કે પૃથ્વીલોક પરના જીવન અને આવતી કાલના મૃત્યુ-પછીના એટલે કે પરલોકના જીવનમાં પણ આ જ સિદ્ધાંત લાગુ પડે છે. પૃથ્વીલોક એ કર્મ કરવાનું સ્થળ છે, જ્યારે કે પરલોક એ ફળ મેળવવાનું સ્થળ છે. જેને આજની દુનિયામાં જ આ ફળ મેળવી લેવું છે, તેની આ ઈચ્છા તો પૂર્ણ થઈ શકે એવી નથી, પણ

તે આવતી-કાલની દુનિયાના ફળ માટે આજની દુનિયામાં મળેલો મહેનતનો મોકો પણ ગુમાવી બેસે છે.

માણસને જે આવતી-કાલની દુનિયામાં મળવાનું છે, એ તેને આજની દુનિયામાં જ મેળવી લેવું છે.  અને આના કારણે જ તે બંને દુનિયા ગુમાવે છે. ડાહ્યો માણસ એ છે, જે આવતી-કાલની દુનિયામાં મળવાના ફળને, આજની દુનિયામાં મેળવવાની લાલસામાં ડૂબી જવાને બદલે, આવતીકાલની દુનિયાને આજની દુનિયાની કિંમતે ખરીદે છે.

જો કોઈ વ્યક્તિ વર્તમાન યાત્રા દરમિયાન જ ભવિષ્યની મંઝિલની બધી સુખ-સુવિધાઓની ઈચ્છા રાખશે, તો આવી ઈચ્છા ક્યારેય પૂર્ણ થશે નહીં કારણકે તે કુદરતના નિયમોથી વિપરીત છે. આજની દુનિયા અને આવતી -કાલની દુનિયાની બાબત આ સીધા-સાદા ઉદાહરણ દ્વારા સમજી શકાય છે. ઈશ્વરે આજની દુનિયા કર્મ કરવા માટે બનાવી છે, જ્યારે આવતી-કાલની દુનિયા એ કર્મના પરિણામ માટે. આમ, આજની દુનિયા એ યાત્રા છે, અને આવતી-કાલની દુનિયા એ તેની અંતિમ મઝીલ છે.

જો કોઈ આજની દુનિયામાં જ આવતી-કાલની દુનિયાનું પરિણામ ઈચ્છે છે, તો તેની ઈચ્છા પૂર્ણ કરવાના બધા જ આયોજનો અને પ્રયાસો નિષ્ફળ જ રહેશે. એવી જ રીતે કે જે વ્યક્તિ ભવિષ્યની મંઝિલની સુખ-સુવિધાઓની લાલસામાં પોતાની વર્તમાન મુસાફરીની ક્ષણો બરબાદ કરે છે.

ડાહ્યો માણસ આજની અને આવતી-કાલની દુનિયા વચ્ચેનો આ ભેદ ખૂબ સારી રીતે સમજે છે; તે મૃત્યુ-પછીની દુનિયામાં જે પ્રાપ્ત કરવાનું છે, તેની મૃત્યુ-પહેલાના જીવનમાં ઈચ્છા રાખતો નથી.

માણસે વાસ્તવવાદી બનવું જોઈએ. તેણે વગર વિચાર્યે પોતાની ઈચ્છાઓનો પીછો કરવો જોઈએ નહીં કારણકે ઈચ્છાઓનું આંધળું અનુકરણ માણસને વિનાશ તરફ ધકેલી જાય છે.

દરેક માણસનું મન એ ઈચ્છાઓનો દરિયો છે. ઈચ્છાઓ હોવી એ ખોટું નથી, પણ આ ઈચ્છાઓની પરિપૂર્ણતાનું સ્થાન આજની મૃત્યુ-પહેલાની દુનિયા નહીં, પણ આવતી-કાલની મૃત્યુ-પછીની દુનિયા છે.

## માણસની અજમાયશનો હેતુ

ઈશ્વરની સર્જન યોજના પ્રમાણે, માણસને પૃથ્વી પર જીવનરૂપી પરીક્ષાના હેતુથી સ્થાયી કરાયો છે. આ દિવ્ય હેતુનો ઉલ્લેખ કુરાનમાં ઘણી આયાતોમાં સ્પષ્ટપણે કરાયો છે. ઈશ્વરનું આયોજન કેવી રીતે હાથ ધરવામાં આવ્યું છે, તેનું એક ઉદાહરણ કુરાનના એક પ્રકરણ યુનુસ (જોનાહ)માં નીચે મુજબ ઉલ્લેખિત કરાયું છે:

પછી અમે તમને પૃથ્વી પર તેમના ઉત્તરાધિકારી બનાવ્યા, જેથી કરીને અમે જોઈએ કે તમે કેવી રીતે વર્તો છો *(૧૦:૧૪)*

આ પ્રકારની કસોટી મૂળભૂત રીતે વ્યક્તિની નૈતિક જવાબદારીની ભાવના જાગ્રત કરવા માટે છે. જ્યારે કોઈ વ્યક્તિને એ ખ્યાલ હોય કે પોતે પરીક્ષા દઈ રહ્યો છે, અને કોઇની દેખરેખ હેઠળ તેની બધી પ્રવૃતિઓની નોંધણી થઈ રહી છે, ત્યારે તે આપમેળે પોતાનામાં જવાબદારીની યોગ્ય ભાવના જન્માવે છે. તે, તુરંત જ, વિચારવામાં, બોલવામાં, અને વ્યવહારમાં અને પોતાની અન્ય તમામ પ્રવૃત્તિઓના દરેક પાસાઓમાં સાવધ બની જાય છે. પોતાની કસોટી થઈ રહી છે, એ ખ્યાલ તેના માટે ખરેખર એક સ્વ-સુધારકની ભૂમિકા ભજવે છે, અને તેના આત્મનિરીક્ષણને પ્રોત્સાહન આપે છે. આ નિર્ણાયક પરિબળ તેને એક યોગ્ય માણસ તેમજ સમાજનો સારો સભ્ય બનાવે છે.

પરંતુ આ કસોટી શા માટે છે? કુરાન મુજબ, માનવજાતનું અંતિમ મુકામ સ્વર્ગ છે, અને સ્વર્ગમાં તો ફક્ત સભ્ય અને ભલા લોકોને જ પ્રવેશવાની મંજૂરી મળશે. તેથી, આ કસોટી ખરેખર સ્વર્ગમાં રહેવા લાયક વ્યક્તિઓની પસંદગી કરવા માટે છે. આમ, એ ખ્યાલ કે વ્યક્તિ પોતે કસોટીમાં છે, એ તેને ઉચ્ચ નૈતિક ધોરણો સાથે જીવવાનું ઉત્તમ પ્રેરણા પૂરી પાડે આપે છે. ત્યારબાદ, શિસ્તબદ્ધ જીવન જીવવું એ જ તેનો સ્વાર્થ બની જાય

છે.  તેને અનુભૂતિ થાય છે કે ઉચ્ચ નૈતિક સિદ્ધાંતોનું પાલન નહીં કરું તો સ્વર્ગમાં પ્રવેશવાનો મોકો ગુમાવવો પડશે.

ઉપરોક્ત દર્શાવેલ સિદ્ધાંતથી વિપરીત, એક જોખમી અને નુકશાનકારક વિકલ્પ એ છે કે જીવનનું સૂત્ર આવું બનાવવું: "ખાઓ, પીઓ અને જલસા કરો!". આ સૂત્રનું પાલન કરનારાઓ પોતાના તત્કાલીન અને અલ્પકાલિક સ્વાર્થથી આગળ બીજું કશું જાણવા-સમજવા-વિચારવા માંગતા જ નથી, અને પશુઓના સ્તરનું જીવન જીવવા માંગતા હોય છે. આવું સૂત્ર આખા સમાજને જંગલમાં તબદીલ કરી શકે છે.

જ્યારે કે ઉપરોક્ત કુરાનિક સૂત્ર માણસને તેના સમાજનો જવાબદાર સભ્ય બનવાનું શિક્ષણ આપે છે. તેના માટે સમગ્ર માણસાઈ એ ફિકરની વાત બની જાય છે, પછી તે બેજવાબદાર વ્યક્તિ તરીકે જીવી શકતો નથી. દરેકે દરેક વ્યક્તિનું આવું વર્તન હશે, તો જ આપણને પ્રામાણિક સમાજ પ્રાપ્ત થઈ શકશે. પરલોક (આખિરત) ની માન્યતા પર આધારિત આ સૂત્ર આપણા સાંસારિક જીવનમાં પણ સંપૂર્ણ રીતે લાગુ પડે છે. જ્યારે વ્યક્તિ, શિસ્તબદ્ધ વ્યક્તિત્વ સાથે જવાબદાર માણસ બને છે, અને શેતાની લાલચને વશ ન થવાનો ઉત્તમ પ્રયાસ કરે છે, ત્યારે તે માત્ર પરલોકની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ પૃથ્વીલોક પરના જીવનની દ્રષ્ટિએ પણ એક ભલો અને સભ્ય માણસ બને છે.

નૈતિક ચારિત્ર્યને થોડાં પ્રોત્સાહનની જરૂર હોય છે, કારણકે પ્રોત્સાહન વિના કોઈ નૈતિક મૂલ્યોને જાળવી શકતું નથી. ઉપરોક્ત કુરાની સૂત્ર આમ કરવા માટે એક ઉત્કૃષ્ટ પ્રોત્સાહન પૂરૂં પાડે છે.  તે માત્ર કોઈ એક સમુદાય અથવા રાષ્ટ્રને જ લાગુ પડતું નથી, પરંતુ દરેક વ્યક્તિઓ, સ્ત્રીઓ તેમજ પુરુષો એમ બધાને લાગુ પડે છે-જવાબદારીની ભાવના દર્શાવવી એ બધા માટે સમાનરૂપે અનિવાર્ય છે. બધા ઈશ્વરની નજર હેઠળ છે, જે તેમને તેમના કાર્યો માટે જવાબદાર ઠેરવશે. આ નિયમમાં કોઈ છૂટ નથી. ઈશ્વર સમક્ષ બધા સરખા છે.

ઉપરોક્ત કુરાનિક સિદ્ધાંત ફક્ત ઇસ્લામના પયગંબરના સમકાલીન લોકોને જ સંબોધતો નથી, પરંતુ તે એક શાશ્વત શિક્ષણ છે, જે સમગ્ર સર્જનને લાગુ પડે છે.

## દિવ્ય આયોજન

કુરાનિક શિક્ષણ મુજબ, માણસ એક અનંત, એક શાશ્વત જીવ છે.  માનવ-જીવનને બે તબક્કાઓમાં વહેંચવામાં આવ્યું છે, પહેલો તબક્કો એ મૃત્યુ પહેલાનો છે,  જે આ પૃથ્વી પરનું અલ્પકાલિક જીવન છે, જ્યારે કે જીવનનો બીજો તબક્કો એ મૃત્યુ પછીનું શાશ્વત જીવન છે.  સત્ય હકીકત એ છે કે ઈશ્વરે માણસનું સર્જન એક વિચારપૂર્ણ અને ભવ્ય આયોજન સાથે કર્યું છે, તેનો હેતુ માણસને સ્વતંત્રતા આપવાનો છે, નહીં કે માત્ર મફતની એક

ભેટ તરીકે, પરંતુ પરીક્ષાના એક પેપર તરીકે. જીવનરૂપી પરીક્ષાના પરિણામ ઉપરથી ઈશ્વર સર્વશક્તિમાન એ જોશે કે કોણે જીવનમાં પોતાને મળેલી સ્વતંત્રતાનો શ્રેષ્ઠતમ સદ્ઉપયોગ કર્યો અને કોણે તેનો દુરુપયોગ કર્યો. માણસના સર્જનનું આ એક દિવ્ય આયોજન છે. માનવજાતની આ કસોટી એક ઉચ્ચ હેતુ માટે છે. માણસનું સર્જન કરતાં પહેલા ઈશ્વરે એક આદર્શ વિશ્વ એટલે કે સ્વર્ગનું સર્જન કર્યું. ત્યારબાદ, ઈશ્વર આ આદર્શ વિશ્વમાં એવા સ્ત્રી-પુરુષોને કાયમ માટે રહેઠાણ આપવા માગે છે, જેઓ તેમાં રહેવાને લાયક હોય. પૃથ્વી પરનું વર્તમાન જીવન એ આ લાયકાત કેળવવા માટેનું મેદાન છે.

આ દિવ્ય આયોજન મુજબ, પૃથ્વી પરનો વર્તમાન જીવનકાળ માણસને એક બહુ મોટી તક પૂરી પાડે છે. મૃત્યુ પહેલાના જીવનકાળમાં, માણસને સ્વર્ગ માટે લાયક બનવાની તક મળે છે, જેથી મૃત્યુ પછીના જીવનકાળમાં તે આ આદર્શ દુનિયા માટે લાયક ઉમેદવાર તરીકે, તેમાં પ્રવેશ મેળવીને ત્યાં કાયમ માટે સ્થાયી થઈ શકે.

## આત્મહત્યા એ ઉપાય નથી. શા માટે?

ઈ. સ. ૧૯૮૪ના ફેબ્રુઆરી મહિનામાં, પાકિસ્તાન ફેડરલ સર્વિસ કમિશનના તત્કાલીન અધ્યક્ષ જનરલ અતિકુર્રહમાન, સત્તાવાર મુલાકાત અર્થે દિલ્હી આવ્યા હતા. બીજા વિશ્વ-યુદ્ધ દરમિયાન, ભારત-પાકિસ્તાનના ભાગલા પહેલા, તેમણે બર્મામાં

ફિલ્ડ માર્શલ માણેકશા સાથે કામ કર્યું હતું. પત્રકારો સાથેની વાતચીતમાં, તેમણે જણાવ્યું કે, કેવી રીતે બર્મામાં તેમના રોકાણ દરમિયાન, માણેકશા એક વખત ખૂબ જ ગંભીર રીતે ઘાયલ થયા હતા, અને તેમની પીડા અસહ્ય થઈ ગઈ હતી ત્યાં સુધી કે તેમણે પોતાને ગોળી મારીને જીવનનો અંત લાવવાનું નક્કી કરી લીધું. તેમણે અતિકુર્રહમાનને આ હેતુ માટે પિસ્તોલ આપવા કહ્યું, પરંતુ અતિકુર્રહમાને ના પાડી દીધી. જનરલે હસતાં હસતાં ઉમેર્યું, "જો તે સમયે મને ખબર હોત કે 1971ના યુદ્ધ દરમિયાન જનરલ માણેકશા અમારી શું હાલત કરશે, તો હું ચોક્કસપણે તેમને મારી પિસ્તોલ આપી દેત!" (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ૨૦ ફેબ્રુઆરી, ૧૯૮૪)

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, ફિલ્ડ માર્શલ માણેકશાની પરિસ્થિતિ એટલી બધી નિરાશાજનક હતી કે તેઓ આત્મહત્યાનો વિચાર કરવા લાગ્યા હતા, તે સમયે તેઓ એ હકીકતથી તદ્દન અજાણ હતા કે 25 વર્ષ પછી, તેઓ 1971ના યુદ્ધમાં અગ્રણી વિજેતા તરીકે તરી આવવાના હતા.

જો ઇસ્લામ આત્મહત્યાને ગેરકાનૂની માને છે, તો તેનું કારણ એ છે કે આત્મહત્યા કરવાનો અર્થ થાય છે કે, ઈશ્વરની કોઈપણ સહાયથી સંપૂર્ણપણે નિરાશ થવું. તે નકામું છે, કારણકે તે પરલોકના જીવનની વાસ્તવિકતાનો અસ્વીકાર દર્શાવે છે. જો માણસને એ ખબર હોય કે એમ  મરી જવાથી કાંઈ તેનો છૂટકારો થશે નહીં, બલ્કે વધશે કારણકે તેને પાછા જીવતા થવું પડશે, તો

તે ક્યારેય આત્મહત્યા કરશે નહીં. જે વ્યક્તિ મૃત્યુ-પછીના જીવનની ગંભીરતાથી સંપૂર્ણપણે વાકેફ છે, તેના માટે વર્તમાન જીવનની વેદના તુચ્છ બની જશે.

આ ઉપરાંત, આત્મહત્યાને ગેરકાનૂની ગણવાનું બીજું પણ એક પાસું છે - તે માણસને સંદેશ આપે છે કે તેણે વર્તમાનના અલ્પકાલિક મુશ્કેલીઓ રૂપી અંધારાને કારણે ભવિષ્યમાં અપેક્ષિત તેજસ્વી અજવાસને ભૂલવું જોઈએ નહીં. વર્તમાન દુનિયામાં દરેક સ્ત્રી, પુરુષ, અને બાળક એમ બધાને પોત -પોતાની પીડાઓ અને દુઃખોની ક્ષણો હોય છે. પરંતુ તેમને ક્ષણિક તબક્કાઓ તરીકે લેવી જોઈએ, જેના દ્વારા હામ અને હિંમત જન્મ લે છે. જનરલ માણેકશા વિશે જરા વિચાર કરો, જેઓ પોતાને ખતમ કરવાનો વિચારી રહ્યાં હતા, ત્યારે તેમને સહેજ પણ ખ્યાલ ન હતો કે તેમનું નામ છેલ્લા દિવસના મુખ્ય વિજેતા તરીકે ઈતિહાસના પાનાઓમાં અંકિત થવાનું છે.

## ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ

એક માણસ હતો, જે ઈશ્વરમાં માનતો નહોતો, અને એ વાતમાં તો બિલ્કુલ જ નહીં કે ખોરાકની જોગવાઈ ઈશ્વરે કરી આપી છે. તેના ઈશ્વરમાં માનનારા મિત્રોએ તેને સમજાવવાના ઘણા નિરર્થક પ્રયાસો પણ કરી જોયા હતા, પણ તેનાથી એને કોઈ અસર થતી નહોતી. એક દિવસ તેણે કહ્યું કે "આ બાબત હું પોતે જાતે તપાસવા માગું છું" આવું કહીને એક દિવસ વહેલી સવારે, તે

ઘરેથી એક જંગલ તરફ નીકળી ગયો. જંગલમાં જઈને એક વૃક્ષની મોટી ડાળી પર ગોઠવાઈ ગયો. અને મનમાં નક્કી કર્યું કે "જો ખરેખર ઈશ્વર જ ખોરાક પૂરો પાડનાર હશે, તો મને અહિયાં જમવાનું જરૂર મોકલશે"

તે આખો દિવસ ઝાડ પર બેસી રહ્યો પણ તેને કાંઈ ખાવાનું મળ્યું નહીં. તેણે આખા દિવસમાં કશું ખાધું નહોતું. હવે તેને ખાતરી થઈ ગઈ કે ઈશ્વરે માણસને ખોરાકની જોગવાઈ કરી આપી છે, તે માન્યતા ખોટી હતી. પરંતુ થોડાક સમય પછી, તેણે લોકોના એક ટોળાને જોયું. તેઓ પ્રવાસી હતા અને એક ઝાડની શોધમાં હતા જેના નીચે તેઓ તેમની રાત વિતાવી શકે. આજુબાજુ તપાસ કર્યા બાદ, આખરે તેઓએ તે જ વૃક્ષ પસંદ કર્યું કે જેના પર તે માણસ બેઠો હતો.

તે તદ્દન ચૂપ રહ્યો જેથી તેઓ તેની હાજરીની ખબર ના પડે. રોકાણની વ્યવસ્થા કર્યા બાદ, મુસાફરોએ ખાવાનું પકાવવા માટે આગ પેટાવવા લાકડા એકઠા કર્યા. પછી તેઓએ તેમની થેલી ખોલી, દાળ અને ચોખા કાઢ્યા અને તેમાંથી એક વાનગી રાંધી. તેઓએ સ્વાદ માટે તેમાં મરચાં સાથે તેલ ઉકાળ્યુ. ઝાડ પર બેઠેલા માણસના નાક સુધી મરચાની તીવ્ર સુગંધ પહોંચી ત્યારે તે પોતાની જાતને ઉધરસ ખાવાથી રોકી શક્યો નહીં. આ સાંભળીને, મુસાફરોને જાણ થઈ કે કોઈ ઝાડ પર બેઠેલું છે, તેથી તેઓએ તેને નીચે ઉતરવામાં મદદ કરી અને તેને તેમની મિજબાનીમાં સામેલ થવા આમંત્રણ આપ્યું.

તે માણસ સવારે ખુશીથી ઘરે પાછો ફર્યો. તેણે તેના મિત્રોને કહ્યું: "તમે બધાએ જે કહ્યું તે ૧૦૦ ટકા સાચું હતું. ચોક્કસ ઈશ્વર આપણા માટે ખોરાક પૂરો પાડે છે, ભલે આપણે તેના લાયક માટે કંઈ કર્યું નથી હોતું તો પણ."

## લાંબાગાળાનું આયોજન

નીચે વર્ણવાયેલી વાર્તા, ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષ માઓ ત્સે તુંગ દ્વારા લખાયેલી વાર્તાઓમાંની એક છે, જે આપણને બધાને વિચારવા માટે મજબૂર કરી દે એવી છે.

જૂના જમાનામાં, ચીનના એક ઉત્તરીય ભાગમાં એક વૃદ્ધ માણસ પર્વતમાળાઓની વચ્ચે ઘર બાંધીને રહેતો હતો. તેને એક સમસ્યા સતાવતી હતી કે તેના ઘરના બારી-દરવાજાની સામે ઉભેલા બે ઊંચા પહાડો સૂર્યપ્રકાશને તેના ઘરમાં પ્રવેશતા રોકતા હતા. એક દિવસ, વૃદ્ધ માણસે તેના નાના પુત્રોને બોલાવ્યા અને કહ્યું, "ચાલો આપણે જઈએ અને આ પર્વતો ખોદીને દૂર કરીએ, જેથી સૂર્યના કિરણો કોઈપણ જાતના અવરોધ વિના આપણા ઘર પર પડે" વૃદ્ધના એક પાડોશીએ આ યોજના સાંભળીને તેની મજાક ઉડાવી. તેણે વૃદ્ધ માણસને કહ્યું, "હું જાણતો હતો કે તમે મૂર્ખ છો, પણ મને ક્યારેય સમજાયું નહીં કે તમારી મૂર્ખતાની તો કોઈ સીમા

જ નથી. આ ઉંચા પહાડોને માત્ર ખોદીને દૂર કરવા એ કેવી રીતે શક્ય છે?"

વૃદ્ધે ગંભીરતાથી જવાબ આપ્યો, "હા, તમે સાચા છો. પરંતુ જ્યારે હું મરીશ, ત્યારે મારા પુત્રો ખોદશે, અને તેમના મૃત્યુ પછી, તેમના પુત્રો ખોદશે. ખોદવાની પ્રક્રિયા આમ પેઢીઓ સુધી ચાલુ રહેશે. પર્વતો, જેમ તમે જાણો છો કે, પોતાના કદમાં વધારો કરવાના નથી, જ્યારે દરેક ખોદકામ તેમનું કદ ઘટાડવા માટે સતત કાર્યરત હશે અને આ રીતે, એક સમય આવશે જ્યારે અમે છેવટે આ અવરોધોને દૂર કરવામાં સફળ થઈશું."

સમસ્યાઓ કરતાં સમસ્યાઓને હલ કરવાની વૃતિ અને શક્તિ વધુ ધ્યાનમાં લેવાની હોય છે. સમસ્યાઓ હંમેશા મર્યાદિત હોય છે, જ્યારે કે તેમનો ઉકેલ અમર્યાદિત હોય છે, સમસ્યાના નિવારણ માટે સંખ્યાબંધ અને વિવિધ અભિગમો હંમેશા અસ્તિત્વમાં હોય છે, જેમની પ્રકૃતિ તેમની વિશાળતા અને જટિલતામાં અલગ હોય છે. આ વાર્તા એક સુંદર દ્રષ્ટાંત છે કે કેવી રીતે મોટી સિદ્ધિ માટે લાંબા-ગાળાના આયોજન માત્રની જ નહીં, પરંતુ તે આયોજનને અમલમાં મૂકવાની ઈચ્છા અને નિશ્ચય પણ જરૂરી છે.

જે લોકો પોતાની યોજનાઓને એક પેઢીથી બીજી પેઢી સુધી લઈ જવાની દૃઢતા ધરાવે છે, સતત અને મક્કમતાથી કામ

કરે છે, તેમના માટે પૃથ્વી પર કોઈ પર્વત કે નદી નથી કે જેને તેઓ જીતી ન શકે.

## પંદર વર્ષ

બીડીના કારખાનામાં સામાન્ય કામદાર તરીકે નોકરી કરતી એક વ્યક્તિને ટૂંક સમયમાં જ ધંધાની આખી કળા આવડી ગઈ અને પોતાનો ધંધો સ્થાપ્યો. તેણે તેના વ્યવસાયમાં શરૂઆતમાં માત્ર ₹૫૦૦૦નું જ રોકાણ કર્યું, ત્યારબાદ પંદર વર્ષની સખત મહેનતથી, તેનો ધંધો ઉત્તરોત્તર વધતો ગયો અને છેવટે તેણે એક મોટી ફેક્ટરીની સ્થાપના કરી. એક દિવસ, તેના મિત્રોને પોતાના જીવનની કહાની સંભળાવતા, તેણે કહ્યું: "જેમ એક નાનું બાળક પંદર-વર્ષ પછી બાળપણમાંથી યુવાનીમાં પ્રવેશ મેળવે છે, તેવી જ રીતે ધંધો પણ બાળપણમાંથી યુવાનીનું સ્વરૂપ લે છે. ધંધામાં હું આ તબક્કે એક જ દિવસમાં પહોંચ્યો નથી, પરંતુ પંદર વર્ષના સતત સંઘર્ષનું આ પરિણામ છે."

હકીકતમાં દરેક અસ્તિત્વ "પંદર" વર્ષે એક ઊંચાઈએ પહોંચે છે, પછી તે વ્યક્તિ હોય કે રાષ્ટ્ર, ધંધો હોય કે પછી કોઈ સમાજ સેવા. જેઓ તાત્કાલિક સફળતાની રેસીપીની ઝંખના કરે છે, તેઓ હકીકતમાં મૂરખોના સ્વર્ગમાં જીવે છે. સાંભળવામાં સારી લાગે એવી એ વાત બહુ પ્રચલિત છે કે એક જ હોપ, સ્ટેપ અને જમ્પ (એક આશા, એક પગલું, અને એક કૂદકો) તમને તમારી

મંઝિલ સુધી પહોંચાડી દે છે. પરંતુ, વાસ્તવિકતા જ્યારે સામે આવે છે, ત્યારે વ્યક્તિને ખ્યાલ આવે છે કે આ થિયરી તો માત્ર એક ભ્રમણા છે. ગ્લેન કનિંગહામ, એક સ્પોર્ટ્સમેન, જે એક માઇલની સીધી દોડની હરીફાઈમાં વિજેતા બન્યો હતો, તે જ્યારે ભણતો હતો ત્યારે તે એક આગની લપેટમાં આવી ગયો હતો. તેનો આ અનુભવ ખૂબ જ દયનીય હતો. તેના પગ એટલા ખરાબ રીતે દાઝી ગયા હતા કે તે પગ પણ હલાવી શકતો નહોતો. ડોકટરોએ તેના ચાલવા અને દોડવાની તમામ આશાઓ ગુમાવી દીધી હતી. તેઓએ કહ્યું કે કોઈ ચમત્કાર માત્ર જ તેને આ પરિસ્થિતિમાંથી બહાર લાવી શકે છે. એક દિવસ અચાનક જ ગ્લેન કનિંગહામની અસમર્થતાએ તેનામાં એક નવો ઉત્સાહ ભર્યો, અને તેનામાં ચાલવા અને દોડવાની આતુરતા ઉભી કરી. તેની બધી જ માનસિક ક્ષમતાઓ તેના ચાલવાના નિર્ણય પર કેન્દ્રિત થઈ ગઈ. આથી તેને જ્યાં સુધી એક કારગત યુક્તિ ના મળી ત્યાં સુધી વિવિધ પ્રકારની કવાયતો સાથે પ્રયાસો ચાલુ રાખ્યા. આ કારગત યુક્તિ એ ચાલતા હળના હેન્ડલને પકડીને પોતાની જાતને સાથે ખેંચવાનું હતું. આવું કરવાથી જ્યારે તેના પગ જમીન પર પડતાં થયા, ત્યારે તેને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું અને તેના પ્રયાસો વધુ સઘન બન્યા. આખરે, એક ચમત્કાર થયો જેનો તેના ડોકટરોએ ઉલ્લેખ કર્યો હતો. નવી ટેકનિકને જબરદસ્ત સફળતા મળી હતી અને અંતે, તે માત્ર ચાલવા જ નહીં, પરંતુ દોડવા પણ સક્ષમ બન્યો હતો. બાદમાં તેણે દોડની હરીફાઈમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેણે એક નવો રેકોર્ડ બનાવ્યો અને એક માઈલની રેસમાં ચેમ્પિયન બન્યો. પરંતુ તેને આ ભવ્ય સફળતા માત્ર થોડા

દિવસોમાં નહોતી મળી. તેણે પોતાના ધ્યેયને સાકાર કરવા માટે "પંદર વર્ષ" પસાર કરવા પડ્યા હતા. પંદર વર્ષના કાર્યકાળ પછી જ તેના માટે સીધી દોડની હરીફાઈમાં વિજેતા બનવું શક્ય બન્યું હતું.

હકીકતમાં, "પંદર વર્ષ" સુધી કામ કર્યા વિના આ દુનિયામાં કોઈ સફળતા શક્ય નથી. તાત્કાલિક સફળતા પ્રાપ્ત કરવાની શક્તિ ફક્ત ઈશ્વર જ ધરાવે છે. પણ ઈશ્વરે આ દુનિયા તાત્કાલિક સફળતાના સિદ્ધાંત પ્રમાણે બનાવી નથી. માણસે આ બાબતનો પાઠ શીખવો જોઈએ અને વ્યર્થ પ્રયત્નોમાં પોતાનો સમય બગાડવો જોઈએ નહીં. ઈશ્વરની આ સૃષ્ટિમાં, અસંખ્ય ઘટનાઓ બની રહી છે, જે તમામ શાશ્વત, અપરિવર્તનશીલ કાયદાઓ પર આધારિત છે. માત્ર, સ્વતંત્ર ઈચ્છાપૂર્તિની વિચારધારા તરીકે તો જમીન પર ઘાસની એક નાનકડી પટ્ટી પણ ઉગતી નથી, એક કીડી પણ જીવનની વાસ્તવિકતાઓને અવગણીને જીવી શકતી નથી. તો પછી માણસ માટે આ દિવ્ય નિયમોમાં ફેરફાર કેવી રીતે શક્ય હોઈ શકે? સફળતાની એકમાત્ર શરત એ છે કે સતત પ્રયત્નશીલ રહેવું, એટલે કે ઈશ્વરની દુનિયામાં કુદરતના કાયદા અનુસાર, ઇચ્છિત ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે જરૂરી એવા સતત અને સતત પ્રયત્નો કરતાં રહેવા. આ જ સિદ્ધાંતને અનુસરીને આપણે આ દુનિયામાં સફળતા મેળવી શકીએ છીએ; અને આ તે જ સિદ્ધાંત છે કે જે આપણને આગામી વિશ્વ (પરલોક) માં પણ સફળતા અપાવશે.

# વાસ્તવિક અભિગમ

બગીચાને ખીલવવાની પ્રક્રિયા માત્ર બગીચાની વાતો કરવાથી શક્ય બનતી નથી. તેના માટે બગીચામાં છોડ ઉગાડવા પડે, અને દરેક છોડને એવા સંજોગો અને પરિસ્થિતિઓ પ્રદાન કરવી પડે કે જેમાં તે પોતાની જાતને ઉગાડવાની પોતાની ક્ષમતાઓનો ઉપયોગ કરી શકે, આ રીતે તે એક વૃક્ષમાં વિકાસ કરીને આખા બગીચાનો એક ભાગ બની શકે.

રાષ્ટ્ર કે સમુદાય કે ધંધાને ખીલવવા માટે પણ આ જ પ્રક્રિયાને અનુસરવી પડે છે. રાષ્ટ્રની સુધારણા, વ્યક્તિઓની સુધારણા થકી શક્ય બને છે. આથી, દરેક વ્યક્તિને તેની ફરજોથી વાકેફ કરવી જોઈએ અને દરેક વ્યક્તિની સુષુપ્ત કુદરતી ક્ષમતાઓને ફળદ્રુપ બનાવવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ, જેથી કરીને દરેક વ્યક્તિ વાસ્તવિક અર્થમાં સંપૂર્ણ વિકસિત વ્યક્તિના સ્થાને પહોંચી શકે. દરેક વ્યક્તિમાં પોતાની ક્ષમતાના વિકાસ માટે, અન્ય લોકો માટે સમસ્યા ન બને તે રીતે સંઘર્ષ કરવાની ઈરાદાઓ જાળવવા જોઈએ. રાષ્ટ્ર કે સમુદાય કે ધંધાનું નિર્માણ કરવા માટે આવી પ્રવૃતિઓ જ આવશ્યક છે.

જગતમાં સ્પર્ધા આવશ્યક તત્વ છે. એવું ક્યારેય બનતું નથી કે તકો પ્રાપ્ત કરવા માટે કોઈ અવરોધો જ ન હોય અને મેદાનમાં કોઈ વિરોધી જ ન હોય. આવું આ દુનિયામાં ક્યારેય

કોઈના માટે બન્યું નથી,  અને ન તો ભવિષ્યમાં કોઈના માટે બનશે. જીવન, હકીકતમાં, મૂશ્કેલીઓ અને અવરોધોને ઓળંગીને, આગળ વધવાના માર્ગો શોધવાનું નામ છે, નિરર્થક રીતે દરવાજા ખટખટાવ્યા કરવાનું નહીં.

ઈતિહાસ દર્શાવે છે કે અડચણો અને સમસ્યાઓ ભલે ગમે તેટલી મોટી હોય, વ્યક્તિ માટે મંઝિલ સુધી પહોંચવાનો કોઈક ને કોઈક માર્ગ જરૂર હોય જ છે. પરંતુ આ તે લોકો માટે નથી જેઓ સુંવાળા ગાડરિયા માર્ગને વળગી રહે છે, પરંતુ તે લોકો માટે છે, જેઓ નવી દિશામાં, નવો રસ્તો શોધે છે, અને આગળ વધે છે.

ઈતિહાસ એ પણ બતાવે છે કે પ્રતિકૂળતાઓ ગમે તેટલી મોટી હોય, તેની ભરપાઈ કરવાનો માર્ગ જરૂર હોય છે. આ દુનિયામાં કોઈપણ આફત એ અંત હોતો નથી. મનુષ્ય માટે વધુ સારા આયોજન સાથે, પોતાનું કાર્ય નવેસરથી શરૂ કરવાની, અને તેના લક્ષ્યોને નવી રીતે પ્રાપ્ત કરવાની તક હંમેશા ઉપલબ્ધ હોય છે.

તમે પણ અન્ય સફળ લોકોની જેમ સફળતા પ્રાપ્ત કરી શકો છો, જો તમે એ હકીકતને ઓળખી શકો કે વાસ્તવિકતાને સ્વીકારીને લક્ષ્યો પ્રાપ્ત કરી શકાય છે, માત્ર ઈચ્છાપૂર્તિની વિચારધારાથી નહીં.

# ગૂમાવેલી તક

એક વખત કોલેજમાં, એક વરિષ્ઠ શિક્ષકે, મને એક કડવાશભરી શિખામણ આપી, "જીવનમાં તક એક વખત જતી રહે, ત્યારબાદ ફરી પાછી તે ક્યારેય તમારા બારણાં ખખડાવતી નથી. અત્યારે મારી સામે કારકિર્દીના જબરદસ્ત વિકલ્પો ઉપલબ્ધ છે, પરંતુ હું તેનો લાભ લઈ શકતો નથી!". મને તેમની આ વાતથી ખૂબ નવાઈ લાગી, આથી મેં તેમને તેનું કારણ પૂછ્યું. "કારણ એ છે કે બી એસ સી પુરૂ કર્યાં બાદ મેં જલ્દી  કમાવી લેવાની ઉતાવળમાં તરત જ નોકરી ચાલુ કરી દીધી, અને એમ એસ સી કર્યું નહીં. પછીના તબક્કામાં ઘણી વખત મેં તેના માટે વિચાર તો કર્યો, પણ સમય વહી ગયો એ વહી ગયો, હવે એવા સંજોગો જ રહ્યાં નથી કે હું કામ છોડીને ફરીથી ભણવાનું ચાલુ કરી શકું." મને એમની એ વાત પરથી એટલું સમજાયું કે ઉચ્ચ લાયકાત વિના વ્યક્તિ, જીવનમાં ઉચ્ચ લક્ષ્યોની અપેક્ષા રાખી શકતો નથી.

કમનસીબે, આ વાત આપણા સમાજના લગભગ ૯૯ ટકા લોકોને લાગુ પડે છે. વ્યક્તિના જીવનનો પ્રારંભિક હિસ્સો, પુખ્તવયની જવાબદારીઓ માટેની સઘન તૈયારીઓ પ્રત્યે સમર્પિત હોવો જોઈએ, પરંતુ મોટાભાગના લોકો નિરર્થક પ્રવૃત્તિઓમાં તેમનો કિંમતી સમય અને શક્તિ બરબાદ કરતાં હોય છે, તેઓ ભવિષ્યનો વિચાર કરવાને બદલે જીવનનો ક્ષણિક અને તુચ્છ આનંદ માણી લેવાની વૃતિ ધરાવતા હોય છે. જ્યારે કોઈ

વ્યક્તિ તેની યુવાનીમાં, બેદરકારીને લીધે, તેની ક્ષમતાઓનો વિકાસ કરવામાં નિષ્ફળ જાય છે, પછી તેના માટે યોગ્ય શરૂઆત કરવી બહુ જ મૂશ્કેલ રહે છે, અને શરૂઆત થઈ જાય તો પણ તેમાં પ્રગતિ કરવી, એ તેને બહુ જ કાઠું પડે છે. તેઓ ઘણી વખત મૂંઝવણની પરિસ્થિતિઓમાં મૂકાય છે, કારણકે તેમને જોઈતી તકના બધા દરવાજાઓ બંધ હોય છે.

તમે એવી લણણીની અપેક્ષા ના રાખી શકો, જેના બીજ તમે ક્યારેય વાવ્યાં જ ના હોય. અને, લણણીના સમયે તમે બીજ વાવવા દોડો, તેનો પણ કોઈ મતલબ નથી. આવી જ રીતે, અપૂરતી તૈયારી સાથે જીવન-ક્ષેત્રમાં પ્રવેશવાથી તમે જોઈતું સ્થાન મેળવી શકતા નથી. એકવાર ખોવાઈ ગયેલો સમય ફરી ક્યારેય પાછો લાવી શકાતો નથી, એવી જ રીતે એક વખત ગુમાવેલી તક ફરી ક્યારેય પાછી મળતી નથી. તક માત્ર એક જ વાર તમારા દ્વાર ખખડાવે છે, ત્યારબાદ ફરીવાર ટકોરા મારતી નથી.

બહુ ઓછા એવા કામ હોય છે, જે પૂરતી તૈયારી વગર કરી શકાય છે. તૈયારી તમને મોટા અને મૂશ્કેલ કામો માટે સજ્જ અને સાધનસંપન્ન બનાવે છે. જો તમે તમારા બે હાથેથી પત્થર તોડવાની કોશિશ કરશો તો તમે ચોક્કસ નિષ્ફળ રહેશો. પરંતુ જો તમારી પાસે કુહાડી હોય અને તમને એ ચલાવતા આવડતી હોય, તો થોડીક મિનિટોમાં જ તમે પત્થરના ટૂકડે-ટૂકડા કરી શકશો.

આમ, સારી રીતે સજ્જ રહેવું, અને તકનિકી જાણકારી હોવી એ વ્યક્તિગત પ્રગતિ માટે ખૂબ જ અનિવાર્ય છે.

જો તમે આવશ્યક લાયકાત સાથે જીવનમાં પ્રવેશશો તો જ તમને તેમાં સારું અને યોગ્ય સ્થાન પ્રાપ્ત થશે. તમારી હારનો શોક કરવો અને કાલ્પનિક દુશ્મનો સામે વિરોધ કરવાથી કોઈ ફાયદો થશે નહીં. જીવન-લક્ષ્યોથી વંચિત રહી જવા માટે નસીબ પર દોષારોપણ કરવું એ પણ અર્થહીન છે, અને તેની સામે ફરિયાદો કરવી એ વ્યક્તિની પોતાની અસમર્થતાની અભિવ્યક્તિ માત્ર છે. આવા લોકો જરૂરી મહેનત કર્યા વગર જ સન્માન મેળવવાની અને ગૌરવની ઊંચાઈ સુધી પહોંચવાની વ્યર્થ અપેક્ષા સેવતા હોય છે.

## મિથ્યાભિમાન

એક વ્યક્તિના દાદા સફળ બિઝ્નેસમેન હતા; જો કે તેમને ધંધામાં નુકશાન ગયું હોવાથી અને તેના માતા-પિતાનું તેના બાળપણ દરમિયાન જ અવસાન થઈ જવાથી; તેના વારસામાં બહુ મોટી સંપતિ આવી શકી નહોતી. પરંતુ, તેને ખેતીની થોડીક જમીન મળી હતી, જે તેની જીવનજરૂરી તમામ જરૂરીયાતો પૂરી કરવા માટે પૂરતી હતી. તેના બાપ-દાદા, તેમના સમયમાં, બહુ સફળ અને ધનવાન માણસો હતા. આ વાતનું તેને બહુ જ અભિમાન હતું. શહેરમાં ઓફિસ કલાર્કની જગ્યા ખાલી હોવાના સમાચાર મળવાથી, તેણે નોકરી માટે ત્યાં અરજી કરી,

અને તેને ત્યાં નોકરી પણ મળી ગઈ. પરંતુ, તેના હિતેચ્છુ સંબંધીઓએ, તેને ઓછામાં ઓછું મેટ્રિક સુધી ભણી લેવાની સલાહ આપી, કારણકે તે માત્ર માધ્યમિક શાળાના અભ્યાસ સુધી જ ભણ્યો હતો. કારણકે, તે સમયે, કોઈ ઓફિસમાં વરિષ્ઠ પદની લાયકાત માટે મેટ્રિક પાસ હોવું ફરજિયાત હતું. પરંતુ તેને તેના પૂર્વજોની સફળતાનું અભિમાન કોઇની સલાહને અનુસરવાથી રોકતી હતી. તદુપરાંત, આવા વલણને લીધે ઘણીવાર તેના સહ-કર્મચારીઓ અને મિત્રો સાથે ઝઘડો પણ થતો હતો. એક દિવસ તો તેણે તેના એક વરિષ્ઠ અધિકારી સાથે દલીલો કરી નાખી, અને નોકરીમાંથી રાજીનામું આપી દીધું.

રાજીનામું આપી દીધા પછી, ના તો તેણે બીજી નોકરી લીધી, ના તો પોતાનું શિક્ષણ ચાલુ રાખ્યું.  બસ, બેરોજગાર બનીને બેઠો રહ્યો. તેનું એકમાત્ર કામ તેના પૂર્વજોના ગૌરવ વિશે વાત કરીને, તેમાંથી ખોટો સંતોષ મેળવવાની હતી. ખેતીની જમીનની આવકમાંથી તેની રોજીંદી જરૂરિયાતો પૂરી થતી હતી, તેથી તેણે બીજો કામધંધો કરવાની ફિકર પણ કરી નહીં. સમય વિતતો ગયો તેમ તેનો પરિવાર વધતો ગયો; અને તેના ઘરે છ સંતાનો થયા. હવે, તેના સંજોગો વિકટ અને ચિંતાજનક બન્યા. પરંતુ, આવા વખતમાં પણ તેની ઘમંડની લાગણી તેને પોતાની ભૂલ સ્વીકારવા દેતી નહોતી. તે પોતાની નિષ્ફળતા માટે, અન્ય વસ્તુ અને વ્યક્તિઓને, જવાબદાર ઠેરવતો હતો. તેનો આવો અવાસ્તવિક અભિગમ તેને બરબાદ થતાં રોકી શક્યો નહીં, અને

તે લાંબા સમયની મોટી માનસિક અને શારિરીક બીમારીમાં લપેટાઈ ગયો.

વાતનો ભાવાર્થ એટલો જ છે કે, આ દુનિયા વાસ્તવિકતાઓથી ભરેલી દુનિયા છે; અહીં તમારા જીવન માટે વાસ્તવિક અભિગમ કેળવવો એ એક અનિવાર્ય શરત છે. ઈશ્વરે સર્જેલ આ સૃષ્ટિમાં, મિથ્યાભિમાન તો સાવ નકામું છે; ઘમંડથી વધારે ખતરનાક બીજું કંઈ નથી.

## તત્કાલ સહાય

ઘણા વિકસિત દેશોમાં વિવિધ હેતુસર કોમ્પ્યુટરાઈઝ્ડ ટેલિફોન સિસ્ટમ્સ દાખલ કરવામાં આવી છે; આના કારણે આધુનિક સંદેશાવ્યવહારમાં ખૂબ જ મોટું પરિવર્તન આવ્યું છે. દાખલા તરીકે, અમેરિકાના ઘણા શહેરોમાં એક ઉન્નત 911 નંબરની સેવા જારી કરવામાં આવી છે. આ નંબર 911 કોઈને જ્યારે ઈમરજન્સી માટે મદદની જરૂર પડે, ત્યારે ડાયલ કરવાનો હોય છે.

ટેલિફોન કંપની હવે, આ ઈમરજન્સી 911 દ્વારા ફોન કરનારના નંબર અને સરનામું તરત જ ટ્રેસ કરી શકે છે. ફોન કરનાર એક શબ્દ સુધ્ધાં ના બોલે તો પણ, આ સ્વચાલિત સિસ્ટમ

નંબરોને તરત જ ઓળખી શકે છે, અને સરનામામાં રૂપાંતરિત કરી શકે છે. સિસ્ટમનું કમ્પ્યુટર એટલું કાર્યક્ષમ છે કે ફોન ટ્રેસ કર્યા પછી, તે પોતે જ નક્કી કરી શકે છે કે ફોન કરનાર કેવી કટોકટીમાં છે, તેની જરૂરિયાત કયા વિભાગ સાથે સંબંધિત છે, જેમકે ફોન કરનાર વ્યક્તિને પોલીસની સહાયતાની જરૂર છે કે ફાયર-બ્રિગેડની, એમ્બ્યુલન્સની જરૂર છે કે અન્ય કોઈ ઈમરજન્સી સેવાની જરૂર છે.

એક વખત, ઓર્લાન્ડો ફ્લોરિડામાં, ગભરાટથી ત્રસ્ત એક મહિલાએ ઈમરજન્સીમાં 911 નંબર ડાયલ કર્યો. તેણી ફોનમાં કાંઈ બોલવા જાય એ પહેલાં જ બંદૂકની ગોળી છૂટવાનો અવાજ સંભળાયો, અને તેણી કંઈ જ બોલી શકી નહીં. થોડી જ વારમાં, ઘટનાના સ્થળે, પાક્કા સરનામા સાથે, પોલીસની કાર રવાના થઈ ગઈ અને ગુનેગાર કે જે મહિલાનો જ એક સંબંધી હતો; જેણે ગુસ્સામાં આવીને બંદૂક ચલાવી હતી, તે તુરંત જ ઝડપાઈ ગયો.

આવા જ એક અન્ય કિસ્સામાં, એક બહેરા અને મૂંગા વ્યક્તિને, આવા જ કટોકટીના સમયમાં, આવી જ રીતે, મદદ મળી શકી હતી. (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, એપ્રિલ 16, 1985)

આ ઉપર દર્શાવેલ કિસ્સાઓમાં એવું હોય કે, જે કોમ્પ્યુટર સિસ્ટમ સ્થાપિત હોય છે, એ આવેલા કોલને ટેલિફોન નંબરમાં અને ટેલિફોન નંબરને સરનામામાં રૂપાંતરિત કરે છે, અને પછી

તરત જ તે, ઘડીના પલકારામાં, વાયરલેસ ટેકનોલોજી દ્વારા જે-તે જવાબદાર વિભાગને માહિતીની જાણ કરે છે.

કુરાન અને હદીસ આપણને શીખવે છે કે જ્યારે કોઈ વ્યક્તિ ઈશ્વરને બોલાવે છે, ઈશ્વરને યાદ કરે છે, ઈશ્વરને કોલ કરે છે, ત્યારે ઈશ્વર તરત જ તેની સાથે સંપર્ક સ્થાપિત કરે છે. ઈશ્વરના જવાબમાં બિલ્કુલ વિલંબ હોતો નથી.

કોમ્પ્યુટરાઈઝ્ડ ટેલિફોન સંપર્ક એ ઉપરોક્ત આધ્યાત્મિક વાસ્તવિકતાનું ભૌતિક ઉદાહરણ છે. તે દર્શાવે છે, કે જ્યારે વ્યક્તિ દુ:ખની લાગણી અનુભવે છે, નકારાત્મક વિચારો અને લાગણીઓ જ્યારે તેને ઘેરી વળે છે, અને પોતાને ખોવાયેલો પામે છે; અને તે સમયે જો તે ઈશ્વરનું સ્મરણ કરે છે, તો તરત જ તે પોતાને તેની ખૂબ નજીક પામે છે. ઘડીવારમાં જ તે ઈશ્વરના સંપર્કમાં પોતાની જાતને પામે છે, અને પોતાના દિલમાં સંતોષનો અનુભવ કરે છે.

## ધૈર્યના આધારે

અનાજનો છોડ એ સોનાની ઈંટ કે ચાંદીના બારમાંથી નહીં, પરંતુ જમીનની માટીમાંથી ઉગે છે. આ સત્યવાદ માત્ર ખેતીને લાગુ પડતો નથી, પરંતુ તે એક સાર્વત્રિક કાયદાનું એક દૃષ્ટાંતરૂપ છે. ઈશ્વરે દરેક વસ્તુના અસ્તિત્વ માટે એક ચોક્કસ વ્યવસ્થા ગોઠવી છે. વસ્તુઓ ત્યારે જ અસ્તિત્વમાં આવે છે, જ્યારે તે ચોક્કસ સિસ્ટમ પ્રમાણે ગોઠવાયેલી હોય. આ સિસ્ટમની

બહાર,આપણે અન્ય કોઈ રીતથી કંઈપણ અસ્તિત્વમાં લાવી શકતા નથી.

માણસનું પણ એવું જ છે. મનુષ્ય જીવન એ એક કસોટી છે, જેને ધૈર્યને આધારે જ પાસ કરવી પડે છે. જીવન એ એક છોડ છે, જે ધૈર્યને આપવામાં આવતા મહત્વ પર ખીલે છે. ઈશ્વરે આ સિદ્ધાંત પર જ જીવન નિર્ધારિત કર્યું છે, અને હવે આપણે આ માળખાને અનંતકાળ માટે અનુસરવાનું છે. જીવનના વિકાસ માટે આપણે આનાથી વિરુદ્ધ કોઈ સિદ્ધાંત બનાવવા માટે સક્ષમ નથી. ધૈર્ય એ નકારાત્મક વસ્તુ નથી: તે સકારાત્મક વર્તનનું એક સ્વરૂપ છે. ધૈર્ય એટલે કોઈપણ ફરજો - કાર્યો  ઉપરછલ્લી રીતે કરવાને બદલે, ઊંડો વિચાર કરીને કરવું. તેનો અર્થ એ છે કે ભાવનાત્મક પ્રતિક્રિયાને બદલે સભાનપણે નિર્ણય લેવા, અને પછી તેના આધારે પ્રયાસો આદરવા. તેનો અર્થ એ છે કે અલ્પકાલિક નિષ્ફળતાઓનો સામનો કર્યા પછી પણ આશા ન ગુમાવવી, અને તેના બદલે વર્તમાન સંજોગોના દબાણ હેઠળ પોતાની સ્થિતિનું પુનઃમૂલ્યાંકન કરવું. તેનો અર્થ એ છે કે પરિસ્થિતિથી ઉપર ઊઠવું, અને ત્યારબાદ તેના પર આગળના કોઈ પગલાં લેવા પર નિર્ણય લેવો.

જો તમે બીજને સોનાની ઈંટ પર વાવશો તો તે ઊગી શકશે નહીં. જીવનના સંસાધનોથી ભરેલા આ બ્રહ્માંડમાં તે નિર્જીવ જ રહેશે. તેની પાસે વિકાસ કરવાની તમામ શક્તિ હોવા છતાં, તે વૃદ્ધિથી વંચિત રહેશે. માણસને પણ આ જ સિદ્ધાંત, આવી જ રીતે

લાગું પડે છે. જો કોઈ વ્યક્તિ હંમેશા અધીર જ રહે છે, તો તે વ્યક્તિ એક મૃત વસ્તુ જેવો બની રહેશે - તેના બધા જ સંસાધનો બિન-ઉપયોગી સાબિત થશે. પરંતુ જો તે ધૈર્યની પ્રેક્ટિસ કરશે, તો તે તરત જ નિર્માતાની આ ભૂમિમાં, તેના મૂળિયાં નાખવા માટે સક્ષમ બનશે અને ધીમે ધીમે એક વૃક્ષની જેમ, સૃષ્ટિના સુંદર શક્તિશાળી સ્વરૂપમાં પરિવર્તિત થઈ શકશે.

જ્યારે કોઈ વ્યક્તિ ધૈર્યના અમલની નિષ્ઠાવાન સાબિતી આપે છે, ત્યારે તે તેના માનવ-સ્તરથી ઉપર ઊઠીને, દૈવી-સ્તર પર જીવવાનું શરૂ કરે છે. મર્યાદિત વિશ્વમાંથી તે અમર્યાદિત વિશ્વ સુધી પહોંચે છે. અર્થહીન જીવનમાંથી તે અર્થપૂર્ણ જીવનમાં પ્રવેશે છે. જે વ્યક્તિ ધીરજ દર્શાવે છે, તે જ પોતાને સ્વર્ગના શાશ્વત પુરસ્કારને પાત્ર બનાવે છે.

## વેરનો કોઈ અંત નથી.

એક વખત, એક ટ્રાન્સપોર્ટ બિઝ્નેસનો માલિક નબળી અને સંવેદનશીલ પરિસ્થિતિમાં મૂકાયો. કારણ એ હતું કે, ભૂતકાળમાં કોઈ તકનિકી કારણોને લીધે તેણે તેનું એક વાહન, કોઈ અન્ય પરિચિત વ્યક્તિના નામે રજીસ્ટર કરાવ્યું હતું, અને લાઇસન્સ પણ એ ભાઈના નામનું જ હતું. હવે, જે ભાઈના નામે વાહન હતું, એ ભાઈ આ વાહન પર કબજો કરી બેઠાં, અને મૂળ માલિકને તેના બદલામાં સાવ મામૂલી રકમ આપવાનું નક્કી કર્યું. બિઝ્નેસ માલિકને પોતાની સાથે ઘોર અન્યાય અને ભરોસો

તૂટવાનો અહેસાસ થયો. ખૂબ જ ગુસ્સો આવ્યો, અને લાલઘૂમ થઈને, તેણે પેલા ભાઈ સાથે વેર વાળવાનું નક્કી કરી લીધું. હવે, રાત અને દિવસ, આ ધંધાર્થી માણસ બળતરામાં જીવતો થઈ ગયો, અને દુશ્મનને કેવી રીતે સબક શિખડાવવો એવા વિચારોમાં સપડાઈ ગયો. તેને એવું થતું હતું કે પેલાને કીડીની જેમ કચડી નાખું.

સતત છ મહિના સુધી તે આવી, અંદરથી બાળી નાખે એવી, બિમારીમાં જીવતો રહ્યો. એટલે સુધી કે તે પોતાના ઘર અને ધંધામાં પણ શાંતિથી ધ્યાન આપી શકતો નહોતો, અને જાણે કે પોતે જ પોતાનું ભૂત બની ગયો હતો. નસીબજોગે અચાનક એક દિવસ, તેને જીવનમાં એક નવો વળાંક પ્રાપ્ત થયો. વેરની કાળી કલ્પનામાં ખોયાએલો એ માણસ, તેના ગામના એક વિસ્તારમાંથી પસાર થતો હતો, ત્યાં તેને નજીકમાં એક વિશાળ મેદનીની સામે કોઈ ભાષણ કરતું હોય તેવા અસ્પષ્ટ અવાજો સાંભળ્યા. થોડીવાર પોતાની જાતમાંથી બહાર નીકળીને, જિજ્ઞાસા સાથે, તે લોકોના મેળાવડાની નજીક ગયો અને વક્તાને સાંભળવા લાગ્યો. વક્તા, તે જ સમયે એવું કહી રહ્યો હતો કે: "કોઇની સાથે વેર વાળવાની નીતિ રાખશો નહીં, કારણકે વેરનો કોઈ અંત નથી, બલ્કિ તેનાથી તમે પણ સામેવાળાના વેરનો ભોગ બનશો". બસ, આ વાત એક તેજસ્વી પ્રકાશની જેમ તેના મનમાં ઘૂસી ગઈ. વક્તા જેમ જેમ પોતાની વાતને આગળ ધપાવવા માટે ઉદાહરણો આપતો જતો હતો, તેમ તેમ એ વાતો તેના હ્રદયને સ્પર્શી રહી હતી અને અંતે, એક જાણે કે કંઈક ચમત્કાર થયો, વક્તાની સકારાત્મક વાતોએ આ

ભાઈને એક નવી વ્યક્તિમાં બદલી નાખ્યો. ત્યારબાદ, પહેલું કામ તેણે પોતાની વેર વાળવાની નકારાત્મક વિચારસરણી છોડી દેવાનું કર્યું. તેને એહસાસ થયો કે તેણે એ દુ:ખદાયક પ્રસંગ ભૂલીને, તેના સમય અને ઊર્જા, પોતાના પરિવાર અને ધંધામાં સમર્પિત કરવા જોઈતા હતા. હવે તેને બરાબર સમજાઈ ગયું હતું કે જીવ બાળીને, તે સામેવાળા કરતાં પોતાને જ વધારે નુકશાન પહોંચાડી રહ્યો હતો, આવી બાબતો ઈશ્વર પર છોડી દેવી જોઈએ. નવા વિચારની શરૂઆતમાં, થોડા સમયમાં જ તેણે અનુભવ્યું કે તે તેની આસપાસના પર્યાવરણ સાથે રચનાત્મક રીતે સંપર્ક કરવામાં સક્ષમ થયો છે, અને ત્યારબાદ, તે પહેલાં કરતાં પણ વધારે મેહનત કરીને વધારે મોટી સફળતા હાંસલ કરી શક્યો. જો કે, તેના માટે સૌથી અગત્યની બાબત પોતાના મનની શાંતિ હતી, અને આ શાંતિ, તેને સકારાત્મક હેતુઓને અનુસરીને જ મળી હતી.

## અતિ-ઉતાવળનું અનિષ્ટ

એક યુવાન, એક આધ્યાત્મિક ગુરુ પાસે આવ્યો અને પૂછ્યું, 'જ્ઞાન પ્રાપ્ત થતાં કેટલો સમય લાગે?' ગુરુજીએ કહ્યું, 'દસ વર્ષ!' જુવાન ધૂંધવાયો, 'આટલો લાંબો સમય!' ગુરુજી બોલ્યાં, 'ના, મારી ભૂલ થઈ છે. તમને વીસ વર્ષ લાગશે!' યુવકે અધીરાઈથી પૂછ્યું, 'તમે શા માટે સમય વધારતા જાવ છો?' ગુરુજીએ ફરીથી જવાબ આપ્યો, 'તમારા કિસ્સામાં તે કદાચ 30 વર્ષ હશે!' (ફિલિપ કેપ્લેઉ, રીડર્સ ડાયજેસ્ટ, 1983)

જે ધ્યેયને પ્રાપ્ત કરતાં દસ વર્ષ લાગતાં હોય, અને તમે તેને જો માત્ર દસ દિવસમાં હાંસલ કરવા માંગતા હોવ. તો, આનો અર્થ એ થયો કે તમે, મોટી છલાંગો લગાવીને, ગમે તેમ કરીને સમય કરતાં વહેલા, તમારી મંઝિલ સુધી પહોંચી જવા માંગો છો. પરંતુ એક જૂની કહેવત છે: "ઉતાવળે આંબા ના પાકે!"

જે મુસાફર, જરૂરી વળાંકો લીધા વિના, જરૂરી સમય આપ્યા વગર, તીરની માફક સીધો જ તેના ગંતવ્યને ટક્કર મારવા માંગે છે, તે પોતાની ઉડાનમાં બહુ બધા અવરોધો સાથે ટકરાય છે.  તેનું ગંતવ્ય સુધી ઝડપથી પહોંચવાનું બાજુએ રહી જાય છે, પરંતુ તે એટલો ઘવાય છે કે રસ્તાની બાજુએ પડી જાય છે. ત્યારબાદ, તેણે પહેલાં તો પોતાના ઘાને મટાડવા જરૂરી બને છે, અને ફરીથી, એકડે-એકથી ચાલું કરવું પડે છે. આ પ્રક્રિયામાં, તેનો એવો કિમતી સમય વપરાય છે; જે ખરેખર તો, તેની મુસાફરીમાં ખર્ચાવો જોઈતો હતો. જો તે, ઉતાવળ કર્યા વગર શાંતિથી આગળ ધપે, તો તે સમયસર તેના લક્ષ્ય-સ્થાને પહોંચી જાય. જેમ મોડું કરવું ખોટું છે, તેમ ઉતાવળ કરવી એ પણ એટલું જ ખોટું છે. બધા કામ સમયસર કરવાથી જ પૂર્ણ થઈ શકે છે. કામમાં મોડું કરવું એ બેજવાબદારીની નિશાની છે, તો અયોગ્ય ઉતાવળથી કરવું એ ઘોર અધીરાઈની નિશાની છે.

ઈશ્વરની આ દુનિયામાં દરેક ઘટના માટે ચોક્કસ સમય ફાળવવામાં આવ્યો છે, આથી આ બંને ચરમસીમાઓ નિષ્ફળતાને નોતરું આપવા સમાન છે.

ઈ. સ. 1963માં સ્થપાયેલ, અમેરિકાની ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીના ડિઝાસ્ટર રિસર્ચ સેન્ટર દ્વારા, 100 પણ થી વધુ મોટી માનવ આપત્તિઓ પર હાથ ધરવામાં આવેલા અભ્યાસો દર્શાવે છે કે, અતિશય પ્રતિકૂળ પરિસ્થિતિઓ મનુષ્યમાં અસાધારણ શક્તિ જન્માવે છે, આ શક્તિ, આપત્તિ સમયે તેમને સંપૂર્ણપણે તૂટી જતાં બચાવે છે. આનું એક આશ્ચર્યજનક ઉદાહરણ ટેક્સાસના દરિયાકાંઠાના વિસ્તારના રહેવાસીઓની વર્તણૂક છે, જ્યારે 1961માં ત્યાં પ્રચંડ પૂરથી તબાહી મચી ગઈ હતી. તોફાન દરિયાકિનારે ત્રાટકે તેના ચાર દિવસ અગાઉ જ જોખમની ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ પચાસ ટકાથી વધુ વસ્તીએ તેમના ઘરોમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. તદુપરાંત, આના સિવાય 1971માં કેલિફોર્નિયામાં જ્યારે ભૂકંપથી મોટી ડેમ હોનારત થઈ હતી, અને લોકોને તેમના જીવન માટે ગંભીર જોખમ ઊભું થયું હતું, ત્યારે પણ 70,000ની વસ્તીમાંથી માત્ર 7 ટકા લોકોએ જ તેમના ઘર છોડવાનું નક્કી કર્યું હતું.

આ અભ્યાસો દ્વારા એ પણ જણાયું હતું કે, મોટાભાગના આપત્તિ પીડિતો, તેમના આ કડવા અનુભવથી ચિંતિત થવાને બદલે નિશ્ચિંત વધારે બન્યા હતા, તેમનામાં ચિંતા કે ભય વિકસ્યો નહોતો; ટેક્સાસના પૂર પ્રભાવિત વિસ્તારોમાં 10%થી પણ ઓછા લોકોએ તીવ્ર ચિંતાની લાગણી દર્શાવી હતી. ડિઝાસ્ટર રિસર્ચ

સેન્ટર દ્વારા જારી કરાયેલા અહેવાલમાં નિષ્કર્ષ આવે છે: "ઘટનાઓની વાસ્તવિકતા સૂચવે છે કે મનુષ્ય પ્રતિકૂળતાનો સામનો કરવા માટે ચમત્કારિકપણે સંતુલિત અને સ્થિતિસ્થાપક હોય છે. આપત્તિના સમયમાં, તેમના સામાન્ય વર્તનનું વર્ણન કરવા માટે ગભરાટ કે ઉચાટ કરતાં કદાચ વીરતા જ વધારે યોગ્ય શબ્દ છે."

જ્યારે જ્યારે, સંપૂર્ણ વિનાશની ચેતવણી આપવામાં આવી છે, ત્યારે ત્યારે, મનુષ્યે સાબિત કરી બતાવ્યું છે કે તે તેના જીવનને નવેસરથી ઉગાડવાની પૂરેપૂરી ક્ષમતા ધરાવે છે, અને તેના માર્ગમાં આવતી ગમે તેવી મુશ્કેલીઓને દૂર કરવા માટે હંમેશા અડગતા અને ઉર્જાને જગાવવામાં સક્ષમ રહ્યો છે.

માણસ પાસે આટલા ઉચ્ચ અને નોંધપાત્ર ગુણો ક્યાંથી આવે છે? જવાબ ફક્ત એટલો જ છે કે સર્જનહાર દ્વારા તેના પર વરસેલા તમામ આશીર્વાદોમાંનો સૌથી મોટો આશીર્વાદ એ તેની છુપાયેલી આ ક્ષમતા છે, જે આત્યંતિક સંકટ સમયે તેનામાં જન્મ લે છે. આ સંભવિતતા કે જે બધા જ મનુષ્યોમાં રેડાયેલી છે, તે આપણને એવા આશાવાદની પ્રેરણા આપે છે કે સંકટ સમયે આપણે ક્યારેય નિરર્થક રોદણાઓ રડવામાં એક પણ ક્ષણ બગાડવી જોઈએ નહીં, પરંતુ આપણને થયેલા નુકસાનની ભરપાઈ કરવા  માટે જે કાઇપણ કાર્યો જરૂરી હોય, તે હાથ ધરવા જોઈએ. પુનઃનિર્માણ માટે, ઈશ્વરે આપેલી આ ક્ષમતાને ક્યારેય નકારવી કે વ્યર્થ જવા દેવી જોઈએ નહીં, કારણકે આ એક ખૂબ જ

વિશેષ ગુણવત્તા છે, જે આપણને અસ્તિત્વના નવા અને તેજસ્વી તબક્કામાં લઈ જઈ જાય છે.

## ઘમંડ: દુષ્ટતાનું મૂળ

**"**દુષ્ટતાની શરૂઆત ઘમંડ સિવાય ક્યાંયથી થઈ શકે નહીં**,** અને તેનો અંત નમ્રતા સિવાય ક્યાંયથી થઈ શકે નહીં**! "**

અંગ્રેજી લેખક વિલિયમ લો (1686-1761) એ ઉપરોક્ત શબ્દો નૈતિકતાના સંદર્ભમાં લખ્યા  છે.  આ શબ્દોનો આધ્યાત્મિક અર્થઘટન એવું પણ કરી શકાય કે કોઈ માણસ, ઈશ્વર સમક્ષ, જો સૌથી વધુ પાપી વલણ અપનાવી શકે, તો એ ઘમંડી વલણ છે. અન્ય પાપો માફીને પાત્ર હોઈ શકે છે, પરંતુ જ્યાં સુધી ઘમંડ હશે, ત્યાં સુધી માફી પણ પ્રાપ્ત થઈ શકશે નહીં.

ઘમંડ, ભલે તે ભીતરમાં હોય કે બહાર છલકતું હોય, પણ માણસ દ્વારા આચરવામાં આવતી દુષ્ટતા, અત્યારચાર અને અન્યાયનું મૂળ છે. માણસનો અહમ્ તેને પોતાના અપરાધને સ્વીકારતા અટકાવે છે: કારણકે આમ કરવાથી તેની વ્યક્તિગત ભાવનાઓને ખલેલ પહોંચે છે. માણસ ભૂલી જાય છે કે તે પોતાની જાતને, સત્ય અને વાસ્તવિકતાથી ઉપર રાખીને તેને નકારી અને અવગણી રહ્યો છે, આમ કરવું એ સરાસર મૂર્ખતા છે; કારણકે આ દુનિયામાં સત્ય અને વાસ્તવિકતાથી ઉપર, કોઈ વસ્તુ કે વ્યક્તિ

નથી, કોઈ નાશવંત જીવ પાસે સત્ય અને વાસ્તવિકતાની સામે પોતાની અગ્રતા રાખવાની ક્ષમતા જ નથી.

ઈશ્વરની કૃપા તેના પર જ વરસે છે, જે વ્યક્તિ પોતાનું જીવન વસ્તુઓ અને ક્રિયાઓના સાચા સ્વભાવને અનુરૂપ જીવે છે. ધન્યતાની આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે, વ્યક્તિએ એ સમજવું જરૂરી છે કે સત્ય બધાથી આગળ છે, અને તેણે તેની આગળ નમવું જ જોઈએ. પરંતુ જેઓ ફક્ત પોતાના મહત્વની ભાવનાથી ભરેલા હોય છે, તેઓ ભાગ્યે જ આવું કરતાં હોય છે. સત્ય સામે ઝૂકવાને બદલે, તેઓ ઇચ્છે છે કે સત્ય તેમની સામે ઝૂકે. વાસ્તવિકતા સાથે બાંધછોડ કરવાને બદલે, તેઓ માંગ કરે છે કે વાસ્તવિકતા તેમની ઇચ્છાઓ સાથે સુસંગત હોવી જોઈએ. આવું કરવું અહંકારભર્યું અને અવાસ્તવિક છે, કારણકે આ દુનિયામાં વસ્તુઓ કે ક્રિયાઓ ક્યારેય એવી રીતે થઈ શકે જ નહીં. સદાને માટે અભિમાનમાં રાચતો વ્યક્તિ - તેને ખ્યાલ પણ ના હોય તેવી રીતે - નૈતિકતાની નાદારી જાહેર કરતો હોય છે, અને ક્યારેય પણ ઈશ્વરની કૃપા મેળવી શકતો નથી.

## એકતાનું મૂલ્ય

એકતા એ ભાષણ, નિબંધ અને પત્રકારત્વ માટે એક બહુ મોટો વિષય છે. આજે દરેક વ્યક્તિ એકતા પર બોલી અને લખી રહ્યા છે. પરંતુ એકતા સ્થપાઈ શકી નથી. એનું મુખ્ય કારણ એ છે

કે દરેક વસ્તુની કોઈને કોઈ કિંમત હોય છે. આ સિદ્ધાંત એકતા માટે પણ લાગુ પડે છે, અને તેની પણ એક કિંમત છે. લોકો એકતાની વાતો કરે છે, પરંતુ તેઓ તેની કિંમત ચૂકવવા તૈયાર હોતા નથી. આથી, એકતા સ્થપાઈ શકતી નથી.

શા માટે એકતા તૂટી જાય છે? તેનું એકમાત્ર કારણ એ છે કે, મતભેદથી ઉદ્ભવતી મનભેદની પોતાની ભાવનાઓ પર સંયમ જાળવવામાં અથવા તેને ડામવામાં નિષ્ફળતા. પૃથ્વીલોક પરનું આ જીવન એક કસોટીનું મંચ છે. અહીં અલગ-અલગ કારણોસર આવી લાગણીઓ અન્યો સામે વિકસે છે. જો તમે તમારી અંદર આવી ભાવનાઓને દફનાવવામાં સફળ થશો તો જ એકતા પ્રવર્તી શકશે. અને જો આવી ભાવનાઓને દફનાવવામાં નિષ્ફળ રહેશો, તો એકતામાંથી વહેતી સંવાદિતાને ખતમ થઈ જશે.

ક્યારેક તમને બીજા વિશે ફરિયાદ હોય છે, ક્યારેક તમારા માર્ગમાં કોઈ આડું આવતું હોય એવું લાગે તો તમે કડવા બની જાવ છો. કેટલીકવાર તમે અન્યની સિદ્ધિઓની ઈર્ષ્યા અનુભવો છો. ક્યારેક અભિમાનથી છક થઈને તમે કોઈનું અપમાન કરવામાં આનંદ અનુભવો છો, તો ક્યારેક તમારા નકામા અહમ્-ને પોષવા માટે, તમે અન્ય કોઈને નકામા સાબિત કરવામાં લાગી જાવ છો.

જો આવી નકારાત્મકતાને ડામવી હોય તો સંબંધિત વ્યક્તિઓએ તેનું મૂલ્ય ચૂકવવું પડશે. અને તેનું મૂલ્ય એ છે કે તેઓ એકતાની હવાને જાળવવા માટે પોતે નીચા નમે - અને,

ફરિયાદોને જતી કરે, કડવાશને ટાળે. તેઓ પોતાના સ્વાર્થનું બલિદાન આપવા તૈયાર હોવા જોઈએ. તેઓએ અન્યની સિદ્ધિઓ પર નિષ્ઠાપૂર્વક રાજી રહેવું જોઈએ. તેઓએ તેમના જડ વલણને નમ્રતામાં બદલવું પડશે. આવું વ્યક્તિગત બલિદાન એ એકતાની એકમાત્ર કિંમત છે.

ઉશ્કેરણીજનક પરિસ્થિતિઓ સાથે તમારો સામનો આવશ્યકપણે થશે. પૃથ્વીલોકના જીવનરૂપી પરીક્ષણના મેદાનમાં આવી પરિસ્થિતિઓ ઊભી ન થાય તે અશક્ય છે. હકીકતમાં, આ પરિસ્થિતિઓ જ એકતા અને ફાટફૂટ વચ્ચે નિર્ણાયક પરિબળ છે. આવી પરિસ્થિતિઓમાં જો કોઈ વ્યક્તિ, એકતાનું ભંગાણ કરતી ભાવનાઓને પોતાના હૃદયમાંથી કાઢીને જમીનમાં દાટી દઈ શકશે, તો જ તે સામાજિક એકતા બનાવી અને ટકાવી શકશે. પરંતુ, જો તેઓ આમ કરવામાં નિષ્ફળ રહેશે, તો સામાજિક એકતા જાળવી શકાશે નહીં.

અન્ય લોકો સાથે ઘર્ષણમાં નહીં આવવા માટે, વ્યક્તિએ પોતાની જાત સાથે લડવું પડશે. વાત એમ છે કે લોકો પોતાની જાત સાથે લડવા તૈયાર હોતા નથી, અને તેથી જ અન્યો સાથેની તેમની લડાઈનો ક્યારેય અંત આવતો હોતો નથી.

# એકતાનું રહસ્ય

એક પ્રાણી સંગ્રહાલયમાં સેંકડો મુલાકાતીઓ હાજર હતા. તેમાંથી કેટલાક ખુલ્લી લોન પર ખાવા-પીવામાં વ્યસ્ત હતા, તો કેટલાક વિવિધ જાતના પ્રાણીઓ જોઈ રહ્યા હતા. બધા લોકો કોઈની કાઇ  પરવાહ કર્યા વિના, અહીંથી તહીં ટહેલતા હતા.

પરંતુ અચાનક તે જ સમયે, બધાને સિંહની ગર્જનાઓ સંભળાઈ, એક અફવા વહેતી થઈ કે સિંહ તેના પાંજરામાંથી બહાર નીકળી ગયો છે. આ સાંભળતા જ લોકો ઝૂમાંથી બહાર નીકળવાના રસ્તા તરફ દોડ્યા. જેઓ અત્યાર સુધી એકબીજાથી તદ્દન અલગ દિશામાં ભટકેલ વ્યક્તિઓ હતા, તેઓ બધા એક જ સંમતિથી, એક જ દિશામાં ચાલવા લાગ્યા. જુદી-જુદી તમામ બીજી પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ, અને બધાના પ્રયાસો એક જ બિંદુ પર કેન્દ્રિત થઈ ગયા.

આ ઉદાહરણ દર્શાવે છે કે કેવી રીતે ભયની તીવ્રતા એ વિવિધ અભિપ્રાયોના તમામ મતભેદોને ખતમ કરી નાખે છે. આવી સ્થિતિમાં, દરેક વ્યક્તિ, તાકીદની જરૂરિયાત માટે સચેત બને છે. દરેક વ્યક્તિને સૌથી ગંભીર હોય એવી એક જ બાબતનો ડર લાગવા લાગે છે. દરેકના વિચારો અંતિમ અને અપરિવર્તનશીલ બાબત પર, એક જ બિંદુ પર કેન્દ્રિત થઈ જાય છે.

લોકોમાં મતભેદો ઉદ્ભવે છે, કારણકે તેઓનું ધ્યાન સૌથી અગત્યના મુદ્દા પર નથી હોતુ. જ્યારે કોઈ વ્યક્તિ ભયજનક પરિસ્થિતિનો સામનો કરે છે, ત્યારે બીજી બધી બાબતો ગૌણ બનીને આપમેળે અદૃશ્ય થઈ જાય છે. તે સમયે, સામાન્ય રીતે, મોટાભાગના લોકોનું ધ્યાન સૌથી સળગતા એક જ મુદ્દા તરફ દોરાય છે. અન્ય તમામ નજીવી બાબતો તરત જ ભૂલાઈ જાય છે. અને જ્યારે આવું થાય, ત્યારે ચોક્કસપણે લોકોમાં એકતાના દર્શન થાય છે.

જ્યારે લોકોનું ધ્યાન, સૌથી નોંધપાત્ર અને મહત્વપૂર્ણ અંત તરફ ન હોય, ત્યારે મતભેદો સર્જાય છે. તેથી, એકતા હાંસલ કરવાનો એકમાત્ર સફળ રસ્તો એ છે કે લોકોનું ધ્યાન નજીવી બાબતોથી હટાવીને સૌથી  મહત્વપૂર્ણ બાબત તરફ દિશામાન કરવું. જ્યારે કોઈ દેશ પર તેના દુશ્મન દ્વારા હુમલો થાય છે, ત્યારે આવું થાય છે, તે સમયે રાષ્ટ્રની તમામ વ્યક્તિઓ એક થઈ જાય છે.

અભ્યાસો દર્શાવે છે કે જ્યારે દુશ્મન તરફથી ખતરો હોય, ત્યારે જાનવરો પણ એક થઈ જાય છે. વિનાશક પૂરમાં, કૂતરો, બિલાડી, ઉંદર, સાપ અને નોળિયો પણ એકસાથે શાંતિથી બેઠેલા જોવા મળે છે. જો કે, દુન્યવી ડરના લીધે સ્થપાયેલી એકતા પશુ-સ્તરની અને કામચલાઉ એકતા હોય છે. જ્યારે કે, માનવ એકતા ઈશ્વરના ડરથી અને પરલોકના જીવનના વિચારોમાંથી

ઉદ્ભવે છે, આવી રીતે સ્થપાયેલી એકતાનું સ્વરૂપ સૌથી ઉચ્ચ સ્તરનું, મજબૂત અને ટકાઉ હોય છે.

## ડહાપણભર્યો પ્રતિભાવ

એકવાર એક મસ્જિદમાં, એક વૃદ્ધ સજ્જને એક સાધારણ દેખાતા, પશ્ચિમી પોશાક પહેરેલ, માથા પર ગાંધી ટોપી ધારણ કરેલ તેમજ શરિયત દ્વારા નિર્ધારિત લંબાઈ કરતાં ટૂંકી દાઢી રાખેલ એક વ્યક્તિને જોયા. તેમણે આ વ્યક્તિને પહેલાં ક્યારેય તેમના આંગણામાં જોયા નહોતા. અજાણ્યા વ્યક્તિને જોઈને તેઓ જિજ્ઞાસાથી આ વ્યક્તિ પાસે ગયા, અને પોતાનો પરિચય આપ્યો. વાતચીત દરમિયાન એવું જાણવા મળ્યું કે નવોદિત ખૂબ જ ધાર્મિક વ્યક્તિ હતા, એટલું જ નહીં પરંતુ, ઘણી કુરાન તથા હદીસના આધાર પર લખાયલી પુસ્તકો તેમના નામ પર હતી.

વૃદ્ધ માણસે ટીપ્પણી કરી કે તેના દેખાવ પરથી તો એવું લાગતું નથી. અજાણી વ્યક્તિને આ ટિપ્પણીથી બહુ ખીજ ચડી, પરંતુ તેણે પોતાની લાગણીઓ પર સંયમ જાળવી રાખ્યો. થોડીવાર સુધી મૌન રહ્યાં બાદ, તેણે કહ્યું, "તમારી વાત સાચી છે. પરંતુ ઈશ્વર ક્યારેક પાપીઓ દ્વારા પણ પોતાનુ કામ કરાવે છે!!"

આ શાંતિપૂર્ણ પ્રત્યુતરે પેલા વૃદ્ધ માણસ પર એટલી જોરદાર અસર કરી કે તેઓ અવાચક રહી ગયા.

ઉપરોક્ત ઉદાહરણ, અણગમાને કારણે ઉદ્ભવેલા ઉશ્કેરાટના સમયે કેવી રીતે વર્તવું, શું અને કેવો જવાબ આપવો તેનો વ્યવહારુ દાખલો પ્રદર્શિત કરે છે.  જ્યારે પણ કોઈ તમારી ટીકા કરે, અથવા કોઈ કઠોર વચનો સંભળાવે ત્યારે તમારામાં ક્રોધની લાગણી જન્મે છે, અને ટીકાકાર પર વળતો આક્રમક પ્રહાર કરવાનું મન થાય છે.  સાચી રીત એ છે કે વળતો આક્રમક પ્રહાર કરવાને બદલે, આઘાતની કડવાશ ગ્રહણ કરી લેવી અથવા ક્ષણનો કડવો ઘૂંટડો પી જવો. આ રીતનું વર્તન અને કાર્ય કરવાથી તમારામાં નવી ઉર્જા જન્મ લે છે.

તમને એ વાતની પ્રતીતિ થશે કે કઠોર વાણી કરતાં નમ્ર શબ્દોની અસર વધુ સખત અને અસરકારક હોય છે; અને આવું વર્તન ડહાપણભર્યું છે.

વાતનું તથ્ય એ છે કે ગુસ્સો આવે તેવા સંજોગોમાં ધૈર્ય (સબ્ર) નો સહારો લેવાથી કોઈપણ વ્યક્તિ, જે વાત, વસ્તુ કે વ્યક્તિ પર ક્રોધ આવ્યો હોય તેને સહજ ગણીને જતું કરી દઈ શકે છે; અને તેને વળતાં આક્રમક પ્રહારો કરવાની બિલ્કુલ જરૂર જણાતી નથી.

# ખામીઓનો સ્વીકાર

એક રમતવીર યુવકને એક દિવસ મોટી ફૂટબોલની મેચમાં રમવાનો મોકો મળ્યો, પરંતુ તેની ટીમને પરાજયનો સામનો કરવો પડ્યો.  આ નિષ્ફળતા બાદ, તેણે પોતાના પિતાને એક પત્ર લખ્યો, જેમાં તેણે ટાંક્યું હતું: "અમારી હરીફ ટીમને અમારી બચાવ-રેખામાં કમજોરી ખબર પડી ગઈ હતી, જે હું પોતે હતો!!!"

વ્યક્તિએ પોતાની ખામીઓને સ્વીકારવા માટે હિંમતની જરૂર હોય છે.  આ સ્વીકૃતિ વગર આપણે સામાજિક પ્રગતિ કરી શકતા નથી. બચાવ-રેખામાં કંઈક ખૂંટતું હોવાના કારણે આપણે એટલી બધી હારનો સામનો કરવો પડતો નથી, જેટલી હારનો સામનો આપણે સમસ્યાના અસ્વીકારને લીધે કરવો પડતો હોય છે.  સ્વીકાર-વૃતિ એ આવા સમયે અસરકારક ઔષધિ તરીકે કામ આપે છે, આમ કરવાથી સમસ્યા શરૂઆતમાં જ અડધી થઈ જાય છે. એક વખત પોતાની ખામીઓ ઓળખી લેવાથી, વ્યક્તિ માટે પોતાનું પ્રદર્શન સુધારવા માટેના શ્રેષ્ઠ પ્રયાસો કરવાનું અથવા પોતાની જગ્યાએ, પોતાનાથી સારી પ્રતિભા ધરાવતા વ્યક્તિને બદલવાનું આસાન થઈ જાય છે.

જીવનમાં સૌથી મહત્વપૂર્ણ જ્ઞાનાત્મક અને નૈતિક કાર્ય એ સત્યની ઓળખ છે. શ્રદ્ધા એ પોતાની તુલનામાં ઈશ્વરની

મહાનતાનો સ્વીકાર છે. અન્ય લોકોને તમારી બાકી રકમ ચૂકવવી એ તેમના અધિકારોની કદર દર્શાવે છે. પસ્તાવો એ હકીકતનો સ્વીકાર છે કે સાચી વસ્તુ તે છે જે ઈશ્વરની નજરમાં યોગ્ય છે, અને ખોટી વસ્તુ તે છે જે ઈશ્વરની નજરમાં યોગ્ય નથી. જીવનમાં તમામ પ્રકારના સુધારાની ચાવી એ વ્યક્તિની ખામીઓની નિખાલસ સ્વીકૃતિ છે. જો કોઈ ખોટું કરનાર તેની ભૂલો સ્વીકારશે નહીં - તો તે વારંવાર ભૂલો કરશે - પછી તેના માટે પોતાની જાતને સુધારવાનો બીજો કોઈ રસ્તો બાકી રહેશે નહીં.

પોતાની ભૂલો અને નબળાઈઓનો નમ્રતાપૂર્વક સ્વીકાર અને તેનું તર્કસંગત મૂલ્યાંકન એ સફળતાના માર્ગ પરનું પ્રથમ પગલું છે, પરંતુ કમનસીબે આવું ભાગ્યે જ બને છે. બહુ ઓછા વ્યક્તિઓ આ બાબતમાં પોતાનું ધ્યાન રાખતા હોય છે. મોટાભાગના લોકો પોતાની નબળાઈઓ ઢાંકવામાં વધારે માને છે. તેમને પોતાનું માન-સન્માન ખોવાનો ડર લાગે છે. આ કારણસર તેઓ ઘણીવાર જુઠ્ઠાણા, છેતરપિંડી અને મોઢું છૂપાવવાના ઉપકરણો તરીકે ખોટી દલીલો તરફ વળે છે. આવી વૃતિઓ નીતિમત્તાનો નાશ કરવા તરફ દોરે છે.  અને, આમ કરવાથી જે નુકશાન થાય છે, તે એટલું મોટું હોય છે કે તેની ભરપાઈ પણ ના થઈ શકે. શરૂઆતમાં કરેલી આવી ભૂલો માટે, લાંબા ગાળે તેને મળેલા સન્માન, પ્રતિષ્ઠા, કારકિર્દી અને ક્યારેક જીવનની ચૂકવણી કરવાની ફરજ પણ પડી શકે છે. જો વ્યક્તિ પોતાના દોષોને નિખાલસપણે સ્વીકારવા માટે પોતાના અહમને પી જાય, તો તેની દ્રષ્ટિ સ્પષ્ટ બની જશે, અને તે સંપૂર્ણ નમ્રતા સાથે, પહેલાં

કરતાં વધારે પ્રયત્નો કરવા પ્રેરાશે, અને સફળતા તરફનો પોતાનો માર્ગ ફરીથી સુનિશ્ચિત કરી શકે છે.

## જીવન-સંદેશ

દુનિયાની સૌથી મોટી વાસ્તવિકતાઓમાંથી એક વાસ્તવિકતા એ છે કે, જીવન એક કસોટી છે. આથી, આપણી બધી જ સફળતાઓનું રહસ્ય આ સત્યને સ્વીકારવાની વૃતિમાં છુપાયેલું છે, પછી ભલે તે દુન્યવી જીવનની સફળતાને લગતું હોય કે પછી આખેરત (પરલોક) ના જીવનની સફળતાને લગતું હોય.

આખેરત (પરલોક) ના જીવનની સામે વર્તમાન જીવનના સંદર્ભમાં, જો કોઈ વ્યક્તિને કંઈપણ આપવામાં આવ્યું હોય, એ તેની લાયકાતના પુરસ્કાર માટે નહીં, બલ્કે તેની કસોટી માટે આપવામાં આવ્યું છે. આથી, વર્તમાન જીવનમાં પ્રાપ્ત બધી વસ્તુઓ (ગમે તે સ્વરૂપમાં હોય), પોતાની માલિકીની ગણી લેવી જોઈએ નહીં, બલ્કે તેને ઈશ્વરની દેન ગણવી જોઈએ. આ બધી જ વસ્તુઓ તેની પાસે ત્યાં સુધી જ રહેશે, જ્યાં સુધી તેની કસોટીનો સમય નક્કી હશે.  કારણકે જેવો કે તેનો કસોટીનો સમય પૂર્ણ થશે ત્યારે એ બધુ તેની પાસેથી પાછું લઈ લેવામાં આવશે. ત્યારબાદ, જો તેની પાસે કંઈપણ બાકી રાખવામાં આવશે તો તે  ફક્ત તેણે કરેલા સારા કર્મો (કાર્યો) જ હશે; બીજી કોઈ પણ વસ્તુઓ કે

જેનાથી તે પોતાને ઘેરાયલો જુએ છે, એમાંથી કાંઈ કશુંય સાથે રહેશે નહીં.

આ વિશ્વમાં, બધા જ સ્ત્રી-પુરુષો વ્યક્તિગત રીતે સમાન સ્વતંત્રતા ધરાવે છે. આ કારણોસર વિશ્વ એ એક સ્પર્ધાનું ક્ષેત્ર છે. આ સ્વતંત્રતાને અનુસરીને બધા જ વ્યક્તિઓ, વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રૂપમાં અલગ-અલગ સંસ્થાઓ તેમજ રાષ્ટ્રોના સ્વરૂપમાં, એકબીજા સાથે ખુલ્લી અને સતત ચાલતી સ્પર્ધામાં છે.

વર્તમાન વિશ્વની વાસ્તવિકતા એ છે કે અહીં સફળ થવા માટેના બધા જ લક્ષ્યો અન્ય લોકોની સાથે સ્પર્ધામાં ઉતરીને પાર કરવા પડશે. અહીં, ફક્ત તે જ વ્યક્તિ જીવનની દોડમાં પ્રથમ આવે છે, જે તેના સાથીદારો પાસેથી લાભ મેળવે છે. એ જ વ્યક્તિ છે કે જે પોતે બધાથી આગળ વધવાની હિંમત રાખે છે, એ જ બધી વસ્તુઓ પ્રાપ્ત કરે છે.

અહીં ધ્યાનમાં રાખવાની વાત એ છે કે આખેરત (પરલોક) ના જીવનમાં જેઓ સર્વશક્તિમાન ઈશ્વર સિવાય અન્ય કોઈનો આધાર શોધે છે, તેઓ મૂલ્યહીન સાબિત થશે. તદુપરાંત, જેઓ અહીં માત્ર પૂર્વગ્રહો અને બડાઈના સંદર્ભમાં વિચારે છે, તેઓ ક્યારેય, સ્પર્ધાની આ દુનિયામાં કોઈપણ જાતના માપદંડો પ્રાપ્ત કરી શકશે નહીં, અને ક્યારેય કોઈ મહત્વના સ્થાનને પ્રાપ્ત કરી શકશે નહીં.

# વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ

વિજ્ઞાનની દુનિયામાં, શ્રેષ્ઠ કામગીરીનું પ્રમાણભૂત માપ નોબેલ પુરસ્કાર દ્વારા અપાતું હોય છે. પરંતુ, વ્યક્તિ આ પુરસ્કારને લાયક ક્યારે ઠરે છે? આવા એક નોબેલ પુરસ્કાર વિજેતા શ્રી એચ. એ. ક્રેબ્સ છે, જેમણે એક મહાન વૈજ્ઞાનિકનું નિર્માણ કેવી રીતે થાય છે, તેનો અભ્યાસ કર્યો હતો. તેમના મત મુજબ, એક સફળ વૈજ્ઞાનિક બનવા માટે, સુસજ્જ પ્રયોગશાળાઓ અને અદ્યતન પુસ્તકાલયો કરતાં પણ વધારે મહત્વનું એ છે કે તેમને તેમના કરતાં મહાન અને અનુભવી વૈજ્ઞાનિકનું વડપણ અને સાથ મળી જાય. તેઓનું કહેવાનું એમ છે, કે જો પોતાને અનુભવી વૈજ્ઞાનિકની સંગત પ્રાપ્ત થઈ ના હોત તો, તેમના માટે ખરેખર, સ્પષ્ટ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવવો અસંભવ હોત.

આવો દ્રષ્ટિકોણ ધરાવતાં વૈજ્ઞાનિકોમાં શ્રી ક્રેબ્સ એકલા નથી. પરંતુ, અન્ય ઘણા મહાન વૈજ્ઞાનિકોએ અનુભવ્યું છે કે મહાન વિદ્વાનોની સંગત વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આવી સંગત પાછળનો મુખ્ય લાભ, માત્ર એ નથી કે તેનાથી વૈજ્ઞાનિક તથ્યો અને આંકડાઓનો વિશાળ સ્ત્રોત સરળતાથી મળી રહે! ના, આવી માહિતી તો બીજી ઘણી રીતે મેળવી શકાય છે. પરંતુ, વાસ્તવિક લાભ એ છે કે મહાન વ્યક્તિ પાસેથી મનના વલણના વિશેષ રૂપાંતરણના મોકાઓ પ્રાપ્ત થાય છે, જેને શ્રી ક્રેબ્સ યોગ્ય રીતે વિકાસ પામેલી "સહજ વૈજ્ઞાનિક

ભાવના" કહે છે. આ વિશિષ્ટ દૃષ્ટિકોણ જ સાચા વિદ્વાનની નિશાની છે.

તેઓ આગળ લખે છે, આ ઉપરાંત તેમનું વલણ નમ્રતા અને ઉત્સાહથી ચિહ્નિત થયેલ હોવું જોઈએ, કારણકે આ બંને ગુણો પ્રગતિના શિખરો તરફના સૌથી મોટા પગથિયાઓ છે. જિજ્ઞાસાની લાગણીઓ વ્યક્તિમાં ઉત્સાહ વધારે છે, અને જેમ જેમ ઉત્સાહ વધે તેમ તેમ, વ્યક્તિ સત્યની શોધ કરવા માટે અથાગ પ્રયત્નો કરવા પ્રેરિત રહે છે. આ શોધ એક અદ્ભુત પ્રવૃત્તિ છે, પરંતુ જો સાધક વાસ્તવિકતા સમક્ષ પોતાની જાતને નમાવે નહીં તો તેની મહાનતા, અને છેવટે સફળતાનું કોઈ મોલ રહેતું નહીં. સાચા વૈજ્ઞાનિકમાં એક અનિવાર્ય લક્ષણ એ હોવું જરૂરી છે કે વ્યક્તિ પોતાના અસ્તિત્વ અને પ્રયત્નોને નીચા સ્તરે જુએ, અને પોતાની ભૂલોને સ્વીકારવામાં બિલ્કુલ ક્ષોભ અથવા અહમભાવ રાખે નહીં. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ધરાવનાર વ્યક્તિ, સત્યને બધી બાબતોથી ઉપર માને છે, અને પોતાની ખામીઓની કબૂલાતમાં, તે પોતાના માનપાન કે અહમને પોષવાની વૃતિને અગ્રતા આપતો નથી.

## શાળામાંથી હકાલપટ્ટી

20મી સદીમાં, વૈજ્ઞાનિક ક્ષેત્રે ક્રાંતિ લાવનાર સફળ વૈજ્ઞાનિક, આલ્બર્ટ આઈન્સ્ટાઈનના જીવનની શરૂઆત ખૂબ જ

ઢીલી રહી હતી. આલ્બર્ટનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો, અને ત્રણ વર્ષની ઉંમર સુધી તો તે કાંઈ બોલી પણ શકતો નહોતો. તદુપરાંત, નવ વર્ષની ઉંમર સુધી તેનામાં સરેરાશ સામર્થ્ય હોવાના પણ કોઈ ચિહ્નો દેખાતા નહોતા. એક વખત તો તેને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો, તેનું કારણ એ હતું કે શાળાના શિક્ષકોને એ ડર લાગવા માંડ્યો હતો કે તેના નબળા શૈક્ષણિક પ્રદર્શનને કારણે અન્ય વિદ્યાર્થીઓ પર પણ તેની માઠી અસર પડી શકે છે.

શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી, તે ઝુરિચ ટેકનિકલ કોલેજમાં પ્રવેશની લાયકાત મેળવવા માટેના પ્રથમ પ્રયાસમાં નિષ્ફળ રહ્યો હતો. ત્યારબાદ, બીજા પ્રયાસમાં, ખૂબ મહેનત કરીને, માંડ માંડ તેને સફળતા મળી.

વીસ વર્ષની ઉંમર સુધી, આઈન્સ્ટાઈને કોઈ અસાધારણ ક્ષમતા દર્શાવી ન હતી. અને એકવાર તો, એક શિક્ષકે તેના માટે આવા શબ્દો વાપર્યા હતા, "આલ્બર્ટ એક આળસુ ગલૂડિયું છે!". પરંતુ, તેમ છતાં, પાછળથી, સખત પરિશ્રમ ખેડીને, તે એવી ઊંચાઈએ પહોંચ્યો કે બધા જ આધુનિક વૈજ્ઞાનિકો તેની પાછળ રહી ગયા. તેના જીવનચરિત્રલેખક લખે છે, "આપણે ધ્યાનમાં લઈ શકીએ છીએ કે આઈન્સ્ટાઈન બનવા માટે પહેલેથી જ હોશિયાર વિદ્યાર્થી હોવું જરૂરી નથી!"

આઈન્સ્ટાઈનનું પ્રથમ વૈજ્ઞાનિક પુસ્તક પ્રકાશિત થયું ત્યારે તેઓ 26 વર્ષના હતા, ત્યારબાદ તેમની ખ્યાતિ દૂર-દૂર સુધી ફેલાઈ ગઈ હતી. તે સાદું જીવન જીવતા હતા, અને જમવામાં પણ સાદું ભોજન લેતા હતા, પરંતુ મોડી રાત સુધી કામ કરતાં રહેતાં હતા. એક તબક્કે, તેમને ઇઝરાયેલના પ્રમુખપદની પણ ઓફર કરવામાં આવી હતી, જેનો તેમણે સ્પષ્ટપણે ઇનકાર કરી દીધો હતો. તેઓનું માનવાનું હતું કે રાજનૈતિક સત્તા હાંસલ કરવાની (જમાવવાની) વૃતિ એ માનવતાનું કેન્સર છે. તેમણે જ્યારે હિટલરનું જર્મની છોડ્યું, ત્યારે હિટલરની સરકાર દ્વારા - તેમના માથા માટે વીસ હજાર માકર્સનું (તે સમયની ખૂબ જ ઊંચી કિંમત) ઈનામ - જાહેર કરાયું હતું - પરંતુ વૈજ્ઞાનિક જગતમાં આઈન્સ્ટાઈનની શાખ એવી હતી કે તેનો દાવો કરવાની હિંમત કોઈ દાખવી શક્યું હતું નહીં.

ઈતિહાસમાં એવા અસંખ્ય કિસ્સાઓ નોંધાઈ ચૂક્યા છે, જેનાથી એવું સાબિત થાય છે કે મહાનતા પ્રાપ્ત કરવા માટે મહાન તરીકે જન્મવું જરૂરી નથી. કોઈપણ માણસ, જો પ્રયત્નો કરવા માટે તૈયાર હોય તો નાનકડી શરૂઆતથી પણ મહાનતા તરફ આગળ વધી શકે છે. બસ વ્યક્તિએ એક વાત યાદ રાખવી જોઈએ કે જેઓએ ગંભીર મૂશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તેઓનો સમૃદ્ધિ-વિકાસ થવાની સંભાવના વધારે હોય છે. આનું મુખ્ય કારણ એ છે કે પ્રતિકૂળતા એ વ્યક્તિમાં છૂપાયેલી સંભાવનાને બહાર લાવવા ધક્કો મારે છે. આવો પડકાર મહાનતાના અભિલાષીએ ઝીલી લેવો જોઈએ; અને તેવું નહીં કરવાથી, તે

ક્યાંક ખોવાઈ જાય છે, અને પછી તેનો કોઈ અત્તોપત્તો પણ પૂછતું નથી. સુખ-સુવિધા અને સમૃદ્ધિની સગવડ માણસને આળસુ અને સાહસવિહીન બનાવે છે, જ્યારે પ્રતિકૂળતાનો ચાબુક તેને હેતુપૂર્ણ લક્ષ્યો તરફ દોરી જાય છે, અને તેની શ્રેષ્ઠતા બહાર લાવે છે. સર ફ્રાન્સિસ બેકન તેમના નિબંધ 'ઓફ એડવર્સિટી'માં ટાંકે છે, "સમૃદ્ધિ શ્રેષ્ઠ અવગુણ શોધી લાવે છે, જ્યારે કે પ્રતિકૂળતા શ્રેષ્ઠ સદ્ગુણ શોધી લાવે છે."

ઈશ્વરની આ સૃષ્ટિરૂપી રચના-ક્ષેત્રમાં, માનવીય ક્ષમતાઓ અમર્યાદિત પ્રમાણમાં ભરી પડેલી છે. જીવનની નબળી શરૂઆત એ ક્યારેય તમારી નિરાશા કે હતાશાનું કારણ બનવું જોઈએ નહીં. આપણે એ સમજવાની જરૂર છે કે જીવનના સામાન્ય સંજોગો એ સફળતાના પગથિયાં છે. આપણે આપણી જાતને આ માર્ગ પર આગળ ધપાવતા પહેલાં, સર ફ્રાન્સિસ બેકનના છેલ્લા આશ્વાસન આપતા શબ્દોનું પુનરાવર્તન કરી લઈએ: "સમૃદ્ધિ એ ભય અને અણગમાઓ વગર આવતી નથી, અને સાનુકૂળતા એ આશાઓ અને પ્રતિકૂળતા વગર આવતી નથી."

## ગુસ્સા પર કાબૂ

શ્રી બર્ટ્રાન્ડ રસેલ (1872-1970) એક અસાધારણ વ્યક્તિ હતા. તેઓ ઘણીવાર એવા અસાધારણ પ્રસંગો કહેતા, જેમાં

તેમની જગ્યાએ કોઈ અન્ય સામાન્ય વ્યક્તિ હોય તો તે ખૂબ જ ગુસ્સે થઈ જાય.

તેમના પ્રવચન દરમિયાન ઘટેલી એક ઘટના તેમણે લખી છે, જે આ મુજબ છે: "એક માણસ મારા પર ગુસ્સે થઈને ઊભો થયો, અને ટિપ્પણી કરી કે ‘હું તેને વાંદરો જેવો લાગતો હતો’, જેનો મેં જવાબ આપ્યો, 'તો તમને તમારા પૂર્વજોનો અવાજ સાંભળવાની મજા આવશે!!'" (આત્મકથા, પૃષ્ઠ 565)

શ્રી રસેલનો પ્રતિભાવ ઉત્ક્રાંતિના સિદ્ધાંતને દર્શાવે છે. આ થિયરી મુજબ માણસ વાંદરાઓની પ્રજાતિમાંથી વિકાસ પામ્યો છે. અહીં હું આ સિદ્ધાંતની યથાર્થતા વિશે ચર્ચા કરવા માંગતો નથી. મારું આ ઘટનાના ઉલ્લેખનું કારણ ઉશ્કેરાયા વગર જવાબ આપવાનું સારું ઉદાહરણ દર્શાવવા પૂરતું છે. જ્યારે તમને કોઈ કડવી વાત કહે, કોઈ તમારી ટીકા કરે, કોઈ ઉશ્કેરણીજનક વાત કરે તો તમારી પાસે જવાબ આપવાની બે રીત હોય છે: તેમાંની એક રીત બહુ સામાન્ય અને ભૂલભરેલી છે, તે છે - ઉશ્કેરાઈ જઈને, અથવા ગુસ્સે થઈને, ગુસ્સાની હાલતમાં વળતો જવાબ કે પ્રતિક્રિયા આપવી. જવાબ આપવાની આ રીત ખૂબ જ બેદરકારીપૂર્ણ રીત છે.

બીજી રીત એ છે કે, કડવી વાણી કે કઠોર શબ્દો સાંભળીને ગુસ્સાથી ફાટી ના પડવું. કોઈ ભલે તમારી સાથે ગમે તેટલી કડકાઈથી વાત કરે, તો પણ તમારે તમારી જાત પરનો સંયમ

ગુમાવવો નહીં. તમારો જવાબ પ્રત્યાઘાતી હોવાને બદલે, સારી રીતે વિચારેલો અને સકારાત્મક હોવો જોઈએ.

જવાબ આપવાની પ્રથમ રીત માત્ર ઉશ્કેરણી વધારશે, જ્યારે કે બીજી રીત મામલને શાંત કરશે. આ રીત એ આગ પર પાણી રેડવા જેવું છે.

જવાબ આપવાની બીજી રીત એ પ્રશ્નકર્તાને શાંત કરવાની શ્રેષ્ઠ રીત છે. ઉપરોક્ત ઘટનામાં, શ્રી બર્ટ્રાન્ડ રસેલનો શાંતિપૂર્ણ જવાબ એકદમ અસરકારક સાબિત થયો હતો, જો તેમણે નકારાત્મક રીતે જવાબ આપ્યો હોત તો તે એટલો બધો અસરકારક રહેત નહીં.

## જીવનના પડકારો

સર વોલ્ટર સ્કોટ (1771 - 1892) એ અંગ્રેજી સાહિત્યમાં ઉત્કૃષ્ટ વ્યક્તિ તરીકે ખૂબ જાણીતી હસ્તી છે.  પરંતુ, તેમનો ભૂતકાળ પરથી ખ્યાલ આવે છે કે, તેમના જીવનની શરૂઆતની આર્થિક તંગીઓ એટલી સખત હતી કે આ સ્થાન પર રહેલી કોઈપણ વ્યક્તિ માટે જીવનમાં આગળ આવવું કે સફળ થવું કોઈપણ રીતે શક્ય જ ના લાગે. પરંતુ, પરિસ્થિતિની આ કડવી વાસ્તવિતાએ જ તેમને જીવનમાં સફળ થવા માટે પ્રેરણા પ્રદાન કરી હતી.

હકીકત એવી છે કે આધેડ વયની ઉંમર સુધી, તેમની ગણતરી એક સાધારણ વ્યક્તિ, અને ત્રીજી કક્ષાના કવિ તરીકે થતી હતી. જીવનના આ તબક્કામાં, એક તો તેમના પર ખૂબ મોટા દેણાનો ભાર હતો; વળી, તેમની કવિતાઓમાંથી એવી કોઈ જ કમાણી થઈ શકે એમ ના હતી કે જે તેમને આવી પરિસ્થિતિમાંથી ઉગારી શકે. પરંતુ, હતાશામાં ધકેલી શકે એવા સંજોગો સામે તેમનું મરણિયાપણું, તેમને કચડાઈ જવાને બદલે વિકાસવા માટેનું, અંદરથી એક નવું, અદ્ભૂત અને અસંદિગ્ધ પ્રેરક બળ પૂરું પાડી રહ્યું હતું. આ સંઘર્ષ, તેમની અત્યાર સુધીની અપ્રગટ ક્ષમતાઓને બહાર લાવવાનું કારણ બન્યો; આ સંઘર્ષના લીધે, તેમને વાસ્તવિક ક્ષમતાઓને ખીલવી શકે એવું એક નવું ક્ષેત્ર, ઐતિહાસિક અને રોમાંચક નવલકથાના રૂપમાં પ્રાપ્ત થયું. તેમના દેવાના બોજે, તેમને થોડાં વર્ષો સુધી સાહિત્યિક ક્ષેત્રે પ્રચંડ પરિશ્રમ કરવા પ્રેરિત કર્યા, તેમજ તેમના પુસ્તકો ઝડપથી અને ઊંચી કિંમતે વેંચાવા જરૂરી હોવાથી, તેમણે વાંચકોનું ધ્યાન આકર્ષિત થાય એવા ચોક્કસ પ્રકારનું લખાણ લખવા માટે પોતાને ઘડ્યા. આવો અસાધારણ ખંત તેમની નવલકથાઓની લોકપ્રિયતાની બાંયધરી બની. તેમની નવલકથાઓ ખૂબ જ ઝડપથી વેંચાવા લાગી, અને આખરે તેઓ પોતાનું બધુ જ દેણું ભરવામાં સક્ષમ બન્યા.

અંગ્રેજી સાહિત્યમાં તેમના યોગદાન બદલ, જીવનના પાછલા સમયમાં, તેમને મહાન સાહિત્યકાર તરીકે સન્માનિત

કરવામાં આવ્યા. પરંતુ અહીં શીખવા જેવી વાત એ છે કે જો મૂળભૂત રીતે, તેમના પર દેણું ચૂકતે કરવાનો ભાર ના હોત, તો તેઓ ક્યારેય આટલી ઉચ્ચ સાહિત્યિક ગુણવત્તાસભર રચના કરી જ શક્યા ના હોત, તેઓ ક્યારેય ફળીભૂત થઈ શકત નહીં, અને ક્યારેય વોલ્ટર સ્કોટમાંથી સર વોલ્ટર સ્કોટ બની શકત નહીં. સખત, કઠિન અને ગંભીર પરિસ્થિતિઓનો સામનો કરવાના નિર્ધારને લીધે, તેમને અંગ્રેજી સાહિત્યમાં આટલું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયું હતું.

પાઠ લેવાનો એ છે કે માણસ કાં તો જીવનના પડકારોથી હતાશ થઈને, તૂટી જઈને બેસી રહી શકે છે, અને કાં તો તેમાંથી પ્રેરણા લઈને મોટી સફળતા પણ હાંસલ કરી શકે છે. એ તમારા પર નિર્ભર કરે છે કે તમારે શું કરવું છે!

## તમે ગરીબ નહીં, પણ ખૂબ અમીર છો!

એકવાર એક ભિખારી શેરીમાં ભીખ માંગવા માટે બૂમો પાડી રહ્યો હતો. ત્યાંથી પસાર થતો એક વટેમાર્ગુ તેના તરફ વળ્યો અને નોંધ્યું કે તે શારીરિક રીતે તંદુરસ્ત હતો છતાં પણ ભીખ માંગી રહ્યો છે. આથી, તેણે ભિખારીને જઈને પૂછ્યું કે "તમે ભીખ શા માટે માંગો છો? તમે કંઈ રીતે ભિક્ષાના હકદાર છો?". "હું ગરીબ છું!", ભિખારીએ ઉત્તર આપ્યો. "ના તમે ગરીબ નથી, બલ્કે તેનાથી સાવ ઉલ્ટું છે, તમે તો બહુ અમીર જણાવ છો!" ભિખારી

ખરેખર ગરીબ માણસ હતો, આથી તેણે પોતાની મજાક ના ઉડાવવા માટે પેલા સજ્જનને જણાવ્યું. સજ્જને જવાબ આપ્યો, "ઓકે, એક કામ કરો! તમારી પાસે અત્યારે જે કાંઈ હોય એ મને આપો, હું એના બદલામાં તમને 50000 રૂપિયા આપીશ!". ભિખારી રાજીનો રેડ થઈ ગયો, તેણે તરત જ પોતાની પાસે રહેલી ગંદી બેગ કે જેમાં થોડાક સિક્કાઓ માત્ર હતા એ પેલા માણસને આપી અને કહ્યું, "લો, મારી પાસે આટલું છે!", સજ્જને કહ્યું, "ના, તમારી પાસે આ સિવાય ઘણું બધું છે. તમારી પાસે બે પગ છે. તેમાંથી એક પગ મને આપી દો  અને હું તમને એના બદલામાં 10000 રૂપિયા આપીશ!". ભિખારીએ તરત જ ના પાડી દીધી. સજ્જને વાત ચાલુ રાખી, "ઓકે, તમારે પગ ના દેવો હોય તો કોઈ વાંધો નહીં, તમારી પાસે બે હાથ છે, તેમાંથી એક હાથ મને આપી દો, અને બદલામાં હું તમને 20000 રૂપિયા આપીશ!" ભિખારીએ ફરીથી ઈનકાર કર્યો. સજ્જને ચાલુ રાખ્યું, "ઓકે, કાંઈ વાંધો નહીં, તમારી આંખો તો સારી છે ને?!! બેમાંથી એક મને આપી દો અને 20000 મારી પાસેથી લઈ લો!". ભિખારી પાસે એક જ જવાબ હતો, "નહીં!"

પેલા સજ્જને હવે કહ્યું, "જુઓ, તમારી પાસે બે પગ, બે હાથ અને બે આંખો છે. મારે તેમાંના માત્ર  એક જ જોઈએ છે, જેમનું વળતર કુલ મળીને 50,000 રૂપિયા થાય છે! જો આપણે આખી જોડીની કિંમત નક્કી કરીશું તો એ કિંમત બમણી થઈને 100000 રૂપિયા થઈ જશે! એટલે કે તમારા શરીરના માત્ર ત્રણ અંગોની કિંમત નક્કી કરીએ તો તમને ઓછામાં ઓછા 100000

રૂપિયા હાલ ઉભા-ઉભા મળી શકે તેમ છે; તો પછી તમે કેવી રીતે કહી શકો કે તમે ગરીબ છો? તમે તો ખૂબ ધનવાન છો. ભીખ માંગવાનું બંધ કરો, અને અલ્લાહે આપેલી આ મહાન સંપત્તિનો ઉપયોગ કરો! અને જો એવું કરશો તો ખરેખર તમે વિશ્વમાં સૌથી ધનવાન વ્યક્તિ બની શકશો!" વાતનો મર્મ એ છે કે, ઈશ્વરે આપણને ખરેખર અસાધારણ ક્ષમતાઓથી સંપન્ન કર્યા છે; પરંતુ સામાન્ય-રીતે આપણી પોતાની ક્ષમતાઓ તરફ ક્યારેય ધ્યાન જ આપતા હોતા નથી; આપણને તેની કોઈ કદર જ હોતી નથી! આપણે જ્યારે એને ગુમાવી દઈએ છીએ ત્યારે આપણને ભાન થાય છે કે, ઓહ, મારી પાસે કેટલી અમૂલ્ય વસ્તુ હતી!!

એક ચોવીસ વર્ષના, મશીન ઓપરેટર તરીકે ફરજ બજાવતા યુવક, જેમ્સ થોમસનો દાખલો જુઓ. કોઈક બીમારીને લીધે, તેની બંને કિડની ખરાબ થવા લાગી હતી. આથી, તેને એઈમ્સ હોસ્પિટલ (નવી દિલ્હી) માં દાખલ કરવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ છેલ્લા ઉપાય તરીકે એવું સૂચવ્યું કે, તેના માટે જીવિત રહેવાનો એકમાત્ર માર્ગ, કોઈ અન્ય દાતા પાસેથી કિડની મેળવવાનો છે. હવે, કિડની એ કુદરતની ઉપજ છે, જેને કોઈ માનવ ફેક્ટરીમાં બનાવી શકાતી નથી, ભલે પછી આપણી પાસે લાખો, કરોડો કે અબજો રૂપિયા હોય. કિડનીની અમૂલ્ય ભેટ અન્ય દાતા તરફથી મળ્યાં પછી હજુ પણ, કિડનીના ટ્રાન્સપ્લાન્ટ માટે, તેણે 45000 રૂપિયાનો ખર્ચ કરવો પડે તેમ હતો. વાત એમ છે કે, તેણે શરીરના મહત્વના આ નાનકડા એવા અંગ વિશે ક્યારેય આના પહેલા વિચાર કર્યો ન હતો, અને હવે તેની ગેરહાજરીમાં

તેને તેની કિંમત સમજાઈ રહી હતી (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, જાન્યુઆરી 10, 1980)

સાચી વાત તો એ છે કે જ્યારે વ્યક્તિ પાસે કશું નથી હોતું, ત્યારે પણ તેની પાસે ઘણું બધુ હોય છે, ખાસ કરીને તેનું મગજ અને શરીર! આ બંને ક્ષમતાઓનો ઉપયોગ કરીને માણસ સાધનવિહીન વ્યક્તિમાંથી સાધનસંપન્ન બની શકે છે, તે દરિદ્રમાંથી સમૃદ્ધ બની શકે છે, તે સફળતાને પોતાના કદમ ચૂમવા પર મજબૂર કરી શકે તેમ છે. જ્યારે તમારી પાસે વસ્તુઓને પકડવા માટે હાથ હોય, ચાલવા માટે પગ હોય, બોલવા માટે જીભ હોય, તો ખરેખર, તમારી પાસે આ દુનિયામાં જીવવા માટે જરૂરી છે, તે બધું જ છે. એવું કંઈપણ વ્યક્તિની પહોંચ બહારનું છે જ નહીં, જે ભૌતિક માધ્યમથી મેળવી શકાતું હોય!

## નબળાઈની સબળાઈ

મહાત્મા ગાંધી એક આધ્યાત્મિક નેતા તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે, તે વાતથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. પરંતુ, મોટાભાગના લોકોને એ જાણ નહીં હોય કે તેઓ સ્વભાવે ખૂબ જ શરમાળ વ્યક્તિ હતા. જેઓ તેમના ઉદયની વિગતોથી અજાણ છે, તેઓને એ જાણીને ખૂબ નવાઈ લાગે છે કે ગાંધીજી, તેમની શરૂઆતની કારકિર્દીમાં, ઘણી વખત ગભરાટને કારણે કાંઈ બોલી શકતા ન હતા; અને મૌન થઈ જતા હતા.

જ્યારે તેઓ લંડનમાં ભણતા હતા, ત્યારે તેઓ એક શાકાહારની હિમાયત કરતાં જૂથ સાથે જોડાયા હતા. એક વખત, તેમને શાકાહાર બાબતે ભાષણ આપવાનો વારો આવ્યો, પરંતુ તેઓ પોતાની વાત વ્યક્ત જ કરી શક્યા નહીં. તેઓ બસ થોડાં આભાર માટેના શબ્દો બોલ્યા અને પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું. આવી જ રીતે, બીજી એક વખત, આવી જ એક તક તેમને ફરીથી મળી. આ વખતે, તેઓ પોતાના વિચારો કાગળ પર મૂકીને, ખૂબ તૈયારી સાથે આવ્યા હતા. પરંતુ આ વખતે પણ, તેઓ પહેલાંની જેમ, કશું જ બોલી શક્યા નહીં. આથી, તેમના બદલે અન્ય કોઈ વ્યક્તિને બોલવા ઉભા કરવા પડ્યા હતા.

લંડનમાં તેમની કાયદાની પરીક્ષાઓ પાસ કર્યા પછી, તેમણે બોમ્બેમાં વકાલતની પ્રેક્ટિસ શરૂ કરી હતી. પરંતુ કોર્ટમાં જ્યારે પહેલી વખત પ્રસ્તુત થયા, ત્યારે તેઓ એટલા નર્વસ થઈ ગયા હતા કે તેઓ તેમના અસીલના કેસની દલીલ જ કરી શક્યા નહીં, અને તેમણે પોતાના ગ્રાહકને, તેના કેસ માટે, અન્ય વકીલ પસંદ કરવાનું કહેવું પડ્યું હતું.

પરંતુ, ગાંધીજી લખે છે કે, તેમની આ નબળાઈ કેવી રીતે સબળાઈમાં પરિવર્તિત થઈ:

*"ભાષણ આપવામાં મને થતો ખચકાટ, જે એક સમયે મારી દુખતી નસ હતી. આજે એ જ મારી મજબૂત નસ છે. આને કારણે હું*

સરળતાથી શબ્દોનું સંચાલન કરી શકું છું. વિચારોનું નિયમન કરવાની આદત મારામાં કુદરતી રીતે વિકાસ પામી શકી છે. વણવિચાર્યો શબ્દ મારી જીભ કે કલમમાંથી ભાગ્યે જ બહાર નીકળ્યો હશે, એ વાતનું હું ગૌરવ લઈ શકું છું. "

મહાત્મા ગાંધી તેમના ધારદાર અને વિચારશીલ ભાષણો માટે જાણીતા છે. પરંતુ આ ઉત્કૃષ્ટ લક્ષણ તેમને એવા લક્ષણને લીધે મળ્યું, જેને આપણે, સામાન્ય રીતે, ખામી તરીકે જોતાં હોઈએ છીએ.  શરૂઆતમાં, જે સંકોચની લાગણી, તેમને જાહેરમાં ભાષણ આપવામાં અડચણરૂપ બનતી હતી; પાછળથી, તે જ ખાસિયત, તેમના ભાષણને ટૂંકું, સુખદ અને ખાસ કરીને વિચારશીલ બનાવવામાં સહાયક પુરવાર થઈ હતી.

મહાત્મા ગાંધીની ખ્યાતિમાં તેમના શબ્દોની અર્થવ્યવસ્થા અને વિચારશીલ ભાષણોનો ખૂબ મોટો ફાળો છે. જો કે, બહુ ઓછા લોકો જાણે છે કે તેમનો આ વિશિષ્ટ અને સબળો ગુણ, એક સમયે તેમના, સામાન્ય અને નબળા જણાતા ગુણમાંથી આકાર પામ્યો હતો.

## વ્યર્થ અફસોસ

એક અમેરિકન મનોવૈજ્ઞાનિકના અવલોકન અનુસાર માણસ પોતાનો મોટાભાગનો સમય વ્યર્થ અફસોસ કરવામાં વેડફતો હોય છે. ભૂતકાળની કડવી યાદોને વાગોળવામાં કે પોતે

આવું કરવાને બદલે તેવું કર્યું હોત તો કેવું સારું થાત, ફલાણાએ પોતાની સાથે કેવું વર્તન કર્યું હતું; મિત્રો, પાડોશીઓ કે સંબંધીઓએ તેમના તરફ કેવું વલણ રાખ્યું હતું વગેરે બાબતો પર નિરર્થક વિચારો કરવામાં માણસની ખૂબ જ મૂલ્યવાન ઉર્જા ખર્ચાઈ જતી હોય છે.  ધંધાદારી વ્યક્તિ એવું વિચારીને દુ:ખી થતી હોય છે કે, "મેં ફલાણાને બદલે ઠીકરા પ્રોજેક્ટમાં રોકાણ કર્યું હોત, તો મને પૂંછડું નુકશાન ના થયું હોત!". પરિણીતા એવો અફસોસ કરતી હોય છે કે, "આના કરતાં તો પેલા સાથે લગ્ન કર્યા હોત, તો હું કેટલી ખુશ હોત!". ઘરડા દંપતીને રંજ હોય છે કે, "આપણે મકાનના ભાડાઓ ભરવાને બદલે લોન લઈને હપ્તા ભર્યા હોત, તો આજે આપણું ઘરનું ઘર હોત!!" વગેરે વગેરે, અને આવી અફસોસજનક બાબતોની યાદી બનાવવા બેસીએ તો તેનો કોઈ અંત આવે એમ નથી.

મનમાં સતત આવા વિચારોનું પાલન-પોષણ કરવું એ ખરેખર સમય અને શક્તિનો સંપૂર્ણપણે બગાડ છે. જ્યારે આવો કોઈપણ વિચાર આવે, ત્યારે તરત જ સજાગ થઈને એ ચકાસવું જોઈએ કે, તેમાં આપણે કાંઈ પણ કરી શકીએ એમ છીએ? હવે એમાં કાંઈ થઈ શકે એમ છે? હજું પણ રચનાત્મક રીતે કોઈ જાતનું સમાધાન લાવી શકાય એમ છે? સંબંધો સુધારી શકાય એમ છે? નવી પરિસ્થિતિનો વિચાર કરી શકાય એમ છે? જો આ પ્રશ્નોનો જવાબ એવો હોય કે, "ના, એમાં હવે કાંઈ થઈ શકે એમ નથી!" તો પછી, તરત જ, જૂના અને આપણા મનને પીડતા વિચારને ત્યજી દેવો જોઈએ, અને બીજા નવા વિચાર તરફ વળી જવું જોઈએ. "હું

આગલી વખતે વધુ સારું કરીશ!" અથવા "ભવિષ્યમાં હવે આવો કોઈપણ નિર્ણય લેતા પહેલા હું વધુ ઊંડાણપૂર્વક વિચારીશ!" અથવા "હું પોતે જ ધ્યાન રાખીશ કે સંબંધો વણસે નહીં!". આ પ્રકારનો સકારાત્મક અભિગમ તમને ભૂતકાળના દુ:ખમાંથી બહાર લાવશે, તેમજ ભવિષ્યમાં આવી કોઈ પરિસ્થિતિનું પુનરાવર્તન થાય ત્યારે માનસિક અને ભાવનાત્મક સંતુલન સાથે મામલાઓને થાળે પાડવામાં પણ મદદરૂપ થશે.  એવી પરિસ્થિતિઓ કે જેમાં હવે કાંઈ પણ થઈ શકે એમ નથી, ત્યાં શરણાગતિ સ્વીકારીને પરિસ્થિતિ પ્રમાણે વસ્તુ / મામલાને શક્ય તેટલી અલગ રીતે જોવું એ વધુ સલાહભર્યું છે.

આવા અભિગમથી પ્રાથમિક લાભ એ થાય છે કે તેમાં આત્મ-દયાના ભાવમાં ડૂબી જઈને વેડફાઈ જતો સમય અને શક્તિની બચત થાય છે, તથા પોતાની જાતે વિકસાવેલી વેદનામાંથી છૂટકારો મળે છે. તેમજ, સકારાત્મક વિચારસરણી દ્વારા કડવી યાદોને ભવિષ્ય માટે જીવનના અમૂલ્ય પાઠો તેમજ ઉપયોગી અનુભવોમાં ફેરવી શકાય છે.

સાથે-સાથે એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે ભવિષ્ય વિશે સતત ડરતાં રહેવું એ ભૂતકાળ પર વિલાપ કરવા જેટલું જ નિરર્થક છે. નકારાત્મક અને ભયજનક વલણ અપનાવવાથી યોગ્ય ભવિષ્યનું નિર્માણ  ક્યારેય કરી શકાતું નથી.

અમેરિકન ઈતિહાસકાર સ્વ. બી. ટચમેનના મતાનુસાર, "ઇતિહાસનું નિર્માણ એ લોકોની ખોટી ગણતરીઓનો સાચો ખુલાસો હોય છે!" મતલબ કે, ઈતિહાસ એ લોકોની અપેક્ષાઓ પ્રમાણે આકાર પામતો હોતો નથી. વર્તમાનમાં આકાર લઈ રહેલી ઘટનાઓને આધારે, લોકો પોતાની મરજી મુજબની ધારણાઓ પ્રમાણે ચુકાદાઓ રજૂ કરતાં હોય છે. પરંતુ, ઇતિહાસનું વાસ્તવિક નિર્માણ બધી જ આગાહીઓને નકારી કાઢે છે. એવી પરિસ્થિતિઓ પરિણમતી હોય છે, જે લોકોની અપેક્ષાઓથી બિલ્કુલ વિપરીત પૂરવાર થાય છે.

ઉદાહરણ તરીકે, ઈસ્લામિક ઈતિહાસમાંથી એક ઘટના જોઈએ. હિજરીના 6ઠ્ઠા વર્ષમાં, જ્યારે પયગંબર મુહમ્મદ અને મક્કાના કુરૈશ વચ્ચે સુલહ હુદાયબિયાના નામથી પ્રચલિત એક શાંતિ-કરારની સંધિ થઈ હતી, ત્યારે કુરૈશ એવું વિચારતા હતા કે પયગંબર સાહેબના અનુયાયીઓએ પોતાના જ પતનના આદેશ પર સહી કરી દીધી છે. કારણકે શાંતિની સ્થાપના ખાતર, તેઓએ બધી જ શરતો સ્વીકારી લીધી હતી, જે બધી કુરૈશના તરફેણમાં હતી. પરંતુ, પયગંબર સાહેબના અનુયાયીઓ માટે દેખાતી ચોખ્ખી હાર, બાદમાં, એક મોટી જીતના બીજ સમાન સાબિત થઈ હતી.

આખા જગતના ઈતિહાસમાં આવું વારંવાર બન્યું છે. ઈ. સ. 1945માં બીજા વિશ્વયુદ્ધ વખતે, જ્યારે જાપાનના હિરોશિમા અને નાગાસાકી નામના શહેરોને અણુ-બોમ્બ ઝીંકીને તબાહ કરી દેવાયા હતા, ત્યારે અમેરિકનોને એવું જ લાગતું હતું કે  જાપાન હવે દાયકાઓ સુધી ઊભું થઈ શકશે નહીં, અને ખંડેર બનીને રહી જશે. પણ, ઘટનાના ચાલીસ વર્ષમાં જ જાપાન ના તો માત્ર તેની આર્થિક ઊંચાઈના શિખર પર પહોંચ્યું, બલ્કે વિશ્વના સૌથી શક્તિશાળી અને અગ્રણી દેશોમાંનું એક બન્યું.

જેઓની બધી જ ઉર્જા ખોરવાઈ ગઈ છે, તેઓ ઈતિહાસની આવી હકીકતોમાંથી સાંત્વના લઈ શકે છે. અનુભવ દર્શાવે છે કે વર્ષોથી નિષ્ક્રિય રહેલા જ્વાળામુખીમાંથી અચાનક તણખાઓ ફૂટે છે. આ જગતમાં કોઈપણ અસ્તિત્વનું વિલોપન એ દર્શાવે છે કે તે પૃથ્વી પર એક નવી શક્તિ તરીકે ઊભરી આવવા અને તેનું સ્થાન લેવા માટે તૈયાર છે. એક જૂની ઉર્જા, બીજી નવી ઉર્જા તરીકે જીવતી થતી હોય છે.

નિરાશાજનક ઘટનાઓને જોઈને વ્યક્તિએ ક્યારેય આશા ગુમાવવી જોઈએ નહીં. કારણકે, જ્યારે ઈતિહાસનું પન્નું પલટાય છે, ત્યારે ઘટનાઓ આપણી બધી અપેક્ષાઓ અને ધારણાઓની વિરુદ્ધ દિશામાં ફેરવાઈ જાય છે.

# અગવડતાને પાછળ છોડી દો

ઈ. સ. 1969માં, જ્યારે અમેરિકાએ તેનું પ્રથમ માનવસહિત અવકાશયાન લોન્ચ કર્યું, ત્યારે પ્રથમ તબક્કાના રોકેટ બૂસ્ટરોએ એટલી તીવ્રતાનો અને ભયાનક અવાજ ઉત્પન્ન કર્યો હતો કે ૧૦૦ માઈલની ત્રિજ્યામાંનો સમગ્ર વિસ્તાર તેનાથી હચમચી ગયો હતો. પરંતુ રોકેટની અંદર સવાર અવકાશયાત્રીઓ, તેમની યાત્રામાં, આવા કાન ફાડી નાખે એવા અવાજ વચ્ચે પણ એકદમ સહજતાથી આગળ ધપી શક્યા હતા, એનું કારણ એ હતું કે માત્ર 10 સેકંડના અંતરાલ પછી, તેમના પર આ ધ્વનિની કોઈપણ અસર થવાનું બંધ થઈ ગયું હતું. તેઓ નિરાંતે અને શાંતિથી મુસાફરી કરી શક્યા તેનું મોટું કારણ એ હતું કે રોકેટે પોતાનો ભયંકર ઘોંઘાટ  તેની પાછળ છોડી દીધો હતો.

આ બાબત, વૈજ્ઞાનિક ગતિના નિયમથી સમજી શકાય એવી છે - ધ્વનિની ઝડપ ૭૦૦ માઈલ પ્રતિ કલાકની હોય છે, જ્યારે કે આ રોકેટની ઝડપ ૨૫૦૦૦ માઈલ પ્રતિ કલાકની હતી, જે અવાજની ઝડપ કરતાં ક્યાંય ગણી વધારે હતી. આને લીધે, રોકેટ થોડી જ વારમાં ધ્વનિના વિસ્તારમાંથી બહાર નિકળી જાય છે, અને આ ભયંકર અવાજ અવકાશયાત્રીઓના કંટ્રોલ રૂપ સુધી પહોંચી શકતો નથી.

પરંતુ, રોકેટથી વિપરીત, વિમાનમાં સિવાય કે તે સુપરસોનિક પ્રકારનું હોય, મુસાફરી દરમિયાન એન્જીન દ્વારા ઉત્પન્ન થતો અવાજ તેની સાથે જ રહે છે.  ઘણા માણસો અને આખેઆખા માણસોના સમાજો કે સમુદાયો, આવા વિમાન જેવા હોય છે, જેઓ જીવનભર પ્રતિકૂળ સંજોગોને સાથે લઈને જ ચાલતા હોય છે. આ સંજોગો, વ્યક્તિના પોતાના દ્વારા ઉભા કરવામાં આવ્યા હોય કે અન્ય લોકો દ્વારા, પણ બહુ જ પીડાદાયક હોય છે. માનવ-અસ્તિત્વના આવા પાસાઓને ઘણા વ્યક્તિઓ તેની પાછળ છોડી મૂકવા માંગતા હોય છે, જેમ રોકેટ પોતાના ઘોંઘાટને પાછળ છોડી દે છે. પરંતુ કેવી રીતે જીવનમાં આવી દેખીતી અને કાયમી અગવડતાથી આગળ વધી શકાય? ઉપાય એક જ છે: ચોક્કસ અને યોગ્ય ઉદ્દેશ્યો નક્કી કરીને, તેના તરફ સતતપણે ખંતપૂર્વકના સખત પ્રમાણમાં પ્રયાસો કરો. પ્રતિકૂળતાના પ્રભાવથી બચવાનો આના જેવો બીજો કોઈ ઈલાજ નથી.

એકમાત્ર સકારાત્મક પરિબળ એ સ્વ-સહાય છે, જે આપણને આસપાસના વાતાવરણના આંચકાઓથી બચાવે છે, અને શાંતિના ઉચ્ચ સ્તર સુધી લઈ જાય છે. આપણા હેતુપૂર્ણ અને શ્રેષ્ઠતમ પ્રયાસો જ આપણને માનવ-પ્રગતિની અગવડતાઓને પાછળ રાખીને, તેનાથી ઉત્પન્ન થતાં ભયંકર ઘોંઘાટથી વંચિત રાખીને આપણને રોકેટના અવકાશયાત્રીઓની જેમ સુરક્ષિત કરી શકશે.

# સન્માનિત સ્થાન

લોકોમાં સન્માન મેળવવાનું એકમાત્ર રહસ્ય એ પોતાની ફરજો દ્વારા તેમને ફાયદો પહોંચાડવાનું છે.  જો તમે આ વાતની ખાતરી આપી શકો, તો તેઓ તમારી અવગણના કરી શકશે નહીં.

એક શિક્ષિત યુવકે, પોતાના પરિવારની અપેક્ષાથી વિપરીત દેખાતી યુવતી સાથે લગ્ન કર્યા.  તેણીની નણંદ - ભાભીઓએ ખુલ્લેઆમ તેણી પ્રત્યે નારાજગી દર્શાવી. તેમજ, પરિવારના દરેક સભ્યએ તેની સાથે એવું વર્તન કર્યું જાણે કે તેણીની કોઈ કિંમત જ ના હોય. બધા તેના તરફ મોં બગાડતાં હતા, કારણકે તેમને તેણી દીઠી ગમતી ના હતી. તેણીના પ્રવેશનો આ ઘરમાં કોઈ સ્પષ્ટ હેતુ જણાતો નહોતો.

છોકરી ભલે દેખાવે એટલી બધી સુંદર ના હતી, પરંતુ સ્વભાવે ખૂબ ડાહી અને બુદ્ધિશાળી હતી. તેણીએ પરિવારના વર્તન પ્રત્યે બિલ્કુલ પોતાનો રોષ દર્શાવ્યો નહીં. તેણીને ખ્યાલ હતો કે સુંદરતા તો એક-બે દિવસની મહેમાન કહેવાય, પરંતુ કર્મનું મૂલ્ય કાયમી હોય છે. તેણીએ નક્કી કરી રાખ્યું હતું કે દેખાવને કારણે ભલે તેની કોઈ કદર ના થાય, પરંતુ તેણી કામકાજ દ્વારા જરૂર બધાનું દિલ જીતી લેશે, અને પોતાનું સ્થાન સન્માનપૂર્વક પ્રાપ્ત કરશે.

તેણીએ ચૂપચાપ ઘરની તમામ જવાબદારીઓ સંભાળવા માંડી. રસોડુ સંભાળવાનું હોય કે મહેમાનો આવવાના હોય, કે ઘરના કોઈ અન્ય કામકાજ હોય, તેણીએ પોતાની આવડતથી ખૂબ જ સરસ રીતે ઘરનું સંચાલન પોતાના હાથમાં લઈ લીધું. આ બધું કરવા તેણીએ કોઈના કહેવાની રાહ જોઈ નહીં, અને પોતાની ફરજ સમજીને જ કર્યું.

મહિલાએ તેમના તરફ ન તો કોઈ નકારાત્મક શબ્દ ઉચ્ચાર્યો, અને ન તો પરિવારના કોઈ સભ્યને વળતો જવાબ આપ્યો. તેણીએ ફક્ત પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અને પરિણામ એ આવ્યું કે ટૂંક સમયમાં જ તેણી પ્રત્યે પરિવારના તમામ સભ્યોનું વર્તન સાવ બદલાઈ ગયું.

વાત ઘરની હોય કે કુટુંબની, સંબંધીઓની હોય કે સમાજની, નોકરીની હોય કે ધંધાની, ગામની હોય કે દેશની, પરંતુ સન્માનિત સ્થાન મેળવવા માટેનો સૌથી શાણપણભર્યો માર્ગ એ ઉપરોક્ત મહિલાએ દર્શાવેલું વલણ અને કાર્યવાહી છે. આદર મેળવવાનું એકમાત્ર રહસ્ય એ છે કે પોતાની ફરજો દ્વારા, બીજા પ્રત્યેની જવાબદારીઓ નિભાવીને પોતાને સાર્થક સાબિત કરવું. ત્યારબાદ, લોકો તમને ફક્ત માન જ નહીં આપે, પરંતુ તેઓને તમારા વગર ચાલશે પણ નહીં.

# અન્યોને માર્ગ આપો

મોટા શહેરોમાં, દરરોજ લાખો લોકો, બસોમાં, કારમાં, તથા અન્ય વાહનોમાં, ઉત્તરથી દક્ષિણ તરફ, પૂર્વથી પશ્ચિમ તરફ, કે તેની વિરુદ્ધ, આગળથી પાછળ અને પાછળથી આગળ તરફ મુસાફરી કરે છે. તેઓ મોટા રસ્તાઓ પર જાણે કે જમીનમાં રચેલી જાળીદાર ગોઠવણીમાં ક્યારેક સમપ્રમાણિત રીતે તો ક્યારેક અસમપ્રમાણિત રીતે, એકબીજાની આરપાર થાય છે. તેમ છતાં, ટ્રાફિકના આવડા મોટા પ્રવાહમાં, આગળ વધવામાં કોઈ મૂંઝવણ કે અથડામણ નથી થતી (સિવાય કે કોઈ નિયમોનું ઉલ્લંઘન કરે), કારણકે દરેક મોટા શહેરમાં તેની તમામ ક્રોસરોડ્સ પર ટ્રાફિક લાઈટ્સની વ્યવસ્થા હોય છે. લાલ લાઇટ અટકવાનો ઈશારો દર્શાવે છે, જ્યારે લીલી લાઇટ આગળ વધવાનું સૂચન કરે છે.

જો તમામ  ડ્રાઇવરો મુસાફરીના નિયમોનું પાલન કરે, જેમકે લાલ લાઇટ પર રોકાય જાય, લીલી લાઇટ પર આગળ વધે, તો ટ્રાફિકનો પ્રવાહ વધારે સરળ અને અકસ્માત-મુક્ત બન્યો રહે છે. આના માટે ડ્રાઇવરોએ અન્યોને તેમનો માર્ગ આપવાનું વલણ અપનાવવું જરૂરી છે. જીવનની બાબતોમાં પણ આવું જ છે. લોકોએ અન્યોને તેમનો માર્ગ, તેમજ તેમના અધિકારો આપવાનું વલણ અપનાવવું જરૂરી છે,  આવું કરશે તો જ તેઓ પોતાના માટે માર્ગ કે અધિકારોનો દાવો કરી શકશે. આમ નહીં કરનારા લોકો,

અરાજકતા અને મૂંઝવણ ઊભી કરનારા અને ટ્રાફિક-જામ કરી દેનારા ડ્રાઇવરો જેવા છે.

## નૈતિક વારસો

એક ગામમાં કરીમ બક્ષ નામનો સાધારણ અને ધાર્મિક વ્યક્તિ રહેતો હતો. તેણે ગામમાં પોતાની સામાન્ય આજીવીકા રળીને શાંતિથી જીવન વિતાવ્યું. અંદાજીત 65 વર્ષની ઉંમરે તેનું અવસાન થયું. તેણે પોતાના પરિવાર માટે વારસામાં કોઈ મોટી મિલકત છોડી ના હતી. રોઝીરોટીની તલાશમાં તેનો મોટો પુત્ર, રહીમ, ગામ છોડીને શહેરમાં સ્થાનાંતરિત થયો. તેની પાસે જે કાંઈ પણ નાની-મોટી મૂડી હતી, તેમાંથી તેણે પોતાનો નાનો વ્યવસાય શરૂ કર્યો.

કરીમ બક્ષે વારસા તરીકે ભલે તેના પરિવાર માટે કોઈ મોટી જાયદાદ છોડી ના હતી, પરંતુ વસિયત તરીકે તેણે તેના પરિવારને જે અર્પણ કર્યું હતું, તેની કિંમત આંકી શકાય એવી નથી. તેણે તેના પરિવારને આપ્યા હતા, સુસંસ્કાર - જીવનમાં સાદગીની પ્રેરણા, કોઈની સાથે ઘર્ષણ કે અથડામણમાં પડવું નહીં અને જે કંઈપણ મળે તેમાં સંતોષ માનવો. આ આદર્શોને વળગી રહેવાને કારણે, રહીમનું પ્રારંભિક રોકાણ નજીવું હોવા છતાં, ધંધામાં તેમજ જીવનના અન્ય પાસાઓમાં ધીમી પરંતુ સ્થિર પ્રગતિ કરવામાં સફળ રહ્યો. ઘર્ષણ/અથડામણથી દૂર રહેવાનું તેનું જન્મજાત શિક્ષણ તેના વ્યવસાયને આગળ વધારવા માટેના

માર્ગને વધારે સરળ બનાવતુ હતું.  કહેવાની જરૂર નથી કે તેની સાથે સંપર્કમાં આવતાં દરેક વ્યક્તિ તેનાથી રાજી હતા, અને જરૂરિયાતના સમયે બધા તેના માટે હાજર પણ રહેતા. રહીમનું મૂડી-રોકાણ અને સાધન-સામગ્રી મર્યાદિત હોવા છતાં, તેના વાજબી વ્યવહાર અને તેની વચનબદ્ધતા બદલ તેનું ખૂબ માન થતું અને લોકો તેની ખૂબ ઈજ્જત પણ કરતાં, આથી તેને ઘિરાણમાં પણ કોઈ કમી રહેતી નહીં.  કદાચ કોઈ ઘર્ષણ કે અથડામણ થાય અને કોઈ વ્યક્તિ તેની સાથે અન્યાય કરે, તો તેના માટે પણ તે દુઆ કરતો. જ્યારે પણ તેને કોઈ લોભ-લાલચ અથવા અપ્રામાણિક કે અન્યાયી ખ્યાલ પણ આવતો, ત્યારે અચાનક જ તેની નજર સમક્ષ તેના પિતાનો નિર્દોષ ચહેરો તરવરી ઉઠતો. તેને ખ્યાલ હતો કે કોઈપણ જાતનું ખોટું કામ કે છેતરપિંડી તેના ગરીબ પિતાની રૂહ (આત્મા) ને કબરમાં કેવી યાતના પહોંચાડી શકે છે. આ પ્રકારના પવિત્ર ભયથી તેનું મન બધી લોભ-લાલચથી પાક રહેતું, તેમજ તેના પિતાના માર્ગે આગળ વધવા માટે પ્રેરણા તેમજ માનસિક શાંતિનો અનુભવ કરતું હતું.  રહીમનો ધંધો ભલે સામાન્ય હતો, પરંતુ તેની સૌજન્યતા, પ્રામાણિકતા અને નિઃસ્વાર્થતા એવી હતી કે તે એક ટોચના ધંધાદારી ધનાઢ્ય વ્યક્તિ તરીકે સન્માન અને ગૌરવ સાથે જીવી શકતો હતો.

જ્યારે તેનો ધંધો પ્રસારવા લાગ્યો, ત્યારે તેને વધારે સહાયકોની જરૂર પડી. તેથી, તેણે એક પછી એક ભાઈઓને ગામમાંથી શહેરમાં બોલાવ્યા. અને ચારેય ભાઈઓ એક જગ્યાએ

ભેગા થઈ ગયા. દરેક ભાઈ એક વિભાગની જવાબદારી સંભાળી શકે તેવી રીતે તેનો ધંધો ચાર અલગ-અલગ વિભાગમાં વહેંચવામાં આવ્યો. તેઓ એક સંયુક્ત કુટુંબ તરીકે ખુશીથી સાથે રહેવાનું શરૂ કરી શક્યા, જોકે, પોતપોતાના ક્ષેત્રમાં, તેઓ એકબીજાથી સ્વતંત્ર રીતે કામ કરતા હતા.

પરંતુ થોડા સમય પછી રહીમ બક્ષને લાગ્યું કે તેના ભાઈઓ ધંધામાં જોઈએ તેટલો રસ દાખવતા નથી. આના માટે, પહેલી નજરે તો તેને માત્ર બે જ વિકલ્પો દેખાતા હતા. કાં તો, ધંધાના સૌથી વરિષ્ઠ હિસ્સેદાર અને માલિક તરીકે બધુ પોતાના હાથમાં લઈ લે, અને પોતાના બધા ભાઈઓને કાઢી મૂકે, પરંતુ આમ કરવાથી લાંબાગાળા માટે બધાનો રોષ અને દુશ્મનાવટ વહોરવી પડે તેમ હતું; અને બીજો વિકલ્પ એ હતો કે જેમ ચાલે છે એમ બધુ ચાલવા દે, પરંતુ આમ કરવાથી તેને બધાના બેજવાબદારીપૂર્વકના વર્તન લીધે, માઠા પરિણામો સ્વરૂપે, ધંધામાં ખોટ અને છેવટે દોષારોપણ અને સંબંધોમાં કડવાશ જેવી પરિસ્થિતિઓ ભોગવવા માટે તૈયાર રહેવું પડે તેમ હતું. બંને વિકલ્પો અઘરા લાગવાથી રહીમભાઈએ સબર કરવાનો નિર્ણય લીધો અને આ સબરના ભાગરૂપે તેમણે થોડાં દિવસો સુધી પ્રશ્નોનું ચિંતન-મનન કર્યું. છેવટે, એક દિવસ તેણે ત્રીજા વિકલ્પ તરીકે બધા ભાઈઓને મશવરા માટે ભેગા કર્યા, અને આખો મામલો તેમની સમક્ષ રજૂ કર્યો. તેણે એવું સૂચન કર્યું કે દરેક ભાઈ મુખ્ય ધંધાથી સંપૂર્ણપણે સ્વતંત્ર થઈને, પોતાને જોઈતા વિભાગનો ધંધાકીય માલિક બને અને ધંધાને પોતાની રીતે આગળ ધપાવે.

તેણે કહ્યું, "આપણા પિતાની રૂહ (આત્મા) ને શાંતિ પ્રાપ્ત થશે, અને મને પૂરી શ્રદ્ધા (ઈમાન) છે કે આ આપણા બધા માટે આશીર્વાદરૂપ (બરકત) સાબિત થશે, અલ્લાહની કૃપાથી આપણા પર હજુ સુધી કોઈ આફત આવી નથી!". બધા ભાઈઓએ આભારસહ તેની વાતને વધાવી લીધી અને દરેકને પોતાને યોગ્ય જણાય તેમ ધંધો કરવાની તક મળી. ટૂંકી ચર્ચા પછી, એવું નક્કી કરવામાં આવ્યું કે વિવિધ વિભાગો માટે સૌથી વ્યાજબી રસ્તો એ ચિઠ્ઠી કાઢવાનો રહેશે, અને દરેકને સંતોષ રહે તે રીતે પેઢીના વિભાગોનું વિતરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ, ચારેય ભાઈઓ પોતાના કામકાજ પોતાની મરજીથી સમજીને પાર પાડવા લાગ્યા, દિવસ-રાત સખત મહેનત કરવા લાગ્યા. અને પોતાના સંતાનોને પણ ધંધામાં લાવી શક્યા.

ચારેય ભાઈઓના એકબીજા સાથે સંબંધો વધુ સુધાર્યા છે, અને હંમેશા એકબીજાની મદદ માટે તૈયાર રહે છે. જો કે આવાસ માટે બધાએ પોતાના કુટુંબ માટે અલગ સ્વતંત્ર ઘર બાંધ્યું હતું, બધા રહીમ બક્ષને હજુ પણ સૌથી મોટા ભાઈ તરીકે આદર આપે છે. ઘરની મહિલાઓ અને બાળકો પણ જ્યારે જરૂરિયાત હોય ત્યારે એકબીજાને મદદ કરવા તૈયાર હોય છે; અને બધા હજુ પણ પોતાને એક મોટા પરિવાર તરીકે સમજીને સુખ અને સંપથી રહે છે.

મોટાભાગના મા-બાપ પોતાના સંતાનો માટે સારામાં સારા વારસા તરીકે ભૌતિક સંપતિ અને મિલકત આપવાનો અભિગમ રાખતા હોય છે. જ્યારે કે, વાસ્તવમાં, સૌથી ભાગ્યશાળી સંતાનો એ છે, કે જેમના માતાપિતા પોતાની જીંદગી તેમને સૈદ્ધાંતિક જીવન અનુસરવા માટે એક મોડેલ તરીકે છોડી દે છે. જેમણે આ દુનિયા છોડતા પહેલા પોતાના બાળકોને સખત પરિશ્રમમાં વિશ્વાસ રાખવાનું, અથડામણ ટાળવાનું, સંતોષી રહેવાનું, તાત્કાલિક લાભને બદલે ભવિષ્યની તકો માટે રાહ જોવાનું અને મન-મરજીવાળી  વિચારસરણીમાં વ્યસ્ત રહેવાને બદલે વાસ્તવિક વલણ અપનાવવાનું શીખવ્યું છે, તેઓએ તેમની પાછળ એક એવો નૈતિક વારસો છોડી દીધો છે જે વિશ્વની સૌથી મોટી મિલકત કરતાં પણ વધારે સ્થાયી અને વધુ મૂલ્યવાન છે. પણ કેટલા એવા મા-બાપ હશે, જેઓ આ મોટી વાસ્તવિકતાને સમજે છે?

## પૂર્વજોને શ્રદ્ધાંજલિ

એક મહાન આધુનિક લેખક અને ફિલસૂફ શ્રી જ્યોર્જ બર્નાર્ડ શોએ તેમના ખૂબ પ્રચલિત અગ્રદૂત શ્રી શેક્સપિયરને આ શબ્દોમાં શ્રદ્ધાંજલિ આપી હતી: "તેઓ મારા કરતાં કદમાં ખૂબ ઊંચા હતા, પરંતુ હું તેમના ખભા પર ઊભો છું." આ વાતથી લગભગ અઢી સદી પહેલા શેક્સપિયરે અંગ્રેજી ભાષાને કાવ્યાત્મક અને સાહિત્યિક સ્વરૂપે રજૂ કરીને ખૂબ સમૃદ્ધ બનાવી હતી, ત્યારબાદ તેમના સાહિત્યિક અનુગામીઓએ તેમનું કામ આગળ

ધપાવ્યું હતું. સંસ્કારિતા અને સંવર્ધન માટે કાર્યરત આવી સતત પ્રવૃતિઓને કારણે જ શ્રી શોને સાહિત્યના શિખરો સર કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું, અને તેઓ વિશ્વ સ્તરે ખ્યાતિ પામ્યા હતા. જો શ્રી શોના પુરોગામીઓએ તેમને ઊભા રહેવા માટે આ 'ખભા' પ્રદાન કર્યા ન હોત, તો તે ક્યારેય પણ - તેના સખત પ્રયત્નો છતાં - શ્રેષ્ઠતાના આવા ઉત્કૃષ્ટ સ્તર સુધી પહોંચી શક્યા ના હોત.

પોતાના પૂર્વજોની સિદ્ધિઓ પરનું આવું અવલંબન એ બધી રચનાત્મક અને સર્જનાત્મક કાર્યો માટે જરૂરી વિશેષતા છે. કોઈપણ ક્ષેત્ર હોય, જો આપણા પૂર્વજોએ તેમાં પોતાનું યોગદાન ના આપ્યું હોય, તો આપણા માટે તેમાં ઉચ્ચ લક્ષ્યો પ્રાપ્ત કરવા ખૂબ જ કઠિન બની જાય છે. પરંતુ, દુર્ભાગ્યની વાત તો એ છે કે, મોટાભાગે તો આપણને આપણા ઉદ્દેશ્યો શું હોવા જોઈએ એની પણ ખબર હોતી નથી.

આપણી બધી જ યાત્રાઓ આપણે જ્યાં ઊભા હોઈએ ત્યારથી શરૂ કરી દેવી જોઈએ, અને માર્ગમાં આવતી બધી જ પરિસ્થિતિઓ અને તબક્કાઓને પાર પાડવાનું હામ રાખવું જોઈએ. ઉજ્જવળ ભાવિ માટે, આપણે સફરમાં પ્રથમથી લઈને અંતિમ બિંદુની મધ્યમાં આવતી વસ્તુઓ કે પરિસ્થિતીઓને નકારી શકતા નથી. આથી આપણે જ્યાંથી પણ શરૂઆત કરીએ તે પહેલા, ભૂતકાળ કે પૂર્વજો તરફથી જે ઉપલબ્ધિ હાંસલ હોય, તેમાંથી પ્રેરણા મેળવવી જરૂરી છે. આ વાત એવી છે કે, જેવી રીતે

મકાન બનાવવા માટે પહેલા નીચેનો માળ બની ના રહે, ત્યાં સુધી ઉપરનો માળ બની શકતો નથી.

જે લોકો આ મૂળભૂત સત્યની દ્રષ્ટિ ગુમાવી ચૂક્યા છે, અને જેમનું મન માત્ર રોમાંચક ફિલ્મી ગાણાઓ અને ગાથાઓથી ઘેરાયેલું છે, તેઓ ઉશ્કેરણીજનક ભાષણોથી એટલા ઉત્તેજીત થઈ જાય છે કે વાસ્તવિકતાની સમજ ખોઈ બેસે છે. પરિણામે, અતિશય ભાવનાત્મક વિસ્ફોટને માર્ગ કરી આપે છે, તેમની વિચારસરણી અતાર્કિક બની જાય છે, તેમની શક્તિઓ એ હદે વેડફાઈ જાય છે કે તેઓ જીવન પ્રત્યેના "માત્ર વિરોધો ઊભા કરીને માંગ કરે રાખવી" વાળા અભિગમના અનિષ્ટને નિખારી શકતા નથી. આવા લોકો કોઈપણ જાતનું પ્રાથમિક અને યોગ્ય શિક્ષણ લીધા વિના, તેમજ વાણિજ્ય કે ઉદ્યોગ પ્રત્યેની નક્કર પ્રતિબદ્ધતામાંથી જરૂરી અને મૂલ્યવાન અનુભવ મેળવ્યા વિના જ રાજકારણ તરફ ધસી જાય છે. આવા લોકોને પોતાના પછાતપણાનો ભાગ્યે જ ખ્યાલ હોય છે, પરિણામે પોતાની જીવનશૈલીના સુધારા તરફ કોઈ ધ્યાન આપી શકતા નથી. તેઓ સમાજમાં કોઈ યોગદાન આપ્યા વગર જ પોતાના હકોના દાવા કરવામાં લાગી જાય છે. તે કહેવું કેટલું ખેદજનક લાગે છે કે આવા લોકો જે આગામી પેઢીને જન્મ આપશે તેઓ વધુ અંતર્મુખી બનશે, અને બિલ્કુલ આત્મ-નિર્ભર થઈ શકશે નહીં!! જો આજની આ સક્ષમ પેઢી આવું અવિચારી અભિગમ અપનાવતું હોય તો, તેમની આગામી પેઢી માટે શું એવી આશા હશે કે તેઓ માનસિક વિકલાંગ ના બની રહે? બધાએ એ હકીકતને

સમજવાની જરૂર છે કે માત્ર બોલવાથી કાર્યોનું પરિણામ મળતું નથી.

જ્યારે પ્રકૃતિ કોઈ એક વૃક્ષને ઉછેરવાનું નક્કી કરે છે, ત્યારે તે તેની છાતીમાં બીજને ઉગાડવાથી  શરૂઆત કરે છે. કુદરત દ્વારા લોકોને આપવામાં આવેલો આ એક પાઠ છે: જો તમારે વૃક્ષ જોઈએ છે, તો બીજથી શરૂઆત કરો; કારણકે તમે સીધેસીધા ઝાડની અપેક્ષા કરશો તો કાંઈ હાથમાં રહેશે નહીં.

## મર્યાદાઓનું વિસ્તરણ

આ સિદ્ધાંત જીવનના મોટાભાગના ક્ષેત્રોમાં લાગુ પડે છે. જ્યારે તમારી પાસે મર્યાદિત તકો હોય, જ્યારે તમારી ક્ષિતિજો સાંકડી લાગે, ત્યારે થાકી-હારીને બેસી જવાની જરૂર નથી. તે ફક્ત તમારા મગજને ઘસવાનો સવાલ માત્ર છે કે કેવી રીતે તમે તમારી **"9-**ફૂટની દુકાન**"** ને **"18-**ફૂટની દુકાન**"** માં રૂપાંતર કરી શકશો!.

જો તમારું ઘર બહુ નાનું હોય, તો તમે તેના પર બીજો માળ બનાવીને મોટું કરી શકો છો. જ્યારે તમારી પાસે રોકાણ કરવા માટે પૂરતા સંસાધનો ન હોય, ત્યારે તમારી મૂળભૂત પ્રામાણિકતા એ તમારી સફળતાની સૌથી મોટી બાંયધરી બની શકે છે. જો તમારી પાસે યુનિવર્સિટીની ડિગ્રીઓ અથવા અન્ય

ઉચ્ચ લાયકાતો નથી, તો તમારી સૌજન્યતા અને સખત મહેનત તેના કરતાં પણ મોટા પ્રમાણમાં તમને વળતર અપાવી શકે છે. જ્યારે કોઈ તમારું દુશ્મન બની બેઠું હોય, ત્યારે લડાઈ કરીને દુશ્મની વધારવાને બદલે તમે તેનું દિલ જીતીને મિત્ર બનાવી શકો છો. જ્યારે રાજનૈતિક સત્તાઓમાં તમારો હિસ્સો ઓછો થઈ ગયો હોય, ત્યારે પણ તમે અન્ય ક્ષેત્રોમાં તો વિકાસ કરી જ શકો છો અને એક અલગ જ દિશામાં, પરંતુ સમાંતર રીતે મહત્વપૂર્ણ ઉદ્દેશ્યો હાંસલ કરી શકો છો. જ્યારે તમને લાગે કે તમે નબળી સ્થિતિમાં છો, તમારા સહાનુભૂતિ કરનારાઓની સંખ્યા ઓછી છે, ત્યારે તમે એકીકૃત દળોને પ્રોત્સાહિત કરીને અને જે પણ માનવ-સંસાધનો ઉપલબ્ધ છે, તેના કાર્યક્ષમ સંગઠન તરફ પ્રયત્નો કરીને તેની ભરપાઈ કરી શકો છો.

દરેક નાની દુકાન ને મોટી દુકાન માં ફેરવી શકાય છે. દુકાન માત્ર ત્યાં સુધી જ નાની હોય છે, જ્યાં સુધી તમે તેને વિસ્તારવા માટે તમારા મગજનો ઉપયોગ ન કરો. તમારી બધી મર્યાદાઓ ઝડપથી વિસ્તારી શકાય છે, જો તમે ઈશ્વર દ્વારા તમને આપવામાં આવેલી કુદરતી ભેટોનો સદુપયોગ કરો!

## દ્રઢતાનો ઉપદેશ

રાજસ્થાનનો એક વિદ્યાર્થી તેની હાઈસ્કૂલની પરીક્ષામાં નાપાસ થયો હતો. તેણે ફરીથી પરીક્ષા આપી, ફરીથી નિષ્ફળ રહ્યો. ત્રીજી વખત કોશિશ કરી, આ વખતે પણ નિષ્ફળ પ્રદર્શન

રહેવાથી તેને થયું હવે હું મારા પરિવારને કેવી રીત મોઢું બતાવીશ, તે ખૂબ જ શરમિંદા હતો!

તે અચાનક ઘરની બહાર નિકળી ચાલ્યો. કોઈપણ મંઝિલ વગર તે આગળ ચાલતો જ રહ્યો. થોડા સમય બાદ, તે પોતાની તરસ છીપાવવા માટે એક કૂવા પાસે ગયો. કૂવા પર સ્ત્રીઓ તેમના બાળકો સાથે વારાફરતી પોતપોતાના વાસણો ભરતાં હતા. અચાનક તેની નજર એક નાની પણ ખૂબ જ મહત્વની બાબત તરફ ગઈ. તે આશ્ચર્યચક્તિ થઈ ગયો, અને તેની તરસ મટી ગઈ. જાણે કે તેની તરસ માટે પાણી ઉપરાંત તેના કરતાં પણ મોટું બીજું કંઈક મળી ગયું હતું. આ ઘટના, તેના જીવનમાં એક મોટો વળાંક લઈ આવી.  ઘટના જો કે એકદમ સરળ હતી. પાણી માટે કૂવાની મુલાકાત લેતા ગ્રામજનો સામાન્ય રીતે માટીના બે ઘડા લાવતા હતા.  તેઓ એક ઘડાને કૂવાની નજીકના એક પથ્થર પર મૂકતા અને બીજાને કૂવામાં દોરડા પર પાણી ખેંચવા માટે નીચે મૂકતા. તેના આશ્ચર્ય વચ્ચે, જે પથ્થર પર લોકો ઘડો રાખતા હતા, તે ભાગ ઘસાઈ ગયો હતો અને પથ્થરનો એટલો ભાગ સાવ બેસી ગયો હતો. તેને થયું કે ઘડો તો માટીનો બનેલો છે, પરંતુ તેના વારંવાર એક જગ્યાએ બેસવાથી પથ્થર જેવા મજબૂત અને બરળ પદાર્થમાં પણ પોલાણ કરી શકે છે. સખત તત્વ, સતત ક્રિયા દ્વારા, નરમને માર્ગ કરી આપે છે. "તો પછી શા માટે હું પણ આવા ખંતથી પ્રયાસ કરીને મારી પરીક્ષામાં સફળતા ના મેળવું? જો હું મારા અભ્યાસમાં વધુ દ્રઢ બનીને મહેનત કરીશ તો હું મારી ખામીઓને ચોક્કસ દૂર કરી શકું છું!"

આવા વિચારોએ તેને થંભાવી દીધો. તેણે તરત જ ઘરે પાછા ફરવાનું નક્કી કર્યું અને ફરી એકવાર તેના અભ્યાસ પર સખત મહેનત કરવાનું શરૂ કર્યું. તે પછીના વર્ષે તેની હાઈસ્કૂલની પરીક્ષાઓમાં ચોથી વખત હાજર થયો. આ વખતે ચમત્કારિક પરિણામ આવ્યું હતું, જે ગત વર્ષની સરખામણી કરતાં સાવ ઊલટું હતું. તેણે આ વખતે એટલા સરસ પેપર લખ્યા હતા કે તેને બધામાં ફર્સ્ટ ક્લાસ માર્કસ આવ્યા હતા. ત્રણ વખત નાપાસ થયા બાદ, આખરે તેણે પોતાની પ્રતિભા મેળવી લીધી હતી. પથ્થરનો પાઠ એક ચમત્કારની જેમ કામ કરી ગયો હતો અને આનાથી તેનું વલણ સંપૂર્ણપણે બદલાઈ ગયું હતું. એ જ વિદ્યાર્થી જે ઘરેથી ભાગી ગયો હતો, હારનો સામનો કરવામાં શરમ અનુભવતો હતો, તે તમામ પરીક્ષાઓમાં પ્રથમ આવ્યો હતો. આગળ જતાં તેણે એમ.એ.ની પરીક્ષામાં ટોપ કર્યું, ત્યારે તેને વિદેશમાં અભ્યાસ કરવા માટે શિષ્યવૃત્તિ પણ મળી અને ત્યાંથી તેણે ડોક્ટરેટની પદવી પણ હાંસલ કરી.

ઉપરોક્ત ઘટના કોઈ ચોક્કસ ગામમાં ઘટેલી એકલ-દોકલ ઘટના હોઈ શકે. પરંતુ, દરેક જગ્યાએ આવા "પથ્થર" અસ્તિત્વમાં હોય છે, જે માણસને તેની ખામીઓ અને નિષ્ફળતાઓ તરફ નિર્દેશ કરીને મોટા પાઠ શીખવી શકે છે. શરત ફક્ત એટલી જ કે તે આવા સંદેશને સમજવા અને સ્વીકારવા માટે વ્યક્તિ પોતાનું મન ખુલ્લું રાખે. જો કોઈપણ વ્યક્તિ આવી નજરથી દુનિયાને જોશે તો તે જરૂર તેની આસપાસ આવો જ

કોઈક "પથ્થર" અથવા કોઈ અન્ય વસ્તુ શોધી કાઢશે, જે તેની દુનિયા બદલી શકે છે, જે ભટકાયેલી અવસ્થામાંથી તેને ફરીથી યોગ્ય માર્ગ પર લાવવામાં એક મોટા પરિબળ તરીકે મદદ કરી શકે છે.

## જાણકારીનું મહત્વ

ઈ. સ. 1970માં એક ભારતીય રાજકારણી ફ્રાંસની મુલાકાતે ગયા હતા. અહીં તેમની મુલાકાત શાસક ગોલિસ્ટ પક્ષ સાથે સંકળાયેલા એક રાજકારણી નેતા સાથે થઈ. વાતચીત દરમિયાન તેમના સંવાદનો એક અંશ ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, 18 જુલાઈ, 1983માં પ્રકાશિત થયો હતો:

"શું તમે પેરિસમાં કંઈ ખાસ કહેવા - કરવા માંગો છો?" ગોલિસ્ટ પક્ષના નેતાએ પૂછ્યું.

“હું શ્રી ડી ગોલ (ગોલિસ્ટ પક્ષના પ્રમુખ) નો મોટો પ્રશંસક છું." ભારતીય મુલાકાતીએ જવાબ આપ્યો, "મારે તેમની સાથે શિષ્ટાચાર ખાતર કોલ કરવો છે."

"પણ તેઓ ગુજરી ગયા છે, સાહેબ!"

"શું? સંક્ષિપ્ત નોંધમાં મને ભારતમાં કોઈએ કહ્યું નથી!"

"તેમને એવું હશે કે તમે અગાઉથી એ વાત જાણતા હશો, કારણકે તેમના મૃત્યુ થયે ચાર વર્ષ વીતી ગયા છે!"

આ ઉદાહરણ પરથી આપણે જોઈ શકીએ છીએ કે બધી વસ્તુ - ઘટનાઓ શબ્દોમાં લખી શકાતી નથી; એવી કેટલીક બાબતોની જાણકારી વ્યક્તિએ પોતાની રીતે મેળવી લેવી જોઈએ. જો કોઈને અડધી વાર્તા પહેલેથી જ ખબર હોય, તો પછી બાકીની વાર્તા કહી શકાય; પણ જો કોઈના મનમાં તેનું અડધું જ્ઞાન પહેલાથી જ ના હોય, તો પછી તેને આખું ચિત્ર કેવી રીતે સમજાઈ શકે? વસ્તુ ગમે તેટલી વાજબી હોય, અને ગમે તેટલી સારી રીતે પ્રમાણિત હોય, જો કોઈને તેની પૂર્વ જાણકારી ન હોય, તો તે વ્યક્તિની સમજની બહાર હશે.

જો કોઈ વ્યક્તિ કોઈને કહે કે, "ફલાણા બેટ્સમેને સદી ફટકારી છે!", તો સામેવાળો તરત જ સમજી જશે કે સદીનો અર્થ ક્રિકેટમાં સો રન છે. પરંતુ જો કોઈ કહે કે, “રાષ્ટ્રના વિકાસ માટે એક સદીના સખત સંઘર્ષની જરૂર છે”, તો ખરેખર કોઈ સમજી શકતું નથી; કારણકે આટલા લાંબા સમય સુધી રચનાત્મક કાર્યમાં વ્યક્તિગત રીતે પોતાને સમર્પિત કરવું શું છે તે કોઈ જાણતું નથી.

# ફરિયાદ વિનાની સહનશક્તિ

એક વખત મુઘલ રાજકુમાર, ઔરંગઝેબ, તેના પિતા શાહજહાં સાથે કંઈક રાજકીય બાબતને લઈને ઘર્ષણમાં આવ્યા. તેથી, તેણે શાહજહાંને પદભ્રષ્ટ કર્યા અને ઈ. સ. 1658માં તેને આગ્રાના કિલ્લામાં કેદ કરી દીધા. અહીં જ્યાં તેને નજરકેદ કરવામાં આવ્યા હતા ત્યાં જીવન-જરૂરી વસ્તુઓ પણ ઉપલબ્ધ નહોતી. આથી, તે કિલ્લામાં તાજમહેલનું ચિંતન અને કવિતાઓ સાથે પોતાનો સમય પસાર કરતાં હતા.

ડૉ. આર.સી. મજમુદાર, ડો. એચ સી. રાયચૌધરી અને ડો. કાલિકર દત્તા જેવા ધુરંધર ઈતિહાસકારો દ્વારા સંકલિત ભારતનો અદ્યતન ઇતિહાસ, શાહજહાંના અંતિમ દિવસોનું વર્ણન નીચેના શબ્દોમાં કરે છે:

"તેને ધર્મમાં સાંત્વના પ્રાપ્ત થઈ, અને, તેણે ત્યાગની ભાવનામાં, મૃત્યુની છેલ્લી ઘડી સુધી, તેની ધર્મનિષ્ઠ પુત્રી, જહાનરાના સંગતમાં પ્રાર્થના અને ધ્યાન કરવામાં તેના છેલ્લા દિવસો પસાર કર્યા ... આ બાબતે તેને તેના તમામ દુઃખોમાંથી મુક્તિ અપાવી." (પૃષ્ઠ 477)

એવું કહેવાય છે કે કેદના જીવનથી કંટાળેલા શાહજહાંએ એક વખત ઔરંગઝેબને પંક્તિના સ્વરૂપમાં નીચે મુજબનો સંદેશ પાઠવ્યો હતો:

'કાં તો મને મારી નાખ કાં તો મારું ચૂકવાણું આપ અને કાં તો મને મુક્ત કર!'

ઔરંગઝેબે જવાબમાં નીચેની પંક્તિ મોકલી:

'જ્યારે ડાહ્યું પક્ષી જાળીમાં ભરાઈ જાય ત્યારે તેણે ધીરજ રાખવી જોઈએ.'

આ બાબત હકીકતને બદલે કદાચ કાલ્પનિક હોઈ શકે, પરંતુ આમાંથી એક પાઠ લેવા જેવો છે. ઘણીવાર, આકસ્મિક રીતે અથવા કોઈ ભૂલને લીધે, ડાહ્યો વ્યક્તિ એવા સંજોગોમાં ફસાઈ જાય છે જે તેના માટે અસહ્ય હોય છે, તદુપરાંત તેમાંથી બહાર નીકળવું પણ શક્ય હોતું નથી. આવી પરિસ્થિતિઓમાં પરિણામોને ધ્યાનમાં લીધા વિના આવેગ પર પગલાં લેવા તે મૂર્ખતા છે. જ્યારે કોઈ પક્ષી જાળમાં ફસાય જાય, ત્યારે તે તેમાંથી નીકળવા જેટલી જોરથી પોતાની પાંખો ફફડાવે છે, તેટલું જ વધારે તે પીડાય છે. તેવી જ રીતે, જ્યારે કોઈ બાબતમાં ફસાયેલ વ્યક્તિ જો પોતાની ધીરજ ગુમાવે, તો તે બાબતમાં વધારે ને વધારે ફસાતો કે ગૂંચવાતો જાય છે. આ બાબત વ્યક્તિ, કુટુંબ, સમાજ, ધંધો તેમજ રાષ્ટ્ર એમ બધાને લાગૂ પડે છે.

સૂફી શફીક બલ્ખી અને સૂફી ઇબ્રાહિમ અધમ સમકાલીન હતા. એવું કહેવાય છે કે એકવાર શફીક બલ્ખી તેના મિત્ર ઇબ્રાહિમ અધમ પાસે ગયા અને કહ્યું કે પોતે એક બિઝનેસ ટ્રિપ પર જઈ રહ્યા છે, તેથી નીકળતા પહેલાં તમારી મુલાકાત કરી લઉં, કારણકે આ મુસાફરીમાં ઘણો લાંબો સમય પસાર થઈ જશે. આ વાતને હજુ થોડાં જ દિવસો વિત્યા હશે, ત્યાં એક દિવસ ઈબ્રાહિમ અધમે મસ્જિદમાં શફીકને મુસાફરીમાંથી પાછા ફરેલા જોયા.

આ જોઈને શફીક બલ્ખીએ કહ્યું, "સુબ્હાન અલ્લાહ (અલ્લાહનો મહિમા દર્શાવતા શબ્દો!), જ્યારે અલ્લાહ આ રીતે એક પંખીની ખાધા-ખોરાકીની જોગવાઈ કરી આપે છે, તો મારે કમાણી માટે અહીંયાથી તહીંયા થઈને આવી રઝળપટ્ટી કરવાની શું જરૂર છે? આથી, મેં મારી સફર ત્યાં જ અટકાવી દીધી, અને નિરાંતે ઘરે પાછો ફર્યો." આ વાત સાંભળીને ઈબ્રાહિમ અધમે પોતાના મિત્રને કહ્યું, "શફીક, તમે જે પ્રેરણા લીધી એ પેલા અપંગ પંખીમાંથી શા માટે લીધી? તમે એ અપંગ જેવા બનવાનું કેમ નક્કી કર્યું? તમે શા માટે બીજું જે સ્વસ્થ પંખી પોતાની મહેનતથી બીજાને મદદ કરી રહ્યું હતું, તેમાંથી પ્રેરણા ના લીધી? તમે પેલા તંદુરસ્ત અને પરમાર્થી પંખી જેવા બનવાનું કેમ નક્કી ના કર્યું?" આ વાત સાંભળતાથી સાથે શફીક બલ્ખીને પોતાની ભૂલ સમજાઈ અને તરત જ તેમણે ઈબ્રાહિમ અધમના હાથ ચૂમી લીધા અને

કહ્યું: "તમે તો ખરેખર મારી આંખો ખોલી દીધી!! તમે જે કહ્યું એ એકદમ સત્ય છે, અને હું બીજા પંખી કે જે બીજાને ખવડાવે છે, તેમાંથી પ્રેરણા લઈને આગળ વધીશ!!"

આમ, એક જ ઘટનામાંથી એક વ્યક્તિ નિષ્ક્રિયતાનો પાઠ લઈ શકે છે, જ્યારે બીજાની દ્રષ્ટિએ તેમાં મોટા પ્રોત્સાહનનો પાઠ હોઈ શકે છે. દરેક ઘટનાને બે રીતે જોઈ શકાય છે. કોઈ ઘટનાને કેવી રીતે જોવી એ વ્યક્તિની પોતાના દ્રષ્ટિકોણ અને ક્ષમતાની કસોટી છે. એક દૃષ્ટિકોણથી વસ્તુ ખોટી લાગતી હોય છે, જ્યારે કે બીજી દૃષ્ટિએ તે જ વસ્તુ સાચી લાગે છે. ઘટનાને એક તરફથી જોતાં, નકારાત્મક પાઠ મળે છે, જ્યારે બીજા તરફથી જોઈએ તો, તેમાંથી ભવ્ય સકારાત્મક પાઠ પણ લઈ શકાય છે.

## કરેલું કર્મ ક્યારેય એળે જતું નથી

જ્યારે જવાહરલાલ નહેરું કેમ્બ્રિજમાં ભણતા હતા, ત્યારે કર્ણાટકના દેવા અંગાડી તેમના વિદ્યાર્થી મિત્ર બન્યા હતા. બંને વચ્ચે ગાઢ સંબંધ બંધાયો હતો. આ મિત્રતાને લીધે દેવા અંગાડીના પુત્ર, ડેરેન અંગાડીએ બાળપણમાં નેહરું વિષે ખૂબ સાંભળ્યું હતું, અને તેના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને ડેરેન તેની નકલ પણ કરતા હતા. કારકિર્દીના બીજા પડાવમાં ડેરેન ફિલ્મ અભિનેતા બન્યા હતા.

જ્યારે રિચાર્ડ એટનબરોએ રૂપિયા 25 કરોડ (લગભગ 25 લાખ અમેરિકન ડોલર) ના રોકાણ સાથે ગાંધીજી પર એક ફિલ્મ બનાવવાની યોજના બનાવી, ત્યારે નેહરુની ભૂમિકા ભજવવા માટે સૌપ્રથમ ડેરેનને પસંદ કરવામાં આવ્યા હતા. પરંતુ, આ વાતના છ મહિના બાદ, તેને ફિલ્મ નિર્માતાઓ દ્વારા અભિનેતાઓની યાદીમાંથી કાઢી મૂકવામાં આવ્યા, અને તેના બદલે રોશન શેઠને આ ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા. આ નિર્ણય, ડેરેન અંગાડીને રોલ ઓફર થયાના છ મહિના પછી લેવામાં આવ્યો હતો, જે દરમિયાન તેણે પોતાને મળેલી ભૂમિકાને સંપૂર્ણ ન્યાય આપવા માટે સખત પરિશ્રમ કર્યો હતો. આ સમાચારે તેને ત્યાં સુધી ચોંકાવી દીધો કે છેવટે તેણે આત્મહત્યા કરી લીધી.

ડેરેન અંગાડીએ આટલું કડક પગલું લેવાની શી જરૂર હતી? કદાચ તેને એવું લાગ્યું હશે કે સફળતા હાંસલ કરવા માટે તેણે જે કિંમતી સમય આપ્યો, અને સખત પરિશ્રમ કર્યો, એ બધુ વ્યર્થ જશે, અને તેનો અન્ય કોઈ ઉપયોગ જ નહીં થાય? આ વિચાર તેને એટલી ઘેરી અને ઊંડી હતાશામાં ગરકાવ લઈ ગયો હશે કે, તે પોતાનું જીવન ટૂંકાવવા તરફ ઝડપથી આગળ વધી ગયો હશે.

વાત કહેવાનો અર્થ એમ છે કે જ્યારે આપણને કોઈ મોટા નુકશાનનો સામનો કરવાનો થાય, ત્યારે સામાન્ય રીતે આપણે એ હકીકતને ભૂલી જતાં હોઈએ છીએ કે સખત સંઘર્ષ દ્વારા હાંસલ કરાયેલ વ્યાવસાયિક કુશળતા અને ક્ષમતા એ લાંબા-ગાળાનું મોટું

રોકાણ છે, નુકશાન નથી. જો કોઈ સફળતા મેળવવામાં આપણે અત્યારે નિષ્ફળ થઈએ તો પણ, જીવનમાં કરેલી કોઈપણ મજૂરી કે કોઈપણ કર્મ કાંઈ એળે જવાનું નથી. આ પ્રકારનું રોકાણ, એટલે કે પીડાદાયક પરિસ્થિતિઓમાંથી હસ્તગત કરેલા કૌશલ્યો, વહેલા કે મોડા, જીવનમાં આપણને યોગ્ય સિદ્ધિઓ અપાવવા માટે બંધાયેલા છે.

## હતાશાનો સામનો

થોડાં વર્ષો પહેલાની આ વાત છે. અમારી પરિચિત એક મુસ્લિમ છોકરીને તેના વધુ પડતાં ધાર્મિક વિચારો ધરાવતા પિતાજીએ આધુનિક શાળાના શિક્ષણ માટે સમર્થન ના આપ્યું. પિતાજીએ તેને કોન્વેન્ટ સ્કૂલમાં મોકલવાની મનાઈ કરી દીધી, આથી વિદ્યાર્થિનીને ખૂબ હતાશાનો સામનો કરવાનું થયું. તેણી, ખાસ કરીને, અંગ્રેજી ભાષા શીખવા માટે ખૂબ જ ઉત્સુક હતી. પરંતુ, હવે બધા જ રસ્તાઓ બંધ થઈ ગયા છે, એવા વિચારો કરીને બેસી રહેવાને બદલે, તેણીએ જાતે જ અભ્યાસ કરવાનું શરૂ કરી દીધું. સતત પ્રયાસોને પરિણામે, તેણીએ છેવટે એક ખાનગી ઉમેદવાર તરીકે, ભાષાના વિષયોમાં મેટ્રિકની પરીક્ષામાં બેસવા જેટલી નિપુણતા હાંસલ કરી લીધી. કમનસીબે, તેણી પ્રથમ પ્રયાસમાં એક વિષયમાં નિષ્ફળ રહી, પરંતુ તેણીએ જરાયે હિંમત ગુમાવી નહીં. નિષ્ફળતાની અસરથી તેણીનો જુસ્સો અને મહેનત ઓછી થવાને બદલે તેમાં બમણો વધારો થયો હતો, અને આગલાં વર્ષે, તેણી જબરદસ્ત માર્કસ સાથે પરીક્ષામાં ઉતીર્ણ થઈ.

તેણીએ, આસપાસના લોકો પાસેથી જે મદદ મળે એ લઈને પણ, પોતાનો અભ્યાસ ચાલુ જ રાખ્યો. અને ના તો ફક્ત તેણીએ પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરી, પરંતુ તેણીએ બી.એ.ની અંગ્રેજી ભાષા સાથે પૂર્ણ કર્યું, તદુપરાંત એમ. એ પણ કર્યું. આટલું કર્યા છતાં, તેણી હજું પોતાના પરાક્રમથી સંતુષ્ટ નહોતી. તેનું કારણ એ હતું કે યુનિવર્સિટીની ઉચ્ચ ડીગ્રી હોવા છતાં તેણીને અંગ્રેજીના ભાષાના લખાણમાં કુશળતા પ્રાપ્ત કરવી હતી. એક સક્ષમ શિક્ષકની સહાય વગર તેમાં આગળ વધવું અશક્ય લાગતું હતું, પરંતુ તેણીને એક કહેવત યાદ હતી: "મન હોય તો માળવે જવાય!", અને તેણીએ જરાયે હિંમત ગુમાવી નહીં. જેઓ પોતાની જાતને મદદ કરે છે, તેઓને અલ્લાહ પણ મદદ કરે છે, એવી સંપૂર્ણ અને અડગ શ્રદ્ધાએ તેણીને ક્યારેય પાછી પડવા દીધી જ નહીં.

આ સંઘર્ષ દરમિયાન, શિક્ષકની વંચિતતાનું નિવારણ સમજાવતું અને લંડનમાં પ્રકાશિત થયેલું એક પુસ્તક તેણીના હાથ લાગ્યું. આ પુસ્તક એક અંગ્રેજ લેખકે, અંગ્રેજી ભાષા શીખવામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે લખ્યું હતું, જેનો હેતુ શિક્ષકની ઉપલબ્ધી ના હોય તેવા વિદ્યાર્થીઓને ભાષાનું માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. વિદ્યાર્થીઓએ સૌપ્રથમ પુસ્તકમાંથી અમુક ફકરાઓ પસંદ કરીને પોતાની માતૃભાષામાં અનુવાદ કરવાનું હતું. પુસ્તકમાં, તેઓ જ્યાં સુધી અનુવાદ ના કરે ત્યાં સુધી આગળ વધવાની મનાઈ હતી. ત્યારબાદ, અનુવાદનો મૂળ લખાણ સાથે

સરખામણી કરવાની, તેમાં સુધારા-વધારા શોધવા-કરવાના, અને આ સુધારા મગજમાં બેસાડી દેવાના હતા. આ ટેકનિકનું મૂલ્ય પારખીને, તેણીએ આગામી બે વર્ષના ગાળામાં, પુસ્તકો અને સામયિકોમાંથી વિષયો, શબ્દભંડોળ અને શૈલીઓની વિશાળ શ્રેણી સાથેના ફકરાઓ પસંદ કર્યા અને તેમને પ્રેક્ટિસમાં મૂક્યા. આ અભિગમ એટલો સફળ સાબિત થયો કે તેણી માત્ર પત્રવ્યવહાર જ નહીં, પરંતુ અખબારો અને સામયિકોમાં સામાન્ય રસના વિષયો પર પણ સ્વતંત્ર રીતે અને સમજાવટપૂર્વક લખતી થઈ ગઈ. તેણીની આ કુશળતા તેના ભાઈને પણ તેના એક્સપોર્ટના ધંધામાં ખૂબ કામ આવી.

તેણીએ ઉપરોક્ત જે ટેકનિકનો ઉપયોગ અંગ્રેજી ભાષા શીખવા માટે કર્યો, તે કોઈપણ વિદેશી ભાષા શીખવા માટે લાગૂ પાડી શકાય તેવો છે. આનાથી એ ફલિત થાય છે કે માત્ર જાણીતા, પરંપરાગત અને સરળ રસ્તાઓ વડે જ ટોચ પર પહોંચી શકાય એવું જરૂરી નથી, ઘણા અન્ય રચનાત્મક માર્ગો હોય છે, જે આપણને આ હેતુમાં મદદરૂપ બને છે. અમુક સમયે આપણને આગળ વધવાના બધા માર્ગો બંધ જણાય, તો યાદ રાખવું કે જે ખરેખર મંઝિલ સુધી પહોંચાડી શકે એવાં ઘણા અન્ય રસ્તાઓ આપણા માટે ખુલ્લા જ હોય છે. આજના જગતમાં, સફળતા એ લોકોની મુઠ્ઠીમાં રહે છે, જેઓ પોતાની આસપાસ રહેલી તકો પ્રત્યે સજાગ રહે છે. નિષ્ફળતા એ તકોની અછતનું પરિણામ નથી, પરંતુ અસ્તિત્વમાં રહેલી તકોને સમજવાની, તેમજ દૃઢ નિશ્ચય

અને ઉર્જા સાથે પોતાના માર્ગને આગળ ધપાવવાની ઇચ્છાનો અભાવ છે.

## પૈસાનો સદુપયોગ

થોડાં જૂના સમયની આ વાત છે. એક વૃદ્ધ વિદ્વાન, જેમણે પોતાનું આખું જીવન વાંચન-લેખનમાં ખૂબ સાદાઈથી વિતાવ્યું હતું. પોતાની પુત્રીના લગ્ન વખતે, "આ મારા આખા જીવનની બચત છે!" કહીને ₹10000 (દસ હજાર રૂપિયા) નો ચેક, તેણે જમાઈ-પુત્રીના હાથમાં ભેટ સ્વરૂપે મૂક્યો. સાથે સાથે, તેણે સમજાવ્યું કે પોતાની નજીવી આવકમાંથી, ક્યારેય કોઈપણ જાતની ફિઝૂલ (બિન-જરૂરી) ખર્ચ કર્યા વગર, કરકસરપૂર્વક જીવન જીવીને, તેઓ આ રકમ બચાવી શક્યા હતા. "આ પૈસાથી હું તમારા લગ્નની ભવ્ય ઉજવણી કરી શક્યો હોત!" તેણે ઉમેર્યું, "પરંતુ મેં એવું નક્કી કર્યું કે આ મૂડી તમારે હવાલે કરી દઉં, જેથી કરીને તમે જીવનનું નવું પગલું સરળતાથી આગળ વધારી શકો!"

યુવાન દંપતિએ તેમના આ નિર્ણય માટે ખૂબ જ આભાર વ્યક્ત કર્યો, અને બિલ્કુલ સમયનો બગાડ કર્યા વગર નાના ધંધાકીય સાહસમાં નાણાંનું રોકાણ કર્યું. સફળતા પ્રાપ્ત કરવા માટે, શરૂઆતમાં તેઓને સખત મહેનત અને વિવિધ જાતના મુશ્કેલ તબક્કાઓમાંથી પસાર થવું પડ્યું. પરંતુ, તેઓ બિલ્કુલ હિંમત હાર્યા નહીં, અને એક વખત એ સમય આવી પહોંચ્યો કે

તેઓ નોંધપાત્ર નફા સાથે સારો ધંધો સ્થાપિત કરી શક્યા. આમ, તેઓ પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્યની તૈયારી સાથે સુખી અને આરામદાયક જીવન જીવવા માટે સક્ષમ બન્યા હતા. જો પેલા વૃદ્ધ વિદ્વાનની પ્રારંભિક મૂડી, અગમચેતી અને શિખામણ તેમને ના મળી હોત, તો કદાચ તેઓ જીવનમાં આવી શરૂઆત કરી શકત નહીં, અને કદાચ તેમના દિવસો નિરાશાઓમાં ખપી જાત.

લગ્ન એ વ્યક્તિના જીવનની ખૂબ જ મહત્વની ઘટના હોય છે. તે ખોટો દેખાડો ઊભો કરવાનો પ્રસંગ નથી! પુખ્તવયના, પરિપકવ યુવાનો માટે ભાવિ માતા-પિતા તરીકેની જીવનની જવાબદારીઓ નિભાવવા માટેની તૈયારીનો આ દિવસ છે. તે મિત્રો, પાડોશીઓ, અને અન્ય સંબંધીઓને પોતાની ખર્ચાઓ કરવાની તાકાત દેખાડીને, તેમને પ્રભાવિત કરવાનો દિવસ નથી, પરંતુ તે એક સ્ત્રી-પુરુષ માટે એકબીજા સાથે 'દ્રઢ કરાર' (કુરાન 4:21) માં પ્રવેશવાનો દિવસ છે. તમામ બુદ્ધિશાળી વડીલો દ્વારા હંમેશા સૂચન કરવામાં આવે છે કે લગ્ન સમારંભ સીધું-સાદું હોવું જોઈએ, અને કારણ-વગરના ખર્ચાઓ ટાળવા જોઈએ.

ઉપરોક્ત ઘટના પરથી ગંભીરતાથી વિચારવું જોઈએ કે કોઈપણ વ્યક્તિ જો તેના આખા જીવનની બચતને ભપકાદાર દેખાડાઓમાં ખર્ચી નાખે, તો પાછળથી એ પૈસા મહેનત કરીને ભેગા કરવા કેટલા મૂશ્કેલ હોય છે! શું મોટાપાનું પ્રદશન ટાળીને લગ્ન કરી રહેલા યુગલને સારી-રીતે મદદ કરવું એ વધારે

ડહાપણભર્યું નથી? આ પ્રકારની પ્રથા એ જે -તે યુગલ માત્રને વ્યક્તિગત જ નહીં, પરંતુ હકીકતમાં તે કૌટૂંબિક, સામાજિક તેમજ રાષ્ટ્રીય નિર્માણમાં પણ સકારાત્મક યોગદાન અને લાભ આપનારી છે. અલ્પજીવી ભવ્યતામાં ખર્ચ કરવાની કુટેવને કારણે, અયોગ્ય દિશામાં વેડફાઈ જતાં લાખો-કરોડો રૂપિયા, રાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં જરૂરી હોય ક્ષેત્રોમાં ચેનલાઇઝ કરી શકાશે, અને તેના થકી આર્થિક ઉત્થાન માટે જરૂરી અનુકૂળ પરિસ્થિતિઓનું નિર્માણ કરી શકાશે.

## પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય બાંધછોડ

જુલાઈ 19, 1981માં બનેલી એક ટ્રેન દુર્ઘટનાની આ વાત છે. હંમેશની જેમ, તે દિવસે પણ, દિલ્હી-અમદાવાદ મેઈલ, તેના સ્ટેશન પરથી સમયસર રવાના થઈ હતી. પરંતુ, મહેસાણા સ્ટેશન પર કોઈ કારણસર ચાલીસ મિનિટ મોડી પડી હતી. અમદાવાદ સ્ટેશન પર નિર્ધારિત સમય પર પહોંચાડવા માટે, ટ્રેનના ડ્રાઇવરે મહેસાણા સ્ટેશન પરથી ઉપાડતી વખતે, તેની ઝડપ ખૂબ વધારી દીધી હતી. જ્યારે ટ્રેન ડાંગરવાથી આશરે 2 કિલોમીટર નજીક પહોંચી હશે, ત્યારે ડ્રાઈવરે જોયું કે રેલવે ટ્રેક પર કેટલીક ફિશપ્લેટ (રેલવેના ટ્રેકમાં બે પાટાઓને જોડતી ધાતુની પટ્ટીઓ) ખૂંટતી હતી. દુર્ઘટનાથી બચાવવા માટે તેણે ટ્રેનને રોકવાનો સખત પ્રયાસ કર્યો, પરંતુ અચાનક બ્રેક લાગવાથી ખૂબ ઝડપથી આગળ વધી રહેલી ટ્રેન પર કાબૂ રહ્યો નહીં, અને એન્જીન સાથે જોડાયેલા 12 ડબ્બાઓ સરકી ગયા,

ત્યારબાદ આખી ટ્રેન પાટા પરથી ઉતરીને બાજુના ખાડામાં પડી ગઈ. કેટલાયે લોકો ઘાયલ થયા અને કેટલાયે મૃત્યુ પામ્યા.

આ ઘટનાનો બોધપાઠ એ છે કે પરિસ્થિતિને અવગણીને તમે તમારા જીવનની ઝડપ વધારી શકતા નથી; કારણકે આ દુનિયામાં તમે એકલા જ નથી, બીજા પણ છે. તમે એકલા જ જીવો છો એવું નથી, બીજા પણ જીવે છે. આ દુનિયામાં, ફક્ત એવા વ્યક્તિઓની મુસાફરી સફળ રહેશે, જેઓ બાહ્ય વાતાવરણને સમજવાનો પ્રયત્ન કરે છે, અને તેને અનુરૂપ બાંધછોડ અપનાવીને પોતાનું જીવન જીવે છે. આ બાબત વ્યક્તિ, કુટુંબ, સમાજ અને દેશ-પ્રદેશ એમ બધા માટે લાગુ પડે છે. જો વિચારપૂર્ણ માર્ગને અપનાવવામાં ન આવે તો, પ્રવાસ દરમિયાન કોઈપણ દુર્ઘટના બની શકે છે, અને આપણા બધા જ આયોજનો પર પાણી ફરી શકે છે.

હમણા મુસ્લિમ સમાજે અનેક પ્રકારની પહેલો કરી હતી, જે બધી નિષ્ફળ રહી હતી. આ નિષ્ફળતા માટેનો ખુલાસો એવો હોય છે: "કોઈના કાવતરાથી અમારી યોજનાઓ અસ્તવ્યસ્ત થઈ ગઈ." પરંતુ, આ એક બહાનું છે, જે પરિસ્થિતિઓને અનુરૂપ, યોગ્ય બાંધછોડ ન કરવાનો પુરાવો છે.

અવિચારી લોકો, "ફિશપ્લેટ્સ"નો વિચાર કર્યા વગર જ પોતાનું વાહન રસ્તા પર એવી રીતે હંકારે જતાં હોય છે, કે તેમનું વાહન આપોઆપ જ રસ્તા પરથી બહાર ફંગોળાઈ જાય.

"વાહન" તમારું હોઈ શકે છે, પરંતુ "રોડ" કે જેના પર તમારે વાહન ચલાવવાનું છે, એ થોડો તમારો છે?! આ વાસ્તવિકતા ભલે ગમે તેટલી કડવી હોય, પરંતુ તેને અવગણીને, કોઈ પણ વ્યક્તિ માટે આ દુનિયામાં સફળતા પ્રાપ્ત કરવી શક્ય નથી.

જે લોકો, આ દુનિયારૂપી રસ્તા પર પોતાના જીવનરૂપી વાહનોને ઉપરોક્ત વાસ્તવિકતાને ધ્યાનમાં લીધા વગર ચલાવે છે, તેઓ ક્યારેય મંઝિલ સુધી પહોંચી શકતા નથી. તેમના માટે, આ દુનિયામાં નિષ્ફળતા નિર્ધારિત છે, જેનું કારણ તેમની પોતાની ખામીયુક્ત વિચારસરણી છે. પછી, ભલે તેઓ વિલાપ કરે કે તેઓની પરિસ્થિતિ, અન્ય લોકોના કાવતરાને કારણે સર્જાઈ છે.

## શરૂઆત કરતાં પહેલાં, અંત વિશે વિચારો.

એક યાત્રાળુઓનો કાફલો મક્કામાં ગાર-એ-હિરા(હિરાની ગુફા) ની મુલાકાત લેવા નીકળ્યો. હિરાની ગુફા એક પર્વત પર આવેલી છે. લોકો પર્વત સુધી વાહનોમાં પહોંચે છે, ત્યારબાદ પગપાળા પર્વત પર ચઢે છે. કાફલો પર્વત સુધી પહોંચી ગયો, અને લોકોએ પર્વત પર ચઢવાનું શરૂ કર્યું. તેમાંથી કેટલાક લોકોએ, સ્થળની પવિત્રતાની લાગણીમાં, તેમના પગરખાં રસ્તાના કિનારે ઉતારી દીધા. ઉપર ચઢતી વખતે સવાર હતી,

એટલે ખુલ્લા પગે ચાલવામાં કાંઈ ખબર પડી નહીં, પરંતુ ઉતરતી વેળાએ બપોર થઈ ગઈ હતી. અને, પહાડના લાલ પથ્થરો ગરમ ભઠ્ઠીમાં પરિણમ્યા હતા. આથી, યાત્રાળુઓ પગમાં ફોલ્લા પડી ગયા, અને તેમને ઘણા દિવસો સુધી તેની તકલીફ સહન કરવી પડી.

આના પરથી બોધપાઠ એટલો જ લેવાનો છે કે મુસાફરી પર્વતની હોય કે જીવનની, શરૂઆત કરતાં પહેલાં ભવિષ્યનો વિચાર કરવો પણ જરૂરી છે. જે વ્યક્તિ શરૂઆતમાં અંત વિશે વિચારતો નથી, તે માર્ગમાં અચાનક આવી પડતી મૂશ્કેલીઓનો સામનો કરવા માટે તૈયાર હોતો નથી, અને આથી તેની મુસાફરી અધરી બની જાય છે. કુદરતનો નિયમ એટલો અપરિવર્તનશીલ છે, નેક માણસ પણ પોતાની ભૂલના પરિણામથી છટકી શકતો નથી. ભલે તેનો ઈરાદો નેક હોય, પરંતુ પરિણામો વિશે વિચાર કર્યા વગર અંધાધૂંધ જો તે કોઈ કામ કરશે, તો તેના ભાગે એ જ આવશે, જે જાણીબૂઝીને કરેલી ભૂલને કારણે આવતું હોય. ઈમાનદારી ખૂબ જ મૂલ્યવાન તત્વ છે, પરંતુ ઈમાનદાર વ્યક્તિએ પણ ભૂલોનું પરિણામ ભોગવવું પડે છે.

## સુખની શોધ

"સુખ એ મંઝિલમાં નથી, પરંતુ મંઝિલ સુધી પહોંચવા માટેની યાત્રા કરવાની રીતમાં છે!" અમેરિકન લેખિકા, માર્ગારેટ લી રનબેકની મનને સંબોધતી આ ટિપ્પણી ખૂબ જ ગ્રહનશીલ છે.

આપણામાંના ઘણા લોકો વહેલા કે મોડા, મુકામ પર પહોંચી જવાની વાતને જ સુખ ગણે છે, અને તેના માટે અથાગ પ્રયત્નો પણ કરે છે. પરંતુ, સતત અને સખત મહેનત કરવા છતાં પણ, અંતે સુખ જન્માવવાના બધા પ્રયાસો નિષ્ફળ નીવડે છે. આપણી વિચારસરણી એવી છે કે ખૂબ સંપતિ મેળવી લઈએ, સાધન-સંપન્ન થઈ જઈએ, ફેશનેબલ વસ્ત્રો પહેરવા માંડીએ, મિત્રોનું વર્તુળ મોટું કરતાં જઈએ, આહ્લાદક પ્રવાસો કરતાં રહીએ વગેરે આવું બધુ કરીશુ ત્યારે જ સુખી રહેશું. પરંતુ, ઘણીવાર આવું બધુ કરવા છતાં, અને સઘળું હાથવગું હોવા છતાં પણ આપણુ મન ખાલીપો, અસ્વસ્થતા અને નિરાશાની લાગણીઓથી ભરાયેલું રહે છે.

એનું એક સ્પષ્ટ કારણ એ છે કે આપણે કામચલાઉ આનંદ આપતી પ્રવૃતિઓના સરવાળાને જ સુખ સમજવાની ભૂલ કરી બેઠા છીએ, અને તેને લક્ષમાં રાખીને આપણે ખૂબ પ્રયત્નશીલ જ રહીએ છીએ. જેમ જેમ એ લક્ષ તરફ આપણે આગળ વધીએ છીએ, તેમ તેમ તે આપણાથી વધારે ને વધારે દૂર જતું જાય છે. બીજો એક નબળો દ્રષ્ટિકોણ એવો પણ છે કે સુખ એટલે મૂશ્કેલીઓ, જવાબદારીઓ અને અણગમતી વસ્તુઓ/વ્યક્તિઓ કે પ્રવૃતિઓની ગેરહાજરી. આવો નકારાત્મક અભિગમ આપણને ત્વરિત આનંદ પાછળ બેબાકળાં અને અધૂરા બનાવવાથી વિશેષ બીજું કંઈપણ પ્રદાન કરતો નથી.

વિષયનું સૌથી વિચિત્ર પાસું એ છે કે જે લોકો સુખની બિલ્કુલ પરવાહ કરતાં નથી, તેઓ સંતોષની સૌથી વધુ ઈચ્છિત

સ્થિતિ હાંસલ કરતાં હોય છે.  આ બીજા લોકો કે જેમની પાસે સુખ તદ્દન અણધારી રીતે દોડ્યું આવે છે, તેઓએ પોતાનું મન, કોઈપણ ખાસ ઉચ્ચ વળતરની અપેક્ષા વગર, સાર્થક કાર્યોમાં સમર્પિત કરવાનું નક્કી કરી લીધું હોય છે. ઘણીવાર આવી પ્રવૃતિઓ જ, તેમનો એ લક્ષ્ય ના હોવા છતાં પણ, તેમને સુખી રાખતી હોય છે.

સુખ એ ખરેખર એક અત્યંત ભ્રામક માનસિક સ્થિતિ છે. માની લો કે આપણા નસીબમાં સુખ લખ્યું જ નથી, અને આપણે ખૂબ વંચિત અને અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ જીવન જીવવાનું છે!! પરિસ્થિતિનો સામનો કરવાની શ્રેષ્ઠ રીતે એ છે કે સૌપ્રથમ તેને સ્વીકારી લેવી, અને ત્યારબાદ તેના સકારાત્મક પાસાઓ વિશે મંથન કરવું. આ અભિગમ મનને મજબૂત બનાવીને પ્રતિભાનું ઘડતર કરે છે. મૂશ્કેલીમાંથી પસાર થવાની ક્રિયા એ વાંકી ધાતુને સીધી કરવા જેવી, અથવા સોના જેટલો ચળકાટ ના આવે ત્યાં સુધી ધાતુને ધગધગતી આગમાં બાળવા જેવી છે. જ્યારે આપણે સુખની મનોકામના ત્યજીને, પોતાની જાતને વાસ્તવિક કાર્યોમાં જોડીએ છીએ, ત્યારે આપણે માનવ-અસ્તિત્વ રૂપી મુસાફરીના શ્રેષ્ઠ વિમાનમાં વિહાર કરીએ છીએ. અને, જ્યારે આપણે ખરેખર સુખની કોઈ અપેક્ષા સેવતા નથી હોતા, ત્યારે જ જાણે કે આપણે તેના માલિક હોય એમ સુખ આપણી પાસે ગુલામની જેમ રહેવા આવી જાય છે.

સતત સુખમાં રહેવાની ખેવના માણસને ભ્રમણાઓમાં જ વ્યસ્ત રાખે છે. એ તો એક એવી વસ્તુ છે જે, ગમે ત્યારે, વગર-કારણે કે કારણસર, આવી કે જઈ શકે છે, સતત સુખમાં રહેવાની અપેક્ષા વ્યક્તિને ઊંડી નિરાશામાં ધકેલી દઈ શકે છે. સુખની ગેરહાજરીને સ્વીકારીને, અવગણીને, કઈંક સકારાત્મકતા આકાર લેવા માટેનો અનુભવની સ્થિતિ તરીકે લેવી જોઈએ. તેને ક્યારેય પોતાને કડવા બનવાની મંજૂરી આપવી જોઈએ નહીં. એ હકીકત યાદ રાખવી જોઈએ કે જેમ સુખ કાયમી નથી, એમ દુ:ખ પણ કાયમી નથી. બીજા બધાને છોડીને સતત પોતાના સુખની અભિલાષામાં જ રાચવું એ સૌથી દયનીય સ્થિતિ છે. વ્યક્તિ ખરેખર સાચું સુખ ત્યારે જ મેળવે છે, જ્યારે તે પોતાનું મન, સ્નેહ, ધ્યાન, સંસાધનો અથવા જીવનની અન્ય સાથે વહેંચણી કરે છે.

## સામૂહિક હિત

એક વાર્તા છે કે એક દિવસ બાદશાહ અકબરે તેના મુખ્ય દરબારી બીરબલને કહ્યું: "બીરબલ, જો શાસક કાયમ માટે રાજા રહે તો કેટલું સારું!" બીરબલે જવાબ આપ્યો: "મહારાજ, તમારી વાત સાચી છે, પણ જો આવું થયું હોત તો તમે કેવી રીતે રાજા બની શક્યા હોત?"

હકીકતમાં, રાજા અકબરે પોતાની દ્રષ્ટિએ રાજાશાહી વિશે વિચાર્યું હતું. તેણે વિચાર્યું હતું કે આ જગતમાં જો એક જ રાજા

કાયમ માટે રાજા રહેતો હોય તો તે પોતે જ કાયમ માટે રાજા રહેત.

પરંતુ અકબર એ ભૂલી ગયો હતો કે જો રાજાશાહીનો આ સિદ્ધાંત વિશ્વમાં પ્રચલિત હોત, જે તેને પોતાને ગમે એવો હતો, તો સિંહાસન પર આરોહણની તેના પોતાના માટે જ કોઈ શક્યતા ન હોત.

વ્યક્તિની વિચારસરણી ઘણીવાર પોતાના એકલા ઉપર જ કેન્દ્રિત થઈ જતી હોય છે. આવા સમયે, તે પોતાના અંગત હિતને ધ્યાનમાં રાખીને જ મોટી યોજનાઓ બનાવે છે. માણસ ભૂલી જાય છે કે આ દુનિયામાં તે પોતે એકલો નથી. થોડાં જ સમયમાં તેનો એવી બાહ્ય વાસ્તવિકતાઓનો સામનો કરવો પડે છે કે તેની બધી જ યોજનાઓ ખોરવાઈ જાય છે. આવા સમયે, વ્યક્તિને ખ્યાલ આવે છે કે વ્યકિતગત હિત, એ સામૂહિક હિતને ધ્યાનમાં રાખીને જ શ્રેષ્ઠ રીતે મેળવી શકાય છે.

જ્યારે તમે પોતાના માટે લાભ મેળવવા માંગતા હો, ત્યારે તમારે બીજાના હિતને પણ ધ્યાનમાં લેવું જરૂરી છે. બીજા લોકોના હિતમાં જ તમારું હિત રહેલું છે. આ દુનિયામાં દરેક વ્યક્તિ એક જ જહાજમાં સવાર છે. આથી, જહાજની સુરક્ષામાં જ દરેક વ્યક્તિનો પોતાનો ઉદ્ધાર રહેલો છે.

આ દુનિયામાં એવું થાય છે કે લોકોને જ્યારે તક મળે ત્યારે તેઓ ફક્ત પોતાને જ ધ્યાનમાં રાખીને કાયદાઓ અને નિયમો બનાવવાની ભૂલ કરે છે, તેમને પોતાનો ફાયદો જણાતો હોય તેવી બાબતોમાં જ આગળ વધે છે. પરંતુ, તેમની આ વિચારસરણીનું પરિણામ ઘણીવાર તેમને પોતાને જ ભારે પડી જાય છે, કારણકે આ વિશ્વમાં કોઈપણ વ્યક્તિ, કોઈ ચોક્કસ સ્થિતિમાં, કાયમ માટે રહેતી નથી.

મોકાઓ અને તકો આજે તમારી પાસે છે, કાલે તે અન્ય કોઈની તરફેણમાં હશે. તકો ક્યારેય ફક્ત એક જ વ્યક્તિ માટે જ ખુલ્લી રહેતી નથી. તેઓ એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં પરિવહન કરતી રહે છે.

આવી સ્થિતિમાં, ફક્ત પોતાના સ્વને ધ્યાનમાં રાખીને કાયદાઓ અને નિયમો બનાવવા એ યોગ્ય નિર્ણય નથી. કારણકે સંભવ છે કે પરિસ્થિતિઓ બદલાય ત્યારે પહેલા જે અનુકૂળ લાગતું હતું, તે પાછળથી પ્રતિકૂળ બની જાય. સ્વ-કેન્દ્રી વિચારધારા ન તો પોતાને માટે લાભકારી છે, અને ના બાકીની માનવતા માટે.

## કોઈપણ કામ ક્યારે કરવું અને ક્યારે ના કરવું.

14 ડિસેમ્બર, 1983ના રોજ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને હિન્દુસ્તાન ટાઈમ્સમાં છપાયેલા સમાચાર મુજબ, દિલ્હી પોલીસની એક ટુકડી મેટાડોર વાનમાં, ઈન્કમ ટેક્સ ઓફિસની નજીકની શેરીમાં, સફેદ રંગની ફિયાટ કારનો પીછો કરી રહી હતી. આ કારે પોલીસથી બચવા માટે, તેમને જોઈને અચાનક જ યુ-ટર્ન લીધો હતો. પેટ્રોલિંગ ડ્યુટી પર પોલીસની ટુકડી જોઈને કારનો ડ્રાઈવર સ્વાભાવિક રીતે જ ગભરાઈ ગયો હતો. પીછો કરતી વખતે, જેવી કે પોલીસની વાન કારની નજીક આવી પહોંચી કે તરત જ કારમાં સવાર એક વ્યક્તિએ તેમના પર ગોળીબાર કરવાનું શરૂ કરી દીધું. હવે, પોલીસને એ ખાતરી થઈ ગઈ કે તેઓને જેમની સાથે વહેવાર કરવાનો છે, તેઓ કારમાં બેસેલા ગુનેગારો છે, અને ભાગવાની કોશિશ કરી રહ્યાં છે; આથી, પોલીસે જવાબમાં કાર પર વળતો ગોળીબાર કર્યો. પરંતુ, આખરે ભાગી રહેલી કાર દેખાતી બંધ થઈ ગઈ.

તે જ દિવસે સાંજે શાહદરા હોસ્પિટલ પાસેની ગલીમાં એક લાશ મળી આવી. તે એક સુભાષ નામના વ્યક્તિનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું. સુભાષ લૂંટના ૨૦ કરતાં પણ બધુ કેસમાં ગુનેગાર હતો, જેના પર પોલીસ દ્વારા, જીવતો કે મરેલો પકડવા માટે ૨૦,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરેલ હતું. પોલીસના ગોળીબારમાં ઘાયલ થયાના થોડા સમય બાદ, તેનું મોત નીપજ્યું હતું, અને અન્ય બદમાશો દ્વારા તેની લાશને કારની બહાર ફેંકી દેવામાં આવી હતી.

ઉપરોક્ત ઘટનાનો ઘાતક અંજામ એવું સૂચવે છે કે કેવી રીતે, ઘણી વાર, આપત્તિને ટાળવા માટે આપણે ઉતાવળમાં અમુક પગલાઓ લઈએ છીએ, જે અંતે આપણા પર જ પાછા ફરી શકે છે. એવું પણ શક્ય હતું કે જો સફેદ કારમાં સવાર લોકો સાવ સામાન્ય રીતે આગળ વધ્યા હોત, તો કદાચ પોલીસને તેમના પર શંકા પણ ન ગઈ હોત, અને તેઓ પોલીસના મારથી બચી ગયા હોત. તેમની એકાએક પ્રતિક્રિયા કે જે સરળતાથી ટાળી શકાય એવી હતી અને હિંસાત્મક પગલાં કારણે જ તેઓ વધુ ખરાબ પરિસ્થિતિમાં મૂકાયા હતા.

આ જગતમાં, એવી કોઈ વ્યક્તિ નથી કે જે ક્યારેય તેના જીવન દરમિયાન સમજદારીની પરીક્ષામાં ન મૂકાય. જેઓ હંમેશા લડી લેવાના જ મૂડમાં હોય છે, તેઓ ઘણીવાર થાપ જતાં હોય છે. આ દુનિયામાં સફળ થવા માટે આપણે એ સમજવું પડશે કે ક્યારે કોઈ કામ કરવું જોઈએ કે ક્યારે ના કરવું જોઈએ. જીવનમાં ઘણી વખત શાંત રહ્યા સિવાય કોઈ છૂટકો હોતો નથી, અને ક્યારેક ડાબી કે જમણી બાજુ વળાંક લઈ લેવામાં પણ શાણપણ હોય છે. આ જગતમાં, રોજિંદા જીવનમાં તાત્કાલિક નિર્ણયોની જરૂરિયાત એ વ્યક્તિની શાણપણની સતત કસોટી છે, પરંતુ ફક્ત જેઓ ગંભીરતના ઉચ્ચ ધોરણોને પાર પાડે છે, તેઓ જ જીવનમાં સફળ રહે છે.

# નુકશાન ભરપાઈ કરવાની યોગ્ય રીત

એકવાર, બે જમીનદાર ખેડૂતો વચ્ચે તેમના ખેતરોની સીમાને લઈને વિવાદ થયો. શરૂઆતમાં આ વિવાદ જમીનના એક નાનકડા ટુકડાને  લઈને સર્જાયો હતો, પરંતુ આગળ જતાં તે એકબીજાના માન - સન્માન અને અહમમાં પરિણમ્યો. બંને પાર્ટીઓને એવું લાગતું હતું કે હવે જો તેઓ પીછેહઠ કરશે તો નીચું જોયા જેવું થશે. આમ, સાવ નાનકડી એવી વાત મોટી માથાકૂટમાં બદલાઈ ગઈ. બંનેમાંથી એકેય નમતું જોખવા તૈયાર નહોતા. સમસ્યા બદથી બદતર થતી ગઈ, ત્યાં સુધી કે બંને પક્ષે મર્ડર થઈ ગયા, અને એકબીજાના પાકને બાળી નાખ્યા. છેવટે, મામલો કોર્ટમાં ગયો. કેસ એટલો લાંબો સમય ચાલ્યો કે બંને પાર્ટીઓ પોતાના ખેતરો, બગીચાઓ અને ઝવેરાત એમ બધુ જ ગુમાવી બેઠા. આમ, ઓછી કિંમતની વસ્તુને પાછી મેળવવાના પ્રયાસમાં તેમણે મોટી કિંમત ચૂકવવી પડી.

આવી જ એક સમસ્યા બીજા એક ખેત-માલિકને પણ થઈ. પરંતુ, તેણે આવેશમાં આવી જઈને કોઈપણ જાતનું ઉતાવળિયું પગલું લેવાનું ટાળ્યું. તેણે આ બાબત પર ગંભીરતાથી વિચાર કર્યો. પોતાના મિત્રોની સલાહ પણ લીધી કે તેણે શું કરવું જોઈએ. બધુ વિચાર્યા-જાણ્યા-સમજ્યા પછી, તે એક એવા નિર્ણય પર આવ્યો કે ખેતરની સીમાનો પ્રશ્ન સીમા પર નહીં, પરંતુ અન્ય કોઈ મોરચે ઉકેલવો પડશે.

તેણે આ મુદ્દાને આજની બદલે કાલના સંદર્ભમાં વિચારવાનું શરૂ કર્યું. પોતાના ખેતરનો એક ભાગ હડપ થઈ જવાથી તે પણ એટલો જ દુ:ખી થયો હતો, જેટલા ઉપરોક્ત કિસ્સામાં દર્શાવેલ, અને ઉતાવળિયા પગલાં ભરનારા ખેત-માલિકો થયા હતા. આ ખેડૂતે પણ તેમની જેમ અપમાન અને નુકશાનની લાગણી અનુભવી હતી.

તે એ બાબત પર વિચારી રહ્યો હતો કે પોતાની જમીન પર કબજો કરવાની બીજાની હિંમત થઈ કેવી રીતે!? થોડાં ઊંડાણમાં વિચાર્યા બાદ, તે એક નિષ્કર્ષ પર પહોંચ્યો કે સામેવાળાએ તેની નબળી પરિસ્થિતિનો લાભ લઈને આવું દુ:સાહસ કર્યું હતું. હવે, તેના માટે આ બાબત  માત્ર ખેતરની સીમા પૂરતી વાત નહોતી રહી, પરંતુ સમાજમાં પોતાના સ્થાન વિશે પણ બની હતી. પોતાની સ્થિતિ નબળી હોવાના કારણે, તેના હકની મિલ્કત પર કોઈ હાથ ના નાખે, એવી સમાજમાં તેની કોઈ ધાક નહોતી. શાંતિથી વિચારીને, તે એવા નિરાકરણ પર પહોંચ્યો કે જો તે પોતાની હાલતમાં સુધારો કરશે, તો તે હરીફ સાથે હિંસાત્મક ઘર્ષણમાં આવ્યા વિના, તેનો સામનો કરવા માટે વધારે સમર્થ બનશે. પછી, કોઈ તેના અધિકારોનો ઉલ્લંઘન કરવાનું સાહસ કરશે નહીં.

તેથી, આપમેળાએ જ બદલો લેવાના આવેગ પર કાબૂ મેળવીને, તેણે પોતાના ખેતરોમાં પહેલાં કરતાં પણ બધુ પરિશ્રમ

કરવાનું શરૂ કર્યું. જે શક્તિ દુશ્મનને ખતમ કરવાની ઈચ્છામાં વેડફાઈ જાત, તેના બદલે તે રચનાત્મક પ્રવૃતિઓમાં સદ્દુપયોગ થવા લાગી. આ સકારાત્મક વિચારસરણીએ તેને ઘણી નવી આશાઓ અને હિંમતની પ્રેરણા આપી. તેણે પોતાની મહેનત માત્ર ખેતરો પૂરતી સીમિત રાખી નહીં, બલ્કે નવા સાઈડ બિઝનેસ પણ શરૂ કર્યા. તેનામાં જાગૃત થયેલી નવી ચેતનાએ, તેના જીવનને નવેસરથી ઘડવાનો, નવો ઉત્સાહ ઉમેર્યો હતો. તેણે પોતાની બધી જ શકિત નકામા ખર્ચાઓ ઘટાડીને, નવી આવક વધારવામાં લગાડી દીધા હતા. તદ્દુપરાંત, તેણે પોતાના બાળકોના ઉચ્ચ શિક્ષણના ધ્યેય સાથે સારી શાળાઓમાં પ્રવેશ પણ કરાવ્યો.

પોતાની હરીફ પર દાવો માંડનાર પેલા ખેત-માલિકોની જેમ જ આ ખેડૂતને પણ, તેના પ્રયત્નોના પરિણામો ફળવા માટે વીસ વર્ષ સુધી કામ કરવું પડ્યું હતું. પરંતુ દાવો માંડનાર ખેત-માલિકોને વીસ વર્ષની મહેનતને અંતે નિષ્ફળતા જ હાથ લાગી હતી, જ્યારે કે આ બીજા ખેડૂતને મોટી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. તેના સંતાનોને સારું શિક્ષણ ઉપરાંત મહત્વના હોદ્દાઓ પર નોકરીઓ પણ મળી ગઈ. તેણે પોતાના ખેતરનો એટલો વિકાસ કર્યો હતો કે તેણે જમીન ખેડવા માટે બળદની જોડીને બદલે ટ્રેક્ટર ખરીદી લીધું. તેના સાધન-સમૃદ્ધિમાં ખૂબ સારો એવો વધારો થયો હતો. જે વ્યક્તિએ તેની જમીન પચાવી પાડી હતી, તેણે પણ વિવાદિત સીમા વિસ્તાર સહિતની તમામ જમીન તેને વેચી દીધી.

જેમણે સીમાનો વિવાદ સીમા પર જ ઉકેલવાની જીદ રાખી હતી તેઓ ખરેખર હારી ગયા હતા; જ્યારે કે બીજી તરફ, જેણે અન્ય મોરચે સમસ્યા હલ કરવાનો પ્રયાસ કર્યો, તેની પાસે જમીનનો વિવાદિત ટુકડો તો ઠીક, પરંતુ હરીફની બધી જ જમીન તેની માલિકીમાં આવી ગઈ હતી.

જ્યારે ઇલેક્ટ્રિક બલ્બ કે પંખો બંધ થઈ જાય છે, ત્યારે આપણે માત્ર બલ્બ કે પંખાની અંદર ખામીઓ શોધતા નથી, કારણકે આપણને ખ્યાલ છે કે એનું કારણ મોટેભાગે બલ્બ કે પંખાની બહારનું વધારે હોય છે. આપણે તેને યોગ્ય જગ્યાએ રીપેરીંગ કરાવીને ઠીક કરાવી લેતા હોઈએ છીએ. દાખલા તરીકે, બલ્બ કે પંખાને આપણે ફ્યૂઝ બદલાવીને પાછા કાર્યરત કરી દઈએ છીએ. માનવીય બાબતો પણ ઘણીવાર આ પ્રકારની હોય છે. પરંતુ અફસોસની વાત એ છે કે આપણે સાધન-સુવિધાઓની ખામીઓના ઉકેલ માટે જે યોગ્ય વલણ દાખવીએ છીએ, તેવું સામાજિક સમસ્યાઓના નિવારણમાં દાખવતા હોતા નથી.

જ્યારે કોઈ સામાજિક સમસ્યા ઊભી થાય, ત્યારે સામાન્ય રીતે, આપણે સૌપ્રથમ ત્યાં ને ત્યાં તાત્કાલિક ઉકેલ લાવવામાં ઉતાવળિયા થઈ જઈએ છીએ. પરંતુ, આપણને ખ્યાલ નથી રહેતો કે વર્તમાન સંજોગોમાં ઘટતી ઘટનાઓ પાછળ ઘણીવાર ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓ અને સંજોગોનો સમૂહ જવાબદાર હોય છે, આથી સમસ્યા વખતે તેના અન્યત્ર મૂળ કારણો શોધવાનું બધુ સાવચેતીભર્યું છે.

ખાસ જરૂરી એ છે કે સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસમાં કોઈપણ ભોગે ઘર્ષણ કે અથડામણ ટાળવી, અને સકારાત્મક પરિણામો આપી શકે તેવા કોઈપણ પરિબળોને બિલ્કુલ નકારવા કે અવગણવા જોઈએ નહીં. આ પ્રકારનો અભિગમ ભલે ગમે તેટલો લાંબો અને જટિલ જણાતો હોય, પરંતુ સમાજમાં સુમેળભર્યું જીવન જીવવા માટેનો તે એકમાત્ર ઉત્તમ માર્ગ છે.

ઉપરોક્ત સંજોગોને સમજાવતા ઇબ્ને માજાહ (ઈ. સ. 824-887) માં નોંધાયેલા વિદ્વતાના આ શબ્દો વાંચવા અને સમજવા જેવા છે: "જ્યારે ઈશ્વર આભાર વ્યક્ત કરવાનો માર્ગ ખોલે છે, ત્યારે તે તેની સાથે આશીર્વાદનો માર્ગ પણ ખોલે છે. અને જ્યારે તે પ્રાર્થનાનો માર્ગ ખોલે છે, ત્યારે તે પરિપૂર્ણતાનો માર્ગ પણ ખોલે છે. અને જ્યારે તે પશ્ચાતાપનો માર્ગ ખોલે છે, ત્યારે તે ક્ષમાનો માર્ગ પણ ખોલે છે."

## ભૂલ પર ભૂલ

એક સરકારી કર્મચારી, શહેરમાં પોતાની માલિકીના મકાનમાં આરામદાયક જીવન જીવી રહ્યો હતો. પોતાની પુત્રીના ભવ્ય લગ્ન માટે તેણે ઓફિસમાંથી મોટું દેણું કર્યું. લગ્ન તો થઈ ગયા પરંતુ પછી, તેના જીવનમાં આર્થિક સમસ્યાઓનું આગમન થયું. દર મહિને, તેની આવકમાંથી અડધો પગાર તેનું દેણું

ભરવામાં ખર્ચાઈ જતો હતો. પરિણામે, તેને ઘર ચલાવવામાં મૂશ્કેલીઓ પડવા લાગી. આથી,આર્થિક સમસ્યાઓને પહોંચી વળવા તેણે અને તેની પત્નીએ સાથે મળીને, ઘરનો એક બીજો ભાગ ભાડે આપવાનું નક્કી કર્યું. ઘરનો એક બાથરૂમ સાથેનો મોટો ઓરડો તેમણે પોતાના માટે રાખ્યો, અને બાકીનું ઘર તેમણે એક ભાડૂઆત મળતાની સાથે જ ભાડે ચડાવી દીધું.

આવી રીતે તેમણે પાંચ વર્ષ કાઢી નાખ્યા. પરંતુ, ભાડૂઆતના મનમાં ઘર પડાવી લેવાની દાનત જાગી. તેણે પોતાનો એક લગ્ન-પ્રસંગ સાચવવાના બહાના સાથે પતિ-પત્નીને એકાદ-બે અઠવાડિયા માટે તેમનો રૂમ આપવાની વિનંતી કરી. તેણે બંનેને મનાવી લીધા અને તેમને થોડાં દિવસ સુધી અન્ય જગ્યાએ રહેવાની વ્યવસ્થા પણ કરી આપી. આટલા સમય દરમિયાન, ભાડૂઆતે પોતાના ઘરનો સામાન તેમના ઘરમાં ખડકી દીધો. બે અઠવાડિયા પછી જ્યારે દંપતિ પાછું ઘરે આવ્યું અને ઘરમાં પ્રવેશ કરવા જતાં હતા, ત્યાં જ ભાડૂઆતે તેમને રોકી લીધા, અને સંભળાવ્યું કે "આ ઘર હવે મારું છે!!"

મકાનમાલિકના મિત્રોએ તેને સલાહ આપી કે કોર્ટમાં જશે તો બહુ લાંબો સમય નીકળી જશે એના કરતાં થોડાક માણસો ભેગા કરીને બળજબરીથી જ તેને ઘર ખાલી કરાવવું પડશે. મકાનમાલિકે સલાહ પ્રમાણે કર્યું, પરંતુ ભાડૂઆત બહુ ચાલાક હતો; જેવો કે મકાનમાલિકે તેની સાથે બળજબરી કરવા હુમલો કર્યો કે તરત જ તેણે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને પોલીસ

બોલાવી લીધી, અને મકાનમાલિક વિરુદ્ધ ફોજદારી કેસ નોંધાવી દીધો. આ કેસ દસ કરતાં પણ વધુ વર્ષ ચાલ્યો. આખી ઘટના દરમિયાન મકાનમાલિક બરબાદ થઈ ગયો, અને છતાં હજુપણ તેના મકાનના કબજાના કેસમાં કોઈ ચુકાદો આવ્યો નહોતો. તદુપરાંત, તેના પર ફોજદારી કેસને કારણે નોકરીમાંથી પણ તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો.

ઘટનાનો બોધપાઠ એ છે કે એક ભૂલનું નુકશાન ભરપાઈ કરવા બીજી ભૂલ ઉપર ભૂલ કર્યે જવું જોઈએ નહીં. કોઈ એક ભૂલને કારણે તમને કંઈક નુકશાન થયું હોય, તો તમારે ખાસ ધ્યાન રાખવું જોઈએ કે બીજી એવી કોઈ ભૂલ ના થાય કે જે તમારા નુકશાનમાં ઘટાડાને બદલે વધારો જ કરતી રહે.

## કાળા વાદળ ધોળો વરસાદ લાવે છે.

ઘણા સમય પહેલાની આ વાત છે. સર વિન્સ્ટન ચર્ચિલ ગ્રેટ બ્રિટનના વડાપ્રધાન બન્યા તે પહેલાં બોઅર યુદ્ધ દરમિયાન તેઓ મોર્નિંગ પોસ્ટના એક લશ્કરી સંવાદદાતા તરીકે કામ કરવા સાઉથ આફ્રિકાની મુલાકાતે ગયા હતા. તેમની ફરજ દરમિયાન, એક વખત બોઅર લોકોએ તેમની અમુક બ્રિટિશ સૈનિકો સાથે ધરપકડ કરી લીધી. ત્યારે, બોઅર શાસનમાં યુદ્ધ સંવાદદાતા અને લશ્કરી સૈનિકો વચ્ચેનો કોઈ ભેદ નહોતો, આથી તેમને જેલની હવા ખાવી પડી. ચર્ચિલે તરત જ સાઉથ આફ્રિકાના તત્કાલીન

વડાપ્રધાન જહોન ક્રિશ્ચિયન સ્મટ્સને એક પત્ર લખ્યો, જેમાં આંતરરાષ્ટ્રીય કરારના આધારે તેમની તાત્કાલિક જેલમુક્તિ માટે માંગ કરી કે યુદ્ધના સમયના મિશન પરના અખબારના સંવાદદાતાઓને જેલ કરી શકાય નહીં. ત્યારબાદ ઘણા લાંબા સમય પછી, એક વખત વોશિંગ્ટનના વ્હાઈટ હાઉસની એક ડિનર પાર્ટીમાં કે બંને સ્મટ્સ અને ચર્ચિલ એકબીજાને ભેગા થઈ ગયા. સ્મટ્સે કહ્યું કે તેણે ચર્ચિલની રજૂઆતની નોંધ લીધી હતી, પરંતુ જ્યાર સુધી તેણે કેસ હાથમાં લીધો ત્યાર સુધીમાં ચર્ચિલ જેલમાંથી ભાગી છૂટયા હતા.

વર્ષો પછી, જ્યારે ચર્ચિલ બ્રિટિશ કેબિનેટના સભ્ય બન્યા હતા, ત્યારે સ્મટ્સે તેમને આ ઘટનાની યાદ અપાવી હતી, અને એ જાણીને તેને  આશ્ચર્ય થયું કે ચર્ચિલને તેમના કેસની પ્રક્રિયામાં વિલંબ થવા બદલ કોઈ અફસોસ કે રંજોગમ નહોતો. તેણે સ્મટ્સને સમજાવ્યું કે જો તમે મને તાત્કાલિક મુક્ત કરી દીધો હોત, તો મને £9,000 નું જાત.

"તમે જુઓ, જેલમાંથી ભાગી છૂટવાની મારી રોમાંચક કહાની મેં એક સામયિકને નવ હજાર પાઉન્ડમાં વેચી દીધી!"

વ્યક્તિએ હંમેશા પરિસ્થિતિની સકારાત્મક બાજુ જોવી જોઈએ, કારણકે કાળા વાદળ ધોળો વરસાદ લાવે છે.

# ધ્યેય-લક્ષી જીવન

કોઈપણ એક્સપ્રેસ ટ્રેન પૂરપાટ ઝડપે હંમેશા તેની પટરી ઉપર જ આગળ વધતી હોય છે. તેની આજુબાજુ લીલાછમ વૃક્ષો, વહેતા ઝરણાઓ, અને જંગલના આકર્ષક મેદાનોનો સતત નજારો ચમકતો રહેતો હોય છે. પરંતુ, આજુબાજુની લીલોતરી ગમે તેટલું તેનું ધ્યાન ખેંચે, એક્સપ્રેસ ટ્રેન એમાં બિલ્કુલ રસ દાખવતી હોતી નથી. તે તો પર્વતો હોય કે ખુલ્લાપટ મેદાનો હોય, જમીન હોય કે નદી હોય, પોતાની ગતિમાં જરાપણ ઘટાડો કર્યા વગર, બધાને ખૂંદતી આગળ ધપતી રહે છે. નાના સ્ટેશનો રસ્તામાં પથરાયેલા હોય છે, પરંતુ તેઓ એક્સપ્રેસ ટ્રેનની આ જોશપૂર્ણ સફરમાં વિક્ષેપ પાડતા નથી.

ધ્યેય-લક્ષી જીવનનું પણ આવું જ કંઈક હોય છે. જે વ્યક્તિ પાસે જીવન જીવવાનો એક ચોક્કસ અને સ્પષ્ટ ધ્યેય અથવા હેતુ છે, તે બીજે ક્યાંય ભટક્યા વગર પોતાનું બધુ જ ધ્યાન એક જ દિશામાં કેન્દ્રિત કરે છે. તે/તેણી બિનમહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાનો સમય વેડફવાનું બિલ્કુલ પસંદ કરશે નહીં. ધ્યેય-લક્ષી જીવન જીવતી વ્યક્તિ પોતાના જીવનની દરેક ક્ષણ પોતાના ધ્યેય/ગંતવ્ય તરફ ગતિમાન રાખવાનો પ્રયાસ કરે છે. મોહક દુનિયાના આકર્ષણો તેને લલચાવતા જરૂર હોય છે, પરંતુ તે/તેણી એ બધા તરફ પોતાની આંખો મીંચેલી રાખે છે. વૈભવી સુવિધાઓ તેને/તેણીને સળગતા સૂર્યના તાપમાં ટાઢક આપવા આમંત્રિત કરે છે. ભવ્ય હવેલીઓ તેને/તેણીને લાંબા, સખત રસ્તા

પરથી તેના થાકેલા પગને આરામ આપવા આમંત્રણ આપે છે. પરંતુ તે/તેણીની પાસે આ બધી સુવિધાઓ ભોગવવા માટે સમય જ નથી: તેમને તો બસ, આગળનું લક્ષ્ય જ તેમની નજરની સામે તરવરતું હોય છે. તે/તેણી ઘણા પ્રકારની જાતજાતની અને ભાતભાતની મજબૂરીઓથી ઘેરાયેલો/ઘેરાયેલી હોય છે, પરંતુ તે/તેણી તેમાંથી છૂટકારો મેળવે છે, અને પોતાનો માર્ગ મોકળો કરે છે. જીવનના ઉતાર-ચઢાવ વચ્ચે પણ તેની મંઝિલ સુધી પહોંચવાનો તેનો નિર્ધાર અચળ રહે છે. તે/તેણીની મુસાફરીની ગતિ તેમજ દિશા, મૂશ્કેલીઓ અને આસાનીઓ વચ્ચે પણ એકધારી જળવાઈ રહે છે.

ધ્યેય-લક્ષી વ્યક્તિની જીવન-સફર, તરંગી વ્યક્તિની મુસાફરી કરતાં તદ્દન વિપરીત હોય છે, કે જેની પાસે દિશાનો અભાવ હોય છે અને ક્યારેક એક દિશામાં તો ક્યારેક બીજી દિશામાં ભટકતી ફરે છે. હેતુ અથવા ધ્યેયથી માણસને દિશાભાન થાય છે, તેનાથી માણસે કયા માર્ગ પર ચાલવું જોઈએ તેનું ચિત્ર સ્પષ્ટ થાય છે. તેની મુસાફરીમાં વિક્ષેપ પાડવાનો કે તેનું ધ્યાન અન્ય બાબતો તરફ વળવાનો કોઈ સવાલ જ પેદા થતો નથી. જ્યાં સુધી તે/તેણીનો હેતુ સિદ્ધ ના થાય, અને જ્યાં સુધી તે/તેણી મંઝિલે પહોંચે નહીં, ત્યાં સુધી તે/તેણી પોતાની મુસાફરીમાં આગળ ધપે રાખે છે.

જીવનરૂપી રોકાણને જો ખરેખર કોઈ અર્થ આપવો હોય, તો કોઈ યોગ્ય/ઉચ્ચ ધ્યેય નક્કી કરવો જરૂરી છે. તેમજ, વ્યક્તિએ

હેતુની સાર્થકતા બાબતે સંપૂર્ણપણે વાકેફ અને નિશ્ચિત રહેવું જરૂરી છે. ત્યારબાદ, તેને અનુસરવા માટે, વ્યક્તિના અંતરાત્માનો સંપૂર્ણ ટેકો હોવો જોઈએ: તે વ્યક્તિના સમગ્ર અસ્તિત્વમાં પ્રવેશવું જોઈએ, અને તેની નસ-નસમાં લોહીની જેમ વહેવું જોઈએ. વ્યક્તિ પોતાની એકાગ્રતાની પ્રેક્ટિસથી પોતાના મન-હૃદયને ચોક્કસ હેતુ તરફ ઢાળી શકે છે, આવી રીતે જ માણસ પશુઓથી અલગ તરી આવે છે. જીવન-શ્રેષ્ઠ હેતુ પર ધ્યાન કેન્દ્રિત રહેવાથી મનુષ્યના જીવનમાં જોરદાર પરિવર્તન આવે છે. તેનામાં નવું વ્યક્તિત્વ જન્મ લે છે. જીવનની સાર્થકતા સિદ્ધ કરવામાં તે એટલો ગૂંથાઈ જાય છે કે નાની-નાની સમસ્યાઓ તેને અડતી (નડતી) પણ નથી. આવી વ્યક્તિ પોતાના ધ્યેયને નિરંતર સમર્પણ સાથે અનુસરે છે; અને જ્યાં સુધી ધ્યેય-પ્રાપ્તિ ના થાય, ત્યાં સુધી આરામ કરવાનુ પસંદ કરતી નથી.

## સંપૂર્ણ સમર્પણ

એલિયાસ હોવે (1819-1867) નામના શોધકનો જન્મ મેસેચ્યુસેટ્સ, અમેરિકામાં થયો હતો. તેમનું 48 વર્ષની નાની વયે અવસાન થયું હતું. તેમનું જીવન આટલું ટૂંકું હોવા છતાં પણ, કપડાની દુનિયામાં તેમનું યોગદાન - સિલાઈ મશીન માટે - હંમેશા યાદ રાખવામાં આવશે.

મજાની વાત એ છે કે એલિયાસ હોવે દ્વારા શોધાયેલ સીવણ મશીનનો ઉપયોગ સૌપ્રથમ કપડાં સીવવા માટે નહીં,

પરંતુ પગરખાં સિલાઈ કરવા માટે થતો હતો. મશીનની સૌથી મોટી સફળતા એ નીચેનો દોરો લઈ જતી શટલ અને ઉપરનો દોરો લઈ જતી સોય (સોયના ટોંચના છિદ્રમાંથી પસાર થતો દોરો) દ્વારા વિકાસ પામેલ લોકસ્ટીચ (સીવણ મશીન દ્વારા ગૂંથાયેલ ટાંકો) છે.

હજારો વર્ષોથી, માણસ સોયના પાયામાં છિદ્ર બનાવવા માટે ટેવાયેલો હતો. તેથી, સામાન્ય પ્રથા પ્રમાણે, એલિયાસ હોવેએ પણ તેના મશીનની સોયનું છિદ્ર ટોચને બદલે નીચેના ભાગમાં રાખ્યું હતું. સોયમાં છિદ્રની જગ્યા જે આપણને દેખાવે સાવ સરળ લાગે છે, એ શોધક માટે બહુ મોટી ઉપાધિ બની હતી. જાણીને આશ્ચર્ય થશે કે તેમની આ સમસ્યાનો ઉકેલ તેમને નીંદરમાં આવેલા એક સપનાને કારણે આવ્યો હતો.

હોવેએ પોતાનું મન-મગજ સંપૂર્ણપણે મશીન બનાવવાના કામમાં લગાડી દીધું હતું, એક રાત્રે તેણે સપનું જોયું કે તેને એક આદિમ આદિજાતિએ કબજે કરી લીધો છે, તેમણે તેને ધમકીભર્યો આદેશ આપ્યો કે ચોવીસ કલાકમાં મશીન તૈયાર કરી નાખ, નહીં તો મરવા માટે તૈયાર થઈ જા. તેણે સખત પ્રયાસો કર્યા, પણ નિષ્ફળ રહ્યો. સમયમર્યાદા પૂર્ણ થતાં ટોળાએ તેને ઘેરી લીધો, અને તેને મારવા માટે પોતાના ભાલાઓ આગળ કર્યા. તે ખૂબ ગભરાઈ ગયો, છતાં તેણે ધ્યાનથી નિરીક્ષણ કર્યું કે દરેક ભાલાની ટોંચ પર એક છિદ્ર હતું. તે છિદ્રને જોતો રહ્યો અને નીંદરમાંથી (નવી શરૂઆત માટે) જાગી ગયો. તેને સમસ્યાનો

ઉકેલ બરાબર સમજાઈ ગયો હતો: મશીનની કામગીરી માટે સોયનું છિદ્ર ના તો મધ્યમાં હોવું જોઈએ, ના તો નીચે પાયામાં બલ્કે ઉપર ટોચ પર હોવું જોઈએ. તેના આ નસીબદાર સપનાએ વર્ષ ૧૮૪૫માં તેને એક મિનિટમાં ૨૫૦ ટાંકા પૂરું કરતું સિલાઈ મશીન બનાવવામાં મદદ કરી હતી.

સ્વપ્ન શું છે? તે કોઈ કામ માટે તમારી જાતનું સંપૂર્ણ સમર્પણનું પરિણામ છે. દિવસ દરમિયાન આપણે જે વિચારો કરીએ છીએ, તેના વિશે આપણને રાત્રે સપનાઓ આવે છે. હોવે એક મશીનની શોધમાં માત્ર એટલા માટે સફળ થયો કારણકે તેણે પોતાની જાતને તેમાં એટલી હદે હોમી દીધી હતી કે જેથી તેને તેના વિશે જ સ્વપ્ન આવ્યું હતું. કોઈપણ ઉપક્રમની બાબતમાં આ હકીકત લાગુ પડે છે, પછી ભલેને તમે કોઈ યંત્રની શોધ કરવા ઈચ્છતા હોવ કે માનવ-જીવનમાં ક્રાંતિ લાવવા માંગતા હોવ. વ્યક્તિ પોતાના લક્ષ્યમાં સંપૂર્ણ સમર્પણ કર્યા બાદ જ સફળતા પ્રાપ્ત કરી શકે છે. જ્યારે વ્યક્તિએ કોઈ એક વસ્તુ/લક્ષ્ય પર પોતાનું મન કેન્દ્રિત કર્યું હોય, ત્યારે તે અર્ધજાગ્રત મનનો પણ એક ભાગ બની જાય છે, અને તે વ્યક્તિના સપનામાં પ્રતિબિંબિત થાય છે.

## ધ્યેયનું મહત્વ

1931માં, જાપાને ચીનના ઉત્તર પૂર્વીય વિસ્તારમાં મંચુરિયા પર યુદ્ધમાં વિજય મેળવ્યો, જ્યાં તેણે પોતાની

પસંદગીની સરકારની સ્થાપના કરી. ત્યાર બાદ જાપાન સાથેના ચીનના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. 7 જુલાઈ, 1937ના રોજ બેઇજિંગ (પેકિંગ)માં માર્કો પોલોની ઘટના બની હતી. આ ઘટનાએ દબાયેલી લાગણીઓને જાગૃત કરી, જેના કારણે બંને દેશો વચ્ચે લશ્કરી મુકાબલો થયો. જે છેવટે બીજા વિશ્વ યુદ્ધમાં પરિણમ્યું. ત્યારથી જાપાન અને ચીન વચ્ચે દુશ્મનાવટ પ્રવર્તમાન રહી હતી. ત્યારબાદ કેટલાક વર્ષોના વિરામ બાદ બંને દેશો વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા, જે મુજબ જાપાન ચીનમાં સ્ટીલ મિલ સ્થાપવાનું હતું. પરંતુ સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા બાદ, ચીનની સરકારે એકાએક તેને રદ કરી દીધો.

ગમે તેમ છતાં પણ, જાપાન માટે નવી તકો ખૂલી, જ્યારે ચીનના નવા વડાપ્રધાન ડેંગ ઝિયાઓપિંગે સામ્યવાદના ઉગ્રવાદી સંસ્કરણનો અંત લાવ્યો અને નવી ખુલ્લા-દ્વારની નીતિ અપનાવી. આનાથી જાપાનને ચીન સાથે નવા સંબંધો સ્થાપવાની તક મળી, જેના કારણે ફરીથી ચીનમાં જાપાનીઓનું આગમન થયું. આજે તમારે ચીન જવું હોય તો ત્રણ મહિના પહેલા તમારો એર પેસેજ બુક કરાવવો પડે છે, કારણકે જાપાનથી ચીન તરફ જતી દરેક ફ્લાઇટ હાઉસફૂલ જ હોય છે.

ચાઇના વ્યવસાય-વિકાસ માટે મોટી તકો પૂરી પાડે છે, જેનો જાપાન શક્ય તેટલી વધારે હદ સુધી લાભ લેવા માંગે છે. વ્યાપારી ગતિવિધિઓની સુવિધા માટે, જાપાનીઓએ અગાઉની

બધી પીડાદાયક યાદોને તેમના મનમાં બૂરી દેવામાં બિલ્કુલ સમય ગુમાવ્યો નહીં. એક પ્રવાસીએ એકવાર આવું ટાંક્યું હતું: જાપાને નક્કી કર્યું છે કે તે તમામ અપમાનજનક વર્તન એકપક્ષીય રીતે સહન કરશે. એ જ પ્રવાસીએ લખ્યું કે ટોક્યોમાં તેમના રોકાણ દરમિયાન (જૂન 1987), રેડિયો બેઇજિંગે જાહેરાત કરી છે કે ચીન એક મ્યુઝિયમ બનાવશે જેમાં ચિત્રો થકી, જાપાનીઓ દ્વારા ચીનીઓ પર કરવામાં આવતા અન્યાય અને અત્યાચારને દર્શાવશે. આ મ્યુઝિયમનું ઉદ્ઘાટન 1987માં માર્કો પોલોની દુ:ખદ ઘટનાના 50માં વર્ષ નિમિત્તે થવાનું હતું.

જ્યારે જાપાનીઓને આ અહેવાલ પર ટિપ્પણી કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેઓએ મૌન જાળવી રાખ્યું. જ્યારે તેઓને બોલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા ત્યારે તેઓએ કહ્યું: "અમારા ચાઇનીઝ મિત્રો અમને કડવી યાદો દ્વારા અમારા અંત:કરણને અપીલ કરવાની રીત સારી રીતે જાણે છે." જાપાનનો એક ધ્યેય હતો, તેના વ્યવસાયિક હિતોને પ્રોત્સાહન આપવું. તેમના માટે આ ઉદ્દેશ્ય ચારિત્ર્ય ઘડતરનો હતો, જેમાં તેમને સહનશીલતાની શાણપણ, કોઈ બિન-મહત્વની બાબતે વાત કરવાનું ટાળવાનું અને જ્યારે વાસ્તવિક જરૂરિયાત હોય ત્યારે જ બોલવાનું શીખવવામાં આવ્યું હતું. ચોક્કસ ધ્યેય હોવાને કારણે તેઓ ભૂતકાળની ફરિયાદો ભૂલી ચૂક્યા હતા અને તેમણે તમામ ફરિયાદો તથા યુદ્ધ-પહેલને પણ એકપક્ષીય રીતે દફનાવી દીધા હતા, જેથી તેમના ઉદ્દેશને હાંસલ કરવાનો માર્ગ અવરોધોથી મુક્ત થઈ શકે.

મનોવિજ્ઞાનનો આ એક પ્રમાણભૂત ભાગ છે, પછી ભલે તમારો ધ્યેય વ્યાપાર વ્યવહાર કરવાનો હોય કે અન્ય કોઈ પ્રોજેક્ટ હાથ ધરવાનો હોય. જ્યારે કોઈપણ જૂથ આ રેખાને અનુસરવાની ક્ષમતા ગુમાવે છે, ત્યારે તે સૂચવે છે કે તેમણે જીવનનો હેતુ ગુમાવ્યો છે. એવા જૂથની વ્યક્તિઓ ચારિત્ર્ય ગુમાવે છે, જેમની સમક્ષ કોઈ સ્પષ્ટ ધ્યેય નથી હોતો.

અત્યારે મુસ્લિમોની સૌથી મોટી નબળાઈ એ છે કે તેઓનું કોઈ ચારિત્ર્ય રહ્યું નથી. તમે જોશો કે દરેક ક્ષેત્રમાં લોકો પોતાનું ચારિત્ર્ય ગુમાવી ચૂક્યા છે. તેમના પર કોઈ મજબૂત પાયો ઉભો કરી શકાતો નથી. જ્યાં પણ તમે તેમને કોઈ કામમાં લાવવાનો પ્રયાસ કરો છો, ત્યાં તેઓ પકવેલી ઇંટોની દીવાલ જેવા જડ નીકળે છે.

આ નબળાઈનું મુખ્ય કારણ એ છે કે આજે આપણા લોકોએ જીવનના ધ્યેય અને અનુરૂપ દિશા વિશેની તમામ જાગૃતિ ગુમાવી દીધી છે. એક જૂથ તરીકે, આપણે લક્ષ્યહીન બની ગયા છીએ. આપણી પાસે અત્યારનું વર્તમાન કે પછીનું ભવિષ્ય ઘડવાની શક્તિનો અભાવ છે. આ આપણી વાસ્તવિક નબળાઈ છે. જો આ ચેતનાને ફરી એકવાર પુનર્જીવિત કરી શકાય, તો આપણે ફરી એક વખત જીવંત લોકો બનીશું - સારા ચારિત્ર્યના લોકો બનીશું, જેમ ભૂતકાળમાં આપણા વડવાઓ હતા. જીવન-ઉદ્દેશની ભાવનાના મહત્વ પરત્વે જાગ્રતિ માટે વ્યક્તિગત અસરકારકતાનું

હોવું ખૂબ જરૂરી છે. કારણકે જીવનમાં ઉદ્દેશ્ય હોવું માણસની ક્ષમતાને જાગૃત કરે છે. તે તેને ફરીથી એક વાસ્તવિક માણસમાં ફેરવે છે.

## બધુ લોહી માથામાં

નોબેલ પુરસ્કાર વિજેતા તેમજ અન્ય ઘણા બધા પુરસ્કારોથી સન્માનિત પ્રોફેસર પોલ ડીરાક, ન્યુટન અને આઈન્સ્ટાઈન પછી - આધુનિક સમયના મહાન વૈજ્ઞાનિક તરીકે જાણીતા છે. ઓક્ટોબર 1984માં 84 વર્ષની વયે ફ્લોરિડા શહેરમાં તેમનું અવસાન થયું. તેઓ મુખ્યત્વે તેમના ક્વોન્ટમ મિકેનિકલ થિયરી (અણુના સૌથી નાના ભાગના ભૌતિકશાસ્ત્ર)ના વિકાસ અને પ્રાયોગિક શોધ પહેલાની તેમની એન્ટિ-મેટરની આગાહી માટે જાણીતા છે. તેમના "એન્ટિ-મેટર" અને "એન્ટિ-યુનિવર્સ" ખ્યાલો સમકાલીન બ્રહ્માંડના પાત્ર અને વિષયવસ્તુ, ઉદ્ભવસ્થાન અને ઇતિહાસને સમજાવવા માટેના અગ્રણી ભૌતિક વિચારો બન્યા છે. ધ ગાર્ડિયન (નવેમ્બર 4, 1984) માં લેખક જે.જી. ક્રાઉથરની શ્રી ડિરાક પ્રત્યેની હેડલાઇન "પ્રોફેટ ઓફ ધ એન્ટિ-બ્રહ્માંડ"  દ્વારા આપવામાં આવેલી શ્રદ્ધાંજલિ ખૂબ જ સાર્થક છે.

શ્રી ડિરાકની પ્રથમ એન્ટિ-પાર્ટિકલની શોધ, પરમાણુ ભૌતિકશાસ્ત્રની દુનિયામાં ક્રાંતિ લઈ આવી હતી, જે પોઝિટ્રોન તરીકે ઓળખાય છે. સ્વાભાવિક રીતે, વિદ્યાર્થીઓને એ જાણવામાં ખૂબ રસ હતો કે તેઓ વિશ્વને હચમચાવી દેનારી આ શોધમાં કેવી

રીતે અહીં સુધી પહોંચ્યા. તેમનો જવાબ ઘણીવાર કંઈક અંશે અતાર્કિક જણાતો. જ્યારે લોકોએ તેમને પૂછ્યું કે તેમને સબ-એટમિક દ્રવ્યની પ્રકૃતિ વિશેના તેમના અચંબામાં મૂકી દે એવા વિચારો કેવી રીતે આવ્યા, ક્રાઉથર લખે છે કે, "જવાબમાં તેઓ શાંતિથી સમજાવતા કે તેઓ જમીન પર પગ ઉપર તરફ રાખીને સૂઈ જતાં, જેથી શરીરનું બધુ લોહી માથામાં વહેતું થતું!" ડીરાકનો જવાબ કદાચ મજાક હોય તેવું લાગે, પરંતુ હકીકતમાં તેણે જે કહ્યું તે એકદમ સાચું છે. માથું શરીરની બૌદ્ધિક શક્તિનું સંચાલન કરતો ભાગ છે, અને મોટા બૌદ્ધિક પરાક્રમો શરીરના તમામ રક્તને, માથામાં ચેનલાઇઝ કરવાથી જ પરિપૂર્ણ કરી શકાય છે.

ખરેખર, બહુ ઓછા લોકો આવું કરતા હોય છે. તેઓ તેમના પ્રયત્નોને વિવિધ દિશાઓમાં વેરવિખેર કરવાને બદલે એક જ સ્થાને કેન્દ્રિત કરવાનું વલણ ધરાવે છે. જેઓ એક જ ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તેમની નિષ્ફળ રહે છે, તેમના તમામ પ્રયત્નો અપૂર્ણ અને બિનઅસરકારક રહે છે,. દરેક સાર્થક કાર્ય, વ્યક્તિથી થઈ શકે એ બધા પ્રયાસોની માંગ કરે છે. તમારી તમામ શક્તિઓને ધ્યેય-લક્ષી કાર્યમાં લગાડવી એ જ સફળ થવાનો એકમાત્ર રસ્તો છે.

## દ્રઢ સંકલ્પ

નવેમ્બર 1922 માં, ચોત્રીસ વર્ષના ફાધર હેનરી હેરાસ (1889-1956) નામના સ્પેનિશ પાદરી બોમ્બે હાર્બરમાં ઉતર્યા. આપણો દેશ તેમને ખૂબ જ પસંદ આવ્યો, અને, અહીં ખ્રિસ્તી મિશનરીના કાર્ય માટે સારી તક મળી રહેશે તેવી ભાવનાથી, તેમણે ત્યાં સ્થાયી થવાનું અને તેમની મિશનરી પ્રવૃત્તિઓને આગળ ધપાવવાનો સંકલ્પ કર્યો.

વિદેશી હોવાના કારણે, સૌપ્રથમ તેઓ ક્યાંકથી કંઈક કામ શરૂ કરી શકે એવો કોઈ આધાર / ઓળખાણ શોધવાની જરૂર પડી. આથી, તેઓએ નક્કી કર્યું કે તેઓ પહેલા અધ્યાપન ક્ષેત્રે સેવા આપશે, ત્યારબાદ પોતાની જાતને આ ક્ષેત્રમાં સ્થાપિત કરશે અને પછી કોલેજ કેમ્પસની અંદર અને બહાર પ્રચાર કરવાનું શરૂ કરશે. આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને તેઓ બોમ્બેની સેન્ટ ઝેવિયર્સ કોલેજના પ્રિન્સિપાલને મળવા ગયા. પ્રિન્સિપાલ તેમના પ્રમાણપત્રોના સ્કોરથી રાજી થયા, પરંતુ યુવાન પાદરી બહારના દેશના ઇતિહાકાર હતા, આથી પ્રિન્સિપાલે તેમને પૂછ્યું કે તેઓ વિદ્યાર્થીઓને કઈ શાખાનો ઇતિહાસ ભણાવશે?. "ભારતીય ઇતિહાસ", યુવાન પાદરીએ સંપૂર્ણ આત્માવિશ્વાસથી જવાબ આપ્યો. પ્રિન્સિપાલે આતુરતાથી પૂછ્યું કે તેઓ ભારતના ઇતિહાસ વિશે શું જાણે છે. પાદરીએ નિખાલસપણે જવાબ આપ્યો, "કંઈ નહીં". પ્રિન્સિપાલે શંકાશીલ થઈને આગળ પૂછવાનું ચાલુ રાખ્યું કે તેઓ એ વિષય પર કેવી રીતે ભણાવી શકશે, જેમાં તેમને જ્ઞાન નથી. "હું તેનો અભ્યાસ કરીશ", યુવાન ફાધર હેરાસે બહુ સરળ રીતે ઉત્તર આપ્યો. પ્રિન્સિપાલ માટે યુવાનની નિમણૂક કરવી

અઘરી હોવા છતાં, તેનું નિષ્ઠાવાન વર્તન અને નિર્ધાર પરનો આત્મવિશ્વાસની તેમના પર જાદુઈ અસર થઈ.

પોતાના દ્રઢ સંકલ્પથી પ્રેરિત, ફાધર હેરાસે ભારતીય ઈતિહાસનો એટલો જબરદસ્ત ઉત્સાહ સાથે અભ્યાસ કર્યો કે તેઓ આ વિષયના સક્ષમ શિક્ષક બન્યા, એટલું જ નહીં, પરંતુ તેમણે સર જદુનાથ સરકાર અને ડો. સુરેન્દ્રનાથ સેનની હરોળના ઈતિહાસકાર તરીકે પોતાની જાતને સ્થાપિત પણ કરી. આજની તારીખે, બોમ્બે શહેરમાં હેરાસ ઈન્સ્ટીટયુટ એ ફાધર હેરાસ અને તેમના જીવન-કાર્યોના જીવંત સ્મારક તરીકે ઊભું છે. જો ફાધર હેરાસ તેમના મિશનરી કાર્યોથી પ્રોત્સાહિત ના હોત, તો તેમને એકદમ સહેલાઈથી યુરોપિયન ઇતિહાસ ભણાવવા માટેની નિયમિત પગારવાળી આરામદાયક નોકરી મળી જાત, જે વિષયના તેઓ પહેલેથી જ તજજ્ઞ હતા. પરંતુ, દેશના યુવાઓની નજીકતા પ્રાપ્ત કરવા માટે, તેઓએ તેમનાથી સંપૂર્ણપણે અજાણ્યા વિષયને શીખવાનું મૂશ્કેલ અને અસાધારણ કાર્ય હાથમાં લીધું.

જો કોઈ વ્યક્તિના જીવનમાં કોઈ ચોક્કસ ધ્યેય હશે, તો તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે, તે અન્ય તમામ બાબતો/લાભોની અવગણના કરશે. તે વ્યક્તિના દરેક પ્રયત્નો પોતાના ધ્યેયની દિશામાં જ પ્રવર્તમાન હશે. આવી વ્યક્તિને ક્ષણિક લાભનું કે લક્ષ્ય વગરનું, આરામદાયક જીવન જીવવા માટે

કોઈ આકર્ષણ નહીં હોય. ઉદ્દેશ્ય-પ્રાપ્તિ માટે થતાં નુકશાન અને હાડમારીને તે સહજતાથી સહન કરી લેશે.

## ક્રેમોના શહેરનો જેરાર્ડ

ઈ. સ. 1114માં લોમ્બાર્ડીના ક્રેમોનામાં જન્મેલા શ્રી જેરાર્ડ મધ્યયુગીન વિદ્વાન હતા, જેમણે ઘણા મોટા ગ્રીક અને અરબી લેખકોની કૃતિઓનો લેટિનમાં અનુવાદ કર્યો છે, ત્યાંની ભાષાઓમાં વૈજ્ઞાનિક અને દાર્શનિક સાહિત્યનો બહુ મોટો સમૂહ હતો, જે તે સમયની પ્રચલિત દુનિયામાં બધાને ઉપલબ્ધ કરાવવા જરૂરી હતો. આમ, તેણે પોતાના દેશવાસીઓ માટે એવી જ સેવા કરી, જેવી રીતે હુનૈન ઇબ્ને ઇશાકે પૂર્વી અરેબિયા માટે કરી હતી.

તેઓ અરબી ભાષા શીખવા માટે ખાસ, સ્પેનના ટોલેડોમાં ગયા, જેથી કરીને તેઓ બીજી સદીના ગ્રીક ખગોળશાસ્ત્રી, ભૂગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી ટોલેમી દ્વારા લખાયેલ અલ્માગેસ્ટનું અધ્યયન કરી શકે. અલ્માગેસ્ટ એ પ્રાચીન લોકોના ખગોળશાસ્ત્રીય સાહિત્યનું વિશાળ ગણિત-વિજ્ઞાન હતું, જેને મધ્યયુગ તેમજ પુનરુજ્જીવન સુધી અધિકૃતતા હાંસલ હતી. અલ્માગેસ્ટ એ જેરાર્ડના સૌથી નોંધપાત્ર અનુવાદોમાનું એક હતું. તેમના કાર્યમાં તેમને એક ખ્રિસ્તી અને એક યહૂદી એમ અન્ય બે વિદ્વાનો દ્વારા મદદ પ્રાપ્ત થઈ હતી. આ એક અને આવા અન્ય

પુસ્તકોને લીધે, ગ્રીક અને અરબી વિજ્ઞાનના દરવાજા, પશ્ચિમ માટે પ્રથમ વખત ખુલ્લા થયા હતા.

ચિકિત્સા ક્ષેત્રે, તેમણે બુકરાત અને ગેલેનના પુસ્તકો, તેમજ હુનૈન અને અલ-કિન્દીના લગભગ તમામ પુસ્તકો, અને અબુલ કાસિમ ઝહરાવીનું સર્જરી પરનું પુસ્તક તેમજ ભૌતિક વિજ્ઞાન પરના અન્ય ઘણા પુસ્તકોનો અનુવાદ કર્યો છે, જેમાં અશ્મિઓ પરની પત્રિકા એરિસ્ટોટલને આભારી છે. આ ઉપરાંત તેમણે ઇબ્ન સિનાના કાયદા પરના વિશાળ વોલ્યુમ અને અલ-કિન્દી, અલ-ફરાબી, ઇશાક, સબીત અને અન્ય ઘણા પુસ્તકોને લેટિનમાં રજૂ કર્યા હતા.

ઈ. સ. 1187 માં, ટોલેડોમાં જેરાર્ડ જ્યારે ખૂબ જ બીમાર હતા, ત્યારે તેમને પોતાનો અંત નજીક હોવાનો ભાસ થયો. તે ચિંતનમાં ડૂબેલા હતા કે પોતાના ગયા પછી શું થશે? "અરબી ભાષાના આ પુસ્તકો ખૂબ જ અમૂલ્ય છે," તેમણે વિચાર્યું, "અને તેનું પશ્ચિમી ભાષાઓમાં અનુવાદ કોણ કરશે?". તેમના પ્રતિભાવોએ તેમને અંદરથી ગહન રીતે પ્રેરિત કર્યા, અને તેઓ નવા ઉત્સાહ અને ઊર્જા સાથે, કામ તરફ પરત ફર્યા. તેમની તબિયત અત્યંત લથડતી હોવા છતાં, તેઓ તેમના પુસ્તકોના બાકીના મૂલ્યવાન સંગ્રહનો અનુવાદ કરવામાં સફળ રહ્યા. કહેવાય છે કે તેમના મૃત્યુના એક મહિના પહેલા, તેમણે 80થી વધારે પુસ્તકોના અનુવાદો પૂર્ણ કર્યા હતા.

જ્યારે કોઈપણ વ્યક્તિ, કર્મ કરવા માટે પૂરતા પ્રમાણમાં પ્રેરણા અનુભવે છે, ત્યારે તે મૃત્યુશય્યા પર હોય અને તેના બાહ્ય સંજોગો તદ્દન પ્રતિકૂળ હોય તો પણ, કોઈપણ કિંમતે કાર્ય હાથ ધરીને રહે છે. આ સમયે, વ્યક્તિની ઈચ્છા-શક્તિ અને કામ પ્રત્યેની પ્રેરણા મૂળભૂત પરિબળ બની રહે છે, અને શારીરિક શકિત ગૌણ બની જાય છે.

## મારી પાસે સમય નથી.

એલેક્ઝાન્ડર ઇસાયેવિચ સોલ્ઝેનિત્સિન (1918-2008) નામના એક રશિયન નવલકથાકાર પોતાના લોકોની ખૂબ મૂશ્કેલ ભરી પરિસ્થિતિઓ અને કસોટીઓથી પ્રભાવિત હતા, આથી તેમણે આ બધાને પોતાની નવલકથાઓમાં, તેમના અવિશ્વસનીય અસ્તિત્વને નક્કર આકાર આપ્યો હતો. તેમણે અનિવાર્યપણે સોવિયેત સત્તાધીશોનો આક્રોશ સહન કરવો પડ્યો, અને 1976માં તેમને અમેરિકામાં આશ્રય લેવાની ફરજ પડી, જ્યાં તેઓ વર્મોન્ટમાં સ્થાયી થઈને શાંતિથી પોતાની પુસ્તકો લખતા રહ્યા.

મે 1982માં, તેમને અમેરિકન સરકાર તરફથી, વોશિંગ્ટનમાં વ્હાઇટ હાઉસ ખાતે, તેમના સન્માનમાં આયોજિત સત્તાવાર સમારોહમાં ભાગ લેવાનું આમંત્રણ મળ્યું. અન્ય ઘણા મહાનુભાવો ઉપરાંત, ખુદ યુ.એસ.ના રાષ્ટ્રપતિ પોતે તેમનો સત્કાર કરવા ઉત્સુક હતા. આથી, આ કાર્યક્રમમાં અમેરિકન રાષ્ટ્રપતિ શ્રી રીગનની સોલ્ઝેનિત્સિનની સાથે એક ખાસ 15

મિનિટની બેઠક પણ નક્કી થઈ હતી. પરંતુ, 3મે 1982ના રોજ, સોલ્ઝેનિત્સિને રાષ્ટ્રપતિ શ્રીને કાર્યક્રમમાં હાજરી ન આપી શકવા બદલ ખેદ વ્યક્ત કરતો જવાબ મોકલ્યો. તેમણે લખ્યું હતું: "નિયત જીવનકાળ મને ઔપચારિક પ્રસંગો માટે સમય ફાળવવાની પરવાનગી આપતો નથી!"

નવલકથાઓમાં પોતાના દેશવાસીઓના જીવનના હૃદયસ્પર્શી સ્થાન અને વર્ણન કરવાના, તેમના સુવ્યવસ્થિત ઉદ્દેશ્યએ, તેમના મનમાં એવો કબજો જમાવ્યો હતો કે સમય માંગી લેતા કાર્યક્રમોમાં હાજરી આપવા માટે તેમની પાસે એકપણ મિનિટ નહોતી, આથી આવા આમંત્રણોને નકારવા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ જ નથી, ભલેને પછી તે યુ. એસ.ના રાષ્ટ્રપતિ તરફથી હોય.

જ્યારે કોઈ વ્યક્તિ પાસે કોઈ ચોક્કસ અને યોગ્ય ધ્યેય હોય છે, ત્યારે તેના માટે સમયની કિંમત અમૂલ્ય બની જાય છે, પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ ધ્યેય-રહિત હોય છે, ત્યારે સમય તેના માટે મોટો બોજ બને છે, તેના માટે ઔપચારિક કે સ્વાગત મેળાવડાઓ એક નિરર્થક વ્યવસાય બની જાય છે. તે પોતાનું કોઈ વાસ્તવિક જીવન બનાવી શકતો નથી, પરંતુ અન્યોના કામધંધામાં વધારે દિલચશ્પી લેવા લાગે છે. આમ, તેનું જીવન, સુકાન વિનાના વહાણની જેમ, સાવ નકામી રીતે, અંત સુધી વહી જાય છે. ઉપરછલ્લી રીતે જોઈએ તો એવું લાગે છે કે તેણે સંપૂર્ણ અને વ્યસ્ત જીવન જીવ્યું છે, પરંતુ, બારીકાઈથી જોવા પર ખ્યાલ

આવે છે કે તેનું જીવન ધૂળ બરાબર હતું, અને ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે, જ્યારે તેને એ બાબતનું ભાન થાય છે કે, તેણે પોતાનું અમૂલ્ય અસ્તિત્વ ખાલી ખોટા અને અર્થહીન વળાંકોમાં વેડફી નાખ્યું.

## હજુ કંઈક બાકી છે.

18મી સદીમાં ભારતને બ્રિટિશ વસાહત બનાવવા માટે સખત સંઘર્ષ કરનારા ટોચના અંગ્રેજોમાંનો એક અફસર, લોર્ડ રોબર્ટ ક્લાઈવ (1725-1774), અઢાર વર્ષની ઉંમરે 1743માં મદ્રાસ આવ્યો હતો, અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં કારકુન તરીકે જોડાયો હતો. તે સમયે તેનો વાર્ષિક પગાર માત્ર પાંચ પાઉન્ડ હતો. આ રકમ તેના નિર્વાહ ખર્ચ માટે પૂરતી નહોતી. પરિણામે, તેના પર ખૂબ દેણું થઈ ગયું હતું, અને દેવાના બોજને લીધે નિરાશા અને હતાશામાં આવીને ઘણીવાર તેનો પોતાના સાથીદારો અને સહપાઠી અધિકારીઓ સાથે ઝગડો પણ થતો હતો.

પછીના દિવસોમાં એક ઘટના બની, જેનાથી તેના જીવનની દિશા બદલાઈ ગઈ. એક દિવસ પોતાના નિષ્ફળ જીવનનો અંત આણવા માટે તેણે પોતાની ગોળીઓથી ભરેલી પિસ્તોલ, પોતાના માથા પર મૂકી, અને ટ્રિગર દબાવી દીધું. પરંતુ, આશ્ચર્યની વાત એ બની કે પિસ્તોલ ચાલી જ નહીં. તેણે ખાતરી કરવા પિસ્તોલ ખોલીને તપાસી, જે ખરેખર ગોળીઓથી

ભરેલી હતી. તેનો પોતાની જાતને ખતમ કરવાનો પૂરેપૂરો ઈરાદો હોવા છતાં, તે જીવતો બચી ગયો હતો.

આ ખૂબ જ વિચિત્ર ઘટના હતી. "ચોક્કસપણે સર્વશક્તિમાન ઈશ્વરે પોતાને કોઈ મહત્વપૂર્ણ હેતુ માટે બચાવ્યો છે!" એ વાત સમજાતા, રોબર્ટ ક્લાઇવ રડી પડ્યો. ત્યારબાદ, તેણે કારકુનની નોકરીમાંથી રાજીનામું આપી દીધું, અને બ્રિટિશ સેનામાં જોડાઈ ગયો. તે સમયે, અંગ્રેજો અને ફ્રેંચ, બંને એક જ સમયે ભારતમાં પગદંડો જમાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જે સંઘર્ષ અંતે બંને દળો વચ્ચે યુદ્ધમાં પરિણમ્યો. આ યુદ્ધમાં રોબર્ટ ક્લાઈવે અસાધારણ ક્ષમતા અને બહાદુરી બતાવીને પોતાની જાતને સાબિત કરી હતી. ત્યારબાદ, તેણે ઘણી પ્રગતિ કરી, ત્યાં સુધી કે તે બ્રિટિશ સેનાનો કમાન્ડર-ઇન-ચીફ તરીકે નિયુક્ત પણ થયો. ક્લાઇવ, જે હતાશામાં આત્મહત્યા કરવા માંગતો હતો, તે આખરે ભારતના પ્રથમ બ્રિટિશ વિજેતા તરીકેના પદ પર પહોંચ્યો.

આપણે બધા, જીવનમાં એકાદ-બે અથવા ઘણી વખત, એવી ઘટનામાંથી પસાર થઈએ છીએ, જેમાં કોઈક ચમત્કાર થયો હોય તેમ, અત્યંત જોખમી પરિસ્થિતિમાંથી સુરક્ષિત બહાર નીકળીએ છીએ. પણ, રોબર્ટ ક્લાઇવની જેમ બહુ ઓછા લોકો તેમાંથી બોધપાઠ લે છે. આવી ઘટનાઓ પરથી બહુ ઓછા લોકો એવું શીખે છે કે "હજુ તેમનો સમય આવ્યો નથી, દુનિયામાં તેમનું કંઈક કામ પૂરું કરવાનું બાકી છે."

દરેક વ્યક્તિને એક નિશ્ચિત સમય અને ચોક્કસ તકો ફાળવવામાં આવી છે. જ્યાં સુધી સર્વશકિતમાન ઈશ્વર ઈચ્છે નહીં, ત્યાં સુધી આ નિયત સમય અને તકો, તેની પાસેથી કોઈ છીનવી શકતું નથી. જો રાતે સૂઈ ગયા પછી, ઈશ્વર તમને સવારે નવો દિવસ દેખાડે છે, તો સમજી લો કે તમારા ભાગે આવતું કામ કરવા માટે તમારી જિંદગી બાકી છે. ગંભીર ઘટનાઓથી ભરેલી આ દુનિયામાં જો તમે જીવતા છો, તો તેનો અર્થ એ છે કે, સર્વશક્તિમાન ઈશ્વરની યોજના પ્રમાણે, તમારે કંઈક પૂરું કરવાનું બાકી છે, જે હજુ સુધી અધૂરું છે.

## આગળ વધવામાં સાવધાન

જ્યારે નદીઓ ઓળંગવાની થાય, ત્યારે નાના પ્રાણીઓ તરીને પાર કરી શકે છે અને થોડાં મોટા, વજનમાં હળવા પ્રાણીઓ ઝડપથી ચાલીને પાર કરી શકે છે. પણ, હાથીને નદી પાર કરવાનું થાય તો? હાથી ક્યારેય અન્ય જીવોની જેમ ઝડપથી નદી પાર કરતો નથી. સૌપ્રથમ તે નદીના પટની કઠિનતા/નરમાઈ ચેક કરે છે, અને પોતાનું આખું વજન આગળના પગ પર મૂકી દેતો નથી. તળિયાની સુરક્ષિતતાની ખાતરી થઈ ગયા બાદ જ તે આગળ ધપે છે. આગળ વધી ગયા પછી પણ, નરમ કાદવમાં ફસાઈ જવાની બીકે, તેની ગતિ ધીમી રાખે છે. તે દરેક પગલે નદીના પટનું પરીક્ષણ કરતો, ખૂબ જ સાવધાનીથી આગળ વધે છે.

હાથીને આવું કરવાનું કોણે શીખવ્યું? ચોક્કસ તે ઈશ્વર જ હોવો જોઈએ, જેણે તેના અસ્તિત્વ માટે આવી વૃત્તિ આપી, આમ તેના પર દૈવી પરવાનગીની મહોર લગાવી. ઈશ્વર હાથીના આવા ઉદાહરણ દ્વારા આપણને બતાવે છે કે જ્યારે આપણા માર્ગ પર જોખમના સંકેતો હોય, ત્યારે આગળ વધવામાં આપણે બેદરકારી દાખવવી જોઈએ નહીં, પરંતુ "આગળની જમીન" ની પ્રકૃતિને માપીને સમાન સાવધાનીથી આગળ વધવું જોઈએ.

મનુષ્યને હાથી કરતાં ઘણી વધારે મગજ શક્તિ પ્રાપ્ત છે. બધાને ખબર પડે છે કે ગન પાવડરની નજીક આગ પ્રગટાવાય નહીં. કોઈ એન્જિન ડ્રાઈવર પેટ્રોલ બોગીને લઈ જતી વખતે આડો-અવળો થતો નથી. પરંતુ આપણમાંના મોટાભાગના લોકો એ ભૂલી જતા હોય છે, કે સામાજિક જીવનમાં પણ આવો સમજદારીનો સિદ્ધાંત અનુસરવો જરૂરી છે. દરેક સમાજમાં અલગ-અલગ પ્રકારના લોકોનો હોય છે, જેઓ વિવિધ પ્રકારનું વાતાવરણ બનાવે છે. દરેક સમાજમાં 'ભીનાશ', 'પેટ્રોલ', 'કાંટા' અને 'ખાડાઓ' હોય છે. બુદ્ધિશાળી વ્યક્તિ હંમેશા આવી અઘરી અને વિસ્ફોટક પરિસ્થિતિઓને ટાળવાનો અભિગમ અપનાવે છે, આમ પોતાની જાતને ઘર્ષણના અંતરાયોથી બચાવે છે.

જેમની આગળ કોઈ ને કોઈ ધ્યેય હોય છે, તેઓ ક્યારેય પોતાની જાતને આવી બાબતોમાં ફસાવવા દેતા નથી, કારણકે નહીં તો તેઓ તેમના ઉદ્દેશ્યથી વિમુખ થઈ શકે છે. ધ્યેય-લક્ષી વ્યક્તિ હંમેશા, ડાબી કે જમણી બાજુએ જોયા વગર - સીધો

આગળ - ભવિષ્ય તરફ જુએ છે. તે હંમેશા ક્ષણિક વિચારણાઓને બદલે લાંબાગાળાના પરિણામો વિશે વિચારે છે. તે વસ્તુઓ અને પરિસ્થિતિઓને, વ્યક્તિગત ઇચ્છાઓ અને ધૂનના દૃષ્ટિકોણથી નહીં, બલ્કે વાસ્તવિકતાના દૃષ્ટિકોણથી જુએ છે.

## ચારિત્ર્ય-બળ

દેખીતી રીતે તો બળનો સીધો સંબંધ સંપતિ અથવા સ્નાયુબદ્ધતા સાથે હોય છે. પરંતુ, બળના સૌથી મોટા પાસાને ભૌતિક વસ્તુઓ કે સિદ્ધિઓ સાથે કોઈ લેવાદેવા નથી. તેનું અસલ રહસ્ય ચારિત્ર્યમાં છે - કે જે આપણામાંના સૌથી ગરીબ કે નબળા લોકો પાસે પણ હોઈ શકે છે.

દિલ્હીની હુસૈન બક્ષ સ્કૂલના 30 વર્ષીય શિક્ષક અને મસ્જિદના પેશ-ઈમામ, મૌલાના મોહમ્મદ કાસિમ કાઝમીએ એક વખત ઘડિયાળ રિપેર કરવાની દુકાન ખોલવાનું નક્કી કર્યું, જેના માટે તેમને ફૂલ-ટાઈમ કુશળ કારીગરની જરૂર હતી. થોડાં સમય તો કોઈ ઉપલબ્ધ ના થયું, પરંતુ એક દિવસ એક આધેડ વયનો માણસ, મોહમ્મદ દીન કાશ્મીરી, જે ઘડિયાળનો કારીગર હતો, તેમને મસ્જિદમાં મળ્યો. એવું લાગતું હતું કે તે ખરેખર કામની શોધમાં દિલ્હી આવ્યો હતો, અને પોતાની કુશળતામાં ઘણો વિશ્વાસ વ્યક્ત કરતો હતો. મૌલાના કાસિમે તેને પૂછ્યું કે દિલ્હીમાં તેની બાંયધરી લેવાવાળું કોઈ છે? ત્યારે મોહમ્મદ દીને કહ્યું, "મારો જામીનદાર અલ્લાહ સિવાય બીજું કોઈ નથી. જો તમે તેની

ગેરંટી પર મારા પર ભરોસો મૂકી શકો, તો હું તેને મારા જામીનદાર તરીકે રજૂ કરું."

મૌલાના કાસિમ, મોહમ્મદ દીન કાશ્મીરીની અભિવ્યક્તિની રીતથી એટલા પ્રભાવિત થયા કે તેમણે મોહમ્મદ દિનને પોતાની દુકાન પર કામ કરવા રાખી લીધો. ત્યારબાદ ઘણો સમય વીતી ગયો છે, અને દુકાનદાર તથા કર્મચારી બંને અલ્લાહની કૃપાથી દુકાનના સફળ સંચાલનથી સંતુષ્ટ છે. જો મોહમ્મદ દીન કાશ્મીરી, મૌલાના કાસિમને તેના ચારિત્ર્યથી પ્રભાવિત કરી શક્યો ન હોત, તો તેમનું આ ધંધાકીય-સાહસ અસ્તિત્વમાં જ આવત નહીં. આ માણસમાં, જન્મજાત ગુણવત્તા દ્વારા ઉત્પન્ન થયેલ નમ્રતા, વિશ્વાસપાત્રતા અને નિશ્ચયની જે આભા હતી, તેનાથી તેમનું કામ બન્યું હતું.

## ભરોસો મોટું સોનું છે.

દિલ્હીના એક વ્યક્તિએ બસ થોડાક રૂપિયાની મૂડીથી ધંધો શરૂ કર્યો હતો. તે કાચું કાપડ ખરીદીને ઘરે-ઘરે વેચવા જતો હતો. થોડાં સમય પછી, જ્યારે તેનો ધંધો થોડોક વિકસ્યો, ત્યારે તે પોતાનો માલ વેચવા માટે, એક દુકાનની સામે ફૂટપાથની જગ્યા માટે પરવાનગી મેળવવામાં સફળ બન્યો.

આ છૂટક કાપડના વેપારીએ પોતાની પ્રામાણિકતા અને ન્યાયી વ્યવહારથી તેને કાચો માલ પૂરો પાડનાર જથ્થાબંધ

વેપારીનો ભરોસો જીતી લીધો. આથી, જથ્થાબંધ વેપારીએ તેને ક્રેડિટ પર કાપડ આપવાનું શરૂ કર્યું, જેના માટે તેનો પ્રયાસ હંમેશા નિર્ધારિત તારીખ પહેલાં દેવું ચૂકવવાનો રહ્યો. આવી સુટેવને કારણે તે જથ્થાબંધ વેપારની નજરમાં વધારે ભરોસાપાત્ર બન્યો, અને તેને ક્રેડિટ પર વધુને વધુ કાપડ મળવા લાગ્યું. થોડા વર્ષો બાદ, આ જથ્થાબંધ વેપારીએ તેને રૂ. 150,000/- નું (તે જમાનાની બહુ મોટી કિંમત) કાપડ ક્રેડિટ પર આપ્યું, આટલી મોટી રકમનું કાપડ તે ડાઉન-પેમેન્ટ વગર અન્ય કોઈને આપતો નહીં.

દેખીતી રીતે, આટલી મોટી રકમનો માલ ફૂટપાથ પરની નાનકડી જગ્યામાં સમાવી શકાય એવું નહોતું. કાપડના વેપારીને હવે દુકાનની જરૂરત ઊભી થઈ. આથી, તેણે દુકાન ખરીદી, અને પોતાના પ્રામાણિકતાના સિદ્ધાંતોને આધારે તેને ચલાવવાનું ચાલુ રાખ્યું. તેનો નફો સતત વધતો રહ્યો, અને બહુ ઓછા સમયમાં તે જૂના શહેરના અગ્રણી કાપડના વેપારીઓમાં સમાવેશ પામ્યો.

માત્ર પૈસાને જીવનની સૌથી મોટી સંપત્તિ માનવું એ ભૂલ છે. સૌથી મોટી સંપતિ ભરોસો છે. ભરોસાને આધારે મોટી ખરીદી થઈ શકે છે. વ્યક્તિ પોતાની ઉણપ ભરોસાથી ભરી શકે છે. ભરોસો એક એવી અમૂલ્ય સંપત્તિ છે, જેના દ્વારા એવડી મોટી ખરીદી થઈ શકે છે, જે ઘણી વખત પૈસાથી પણ કરી શકાતી  નથી હોતી.

પરંતુ, ભરોસો માત્ર પોતાની લાયકાતના ગુણગાનો ગાવાથી કે કથાઓ કરવાથી સ્થાપિત થઈ શકતો નથી. ના,

બિલ્કુલ નહીં, પરંતુ ભરોસો સ્થાપિત થાય છે, ભરોસાપાત્ર વર્તનથી! દુનિયા આ બાબતે ખૂબ ગંભીર છે. જ્યાં સુધી તમે નિખાલસ પ્રવૃતિઓ દ્વારા પોતાની વિશ્વસનીયતા સાબિત ના કરો ત્યાં સુધી, તમે કોઈ પાસેથી શંકાનો લાભ મેળવવાની અપેક્ષા રાખી શકશો નહીં. જેવી રીતે કાપડના વિક્રેતાએ જથ્થાબંધ વેપારી સાથે સતતપણે લાંબાગાળાના વહેવાર દર્શાવીને પોતાની જાતને ભરોસાપાત્ર બનાવી, એવી જ રીતે આ દુનિયામાં કોઈપણ વ્યક્તિએ ભરોસાનું વળતર પ્રાપ્ત કરવા માટે પોતાને ભરોસાપાત્ર સાબિત કરવી પડશે.

## સંકલ્પ અને ખંતનો સુમેળ

એક વખત યમુના નદીના કિનારે રેતીમાં ઉર્દૂ મૂળાક્ષરોની સૌથી મોટા અને સુંદર અક્ષરો રચવા માટેની સ્પર્ધા યોજાઈ. સ્પર્ધકોમાં ઘણા સુલેખકો પૈકીના એક, ઉસ્તાદ યુસુફ દેહલવી (મૃત્યુ - ૧૯૭૭) પણ હતા, જેઓ આ કળા પર તેમના અસાધારણ પ્રભુત્વ માટે પ્રચલિત હતા. તેમણે રેતીમાં મૂળાક્ષરોના પ્રથમ ૧૭ અક્ષરો (અલિફથી શિન સુધી) વાંસની ડાળીઓથી લખીને એક ફરલોંગ (૨૨૦ વાર)નું અંતર કવર કર્યું, પછી અહીં તેમને અટકવા માટે વિનંતી કરવામાં આવી કારણકે તેમની કુશળતાની શ્રેષ્ઠતા દર્શાવવા માટે આટલું પર્યાપ્ત હતું.

ત્યારબાદ તેમને અક્ષરોમાં રંગ પૂરવા માટે કહેવામાં આવ્યું, અને આખી હસ્તકળાની વિમાન પરથી ફોટોગ્રાફી કરવામાં

આવી, જેથી કરીને બધા અક્ષરો એકીસાથે નાના સ્કેલ પર જોઈ શકાય. તેમનો દાવો હતો કે ફોટોગ્રાફમાં સામાન્ય સ્કેલ પર દેખાતા અક્ષરો બિલ્કુલ તેમના હસ્તલેખન જેવા જ દેખાશે. આ જોતાં, અન્ય કોઈ સ્પર્ધકે પોતાની કળા દેખાડવાની હિંમત જ દર્શાવી નહીં.

ભાગલા પછી, તેઓ પાકિસ્તાન જતાં રહ્યા, પરંતુ ત્યાં તેઓએ પોતાની કળામાં વિશિષ્ટતાઓ વિકસાવવાનું ચાલુ જ રાખ્યું. એક વખત, જ્યારે સાઉદી અરબના રાજા શાહ સઉદ, તેમના દેશની મુલાકાતે આવ્યા, ત્યારે તેમને, સ્વાગત-તોરણ પર, રાજાના સ્વાગત માટેના શબ્દોનું આલેખન કરવાનું કહેવામાં આવ્યું હતું. ગવર્નર જનરલ પોતે સ્વાગત વ્યવસ્થાની દેખરેખ માટે આવ્યા હતા, અને જ્યારે તેમણે સ્વાગત-તોરણ પર જાજરમાન લખાણ જોયું, ત્યારે તેમના આશ્ચર્યનો પાર ના રહ્યો. તેમણે ઉસ્તાદ યુસુફને બોલાવ્યા, તેમના કામની ખૂબ પ્રશંસા કરી અને તેમને પૂછ્યું કે તેમને આ કામ કરતાં કેટલો સમય લાગ્યો. જવાબ હતો, "સાત દિવસ!". તરત જ, ગવર્નર જનરલે તેમના સચિવને, ઉસ્તાદ યુસુફને તેમની પ્રશંસાના પ્રતીક સ્વરૂપે, 7,000 રૂપિયા આપવા સૂચના આપી. અને, તેમને આ રકમનો ચેક ફાળવવામાં આવ્યો.

એકવાર જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમને સુલેખનની અદભૂત કળા કોની પાસેથી શીખવા મળી છે, ત્યારે જાણવા મળ્યું કે તેમણે તે કોઈ પાસેથી શીખી નહોતી, ત્યાં સુધી કે

તેમના પિતા કે જેઓ પણ તેમના સમયના પ્રચલિત સુલેખનકાર હતા, તેમની પાસેથી પણ નહીં. પરંતુ તેમના જણાવ્યા મુજબ, તેઓ દિલ્હીના લાલ કિલ્લાના મ્યુઝિયમની તકતીઓ પર સચવાયેલા, મુઘલ કાળના મહાન સુલેખણકારોના કામના ઉદાહરણોમાંથી નકલ કરીને આ કળા શીખ્યા હતા. આ શ્રેષ્ઠ કૃતિઓનો અભ્યાસ કરવા માટે ઉસ્તાદ યુસુફ દરરોજ, સતત દસ વર્ષ સુધી, લાલ કિલ્લાની મુલાકાત અવશ્ય લેતા હતા. તેઓ દરરોજ બે લીટી યાદ કરીને ઘરે આવતા, અને તેને સમાન શૈલીમાં લખવાની કોશિશ કરતાં. બીજા દિવસે, તેઓ પોતાના કામને લઈને લાલ કિલ્લા પર ફરીવાર જતાં, મૂળ અક્ષરો સાથે સરખામણી કરતાં, અને જરૂર લાગે ત્યાં ભૂલો સુધારતા હતા. આમ, ઘસાઈ-ઘસાઈને સુધરતા રહેતા, કોઈપણ શિક્ષક કે ખર્ચા વિના, તેમનું કામ અને કૌશલ્ય સંપૂર્ણ સ્વરૂપમાં ખીલી શક્યું હતું.

આ વાત એવી દરેક વ્યકિત માટે સરસ બોધપાઠ પૂરો પાડે છે, જેમને તેઓએ પોતે પસંદ કરેલ ક્ષેત્રમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવી છે. જો પ્રબળ ઈચ્છા હોય, અને સંકલ્પ સાથે ખંતનો મેળ ખાતો હોય, તો કોઈપણ વ્યક્તિ, પૈસા કે અન્ય કોઈપણ પ્રકારના સંસાધનો કે માર્ગદર્શન વગર પણ, તેના ધ્યેયમાં સફળતા હાંસલ કરી શકે છે.

## અવરોધોથી પર

જ્યારે કોઈ રોડ પર સમારકામ ચાલી રહ્યું હોય, ત્યારે ત્યાંથી પસાર થતાં મુસાફરોને જાણકારી પૂરી પાડવા તેના પર "રોડ બંધ"ની નોટિસ મૂકવામાં આવે છે. પરંતુ આનો અર્થ એ નથી હોતો કે વ્યક્તિની મંઝિલ તરફનો માર્ગ સંપૂર્ણ રીતે બંધ છે. ત્યાં હંમેશા અન્ય હાઇવે અને બાય-વે હોય છે - પ્રશ્ન ફક્ત વ્યક્તિએ પોતાની આસપાસ નજર દોડાવવાનો છે. વ્યક્તિ, ઘણીવાર, આડાઅવળા ગલીકુંચાઓ અને સાંકડા માર્ગોમાંથી પણ પોતાના ગંતવ્ય તરફનો રસ્તો કરી લ્યે છે. ફરક માત્ર એટલો જ છે કે તેમાં સમય થોડો જાજો લાગે છે, તદ્ઉપરાંત સાંકડી ગલીઓ અને જોખમી વળાંકોમાં વ્યક્તિએ થોડું વધારે સંભાળીને ચાલવું પડે છે. પરંતુ, તે મંઝિલ સુધી તો પહોંચી જ શકે છે.

જીવનની સફર પણ ઘણીવાર આવી જ કંઈક હોય છે. વ્યક્તિને આગળ ધપવા માટે પહોળા અને સીધા માર્ગોની અપેક્ષા હોય છે, અને તેને શક્ય તેટલી વધુ ઝડપથી આગળ વધીને, કોઈ અવરોધ વિના, પોતાના લક્ષ્ય સુધી પહોંચી જવું હોય છે. પરંતુ, ઘણીવાર આવા રસ્તાઓ અવરોધિત હોય છે, ત્યારે આગળ વધવું ખૂબ જ અઘરું લાગે છે. જો કે, જ્યારે પણ મુખ્ય માર્ગ અવરોધિત હોય, ત્યારે ત્યાં હંમેશા ઘણા નાના રસ્તાઓ ખુલ્લા હોય જ છે. સવાલ ફક્ત વ્યક્તિએ નજર ફેરવવાનો એટલે કે વિચારવાનો હોય છે. આ વાત ખાસ કરીને ત્યારે જરૂર લાગુ પડે છે, જ્યારે

તમારો સામનો એવા પ્રતિસ્પર્ધી સાથે થાય કે જેનો સામનો કરવા માટે તમે પોતાને અસમર્થ પામો છો. તેમની સાથે વહેવાર કરવા માટે તમારે અન્ય પરોક્ષ માધ્યમો શોધવા-વિચારવા જરૂરી છે. બાંધછોડ અને સમાધાનની નીતિ આવી ઘણી સ્થિતિઓમાં શ્રેષ્ઠ ઉકેલ સાબિત થાય છે.

જ્યારે કોઈ એક ક્ષેત્રમાં તકોનો નિરાશાજનક અભાવ વર્તાય, ત્યારે વ્યક્તિ ચોક્કસપણે અન્ય ક્ષેત્રમાં તેને લાયક તકો શોધીખોળી શકે જ છે. જો તમને આગળની હરોળમાં જગ્યા ના મળે, તો તમે તેના પછી-પાછળની બીજી હરોળમાં, જ્યાં સુધી પ્રથમ હરોળમાં જગ્યા ખાલી ના થાય ત્યાં સુધી, પોતાનું સ્થાન લઈ જ શકો છો. જો તમારી મદદ માટે કોઈ હાથ લાંબો ના કરે, તો તમારે પોતાની જાત-મહેનત જીંદાબાદના ધોરણે પોતાના માર્ગમાં આગળ વધવાનું ચાલુ રાખવું જોઈએ. જ્યારે તમને લોકો પાસેથી મદદની અપેક્ષા હોય, પરંતુ કોઈ એવી ઉદારતા ના દાખવે, તો પોતાની વંચિતતા વિશે વિચારવાનું બંધ કરો, અને તેના બદલે ઈશ્વરની કૃપાદ્રષ્ટિ મેળવવાની કોશિશ કરો.

દરેક બંધ દરવાજાની નજીકમાં જ બીજા ખુલ્લા માર્ગો હોય છે, પરંતુ તેને શોધવા માટે એવી આંખ (દ્રષ્ટિ) હોવી જોઈએ, અને તેમાં આગળ વધવા માટે થોડી હિંમત કરવી જોઈએ.

પુસ્તકના પ્રિન્ટિંગ માટેની એક પ્રમાણભૂત પ્રથા એવી હોય છે કે જ્યારે પણ કોઈ પુસ્તક પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવવા માટે આવે, ત્યારે પુસ્તક છાપતા પહેલા, તેની એક કાચી નકલ પુરાવા તરીકે, સંબંધિત વ્યક્તિને દેખાડવામાં આવે છે. આ પુરાવાઓ સામાન્ય રીતે મોટા કદના અને સાધારણ પેજ પર છાપવામાં આવે છે, અને બાઈન્ડિંગ કર્યા વગર જ લેખકને આપવામાં આવે છે. આ પુરાવાઓ થકી પુસ્તકની ડિઝાઈન કે અન્ય સેટિંગ, અથવા પેજમાં કોઈ ભૂલો હોય તો તેનો પ્રિન્ટિંગ જતાં પહેલા તાગ મેળવી શકાય છે, જો કે  પુસ્તકનું અંતિમ સ્વરૂપ કેવું હશે, તેનું સ્પષ્ટ ચિત્ર મેળવી શકાતું નથી.

એક દિવસ, દિલ્હીના એક ખાસ પ્રિન્ટિંગ પ્રેસના માલિકને નવી દિલ્હી દૂતાવાસમાંથી પહેલી વાર પુસ્તક-પ્રિન્ટિંગનું કામ મળ્યું. દૂતાવાસના સ્ટાફમાં પોતાના પ્રેસની સારી છાપ ઊભી કરવા માટે, તેણે પુસ્તકના પુરાવાઓ છાપવાની નવી રીત ઘડી કાઢી. આના માટે, તેણે સામાન્યની બદલે સારી ગુણવત્તાના કાગળનો ઉપયોગ કર્યો, તદુપરાંત બંને બાજુ બાઈન્ડિંગ કર્યું, જેથી પુસ્તકના અંતિમ સ્વરૂપની પણ કલ્પના કરી શકાય.

તેણે પ્રસ્તુત કરેલ નકલ એ પુસ્તકનો જાણે કે આગોતરા નમૂનો હતા. દૂતાવાસના સભ્યો તેની વહેવારિક પ્રસ્તુતિથી એટલા

રાજી થઈ ગયા કે તેઓએ તેમના પ્રિન્ટિંગનું બધુ વર્તમાન અને ભાવિ કામ તેને સોંપવાનું નક્કી કરી લીધું.

થોડાં અરસાઓ વિત્યા બાદ, એક અન્ય પ્રિન્ટિંગ પ્રેસના માલિકે એમ્બેસીના લોકોને જણાવ્યું કે તેઓ જે પ્રેસને કામ આપે છે, તે વધારે ચાર્જ વસૂલ કરે છે. દૂતાવાસના લોકોએ છાપકામના ચાર્જને ધ્યાનમાં રાખીને, તેમજ ઓછા ખર્ચના વચનને આધારે, તેમનું છાપવાનું કામ આ બીજા પ્રિન્ટિંગ પ્રેસને ટ્રાયલ તરીકે આપ્યું. સમય પ્રમાણે, પુરાવાઓની નકલ તૈયાર થઈ ગઈ. પરંતુ, છાપણીનું કામ પરંપરાગત પદ્ધતિ પ્રમાણે, બાઈન્ડિંગ વગરનું અને સાધારણ ગુણવત્તાના કાગળ પર તૈયાર થયું હતું. દૂતાવાસના લોકોએ કામની ચકાસણી કરતાં જણાયું કે તેઓ તેના પરથી પુસ્તકના અંતિમ સ્વરૂપની રૂપરેખાનો ખ્યાલ મેળવી શકતા નથી, અને તેઓને આ કામ બિલ્કુલ ઓછી ગુણવત્તાનું લાગ્યું. આથી, તેઓએ તેનો અસ્વીકાર કર્યો, અને આગળના કામનો ઓર્ડર પણ રદ કરી દીધો. ત્યારબાદ, તેઓએ તેમના ભૂતપૂર્વ પ્રિન્ટરને જ તેમનું કામ ફરીથી શરૂ કરવા વિનંતી કરી.

આવી ઘટનાઓ દર્શાવે છે કે કોઈપણ કાર્ય માટે જો તમે કઈંક વિશેષ ક્ષમતા પ્રસ્તુત કરશો, તો તમે જરૂર તમારી યોગ્યતાને અનુરૂપ પુરસ્કારીત થશો.

# પરમ નિષ્ઠા

કાયદા મંત્રાલયમાં કામ કરતા અને કીર્તિ નગર, નવી દિલ્હીમાં રહેતા શ્રી સુરજીત સિંહ લાંબા (જન્મ 1931) ને ફોટોગ્રાફિક મેમરીની અદ્ભૂત કુદરતી બક્ષિસ પ્રાપ્ત હતી. કોઈપણ ગદ્ય હોય કે કવિતા, બસ થોડીક વાર જ તેનું વાંચન કરવાથી, એ તેમને યાદ રહી જતું હતું. ઘણા વર્ષો પેહલા, જૂન ૧૯૮૩ માં જ્યારે તેઓ અમારી ઓફિસની મુલાકાતે આવ્યા હતા, ત્યારે અલ-રિસાલાના બધા લેખોને, ફક્ત તેમની યાદશક્તિના જોરે ફરીવાર પુન:સર્જન કરીને, તેમણે પોતાનું આ અદ્ભૂત કૌશલ્ય દર્શાવ્યું હતું.

ઇકબાલના મહાન પ્રશંસક હોવાને કારણે, તેઓએ તેમની સેંકડો અને હજારો પંક્તિઓ હૃદયપૂર્વક યાદ કરી  હતી, અને આ રીતે તેઓ તેમના જીવન અને કાર્યોના નિષ્ણાત બન્યા હતા. 1983માં, શ્રી લાંબા જ્યારે પાકિસ્તાનની મુલાકાતે ગયા, ત્યારે તેમને ઇકબાલની કૃતિઓ પર અધિકૃત વ્યક્તિત્વ તરીકે બિરદાવવામાં આવ્યા હતા. તે સમયે, ઇકબાલની કૃતિઓના નિષ્ણાંત તરીકે પ્રખ્યાત લાહોરના એક શ્રીમાન અમીર હુસૈને, શ્રી લાંબાને, ઇકબાલની પંક્તિઓ પોતાના કરતાં વધારે મોઢે કહી-સંભળાવવાનો પડકાર ફેંક્યો. શ્રી અમીર હુસૈનને પોતાની આવડત પર એટલો વિશ્વાસ હતો કે તેમણે શ્રી લાંબાને પોતાને હરાવવા માટે રૂપિયા ૫૦૦૦ની રોકડ રકમ હાથોહાથ અર્પણ કરવાની પણ ઓફર કરી દીધી. શ્રી લાંબાએ પડકાર ઝીલી લીધો,

અને એવી સ્પર્ધા માટે સંમત થયા, જેમાં બંને સ્પર્ધકોએ વારાફરતી ઇકબાલની કોઈપણ કવિતામાંથી કોઈપણ પંક્તિનું પઠન કરવાનું હતું, અને પ્રતિસ્પર્ધીએ જવાબમાં તેના પછી તુરંત આવતી પંક્તિ બોલી-સંભળાવવાની હતી. શ્રી લાંબા, કોઈપણ ભૂલચૂક વગર, શ્રી અમીર હુસૈનથી નિર્દેશિત પંકિતોનું અનુસરણ કરવામાં સક્ષમ રહ્યા. પરંતુ સામેની બાજુએ શ્રી અમીર હુસૈન તેમના પ્રદર્શનને મેચ કરવામાં અસમર્થ રહ્યા, અને આથી તેઓ હરીફાઈ હારી ગયા. પોતાના પરાક્રમને સમજાવતા શ્રી લાંબાએ ટિપ્પણી કરી, "હું છેલ્લાં દસ વર્ષથી ઇકબાલની મીણબત્તીની આસપાસ એક નાનકડા જીવડાની જેમ ફરું છું. જો પઠનમાં તમારે મારા કરતાં આગળ વધવું હશે, તો તમારે મારા કરતાં પણ વધારે તેની આસપાસ ફરવું પડશે!"

કાર્યક્ષેત્ર કોઈપણ હોય, તે માત્ર પરમ નિષ્ઠભાવ છે, જે તેમાં સફળતા અપાવે છે. જીવનમાં બહુ ઓછી એવી સાર્થક વસ્તુઓ હશે, જેને "મીણબત્તી" સાથે સરખાવી ન શકાય. સંઘર્ષ અને હરીફાઈની આ દુનિયામાં, જેઓ તેની આસપાસ અન્ય લોકો કરતાં વધુ ઘૂમ્યા છે, તેઓ જ જીવનમાં વિકાસ કરવાની ઈચ્છા રાખી શકે છે, કારણકે જીવન લેવાની અને દેવાની, એમ બંનેની બાબત છે. આપણી પાસે જે કંઈપણ હોય - તન, મન, ધન, પ્રતિભા, પૈસા, પ્રયત્નો, શક્તિ, ઉર્જા – એ બધાનું રોકાણ કરીને જ આપણે તેમાંથી થોડોક લાભ મેળવવાની આશા રાખી શકીએ છીએ. કંઈક લેવા માટે - આપણે સામે કંઈક આપવું જરૂરી છે. જેટલું વધારે આપીશું, તેટલું વધારે પામીશું. અને ખરેખર, આપણે

ક્યારેય જેટલું આપ્યું હોય તેના કરતાં વધારે લાભ લઈ લેવાની વૃતિ રાખવી જોઈએ નહીં.

## આળસ

હું ઘણી વખત માણસના વ્યક્તિત્વથી રાજી થઈ જાવ છું, પરંતુ જો મને એવી ખબર પડે એ ભાઈ કાઇ કામ કરતો નથી, તો તેનું વ્યક્તિત્વ મારી આંખોમાં ઓસરી જાય છે.

આવી જ પરંપરા ઇબ્ને જૌઝીએ તેમના પુસ્તક "તલબીસ-એ-ઇબલીસ" માં નોંધી છે, જેમાં મોહમ્મદ બિન આસીમ કહે છે, "જ્યારે ઉમર કોઈ યુવાન વ્યક્તિને મળતા, અને તેમનું વ્યક્તિત્વ પસંદ આવતું તો તેઓ તેને અવશ્ય પૂછતાં કે "તમારી પાસે કાંઈ કામકાજ છે? જો તેનો જવાબ નકારમાં આવે તો ઉમરની નજરમાં તેનું મહત્વ ઓછું થઈ જતું!!" હકીકત એ છે કે નિષ્ક્રિય આળસુ બનીને પડી રહેવું એ કોઈપણ વ્યક્તિ માટે સૌથી મોટું અનિષ્ટ છે. આળસ વ્યક્તિના તમામ સદ્ગુણોને ગળી જાય છે. આળસુ વ્યક્તિ જીવતી લાશ જેવો હોય છે. તેનામાં એવી સંવેદનશીલ લાગણીઓ નથી હોતી, જે માણસને ખરેખર માણસ બનાવે છે.

વ્યક્તિના બેકાર રહેવાનું એક કારણ એ હોય છે કે તેને મહેનત કરવી ગમતી હોતી નથી, અથવા, તે મહેનતની જરૂર ના હોય તેવું કામકાજ કે નોકરી-ધંધો શોધવામાં નિષ્ફળ રહે છે,

તદુપરાંત, આવા રોજગારની રાહમાં પોતાના સમય નાહક બરબાદ કરે છે.

વ્યક્તિની બેકારીનું બીજું મુખ્ય કારણ વ્યક્તિને વારસામાં મળતી સંપત્તિ પણ હોય છે, અથવા તેની પાસે એવી આવકના સ્ત્રોત હોય છે, જે તેને મહેનત કર્યા વગર મફતમાં મળ્યા હોય છે. ઉદાહરણ તરીકે, નાણાં પરના વ્યાજની આવક, અથવા મિલ્કતોમાંથી દર મહિને આવતી ભાડાની આવક વગેરે. આ પ્રકારના આવકના સ્ત્રોતો માણસમાં આળસને જન્મ આપે છે, જે ખરેખર તેના વિકાસ માટે ઘાતક છે,  ભલે પછી વ્યક્તિ ગમે તેટલી સેટલ હોય.

દરેક વ્યક્તિના જીવનમાં કોઈ એક સાર્થક હેતુ હોવો જોઈએ. દરેક વ્યક્તિએ પોતાના માટે કાયદેસર કરી શકે તેવું કામ શોધવું જોઈએ, અને પોતાની જાતને હંમેશા પ્રવૃત રાખવી જોઈએ. કામકાજ વગરનું જીવન મૃત્યુ સમાન છે. તમને બુદ્ધિશાળી વ્યક્તિ ભાગ્યે જ બેકાર જોવા મળશે, આનાથી ઉલ્ટું, તમે ભાગ્યે જ કોઈ બેકાર વ્યક્તિમાં ઉચ્ચ બુદ્ધિમત્તાના દર્શન કરી શકશો.

## સમય-સુચકતા

મેડિકલ કોલેજના એક પ્રોફેસરે મૌખિક પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થીને પ્રશ્ન પૂછ્યો, "જે માણસને હાર્ટ એટેક આવ્યો હોય, તેને તમે આમાંથી કેટલી ગોળીઓ આપશો?" "ચાર," વિદ્યાર્થીએ

જવાબ આપ્યો. એક જ મિનિટ પછી, તરત જ તેણે વિનંતી કરી, "પ્રોફેસર, શું હું મારો જવાબ બદલી શકું?", "બિલ્કુલ, કેમ નહીં?" પ્રોફેસરે કહ્યું, ત્યારબાદ ઘડિયાળમાં જોઈને તેમણે ઉમેર્યું, "પરંતુ, અફસોસની વાત એ છે કે ૪૦ સેકન્ડ પહેલા જ તમારા દર્દીનું મૃત્યુ થઈ ગયું છે!"

જીવનની અમુક બાબતો એટલી જટિલ હોય છે કે જ્યાં તમારે એકપણ ક્ષણની વિલંબ વિના યોગ્ય પગલું લેવું જરૂરી હોય છે. પરંતુ ત્વરિત લેવાયેલો નિર્ણય સાચો હોવો જોઈએ, અન્યથા એવા અઘરા પરિણામો સામે આવી શકે, જેના માટે જીવનભરનો પસ્તાવો ઝેલવો પડી શકે.

જીવનની નિર્ણાયક ક્ષણોમાં, ઘણી વખત આપણા પ્રયાસો છૂટી રહેલી ટ્રેનમાં ચઢવા જેવા હોય છે. ટ્રેન પકડવા માટે પૂરતી તૈયાર હોવી જરૂરી છે. તેના માટે આપણે સામાન પેક કરવો પડે, તેમાં જરૂરી યોગ્ય વસ્તુઓનો સમાવેશ કરવો પડે, ટિકિટ બુક કરવી પડે, સ્ટેશન સુધી જવા માટે પરિવહનની વ્યવસ્થા કરવી પડે, અને ખાસ, નિયત સમય કરતાં વહેલા પ્લેટફોર્મ પર પહોંચી જવું પડે. અન્યથા, આપણે ચોક્કસપણે પાછળ રહી જવાની શક્યતા છે. કારણકે, ટ્રેન કોઈનું પણ માન જાળવતી નથી. તે તેના નિર્ધારિત સમયે આવે છે, અને નિયત સમયે રવાના થઈ જાય છે, તે મોડા આવતા મુસાફરોની ચિંતા કરતી નથી. જો આપણે ઉપરોક્ત મેડિકલના વિદ્યાર્થી જેવા બનીશું તો શક્ય છે કે પૂરતી તૈયારીઓના અભાવે આપણે ખોટી જગ્યાએ અટવાઈ જઈ શકીએ,

અને સાચો જવાબ આપવામાં મોડું થઈ જાય. જીંદગીની ટ્રેન આગળ જતી રહેશે અને આપણે ત્યાંના ત્યાં એ મૂંઝવણમાં ઊભા રહી જઈશું કે હવે આગળ શું કરવું? નિષ્ફળતાના વિનાશક પરિણામોમાંથી કેવી રીતે બહાર નીકળીને સીધા માર્ગે આગળ વધવું? વગેરે વગેરે. આથી, જીવનની દરેક ઘટનાઓ માટે તૈયારીમાં રહેવું જરૂરી છે. તેનો અર્થ એ છે કે સારું શિક્ષણ મેળવવા માટે ખંતપૂર્વક મહેનત કરવી જોઈએ અને આપણા પસંદ કરેલા વ્યવસાય અને ક્ષેત્રમાં સંબંધિત અને જરૂરી અનુભવ મેળવવામાં કોઈ સમય ગુમાવવો નહીં. માર્ગમાં આવતી તકોનો લાભ લેવા માટે શારીરિક અને માનસિક રીતે તૈયાર રહેવું ખૂબ મહત્વપૂર્ણ છે. યોગ્ય અને સાર્થક હેતુ પ્રત્યે મક્કમતા ખાતર, આપણા સમય-શક્તિને અર્થહીન વિક્ષેપોમાં ખપાવવાથી બચવું જરૂરી છે.

## વધુ સારો વિકલ્પ

વર્ષો પહેલાં, એક યુવાન મુલ્લાજીને મસ્જિદના ઇમામ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, કામની ફરજ તરીકે તેમની પાસેથી નમાઝ (પ્રાર્થના) પઢાવવા ઉપરાંત કુરાનના દૈનિક પાઠ ભણાવવાની પણ અપેક્ષા રાખવામાં આવી હતી. આના માટે, તેમનું મહેનતાણું મહિનાના રૂપિયા ૨૫ નક્કી થયું હતું, પરંતુ સાથે તેમને રહેવા - જમવાની પણ સગવડ કરી આપવામાં આવી હતી, મુલ્લાજી આટલામાં ઘરબાર સારી રીતે ચાલી શકે તેના માટે શ્રેષ્ઠ પ્રયાસો કરતાં હતા. આમ તો માથા પર છત હોવાથી તેઓ પોતાને સુરક્ષિત અનુભવતા હતા, અને મસ્જિદમાં મળેલા હોદ્દાને

લીધે તેમને આશા પણ હતી કે તેઓ પોતાના પુત્રને સારું શિક્ષણ અપાવી શકશે.

પરંતુ, મસ્જિદના નમાઝીઓ (પ્રાર્થનાર્થીઓ) દ્વારા તેમની સાથે જે વર્તન કરવામાં આવ્યું, તે દયનીય સાબિત થયું, કારણકે તેઓ ઈમામ સાહેબ સાથે એક ગુલામ-નોકરની જેમ વ્યવહાર કરતાં હતા. નાની નાની બાબતો માટે તેમની ટીકા અને અપમાન કરતાં હતા. શા માટે પીવાના પાણીનું વાસણ અહીં નથી મૂક્યું? સાવરણી ક્યાં ગઈ? ફલાણી જગ્યા કેમ ચોખ્ખી નથી? વગેરે વગેરે.

યુવાન ઈમામ એક તરફ આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા હતા, જેને સહન કરવા તેઓ તૈયાર પણ હતા, પરંતુ બીજી બાજુ સતત અપમાનિત થયા કરવાની સમસ્યા સહન કરવી સહેલી જણાતી નહોતી. છેવટે તેમણે નક્કી કરી લીધું કે પોતાનું માનસિક સંતુલન જાળવી રાખવા, અને પરિસ્થિતિથી ઉપર ઉઠવા માટે, તેમણે કોઈ અન્ય વધારાનો મસ્જિદના કામ સાથે ના સંકળાયેલો હોય તેવો સારો કામધંધો શોધી લેવો જોઈએ. તેઓને એ વાતનો ખ્યાલ હતો કે તેમની પાસે રહેવાની કોઈ જગ્યા ના હોવાથી તાત્કાલિક પોતાની ફરજ છોડી શકશે નહીં. તેથી તેમણે મસ્જિદની જવાબદારીઓ નિભાવવાની સાથોસાથ, સાઇડમાં, એક તિબ્બિયા (તબીબી) કોલેજમાં પ્રવેશ મેળવીને પોતાની જાતને ભણતરમાં લગાડી. તબીબી અભ્યાસ પૂરો કરતાં તેમને પૂરા પાંચ વર્ષ લાગ્યાં. આ સમય દરમિયાન, તેઓ પોતાની જાતને સાંત્વના

આપતા રહ્યા કે તેઓ પોતાની જાતને એક ઉત્તમ વિકલ્પ પ્રદાન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને પોતાને અપમાનિત પરિસ્થિતિમાંથી સન્માનનીય કારકિર્દીમાં ફિટ કરી રહ્યા છે.

તેમણે પોતાની જાતને સમજાવ્યું કે એક સમય એવો જરૂર આવશે, જ્યારબાદ તેમણે મંડળના સભ્યો સમક્ષ હડધૂત થવાની જરૂર રહેશે નહીં. અને અંતે, ખરેખર, એ દિવસ ઊગી નીકળ્યો જ્યારે તેમને તબીબી ડિગ્રી હાંસલ થઈ. તેમની આ સફળતા માટે ખૂબ જ ધૈર્ય, મનોબળ અને એકાગ્રતાની જરૂર હતી. આ દરમિયાન, તેઓએ સતતપણે તેમનું ધ્યાન અપમાનિત જીવનમાંથી બહાર કાઢવાના પોતાના અંતિમ લક્ષ્ય પર નિશ્ચિતપણે કેન્દ્રિત રાખવાનું હતું, જેથી કરીને તેમની જુસ્સો શમી ના જાય. હવે, તેઓ પોતાની ડિગ્રી સાથે તબીબી પ્રેક્ટિસ કરવા માટે તૈયાર હતા. તેમણે મસ્જિદના લોકોનો આભાર વ્યક્ત કરીને પોતાનું રાજીનામું ધરી દીધું, પછી તેઓ શહેરમાં એક નાનકડું ક્લિનિક ચાલુ કરવા માટે નીકળી પડ્યા. જીવનના કડવા અનુભવો, અને પોતાની પરિસ્થિતિની સુધારણા માટેના સંઘર્ષે તેમને જીવનમાં ઘણા ઉપયોગી પાઠો શીખવ્યા હતા, જેમાંથી તેઓ જીવન-લક્ષ્ય માટેની મક્કમતા અને ઊંડો આત્મવિશ્વાસ કમાઈને બહાર આવ્યા હતા.

ક્લિનિકના સંચાલનમાં તેમની સખત મહેનત અને બુદ્ધિમત્તાએ, તેમને બહુ ઓછા સમયમાં પોતાના  પરિવાર માટે એક સારું મકાન ખરીદી શકાય એટલી કમાણી કરી આપી. એકાદ

વર્ષ પછી તેમને એક સ્થાનિક કોલેજમાંથી વ્યાખ્યાતાનું પદ ઓફર કરવામાં આવ્યું. આમ, તેમનું આખું જીવન બદલાઈ ગયું. ગઈ કાલના આર્થિક મજબૂર અને અપમાનિત તેમજ હડધૂત "મુલ્લાજી", આજે આર્થિક રીતે સભર અને માનનીય તેમજ આદરણીય "ડોકટર સાહિબ" બની ગયા હતા. જો તેમણે શરૂઆતના વર્ષોમાં તેમના જીવનમાં આવી પડેલા પ્રતિકૂળ સંજોગોનો પ્રતિસાદ માત્ર ફરિયાદો અને કડવાશભર્યા રોદણા રડવામાં વિતાવ્યો હોત, અને પોતાની મૂશ્કેલીઓને દૂર કરવા માટેના કોઈ સકારાત્મક પગલાઓ ના લીધા હોત, તો તેમની પાસે ભાવિ જીવનની સુંદર તકો માટેની દ્રષ્ટિ ક્યારેય વિકાસ પામી શકી ના હોત.

બોધપાઠ એ છે કે પ્રતિકૂળ સંજોગોને, નવી અને ઉચ્ચ ક્ષિતિજો તરફ દોરી જતાં પગથિયાઓ તરીકે જોવા જોઈએ.

## ચંદ્ર-મિશન

સ્પર્ધાના આ જગતમાં, મેદાનમાં ઉતારવા પહેલા પૂર્ણ સ્વરૂપની તૈયારી અતિ આવશ્યક છે. જ્યાં તમે અપૂરતી તૈયારી સાથે ઉતરશો, ત્યાં નિષ્ફળતા તમારી રાહ જોતી બેઠી હશે.

જુલાઈ ૧૯૬૯માં, અમેરિકન અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગ, ચંદ્ર પર પ્રથમ પગ મૂકનાર વ્યક્તિ બન્યો હતો. ચંદ્ર

પર તેના પગ મૂકવાની ક્ષણને અમેરિકાના નિયંત્રણ મિશન દ્વારા નીચેના શબ્દો દ્વારા વધાવવામાં આવી હતી:

"એક માણસનું આ એક નાનકડું પગલું આખી માનવજાત માટે મોટી છલાંગ છે*!!*"

આર્મસ્ટ્રોંગ અને તેના બે સાથીદારોની પસંદગી, યુ.એસ.ના ટોચના 30 અવકાશયાત્રીઓમાંથી કરવામાં આવી હતી. આ મૂશ્કેલ અને ઐતિહાસિક મિશનને પાર પાડવા માટે જરૂરી એવા તમામ ગુણો તેનામાં ખૂબ જ ઉચ્ચ સ્તરે વણાયેલા હતા, જેમકે ઉડ્ડયનમાં અસાધારણ કૌશલ્ય, બુદ્ધિમત્તા, ઉત્સાહ, શારીરિક ક્ષમતા, માહિતીને ગ્રહણ કરવાની ક્ષમતા, માનસિક અને ભાવનાત્મક સંતુલન અને પડકારો વિના સંકોચ સ્વીકારવાની હિંમત વગેરે. પસંદગી પામ્યા પછી, તેણે સખત તાલીમમાંથી પસાર થવું પડ્યું હતું. ઉદાહરણ તરીકે, વજનહીનતાની આદત વિકસાવવા માટે તેણે ઊંડા પાણીમાં લાંબા સમય સુધી ટકી રહેવાની પ્રેક્ટિસ કરવી પડી હતી. તદુપરાંત, તેણે કોમ્પ્યુટરાઇઝ્ડ સ્પેસ ડેટાની મદદથી ખગોળશાસ્ત્ર, સ્પેસ ફ્લાઇટ, રોકેટ ફ્લાઇટ, ચંદ્રનું ભૌતિકશાસ્ત્ર વગેરેના સઘન અભ્યાસક્રમો કર્યા હતા, જેથી દરેક સંભવિત કટોકટીનો તે સામનો કરી શકે.

૩૧૦૦-ટનનું એપોલો-૧૧ યાન બહુ મોટું હતું. તે ૩૬ માળની બિલ્ડિંગ જેટલું ઊંચું હતું, તેમાં ૮૦ લાખ અલગ-અલગ વિભાગો હતા, જેમાં ૯૧ જેટલા એન્જીન લગાવવામાં આવ્યા હતા. અવકાશયાત્રીઓને તેમની ઐતિહાસિક યાત્રાની સવારી માટે જે

મશીન, કોલંબિયા, માં બેસાડવામાં આવ્યા હતા, તે સૌથી નાનું અને ટોચ પર હતું. સ્પેસ મશીનને ખૂબ જ વ્યવસ્થિત રીતે છોડવામાં આવ્યું, જેણે પ્રથમ અઢી કલાક સુધી પૃથ્વીની પરિક્રમા કરી. ત્યારબાદ, તેની ઝડપ વધીને 403 માઈલ પ્રતિ મિનિટ થઈ ગઈ, અને 3000 માઈલની ઊંચાઈએ પહોંચતા જ કોલંબિયા બાકીના મશીનોથી અલગ થઈ ગયું. તેમાં અવકાશયાત્રીઓ માટે બેસવાની જગ્યા સાવ સામાન્ય ટેક્સી જેટલી જ હતી. છેવટે, તેઓ ચંદ્ર પર પહોંચીને ઉતર્યા, જ્યાંથી તેઓએ ૪૬ પાઉન્ડ (આશરે ૨૧ કિલો) વજનની સામગ્રી એકત્ર કરી, અને પોતાની સાથે લાવેલ વસ્તુઓમાંથી અંદાજીત ૫ લાખ પાઉન્ડ (23 લાખ કિલો) વજનનો સામાન ત્યાં જ છોડી દીધો. તેઓએ ચંદ્રની સપાટી પર તેમના પગલાઓના નિશાન પણ છોડી દીધા, જેના માટે એવી આશા કરી શકાય કે તે ત્યા આશરે પાંચ લાખ વર્ષો સુધી અકબંધ રહેશે.

આટઆટલી ઝીણવટભરી તૈયારીઓ કરવામાં આવી, ત્યારે આવું એક **"નાનકડું પગલું"** લઈ શકાયું, જે માનવજાત માટે **"મોટી છલાંગ"**માં પરિણમી શકે.

## શૂન્યથી શરૂઆત

"હું અત્યારની મારી પરિસ્થિતિએ જ્યાં પહોંચ્યો છું, ત્યાં લિફ્ટથી નહીં, પરંતુ સીડી ચઢીને પહોંચ્યો છું!" આ અવલોકન એક પ્રતિષ્ઠિત દરજ્જાએ પહોંચવામાં સફળ રહેલા એક દરજી દ્વારા કરવામાં આવ્યું હતું, જેની પાસે શરૂઆતના સમયમાં માત્ર

પોતાના બે હાથ અને કામ કરવા માટેની ઈચ્છા-શક્તિ સિવાય બીજું કશું નહોતું. "સારા ડીઝાઇનનો કોટ બનાવવો એ કોઈ નાનીમાંના ખેલ નથી. તે અત્યંત જટિલ કામ છે, અને પૂરતું જ્ઞાન, માહિતી, કૌશલ્ય અને લાંબા ગાળાના અનુભવ વગર તો લગભગ અશક્ય છે.  જીવનભર મહેનત કર્યા પછી જ હું શહેરમાં એક સમૃદ્ધ દુકાન ચલાવવામાં સફળ થયો છું."

દરજીએ નિષ્ણાત વ્યક્તિના માર્ગદર્શન હેઠળ તેની એપ્રેન્ટિસશીપ કેવી રીતે કરી તે વિશે પણ જણાવ્યું. કાપડ કટિંગ અને સીવણ શીખવામાં તેને પૂરા પાંચ વર્ષ લાગ્યા હતા. જ્યારે તેણે પ્રથમ વખત નાની દુકાન ખોલી, ત્યારે તેના ગ્રાહકોને તેમની પસંદગીના યોગ્ય ફિટિંગના કપડાં સીવી દેવામાં ખૂબ જ તકલીફો વેઠવી પડી હતી. તેનું એક કારણ એ હતું કે એપ્રેન્ટિસશીપ દરમિયાન તે એ હકીકત સમજી શક્યો નહોતો કે લોકો વિવિધ આકાર અને કદના હોઈ શકે છે.  આથી, તેણે માનવ શરીરરચનાનો અભ્યાસ કર્યો, અને ઘણા વર્ષોની મહેનત બાદ એકદમ પરફેક્ટ કહી શકાય એવો કોટ બનાવી શક્યો. સમય જતાં આખરે તે એવો નિષ્ણાંત બની ગયો કે શરીરની કોઈ ખોડખાંપણ હોય અથવા કોઈને ખૂંધ હોય તેવા વ્યક્તિઓ માટે પણ મસ્ત ફિટિંગ આપી શક્યો.

દરજીએ તેના કૌશલ્યોને લગતી ઘણી બધી બાબતોની ચર્ચા કરી, અને મને એવું લાગ્યું કે જાણે હું કોઈ મહાન અનુભવી વ્યક્તિનું રાષ્ટ્ર-નિર્માણ પરનું પ્રવચન સાંભળી રહ્યો છું.

હકીકતમાં, આપણી સામાજિક અને આર્થિક સમસ્યાઓ હલ કરવાનો એકમાત્ર રસ્તો ઉપરોક્ત દરજીના ઉદાહરણને અનુસરવાનો છે. પ્રારંભિક એપ્રેન્ટિસશીપ પછી આગળ વધીને તેણે પોતાની જાતે જ જીવનની કારકિર્દી ઘડી. તે લિફ્ટની મદદ વગર પોતાની જાતે સીડીઓ ચઢીને ઉપર ગયો. જીવન-યાત્રામાં લિફ્ટની જેમ એવા કોઈ બટન હોતા નથી કે જેને દબાવીને તમે તમારા નિર્ધારિત લક્ષ્યો સુધી આપમેળે પહોંચી શકો, ત્યાં તો તમારે એક પછી એક પગથિયાં ચઢીને આગળ વધવું પડે. વિકાસ ભાગ્યે જ કૂદકે ને ભૂસકે થતો હોય છે. સીડીની મદદથી ઉપર ચઢીને તમે લિફ્ટની માલિકીના તબક્કા સુધી પણ પ્રગતિ કરી શકો છો, પરંતુ સીધા લિફ્ટથી જ શરૂઆત કરીને, બધી અપેક્ષાઓ તેના ઉપર ઢોળેલી રાખવાથી, તમારું જીવન ક્યારેય સફળ થઈ શકે નહીં.

## સખતાઈથી પણ સખત

જ્હોન મેનન નામનો એક અંગ્રેજ 1782માં ગ્લાસગો આવ્યો, અને તેણે ગ્લાસગો એડવર્ટાઈઝર નામના અખબારની સ્થાપના કરી, પાછળથી જેનું નામ બદલીને ગ્લાસગો હેરાલ્ડ રાખવામાં આવ્યું. આ સમયે તેની પાસે કુલ સંપતિમાં લાકડાનું એક પ્રિન્ટિંગ પ્રેસ અને બસ્સો પાઉન્ડ રોકડ સિવાય કંઈ નહોતું, આ વાતને જોતાં તેણે મેળવેલી સિદ્ધિ સામાન્ય નહોતી. સ્થાપનાના નવા સાહસ બાદ ધીમે રહીને ગ્લાસગો હેરાલ્ડનું વિતરણ બે

લાખની સંખ્યાને પણ વટી ગયું હતું. આ બધુ જ્હોન મેનનના અમર્યાદ ઉત્સાહને આભારી હતું.  સંજોગો ગમે તેટલાં પ્રતિકૂળ કેમ ના હોય, અને ભાગીદારો સાથે કેટ-કેટલા મતભેદો પણ હોય, તેમ છતાં, આગળ વધવા માટે તેની ધીરજ અને શક્તિ મળી રહેતી હતી. તેનું અખબાર બંધ થવાથી તો દૂર, પરંતુ સખતાઈથી પણ સખત બની ગયું હતું.

પહેલા જે મૂળ રૂપે એકદમ આદિમ અને હાથથી સંચાલિત પ્રેસ પર છાપવામાં આવતું હતું, તે અખબાર આજે અત્યંત અત્યાધુનિક ઓટોમેટિક મશીનો પર છપાય છે. ટાઇપસેટિંગ અને મેટલ ઇન્ફ્યુઝનના દિવસો ગયા. હવેનું લખાણ લેસર બીમ દ્વારા પ્લેટો પર પ્રક્ષેપિત થાય છે.  પ્રિન્ટિંગ અને ફોલ્ડિંગ ઓટોમેટિક થઈ જાય છે, અને પછી પોલિથીનમાં લપેટાય છે. ત્યારબાદ અખબારોને બેચ-પ્રમાણે ડિસ્પેચ વિભાગમાં લઈ જવામાં આવે છે. સમગ્ર પ્રક્રિયાને કોમ્પ્યુટરાઇઝેશન દ્વારા સુવ્યવસ્થિત અને ઝડપી બનાવવામાં આવી છે.  માલિકો અને વાચકો બંને માટે ખૂબ જ સંતોષની બાબત એ છે કે આ બધી નવી અને સુધારેલી તકનીકોનો લાભ લેવા માટે અખબાર લાંબા સમય સુધી ટકી રહ્યું છે. બહુ ઓછા લોકો જાણે છે કે અઢારમી સદીના અંત પહેલા તેનું પ્રકાશન લગભગ બંધ થઈ ગયું હતું.

તેનું પ્રકાશનનું સાતત્ય, મુખ્યત્વે તેના સ્થાપકના ઉત્સાહ અને દ્રઢતાને આભારી છે.  ખરેખર, કોઈપણ મહાન કાર્ય આવા ઉચ્ચ ગુણો વિના ટકી શકતું નથી, અને પૂર્ણતામાં લાવી શકાતું

નથી. નાના ગજાના કાર્યોને પણ સફળ થવા માટે ખૂબ જ ઉત્સુકતા અને લાંબા ગાળાની સખત મહેનતની જરૂર પડે છે.

## ટોચની જગ્યા ખાલી છે.

મુસ્લિમ યુવાનોનું એક જૂથ, સિસ્ટમ વિશેની ફરિયાદો જેમકે સારા સંસ્થાનોમાં પ્રવેશ, બેરોજગારી વગેરેની ચર્ચામાં વ્યસ્ત હતું. એક અનુભવી વરિષ્ઠ વ્યક્તિ, તેમની વચ્ચે બેસીને બધું ચૂપચાપ સાંભળી રહ્યા હતા. અંતે, તેઓ બોલ્યા: "તમારી ફરિયાદો તદ્દન નિરર્થક છે. તમે એવી જગ્યાઓ શોધી રહ્યા છો, જે પહેલેથી ભરાઈ ચૂકી છે. તમે એવી જગ્યાઓ પર ધ્યાન નથી દઈ રહ્યા, જે હજી સુધી ખાલી પડી છે. તમારા પ્રયત્નો શ્રેષ્ઠતા હાંસલ કરવા માટેના હોવા જોઈએ. પછી, તમારા માટે નિરાશાનો કોઈ પ્રશ્ન રહેશે નહીં. કારણકે કોઈપણ ક્ષેત્રમાં જ્યારે સામાન્ય નિમ્ન-સ્તરની જગ્યાઓ ખાલી ના હોય, ત્યારે ટોચની જગ્યા ઘણી વાર ખાલી હોય છે."

વ્યક્તિગત શ્રેષ્ઠતા એ સફળતાનું મુખ્ય રહસ્ય છે. તમે વિદ્યાર્થી હોવ કે વેપારી, વકીલ હોવ કે ડોક્ટર, તમે ગમે તે ક્ષેત્રમાં હોવ, શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયાસ કરશો તો ચોક્કસ તમને સફળતા પ્રાપ્ત થશે. તમે ઉંદર પકડવાનું પાંજરું બનાવવાનું નાનું કામ પણ શ્રેષ્ઠ રીતે કરી જાણતા હશો, તો તમારે ત્યાં ગ્રાહકોની લાઇન લાગશે. સામાન્ય કક્ષાના લોકોનો દોષ એ હોય છે કે તેઓ સામાન્ય કક્ષાનું પાંજરું બનાવે છે, જે બજારમાં પહેલેથી

ઉપલબ્ધ હોય છે અને પાછળથી ફરિયાદો કરતાં હોય છે, કે તેમની વસ્તુ વેચાતી નથી. તમે સખત પરિશ્રમ કરીને કોઈ વિશિષ્ટ પાંજરું બનાવશો, તો એ ખરીદવા લોકો પડાપડી કરશે.

સામાન્ય જગ્યાઓ ભરાઈ જતી હોય છે, જ્યારે કે ટોચની જગ્યાઓ ખાલી હોય છે.  તો પછી  શા માટે તમારે આ ઉચ્ચ પદ સુધી પહોંચવાનો પ્રયાસ ન કરવો જોઈએ, જે હજી પણ તમારી રાહ જોઈ રહ્યું છે? જો તમે અન્ય લોકો કરતાં વધારે મહેનત કરશો, સામાન્યને બદલે ઉચ્ચ ગુણવત્તાના ધોરણ વિકસાવશો, અને આ સુધારેલી ક્ષમતાઓ સાથે જીવન-ક્ષેત્રમાં પ્રવેશ કરશો, તો તમારા માટે બેરોજગાર રહેવું કે નોકરીમાંથી હકાલપટ્ટી થવી એ અશક્ય બની જશે.  દરેક જગ્યાએ તમારા માટે એક પદ છે, જે ખાલી છે અને એ રાહ જોઈ રહ્યું છે કે કોઈ આવે અને તેને ભરે.

## કારણ તમારા અંદર જ છે!

ભારતના રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલ સિંહ જ્યારે આંખના ઓપરેશન માટે અમેરિકા ગયા ત્યારે, ટેક્સાસની જે હોસ્પિટલમાં અગાઉ તેમના પુરોગામી સંજીવ રેડ્ડીની સારવાર કરવામાં આવી હતી, ત્યાં જ તેમને દાખલ કરવામાં આવ્યા હતા. દિલ્હીમાં તે સમયે એવી અફવા વહેતી થઈ હતી કે શ્રી ઝૈલ સિંહને ઓપરેશન થિયેટરમાં લઈ જતાં પહેલા જ્યારે મુખ્ય સર્જને તેમને  પૂછ્યું, "તમે રેડી છો?", ત્યારે શ્રી જ્ઞાની ઝૈલ સિંહે એવો જવાબ આપ્યો કે,

"ના, હું રેડ્ડી નથી, હું ઝૈલ સિંહ છું!" (હિન્દુસ્તાન ટાઈમ્સ, 4 ડિસેમ્બર, 1982)

આ જોક કદાચ ઉપજાવી કાઢવામાં આવ્યો હશે, પરંતુ પ્રશ્ન એ છે કે રાષ્ટ્રપતિની પ્રતિભા સામે આવી મજાક કરવાની હિંમત કોઈ કેવી રીતે કરી શકે? એક સીધું કારણ એવું હોઈ શકે કે શ્રી જ્ઞાની ઝૈલ સિંહનું અંગ્રેજી સારું નહોતું. જે સામાન્ય બુદ્ધિની વાત છે. પરંતુ તેમની જગ્યાએ જો ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન અથવા શ્રી પંડિત જવાહરલાલ નહેરું હોત, તો કોઈ આવી રમૂજ કરવાનું વિચારત નહીં.

બહારની દુનિયા તમને એવી રીતે ઓળખે છે, જેઓ તમે તેમને પરિચય આપો છો. તમે જે ચિત્ર ઊભું કરો છો, તેનું જ પ્રતિબિંબ તમને તેના પ્રતિભાવો સ્વરૂપે પાછું મળે છે. આનો અર્થ એમ થાય છે કે જ્યારે અન્ય લોકો તમારી સાથે દુર્વ્યવહાર કરે, ત્યારે તેમનો વાંક જોવાને બદલે તમારામાં દોષો શોધો. તમારી પોતાની ખામીઓને ઓળખીને તેને દૂર કરવાના શ્રેષ્ઠ પ્રયાસો કરશો, તો તમે અન્ય લોકોના તમારા તરફના દુર્વ્યવહારથી તમારી જાતને વધારે સારી રીતે બચાવી શકશો.

એક ગ્રીક કલાકાર વિશે એક વાયકા છે કે તેણે એક દિવસ દ્રાક્ષનો ઝૂમખો પકડેલા માણસની એવી વાસ્તવિક પ્રતિમા બનાવી કે જ્યારે તેણે આ પ્રતિમાને ચાર રસ્તા પર મૂકી તો પક્ષીઓ તેને સાચી દ્રાક્ષ સમજીને ચાંચો મારવા લાગ્યા. પક્ષીઓ

પણ જેનાથી ભ્રમિત થઈ જાય તેટલી વાસ્તવિક જણાય તેવી દ્રાક્ષની કલાકારી બદલ તેના મિત્રોએ તેને ખૂબ અભિનંદન પાઠવ્યા. કલાકાર તેમના અભિવાદનથી ખુશ થયો, પરંતુ તે પોતાની જાતથી રાજી ન હતો. તેણે કહ્યું, "પરંતુ, હું માણસની વાસ્તવિક પ્રતિમા કોતરવામાં નિષ્ફળ ગયો છું, નહીંતર પક્ષીઓ તેની નજીક આવવાની હિંમત કરી શક્યા ન હોત!" ત્યારબાદ કલાકારે બીજો પ્રયાસ કર્યો. દ્રાક્ષ પક્ષીઓને આકર્ષિત કરે એટલી જ વાસ્તવિક હતી, પરંતુ તેમ છતાં પંખીઓ તેનાથી દૂર રહેતાં હતા, કારણકે આ વખતે માણસની પ્રતિમાની આંખો એવી સાચુકલી જીવંત જણાઈ રહી હતી કે પંખીઓ તેની પાસે જવાની હિંમત કરી શકતા નહોતા!

જો કલાકાર તેના મિત્રોએ કરેલ પ્રશંસાથી ખુશ થઈ ગયો હોત, તો તેણે ક્યારેય તેની અંતિમ શ્રેષ્ઠ કૃતિ તૈયાર કરવાની કોશિશ જ કરી ન હોત. પોતાની ખામીઓ તરફ દ્રષ્ટિ કરવાનો અભિગમ જ તેને પૂર્ણતા તરફ દોરી ગયો હતો.

નિપુણતા માટેના પ્રયાસો કરવાથી જ આપણું વ્યક્તિત્વ સફળતાના માર્ગો પર ખીલે છે.

## સ્વપ્નનો અને સફળતા

શ્રી રામ રતન કપિલા નવી દિલ્હીમાં આસિફ અલી રોડ પર સ્થિત ઓફિસો સાથે, કેપ્સન્સના નામથી રેફ્રિજરેટર અને

એર-કન્ડિશનરનો વ્યવસાય ચલાવે છે. તેમની પેઢી માટે આકર્ષક નામની જરૂર હોવાથી, તેમણે અખબારોમાં શ્રેષ્ઠ સ્લોગન માટે સુંદર ભેટના વચન સાથેની જાહેરાતો કરી. વારંવાર જાહેરાતો કરવા છતાં, કોઈ યોગ્ય પ્રતિસાદો મળી રહ્યા નહોતા. તેઓ દિવસ-રાત મગજ ઘસતા રહ્યા, પરંતુ યોગ્ય લાગે એવી કોઈ લાઇન સૂઝી નહીં.

આ વાતને છ વર્ષ વીતી ગયા, પછી એક રાત્રે શ્રી કપિલાએ સપનું જોયું કે તેઓ એક સુંદર બગીચામાં લટાર મારી રહ્યા છે, પક્ષીઓ કલરવ કરી રહ્યાં છે, અને એકદમ ખુશનુમા હવામાન છે. આસપાસના વાતાવરણથી ખુશ થઈને તેઓ બોલી ઉઠયા, "કેવું મસ્ત હવામાન!". આખરે છ વર્ષ બાદ, તેમને યોગ્ય લાગે એવી ટેગલાઇન મળી ગઈ, "કેપ્સન્સ: ધ વેધર માસ્ટર્સ!!"

સ્વપ્ન એ ગાઢ ઊંઘમાં બનતી ઘટના છે, જે ઘણી વખત માણસના અવ્યવસ્થિત વિચારો અને ઈચ્છાઓનું સ્પષ્ટીકરણ કરે છે. દિવસ દરમિયાન જે કંઈ પણ ઘટી રહ્યું હોય, તે રાત્રે સ્વપ્ન સ્વરૂપે નજર સમક્ષ આવે છે. ઇતિહાસ એવી વાર્તાઓથી સભર છે, જેમાં સમસ્યાઓના સમાધાન સ્વપ્ન થકી આવ્યા છે; એવી સમસ્યાઓ કે જે દેખીતી રીતે ખૂબ જ જટિલ હતી, પરંતુ સ્વપ્નના ક્રમમાંથી પસાર થઈને જાગૃત થવા પર તેનો ચમત્કારિક રીતે ઉકેલ આવ્યો હોય. શોધક જો પોતાની શોધમાં સંપૂર્ણ રીતે મગ્ન હોય, તો ઊંઘમાં પણ તેનું મન સમસ્યાઓના સમાધાન અને પરિણામો શોધવાનું ચાલુ રાખે છે. મહદ્ અંશે અનુત્તર જણાતાં

પ્રશ્નોના જવાબો સપના દરમિયાન દેખાવા એ કોઈ સાધારણ ઘટના નથી, કોઈપણ વિષય સાથે સંપૂર્ણ બૌદ્ધિક જોડાણના પરિણામે જ આવું શક્ય બને છે. સફળતા એ સમર્પણ અને નિષ્ઠાનું પરિણામ છે. તે કોઈ પ્રયાસ કર્યા વગર પ્રગટ થતો ચમત્કાર નથી.

## વિજેતાઓનું માનસ

ઘણીવાર વિશ્વ ચેમ્પિયન પ્રતિભાઓ સમાન શારીરિક બળ અને ક્ષમતાઓ ધરાવે છે, અને લગભગ સમાન ધોરણની તાલીમ મેળવે છે. તો પછી શા માટે એક જીતે છે, અને બીજો હારે છે? અમેરિકામાં છેલ્લા ત્રણ વર્ષથી આ પ્રશ્ન સંશોધનનો વિષય રહ્યો હતો. તાજેતરમાં, આ વિષય પર કામ કરી રહેલા વૈજ્ઞાનિકોના જૂથનો અહેવાલ પ્રકાશિત થયો હતો. તેઓએ ટોચના આંતરરાષ્ટ્રીય કુસ્તીબાજોની પસંદગી કરી, તેમજ તેમની શારીરિક શક્તિ અને માનસિક સ્થિતિનું અવલોકન કર્યું. તેમને જાણવા મળ્યું કે વૈશ્વિક સ્પર્ધાઓમાં વિજેતાઓ અને પરાજીતો વચ્ચે એક સ્પષ્ટ તફાવત છે, જે શારીરિક નહીં, પરંતુ માનસિક છે. સ્પર્ધામાં જીતવા કે હારવા માટે તેમની મનોસ્થિતિ સૌથી વધુ નિર્ણાયક પરિબળ સાબિત થાય છે. નિષ્ણાતોના અવલોકનમાં વિજેતાઓ પરાજીતો કરતાં વધુ જાગ્રત અને પોતાની જાત પર નિયંત્રણ ધરાવતા હોવાનું જણાયું હતું. અહેવાલનો સારાંશ આવા શબ્દો સાથે આપવામાં આવ્યો છે: "પરાજીતો સ્પર્ધાના સમય પહેલા વધુ હતાશ અને મૂંઝાયેલા હતા, જ્યારે વિજેતાઓ હળવા

અને સકારાત્મક હતા." (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, જુલાઈ 26, 1981)

આ સિદ્ધાંત જીવનના વ્યાપક ક્ષેત્રને સમાન રીતે લાગુ પડે છે. જીવનમાં જ્યારે બે વ્યક્તિઓ કે ટીમનો એકબીજા સાથે સામનો થાય, ત્યારે તેમની જીત કે હાર એ ભૌતિક સંસાધનો પર એટલી બધી આધાર નથી રાખતી, જેટલી તેમની બૌદ્ધિક તેમજ માનસિક સ્થિતિ પર રાખે છે. પોતાના ધ્યેયો સાર્થક છે એવી પ્રતીતિ, શબ્દો અને વિચારો વચ્ચે કોઈપણ જાતના વિરોધાભાસ વગર શિસ્તનું આચરણ, કટોકટીના સમયે પણ ઊંડી વિચારસરણી- આ બધા મન તેમજ હૃદયના એવા ગુણો છે, જે જીવનના વિશાળ ક્ષેત્રમાં સફળતાને નિર્ધારિત કરે છે, અને નિષ્ફળતાને દૂર કરે છે.

## આપ-લેનો સિદ્ધાંત

એક ભારતીય અભણ માણસ ઈરાકમાં બે વર્ષ વિતાવીને જ્યારે પાછો ફર્યો, ત્યારે તેની બચત વિશે સવાલ કરવામાં આવ્યો. તેણે ઉત્તર આપ્યો, "હું બહુ ઝાઝી કમાણી તો નથી કરી શક્યો, પરંતુ મારા રોજીંદા ખર્ચા કરવા ઉપરાંત હું 2 લાખ રૂપિયા બચાવવામાં સફળ રહ્યો છું!" ત્યારબાદ, જ્યારે તેને પૈસા બચાવવાની તકનિક વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેનો જવાબ

કંઈક આવો હતો, "ભાઈ, મને એટલી ખબર પડી કે જો તમે તમારી જરૂરીયાતો ઘટાડી શકો તો જ તમે પૈસા બચાવી શકો!"

પૈસા કમાવાનું રહસ્ય એ છે કે જીવનમાં પોતાની મરજીને અનુસરવાને બદલે સબર (ધૈર્ય) ને પ્રાધાન્ય આપવું. વ્યક્તિ અન્યોને જરૂરી સવલતો પ્રદાન કરીને જ પોતાના ધ્યેયો હાંસલ કરી શકે છે.  પૈસાદાર બનવા માટે તમારે અન્યો પાસેથી જ પૈસા લેવા પડશે. અને, તમે જો તેમને જરૂરી સવલતો પ્રદાન નહીં કરો તો તેઓ તમને શા માટે તેમના ખિસ્સામાંથી પૈસા આપે? સંપત્તિવાન બનવા માટે તમારે તમારી ઈચ્છાઓની કુરબાની આપવી પડે.  વ્યક્તિએ પોતાની પ્રાથમિકતાઓને બદલે અન્યોની પ્રાથમિકતાઓ અનુસરવી પડે.  અન્ય બાબતોની જેમ આ જ સિદ્ધાંત ધાર્મિક બાબતોમાં પણ એવી જ રીતે લાગુ પડે છે.  આ જગતમાં વ્યક્તિએ અન્ય લોકોની વચ્ચે રહીને કામ કરવાનું છે, જેમાં આવતા પડકારોનો સામનો તેણે ધૈર્યથી જ કરવો પડશે. તેથી જ આ સંસારમાં સફળતા ત્યારે જ સંભવ છે, જ્યારે વ્યક્તિ પોતાની જાતમાંથી બહાર આવે, પોતાની ધૂન અને ઈચ્છાઓની અવગણના કરે અને અન્યોને જરૂરી સવલતો પ્રદાન કરીને પોતાનો માર્ગ સાધે.

તેણે પોતાની સાથે અન્યોનો વિચાર પણ કરવો જોઈએ. વાસ્તવિકતા એ છે કે આ જગતમાં વ્યક્તિ તેની ઈચ્છાઓ, રુચિઓ અને જરૂરિયાતોના આત્મ-બલિદાન પછી અન્યોની નજરમાં સ્વીકાર્ય બને છે.

આ દુનિયામાં, કંઈક આપ્યા પછી જ વ્યક્તિ બદલામાં સામે કંઈક મેળવી શકે છે.

## નિઃસ્વાર્થ સેવાની ભાવના

જગતના લોકોને બે વર્ગોમાં વિભાજીત કરી શકાય. એક તરફ એવા લોકો જે પોતાના કામના વળતર માટે તાત્કાલિક તેમજ વધારે ગણા લાભની આશા રાખે છે, તો બીજી તરફ એવા લોકો છે જે આવા કશાય ભૌતિક લાભોની અપેક્ષા વગર સેવા આપે છે.  તેઓએ કંઈક સાર્થક હેતુસર પોતાનું યોગદાન આપ્યું છે, તેવી પ્રતીતિ જ તેમના માટે સૌથી મોટો લાભ છે. પોતાના મહેનતનું વળતર તેમને નહીં મળવાથી ચિંતા થતી નથી કે ગુસ્સો આવતો નથી. તેઓ પોતાની ભૂમિકા ભજવી જાણે છે, અને તેઓ હેતુલક્ષી કાર્યોમાં એટલા મગ્ન હોય છે કે પોતાના અંગત યોગદાનને પણ સંભારતા નથી.

ઉપરથી જોતાં, બંને જૂથના લોકો સરખા લાગે છે, પરંતુ, હકીકતમાં, બંને વચ્ચે દુનિયાનો ફરક છે. પ્રથમ જૂથ વિશ્વના બજારોને બદલતા રહે છે, જ્યારે બીજું જૂથ માનવ-ઇતિહાસના પૃષ્ઠો બદલી નાખે છે. બંને વચ્ચે આટલી હદે ફેર પડે છે.

તે બીજા જૂથના લોકો છે, જેઓ માનવતાના સુધારણા માટે અર્થપૂર્ણ અને અમૂલ્ય યોગદાન આપે છે, કારણકે કોઈ સાર્થક

કાર્ય સંઘર્ષ વગર શક્ય નથી જેમાં તેઓ સામાન્ય રીતે જોડાય છે. જ્યારે પણ સંખ્યાબંધ લોકો એક જ ધ્યેય માટે સાથે મળીને કામ કરતાં હોય ત્યારે કોઈકને સહજપણે અન્ય લોકો કરતાં વધુ ક્રેડિટ મળે છે.  કોઈકને તેમની સિદ્ધિઓ માટે બિરદાવવામાં આવે છે, તો કોઈકને નકારવામાં પણ આવી શકે, દુનિયામાં કોઈપણ ક્રિયા માટે આ લાગુ પડે છે - ભલે પ્રકૃતિમાં તે અનન્ય હોય કે સામાન્ય. સામૂહિક સમૃદ્ધિ માટેનો એક જ સામાન્ય માર્ગ છે, અને તે એ છે કે લોકો પોતાના અધિકારોને ભૂલીને ફક્ત જવાબદારીઓ પ્રત્યે સભાન રહે.

જ્યાં સુધી એકસમાન ઉદ્દેશ્યમાં ભાગ લેનારાઓમાં નિઃસ્વાર્થ સેવાની ભાવના પેદા ના થાય ત્યાં સુધી, ના તો ફક્ત વળતર નહીં મેળવાનારાઓ દુ:ખી-દુ:ખી થશે, પરંતુ જેઓને પોતાના યોગદાન માટે ઉચ્ચ પુરસ્કારો મળ્યા હશે તેમને પણ પોતાની સાથે અન્યાયની લાગણી અનુભવાતી હશે. વ્યક્તિને ભાગ્યે તેની અપેક્ષાઓ પ્રમાણેના પુરસ્કારો મળતા હોય છે.  તે કંઈપણથી ક્યારેય સંતુષ્ટ નહીં રહેવાનો કિસ્સો છે.

જેઓ જીવનમાં મહાન સાર્થક કાર્યો કરવા માંગે છે, તેઓ પુરસ્કારોની અપેક્ષાઓ રાખતા નથી; બલ્કે તેઓએ કંઈક પણ યોગ્ય કાર્ય કર્યું હોવાની અનુભૂતિ જ તેમના માટે શ્રેષ્ઠ પુરસ્કાર છે. તેઓએ પોતાની ભૂમિકા પ્રામાણિકપણે ભજવી એ જ્ઞાન જ તેમને એવા લોકો કરતાં પણ વધુ સંતુષ્ટિ આપવા માટે પૂરતું છે, જેઓને તેમના ઓછા પ્રયત્નો છતાંપણ અઢળક પુરસ્કારો મળે છે.

# લાયકાત કેળવો

એ.એમ. ખાન નામથી આઝમગઢનો એક યુવાન અને ઉચ્ચાભિલાષી મુસ્લિમ વિદ્યાર્થી, હિંદુ કોલેજના પ્રિન્સિપાલની સામે નર્વસ થઈને ઊભો હતો અને કહી રહ્યો હતો, "સર, મારે તમારી કોલેજમાં બી એસ સી કોર્સમાં એડમિશન મેળવવું છે!" જવાબ એકદમ તીક્ષ્ણ હતો, "પ્રવેશ બંધ થઈ ગયો છે. તમે અરજી કરવામાં ઘણા મોડા પડ્યા છો, તમે ઓકટોબર મહિનામાં પ્રવેશ મેળવવાની અપેક્ષા કેવી રીતે રાખી શકો?" અણધાર્યા સંજોગોને કારણે યુવાન ખાન વહેલા અરજી કરી શક્યો નહોતો, પરંતુ તેણે ફક્ત એટલું જ કહ્યું, "જો તમે મને મદદ કરશો તો તમારી મહેરબાની રહેશે!" પછી તેણે ખચકાટ સાથે ઉમેર્યું, "જો મને પ્રવેશ નહીં મળે તો મારું આખું વર્ષ બરબાદ થઈ જશે!" પ્રિન્સિપાલનો જવાબ સીધો અને સખત હતો. "હવે વધુ પ્રવેશનો કોઈ સવાલ જ ઊભો થતો નથી!"

પ્રિન્સિપાલે એવી ઉદ્ધતાઈભરી વાત કરી કે દેખીતી રીતે ત્યાં ઊભો રહેવાનો કોઈ જ અર્થ ન હતો.  તેમ છતાં, વિદ્યાર્થીએ તેનું નસીબ અજમાવવાનું ચાલુ રાખ્યું, જો કે તેને અંદરથી એવું તો હતું જ કે થોડીવારમાં તેને રૂમની બહાર નીકળી જવાનું કહેવામાં આવશે. પરંતુ તેના બદલે, વિદ્યાર્થીના આગ્રહને જોઈને આચાર્યએ શુષ્કતાથી પૂછ્યું કે અગાઉની પરીક્ષાઓમાં તેના માર્કસ કેવા હતા, કારણકે તેને એવું લાગ્યું કે ચોક્કસ ઓછા માર્કસને

કારણે જ તેને બીજે ક્યાંય પ્રવેશ મળ્યો હોવો જોઈએ નહીં. જો આવું થયું હોય, તો આચાર્ય પાસે તેની અરજી નકારવા માટેનું સારું એવું કારણ મળી જાય. પરંતુ વિદ્યાર્થીનો જવાબ તેની ધારણા કરતાં તદ્દન વિપરીત નીકળ્યો. તેણે કહ્યું, "પંચાસી ટકા, સાહેબ!"

આ શબ્દોએ જાદુની જેમ કામ કર્યું. પ્રિન્સિપાલનો મૂડ એકાએક બદલાઈ ગયો અને તેણે વિદ્યાર્થીને બેસાડયો, તેમજ તેનું પ્રમાણપત્ર બતાવવા જણાવ્યું. જ્યારે તેણે બધા કાગળ જોઈને વિદ્યાર્થીના સચ્ચાઈની ખાતરી કરી, ત્યારબાદ તેને અગાઉની તારીખવાળી અરજી લખી આપવા જણાવ્યું.

વિદ્યાર્થી અરજી કરવામાં મોડો હોવા છતાં, તેને કોલેજમાં ના તો ફક્ત પ્રવેશ મળ્યો, પરંતુ આ જ પ્રિન્સિપાલ કે જેણે તેને સાંભળવાની અનિચ્છા દર્શાવી હતી, તેના દ્વારા તેને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવી.

જો વિદ્યાર્થીએ નબળા પરિણામ સાથે પ્રિન્સિપાલનો સંપર્ક કર્યો હોત, અને તેને લીધે પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હોત, તો ચોક્કસપણે તેણે સંબંધિત આચાર્ય પ્રત્યે નફરત વિકસાવી હોત, અને તેના મિત્રોને ટિપ્પણી કરત કે તેના પ્રવેશના માર્ગમાં પૂર્વગ્રહ આવી ગયો હતો. તેણે ક્યારેય એવું સ્વીકાર્યું ન હોત કે તેના નબળા પ્રદર્શનને લીધે તેને પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. જાહેરમાં તો તેણે પ્રિન્સિપાલ પર જ દોષનો ટોપલો ઢોળ્યો હોત. ઉચ્ચ હોદ્દા માટે ઇચ્છુકો એ હકીકત

સમજી શક્યા જ નથી કે આપણે જે સમાજમાં રહીએ છીએ, તેનો પ્રતિભાવ સામાન્ય રીતે આપણી પોતાની સ્થિતિનો જ પડઘો હોય છે. આપણે પોતાની નબળાઈઓ માટે સમાજને જવાબદાર ઠેરવતા હોવાનું વલણ રાખીએ છીએ, જેથી કરીને આપણે પોતાની જાતને દોષમુક્ત બતાવી શકીએ.

જ્યારે કોઈ વ્યક્તિ તેના પડકારોને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયારી સાથે જીવનમાં પ્રવેશ કરે છે, ત્યારે વિશ્વ તેને યોગ્ય માન્યતા આપવાથી પોતાને રોકી શકતું નથી. કોઈપણ વાતાવરણમાં તેને લાયક સન્માનનું પદ મેળવવામાં તે ક્યારેય નિષ્ફળ જતો નથી. પરિણામે, તે ઉચ્ચ નૈતિક ધોરણો જાળવવામાં સક્ષમ રહે છે. ત્યારબાદ તેના અનુભવો સાહસ, આત્મ-વિશ્વાસ, ઉચ્ચ વિચારસરણી, સજ્જનતા, અન્યના મૂલ્યની સ્વીકૃતિ અને જીવન પ્રત્યેના વાસ્તવિક અભિગમ દ્વારા ચિહ્નિત થાય છે. તેનામાં યોગ્ય માનવીય સંબંધોમાં પ્રવેશવાની ઈચ્છા અને ક્ષમતા વિકાસ પામે છે. સમાજ તેની પ્રતિભાને ઓળખે છે, બદલામાં તે પણ સમાજને યોગ્ય માન્યતા આપે છે, આમ તે નફરત અને પૂર્વગ્રહના નકારાત્મક વલણથી ઉપર ઉઠી જાય છે.

આનાથી ઉલ્ટું, જો તેણે પોતાની જાતને જરૂરી ધોરણો સુધી તૈયાર કરી નથી, તો તે પોતાની યોગ્યતા સાબિત કરવામાં ચોક્કસપણે નિષ્ફળ રહેશે; જો તે જીવનના કોઈપણ ક્ષેત્રમાં અપૂરતી તૈયારી સાથે ઉતરશે, તો તેને જોઈતું સ્થાન ક્યારેય મેળવી શકશે નહીં. પછી હતાશ થઈને તે નીચલી કક્ષાનું ચારિત્ર્ય

વિકસાવશે.  તે નકારાત્મક માનસિકતા જેવી કે ક્રોધ, ફરિયાદ, ગુનાખોરીનો શિકાર બની શકે છે.  જીવનમાં મળેલી નિષ્ફળતા નકારાત્મક માનસિકતાને જન્મ આપે છે, કારણકે એવું ભાગ્યે જ બને છે કે સંબંધિત વ્યક્તિ તેની નિષ્ફળતા માટે પોતાની જાતમાં દોષો શોધે. તે લગભગ હંમેશા પોતાની ખામીઓ માટે અન્ય લોકો પર જ દોષારોપણ કરે છે. જીવનમાં અપૂરતી તૈયારી એકીસાથે બે અનિષ્ટો સર્જે છે  - એક તો પોતાની નિષ્ફળતા અને બીજી અન્યો સામે અણગમતી ફરિયાદો.

પત્થર બધા માટે સખત અને મૂશ્કેલ છે. પરંતુ, જેની પાસે તેને તોડવાનું સાધન છે તેના માટે કોઈ સમસ્યા નથી. જીવનમાં આપણે સામનો કરવો પડતા જટિલ અવરોધોનું પણ આવું જ છે. જીવન-ક્ષેત્રમાં તમે યોગ્ય કૌશલ્યોથી સજ્જ થઈને પ્રવેશ કરશો, તો જ તમે તમારી લાયકાત માટેની રકમનો દાવો કરવા હકદાર બની શકશો. "છેલ્લી તારીખ" પછી પણ, કોઈ અન્ય વ્યક્તિના હસ્તક્ષેપ વિના તમને કોલેજમાં પ્રવેશ આપવામાં આવી શકે છે. પરંતુ જરૂરી કૌશલ્યો અને ક્ષમતા વિના, તમે ઈચ્છિત સ્થાન મેળવવામા નિષ્ફળ રહેશો એ પાક્કું છે!

જે કોઈ ઈચ્છે છે કે ઈશ્વરની દુનિયામાં સફળતા તેના માર્ગે આવે, તેણે પહેલા પોતાની જાતને તેના માટે લાયક બનાવવી પડશે. તેણે પોતાની જાતને જાણવી પડશે, અને પોતાના સંજોગોથી સજાગ બનવું પડશે. તેણે પોતાની ઉર્જાને વ્યવસ્થિત ગોઠવીને યોગ્ય માર્ગ આપવો પડશે. તેણે દરેક ક્ષેત્રમાં સજ્જ

થઈને પ્રવેશ કરવું પડશે, ત્યારબાદ જ લોકો તેની કિંમત કરશે. તેણે એક વૃક્ષ જેવુ બનવું પડશે, જે પોતાનો માર્ગ જમીનની અંદરથી થઈને સૂર્ય તરફ વિકસાવે છે.

## વિશિષ્ટ ક્ષમતા

થોડાં વર્ષો પહેલા, મને એક પશ્ચિમી લેખકનો એક લેખ વાંચવાની તક મળી, જેમાં તેણે અમુક અગ્રણી વ્યક્તિઓની સંપત્તિ અને ખ્યાતિ પાછળના કારણ પર અમુક તારણો રજૂ કર્યા હતા. તેમના જીવન પર નોંધપાત્ર સંશોધન કર્યા પછી, તેણે તારણ કાઢ્યું હતું કે જેઓ સફળતાના શિખરે પહોંચ્યા છે, તેઓ બે વિશિષ્ટ ગુણો ધરાવે છે: 'જિજ્ઞાસા અને અસંતોષ'.

જિજ્ઞાસા હંમેશા તેમને કામમાં વ્યસ્ત રાખે છે, અને અસંતોષ તેમને યાત્રામાં સતત આગળ ધપાવે રાખે છે.

સફળ વ્યક્તિનું બીજું પાસું, વિલ્ટશાયરના ગણિતના સલાહકાર શ્રીમતી અનીતા સ્ટ્રેકર દ્વારા તેમની શાળાની કાઉન્સિલ માટે તૈયાર કરવામાં આવેલ 108 પાનાના શૈક્ષણિક અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે.  આ અહેવાલ હોશિયાર બાળકોના ગુણો પર આવું અવલોકન રજૂ કરે છે: "શ્રેષ્ઠતાની બીજી હરોળના વિદ્યાર્થીઓ કોઈપણ વસ્તુ માટે અધીરા હોય છે,  આ કદાચ તેઓને કુદરતી બક્ષિસ છે!" (હિન્દુસ્તાન ટાઈમ્સ, ફેબ્રુઆરી 2, 1983)

વ્યક્તિનો એક અનન્ય ગુણ છે કે શ્રેષ્ઠતાથી ઓછા તેવી વસ્તુઓ કે કાર્યોને સ્વીકારવા નહીં. આ ગુણ વ્યક્તિ માટે તમામ સફળ સિદ્ધીઓની ચાવી સમાન છે.

આવી વિચારસરણી વ્યક્તિને જેવું-તેવું અધકચરું અર્ધસત્ય સાથે સમાધાન નહીં કરીને સંપૂર્ણ સત્ય તરફ આગળ વધવા માટે પ્રેરિત રાખે છે. જે તેને નીચતામાંથી ઉચ્ચતાના ચારિત્ર્ય તરફ ઉચકાવે છે.  આ વિચારસરણી તેને નાની સિદ્ધિઓથી સંતુષ્ટ થવા દેતી નથી. તે સતત તેને વધુ ને વધુ સફળ સિદ્ધિઓ તરફ ધકેલે છે. તે માત્ર શ્રેષ્ઠતાને જ પ્રાધાન્યતા સાથે તેની ફરજ બજાવે છે.  તે પોતાનું કર્તવ્ય પૂર્ણપણે નિભાવીને જ સુખ પ્રાપ્ત કરે છે. તે વ્યક્તિને સર્વોચ્ચ સારા સિવાય મળે નહીં ત્યાં સુધી નહીં અટકવા માટે સતત પ્રોત્સાહિત કરે છે, અને પોતાની જાતને સંપૂર્ણતા કરતાં ઓછા કંઈપણમાં સંતોષ આપતું નથી.

## ઉપલબ્ધ તકનો લાભ લો

14મી સદીના અંતમાં એક નવા યુગની શરૂઆત થઈ. જેને પરિણામે આપણે ભાગ્યશાળી બન્યા છીએ કે આજે, 21મી સદીમાં, આપણી પાસે નવું અને વધુ સારું અસ્તિત્વ શરૂ કરવા માટે જરૂરી બધી જ અનુકૂળ તકો ઉપલબ્ધ છે.

સૂર્યનું ઉગવું અને રાત્રિનું સમાપ્ત થવું એ કુદરત દ્વારા માનવજાતને એક મૌન જાહેરાત છે કે પૃથ્વીનું તેની ધરી પર એક પરિભ્રમણ પૂર્ણ થયું છે. અને, હવે તેનું બીજું પરિભ્રમણ શરૂ થવાનું છે. આથી, કોઈપણ વ્યક્તિ તેના પ્રકાશમાં મુસાફરી શરૂ કરીને તેના ગંતવ્ય સુધી પહોંચી શકે છે.

દરરોજ સવારે થતો સૂર્યોદય માણસને બે વસ્તુઓની વચ્ચે ઉભો કરે છે: એક તક કે જે પસાર થઈ ગઈ છે, અને બીજી તક કે જે અત્યારે ઉપલબ્ધ છે. જે વ્યક્તિ હંમેશા ઉપલબ્ધ તકોનો લાભ ઉઠાવે છે, તે ચોક્કસપણે તેના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરશે. અજમાયશની આ દુનિયામાં, તકો ફક્ત તે જ લોકો માટે છે, જેઓ તેનો લાભ ઉઠાવે છે; જેઓ આવેલી તકને ઝીલવામાં હંમેશા નિષ્ફળ રહે છે, તેઓ માટે તક એ ખરેખર તક છે જ નહીં.

બીજા શબ્દોમાં કહીએ તો, સફળતા એ ઉપલબ્ધ તકોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા પર આધાર રાખે છે. કોઈપણ વ્યક્તિ પોતાની યાત્રા ગઈકાલથી શરૂ કરી શકતો નથી. ગુમાવેલી તકોને ભૂલી જાઓ, અને આજે જે ઉપલબ્ધ તકો છે, તેને ઉઠાવીને તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરો. ખુદા કસમ, તમે ચોક્કસપણે સફળતા પ્રાપ્ત કરશો! હંમેશા યાદ રાખો કે એક વાર જતો રહેલો દિવસ ક્યારેય કોઈના માટે ફરી પાછો આવતો નથી. અને, એ તમારા માટે પણ પાછો આવશે નહીં.

# ઉદ્યોગસાહસિકતા

અમેરિકામાં ખૂબ ઝડપથી ટોચ પર પહોંચનારા ઉદ્યોગપતિઓ પર એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં સફળતાના શિખરો પાર પાડવા માટે તેમણે શું-શું કર્યું હતું, તેનું વિશ્લેષણ કરાયું હતું. વ્યવસાય અને ઉદ્યોગમાં તેમની અસાધારણ સિદ્ધિઓ મોટે ભાગે તેમના "એવા સખત સંઘર્ષને આભારી હતા કે જેમાં તેમની કામ પ્રત્યેની નિષ્ઠામાં કુટુંબ, મનોરંજન વગેરે જેવી બાબતો ગૌણ સ્થાન પર હતી." જો કે, સંશોધનના એક ભાગ મુજબ, તમામ કેસમાં એક મુખ્ય લક્ષણ સામાન્ય જોવા મળ્યું હતું, તેઓ "કુશળ તકવાદી અને વ્યક્તિગત ઉન્નતિની કોઈપણ તક માટે ઉત્સુકતાપૂર્વક સજાગ" હતા (રીડર્સ ડાયજેસ્ટ, મે 1982). આનો અર્થ એ નથી કે સખત અને સમર્પિત કાર્યની ભૂમિકા કોઈ કામની નહોતી, પરંતુ ઉભરતા ઉદ્યોગસાહસિક દ્વારા લેવામાં આવેલા પ્રારંભિક ભૂસકા વિના જીવનમાં આગામી ઝડપી વિકાસ શક્ય બની શક્યો હોત નહીં.

કહેવાની જરૂર નથી કે આ ભૂસકો લગાવવામાં લગભગ બહુ મોટું જોખમ હોય છે. તે પર્વતોમાંથી વહેતા પાણીના પ્રવાહમાં ડૂબકી લગાવવા જેવું છે. તેના વિશેની જાણકારી અને અજ્ઞાનતા બંને ખચકાટ જન્માવે છે. ત્યાં પાણીની તીવ્ર ઠંડક છે, પ્રવાહનું

જોર છે. ખડકો સાથે અથડાઈ જવાનો ભય પણ છે, ખતરનાક ઢળાવ છે, માથા પર ઝીંકાતા ધોધ છે, અને પછી --- તે કેટલું ઊંડું છે? સામે કાંઠે પહોંચવા ઉત્સુક કોઈપણ માણસ સલામત અને સરળ રસ્તો શોધે છે. તે સામાન્ય રીતે પુલ પરથી પસાર થઈને રસ્તો ઓળંગશે. પરંતુ જ્યાં પુલ જ નહીં હોય ત્યાં તેણે કુદરતની કારમી શક્તિઓ સામે પોતાની તાકાત માપવી પડશે. શું તે વર્તમાન સામે લડવા માટે પૂરતો સખત છે? શું તેની પ્રતિક્રિયાઓમાં પૂરતી ઝડપ છે? શું તેની પાસે અચાનક અને અણધારી ત્રાટકતી કટોકટીનો સામનો કરવા માટેની સમજશક્તિ અને અનુકૂલનક્ષમતા છે? શું તે પોતાની જાતને ખતરાઓથી સુરક્ષિત રાખવાના રસ્તાઓ શોધી શકે છે? પ્રતિકૂળ સંજોગો સર્જાવા છતાં, શું તે પોતાનામાં આત્મ-વિશ્વાસ જાળવી રાખી શકે છે? જે માણસ પ્રવાહની બીજી બાજુએ પહોંચવા માટે ખરેખર નિર્ધારિત છે, તે તેની બધી તાકાત, હિંમત અને બુદ્ધિને એકત્ર કરશે, અને પછી સીધી તેની સામે રહેલા બર્ફીલા પાણીમાં ડૂબકી મારશે. સ્વાભાવિક રીતે, શરૂઆત કરવા માટે તેને અનુકૂળ બિંદુ નક્કી કરવાની જહેમત ઉઠાવવી પડશે, પરંતુ એક વખત એ બિંદુ મળી ગયા પછી, તે ક્યારેય ખચકાશે નહીં.

ઉદ્યોગસાહસિકતાના વિશ્વમાં ખૂબ જ ભયંકર લાગતાં જોખમો લેવાના હોય છે. અમુક લોકો જ ભાગ્યશાળી હોય છે, જેમને સફળતાના માર્ગમાં સરળ અને સલામત પુલ મળી જાય છે - બાકી મોટાભાગના લોકો માટે આ ગૌરવપૂર્ણ માર્ગમાં પર્વત-પ્રવાહમાં ડૂબકી એ અનિવાર્ય અવરોધ છે. ઘણીવાર તો

કારકિર્દીની શરૂઆત કરવાની અણી પર જ વ્યક્તિ સમક્ષ અચાનક તકોનો ખડકલો ઉભરી આવે છે. આ બિંદુએ તેની આ તકોનો લાભ લેવાની સમજ તેમજ પાકા સમય સુધી જકડી રાખવાની ક્ષમતા તેની કારકિર્દીને નવી દિશાઓ આપે છે.

ભાવિ સફળ વ્યક્તિને એ વાતનો પૂરેપૂરો અહેસાસ હોય છે કે તક ભાગ્યે જ કોઈના બારણે બીજી વખત ટકોરા મારે છે. અને ઘણીવાર અમુક કારકિર્દીની સફળતા માટે તો તકોની આખી શ્રેણી જોવી પડતી હોય છે, અને તેનો સંપૂર્ણ ઉપયોગ કરતાં શીખવું પડે છે. કોઈપણ કારકિર્દી ક્યારેય એવી સીધીસટ અને સરળ હોતી નથી કે નવી તકોને અવગણવું સંતોષકારક સાબિત થાય. સફળ વ્યક્તિઓ હંમેશા પોતાની આસપાસ આકાર પામતી ઘટનાઓ પ્રત્યે સજાગ રહેતા હોય છે.  તેઓ ભવિષ્યમાં લાભ આપી શકે એવી કે નુકશાન પહોંચાડી શકે એવી ઘટનાઓથી હંમેશા સાવધ રહે છે. આ બાબતે જૂની કહેવત ઘણું બધુ કહી જાય છે: "હથોડાનો પ્રહાર ત્યારે કરો, જ્યારે લોઢું ગરમ હોય!"

## નવો દિવસ

એક સફળ ધંધાદારી વ્યક્તિને કોઈએ પૂછ્યું કે સફળતા શું છે? તેણે જવાબ આપ્યો: “જ્યારે જ્યારે તમે સવારે ઉઠો,  ત્યારે ત્યારે પથારીમાંથી બહાર કૂદીને બોલી ઉઠો: ‘વાહ! નવો દિવસ!' તો પછી તમે સફળ છો!" રાત્રિ પછી આવતી નવી સવાર એક અમૂલ્ય વસ્તુ છે, જે આપણને કામ કરવા માટે એક નવો દિવસ

પ્રદાન કરે છે. જે વ્યક્તિમાં ખરેખર કામ પ્રત્યેનો  જુસ્સો છે, તે નવા દિવસને ખૂબ આતુરતાથી સ્વીકારે છે. આવી વ્યક્તિ દુનિયામાં મહાન કાર્યોને અંજામ આપે છે.

પૃથ્વીનું તેની ધરી પર પરિભ્રમણ એ એક અનન્ય ઘટના છે. કારણકે વિશાળ બ્રહ્માંડમાં બુધ જેવા અન્ય ગ્રહો પણ છે, જેઓ પોતાની ધરી પર ફર્યા વગર જ પોતાની ભ્રમણકક્ષામાં ફરે છે, જેથી ત્યાં એક બાજુ હંમેશા દિવસ હોય છે અને બીજી બાજુ હંમેશા રાત હોય છે. પૃથ્વી એક અપવાદ ગ્રહ છે, કારણકે તે સૂર્યની પરિક્રમા કરતી વખતે પોતાની ધરી પર પણ ફરે છે. આને લીધે, પૃથ્વી પર દિવસ-રાતનું ચક્ર નિરંતર ચાલે છે.  ઈશ્વર દ્વારા માણસ માટે કરવામાં આવેલી વ્યવસ્થા એકદમ અદ્ભૂત છે. આ રીતે પરમાત્માએ માણસને દિવસના સમયે કામ કરવાનો અને રાત્રે આરામ કરવાનો મોકો આપ્યો છે.

જો કોઈ વ્યક્તિ આ સમગ્ર પ્રણાલી પર ઊંડાણપૂર્વક ચિંતન-મનન કરશે, તો તેને પૃથ્વી પરના દિવસ-રાત જોઈને એટલું આશ્ચર્ય અનુભવાશે કે તે સવારની નજીક આવતાની સાથે જ પથારીમાંથી કૂદી પડશે, અને કામ કરવા માટેની નવી કિંમતી તક આપવા માટે ઈશ્વરનો આભાર માનશે.

## એક જ ઉપચાર: અથાગ પ્રયત્નો

વિલિયમ II (1859-1941), તેમના દાદા વિલિયમ I ના મૃત્યુ (1888) પછી, પ્રશાના રાજા અને જર્મનીના સમ્રાટ બન્યા. ખૂબ બુદ્ધિશાળી, પરંતુ ઉગ્ર વિચારસરણીને લીધે તેઓ લશ્કરી શક્તિમાં વધુ માનતા હતા. તેમ છતાં, વિલિયમ II ના શાસન દરમિયાન, જર્મનીએ વિકસાવેલી લશ્કરી શક્તિ તેના સામ્રાજ્યને ગ્રહણથી બચાવવામાં સફળ નહોતી રહી. 1914માં ઓસ્ટ્રિયાને આપેલા તેના સમર્થને યુરોપિયન યુદ્ધને ખૂબ વેગ આપ્યો, અને પરિણામ સ્વરૂપે જર્મનીની થયેલી હાર તેમની બરતરફી તરફ લઈ ગઈ. તેઓ નિવૃત થઈને હોલેન્ડના ડૂર્નમાં શાંતિથી રહ્યા, જ્યાં 1941 માં તેમનું અવસાન થયું. તેમની બરતરફી, દેશવટો અને મૃત્યુ એ વાસ્તવિકતાનો પુરાવો છે કે માત્ર લશ્કરી તાકાતના જોરે રાજાઓની સત્તા જળવાઈ રહેતી નથી, બલ્કે તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંજોગોનું યોગ્ય રીતે અર્થઘટન કરવાની અને તેની સાથે અસરકારક રીતે વ્યવહાર કરવાની ક્ષમતાને વધારે આભારી છે.

પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યાના થોડા સમય અગાઉ, વિલિયમ II સ્વિટ્ઝર્લેન્ડની સત્તાવાર મુલાકાતે ગયા હતા, જ્યાં તેઓ સ્વિસ સેના દ્વારા પ્રદર્શિત શિસ્તથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. લશ્કરી પરેડનું નિરીક્ષણ કરતી વખતે, તેમણે મજાકમાં એક સૈનિકને કહ્યું: "જર્મનીની સેના તમારા કરતા બમણી છે. જો જર્મનો તમારા દેશ પર આક્રમણ કરે તો તમે શું કરશો?" “સર, અમારે એકના બદલે બે વખત બંદૂક ચલાવવી પડશે", સ્વિસ સૈનિકએ ગંભીરતાથી જવાબ આપ્યો.

જો સ્વિસ સૈનિક આવો આત્મવિશ્વાસ અને સંતુલનપૂર્ણ જવાબ આપી શક્યો હતો, તો તેનું એક કારણ માત્ર ને માત્ર તેમની લશ્કરી કુશળતા દ્વારા સમર્થિત પાત્રની ચોક્કસ નિશ્ચયતા હતી.

જો કુશળતા અને નિશ્ચયનું સંયોજન હોય તો સામે ગમે તેટલી સખતાઈ આવે કે ભયાવહ પરિબળોનો સામનો થાય, તમે જીતી શકો છો. ઘણા ભાગ્યશાળી લોકોમાં સંકલ્પ-શક્તિ સહજ રીતે સ્થાપિત હોય છે, પરંતુ જેમની પાસે આનો અભાવ હોય, તેઓ પ્રાર્થના (નમાઝ) દ્વારા આવા ઘણા ગુણો વિકસાવી શકે છે. પ્રાર્થના (નમાઝ) વ્યક્તિમાં સંકલ્પો માટેની શક્તિઓ વધારે છે, અને અંતિમ લક્ષ્યોની સિદ્ધિઓ તરફ પ્રેરણા પ્રદાન કરે છે. જ્યારે કે, નિપુણતા એવી વસ્તુ છે જે સંઘર્ષ, પ્રયત્નો અને બુદ્ધિના સતત ઉપયોગથી જ પ્રાપ્ત થાય છે. કોઈપણ સમસ્યાને અશક્ય ગણવી જોઈએ નહીં, કોઈ પરિસ્થિતિ એટલી પ્રતિકૂળ હોતી નથી કે તેને અનુકૂળતામાં ફેરવી ના શકાય. તેના માટે માત્ર ને માત્ર સતત પ્રયત્નો જ એક ઉપચાર છે. એક વાત સતત ધ્યાનમાં રાખવા જેવી છે કે કોઈપણ પ્રકારનો વિરોધ, સામાજિક હોય કે રાજકીય, તમારા પ્રયત્નોના અભાવને પૂર્ણ કરી શકતો નથી.

ધૈર્ય બધી જ સફળતાઓની ચાવી છે, જ્યારે કે અધીરાઈ એ બધી જ નિષ્ફળતાઓનું કારણ છે.

# હારનો સ્વીકાર

અબ્રાહમ લિંકન, એ રાજનૈતિક ઈતિહાસ અને આજના અમેરિકાના નિર્માણ માટે ખૂબ વિખ્યાતિ પામેલા વ્યક્તિ છે. પરંતુ, લિંકનને સફળતા એક જ દિવસમાં એકીસાથે મળી ગઈ નહોતી. સફળતાના આ સ્તર સુધી પહોંચવા માટે તેમણે કેટકેટલા, જાતજાતના અને ભાતભાતના અવરોધોને પાર કરવા પડ્યા હતા! લિંકનની જીવન-યાત્રાનું ટૂંકું વર્ણન નીચે મુજબ છે.

1831માં, પહેલા તો આ માણસ ધંધામાં નિષ્ફળ ગયો. પછી, 1832માં રાજકારણમાં તેની હાર થઈ. ત્યારબાદ, 1834માં ફરી એકવાર ધંધામાં નિષ્ફળ ગયો. તેના પછી 1841માં તેને માનસિક ભંગાણની અવસ્થામાંથી પસાર થવું પડ્યું. 1843માં કોંગ્રેસમાં તેના પક્ષના નામાંકનની આશા હતી, તે પણ ઠગારી નીવડી. પછી, તે સેનેટ માટે લડ્યો, 1855માં ત્યાં પણ તે હારી ગયો; 1858માં ફરી પાછો હાર્યો. ઘણાએ તેને નકામો અભાગિયો કહ્યો. પરંતુ, 1860માં અબ્રાહમ લિંકન આખરે અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા. પરાજયને એક અસ્થાયી તબક્કા તરીકે સ્વીકાર કરવાનું તેઓ ખૂબ સારી રીતે જાણતા હતા.

સફળતા ઘણી વાર નિષ્ફળતાઓને અનુસરે છે. આ દુનિયામાં સફળતા એ જ વ્યક્તિને મળે છે, જે હાર સ્વીકારવા-પચાવવાની હિંમત ધરાવે છે. બધી વસ્તુની એક

કિંમત હોય છે, અને સફળતાની સાચી કિંમત નિષ્ફળતાનો સ્વીકાર છે. જે લોકો આ કિંમત ચૂકવવા માટે તૈયાર નથી હોતા, તેઓ આ દુનિયામાં ક્યારેય ક્યાંય સફળતાના મુકામ સુધી પહોંચી શકશે નહીં.

આ જગતમાં સફળતાનો એક જ રસ્તો છે, અને તે છે નિષ્ફળતાને કામચલાઉ તબક્કો ગણવો. નિષ્ફળતાને સફળતામાં બદલવા માટે વ્યક્તિએ બિલ્કુલ ધીરજ ગુમાવ્યા વિના પોતાની જાતને તેના માટે સમર્પિત કરવી એ જ ખરો ઉપાય છે.

## નિષ્ફળતાનું વિશ્લેષણ

જ્યારે ભારતના 62 ઓલિમ્પિક ખેલાડીઓ લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સ (જુલાઈ-ઓગસ્ટ 1984) ના અંતે નવી દિલ્હી પાછા ફર્યા હતા, ત્યારે એરપોર્ટ પર તેમના સ્વાગત માટે કોઈ જાતની ધૂમધામ નહોતી થઈ. કારણ સ્પષ્ટ હતું. તેઓએ એક પણ મેડલ જીત્યો ન હતો, ન તો ગોલ્ડ, ન સિલ્વર કે ન તો બ્રોન્ઝ!

એક રમતવીર કે જેઓ એથ્લેટિક્સના ક્ષેત્રમાંથી નિવૃત્ત થવાના હતા, તેમણે ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (ઓગસ્ટ 17, 1985) ને આ અસહ્ય નિષ્ફળતાના કારણો વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો: “ભારતના નબળા પ્રદર્શનનું મુખ્ય કારણ એ વૈજ્ઞાનિક અને પદ્ધતિસરની તાલીમનો અભાવ હતો. અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો

કર્યા, પરંતુ કમનસીબે, તે પૂરતું નહોતું. રમતની કોઈપણ સ્પર્ધા માટે, ભારતીય ટીમોની તાલીમ માત્ર ત્રણ મહિના અગાઉ નહીં પરંતુ, યોગ્ય રીતે બહુ વહેલાસર શરૂ થઈ જવી જોઈએ!”

આ વિધાન માત્ર રમતગમત માટે જ નહીં, પરંતુ જીવનના તમામ સ્પર્ધાત્મક ક્ષેત્રોને લાગુ પડે છે.

એક એવી દુનિયામાં કે જ્યાં દરેક જણ પોતાના પદ માટે સંઘર્ષ કરી રહ્યું છે, ત્યાં આપણે કોઈપણ સાહસ શરૂ કરવું હશે તો તેના માટે પહેલા સંપૂર્ણ રીતે તૈયાર થવું પડશે. જો કોઈ વ્યક્તિ તૈયારી કર્યા વિના જ સીધો મેદાનમાં ઉતરશે તો સ્વાભાવિક છે કે તેના પરિણામે ચોક્કસપણે નિષ્ફળતા જ હાથ લાગવાની છે.

આપણી તૈયારી સંપૂર્ણપણે, આપણે જે સમયમાં જીવીએ છીએ તેની માંગને અનુરૂપ જ હોવી જોઈએ. જો આપણે આધુનિકતા સાથે તાલ મિલાવવામાં પાછળ પડીશું તો નવીનતાથી સજ્જ એવા સમાજમાં આપણે કેવી રીતે સફળ થવાની આશા રાખી શકીએ? પ્રત્યેક ક્ષણે, આપણી આંગળી હંમેશા જીવનની નિરંતર ચાલતી ધબકાર પર રહેવી જોઈશે, જેથી આપણે સમયની આવશ્યકતાને અનુરૂપ રહી શકીએ. આવી રીતે જ આપણે જાણી શકીશું કે આપણે કેવી અને શું તૈયારીઓ કરવાની જરૂર છે, જેથી કરીને સમય પાકે ત્યારે આપણે તેને અનુરૂપ પગલાઓ લઈ શકીએ.

મદ્રાસ શહેરનો એક સૌથી પ્રખ્યાત સ્ટોર સ્પેન્સરનો સ્ટોર એક વખત આગની લપેટમાં આવીને ભસ્મીભૂત થઈ ગયો, પરંતુ ખૂબ જ ઝડપથી થોડાં જ સમયમાં તેણે પોતાનો ધંધો પુન:સ્થાપિત કરી દીધો, અને ઉપર સાઇનબોર્ડ માર્યું: "તમે શરત લગાવી શકો છો કે આજે અમારો સ્ટોર એકમાત્ર એવી જગ્યા છે, જેમાં તાજા માલ સિવાય કંઈ નથી."

આ એક એવું ઉદાહરણ છે, જ્યાં આપણે જોઈ શકીએ છીએ કે જો કોઈ વ્યક્તિ બહુ મોટી આપત્તિ સહન કર્યા પછી પણ વસ્તુઓ પરની પકડ ગુમાવતો નથી, તો તે પોતાની નિષ્ફળતાનો ઉપયોગ કરીને પણ ઉચ્ચ સિદ્ધિઓનો માર્ગ મોકળો કરવામાં સફળતા મેળવી શકે છે. મદ્રાસનો ઉપરોક્ત સ્ટોર આગને કારણે સાવ ખાખ થઈ ગયો'તો. દેખીતી રીતે, એ બહુ મોટી આફત હતી. પરંતુ દુકાન-માલિકે તો આ જ ઘટનાનો ઉપયોગ તેની સફળતાના નવા માધ્યમ તરીકે શરૂ કરી દીધો.

જ્યારે કોઈ દુકાન બળી જાય, તો તેનો સીધોસાદો અર્થ એ જ થાય, કે હવે દુકાનમાં કોઈ જૂનો સ્ટોક બચ્યો નથી. ગ્રાહકોને તાજા ઉત્પાદનો ખરીદવાનું ગમતું હોય છે, એ હકીકત સમજીને દુકાનદારે તરત જ તેની દુકાનમાં નવા માલનો સ્ટોક ભરી લીધો. લોકોને તેની નવી જાહેરાત ઉપર તરત જ વિશ્વાસ થઈ ગયો,

કારણકે બધા જાણતા હતા કે દુકાન આગથી નાશ પામી હતી. તેઓને ખ્યાલ હતો કે હવેનો સ્ટોક નવો જ હોય, આથી ખરીદી માટે દુકાનમાં ગ્રાહકોનો સારો એવો ધસારો થઈ ગયો. નવા ગ્રાહકોની ઘણીબધી ખરીદીઓને લીધે તેના બધા નુકશાનની ભરપાઈ ટૂંક સમયમાં જ થઈ ગઈ.

આ દુનિયામાં, નવી તકો છુપાયેલી અવસ્થામાં હોય છે, અને તેને કોઈક શોધી લે એવી રાહ જોતી હોય છે. ભલેને વ્યક્તિના સમગ્ર સાધન-સંસાધન બળીને રાખ થઈ ગયા હોય, તેણે  ક્યારેય આશા ગુમાવવી જોઈએ નહીં. તેણે તરત જ તેના મન-મગજને નવો રસ્તો શોધવાના કામમાં લગાવી દેવું જોઈએ. તેને ખ્યાલ આવી જ જશે કે આગલી તક જ્યાં પૂરી થઈ'તી, ત્યાંથી જ, એક બીજી નવી અને તેનાથી પણ વધુ સારી તક તૈયાર થઈને રાહ જોતી બેઠી છે. જ્યાં ઈતિહાસનો એક સમય પૂર્ણ થતો એવું એવું લાગે, ત્યાં જ બીજો વધુ સારો સમય આકાર લેવા માંડે છે.

## જમાનાથી વિપરીત

શહેરની પોશ વસાહતોમાંની એક વસાહતમાં એકવાર એક ફેરિયો ફરતો ફરતો બૂમો પાડતો હતો: "વાસણ પોલિશ!, વાસણ પોલિશ!"

તે કોલોનીની તમામ શેરીઓમાં ફર્યો, તેમ છતાં પણ કોઈએ તેના પર ધ્યાન આપ્યું નહીં. તેને અહિયાથી કોઈ કામ મળ્યું નહીં.

શું તે પૂર્વગ્રહની બાબત હતી, કે પછી લોકોએ તેમના મિથ્યાભિમાન ,અહંકાર કે અભિમાનને કારણે તે માણસ પર કોઈએ ધ્યાન નહોતું આપ્યું? કદાચ તે માણસે આવું કંઈક વિચાર્યું હશે. એક અભણ માણસ કે જેને આ કામ તેના વડવાઓ પાસેથી વારસામાં મળ્યું હતું, અને તે ચાલીસ વર્ષ સુધી આ જ કામમાં રોકાયેલો રહ્યો. આ પૃષ્ઠભૂમિને લીધે તેનું મન આ કામ માટે એટલું જડ થઈ ગયું હતું કે તે બીજું કંઈ વિચારી જ શકતો ન હતો.

પરંતુ જે પોતાના વ્યવસાયની બહારની દુનિયાથી વાકેફ છે, જે પોતાના ક્ષેત્રની બહાર પણ વિચારી શકે છે, તે સરળતાથી સમજી શકે છે કે તેને આ વસાહતમાં કામ કેમ નહીં મળ્યું હોય. તેનું સીધુંસાદું કારણ એ હતું કે પહેલા આ પ્રકારનું કામ માત્ર તાંબા કે પિત્તળના વાસણો પર જ થતું હતું, જ્યારે વસાહતના રહેવાસીઓ હવે સ્ટેનલેસ સ્ટીલના વાસણો વાપરતા થઈ ગયા હતા. હવે આવું હોવાથી, તાંબા અને પિત્તળના વાસણોને પોલિશ કરવાનું કામ તેને કેવી રીતે મળી શકે?

આ જમાનામાં સફળતા મેળવવા માટે સમયની માંગને સ્વીકારવી જરૂરી છે. વ્યક્તિએ વર્તમાન સમયની જરૂરિયાતોથી

વાકેફ હોવું જોઈએ. જે કોઈ આ વાતને સમજતો નથી તેનું ભાગ્ય ઉપરોક્ત દર્શાવેલા માણસ જેવું જ બનવા પામશે. તે સ્ટેનલેસ સ્ટીલના વાસણોનો ઉપયોગ કરતા લોકોમાં ફરતો રહેશે, અને ગ્રાહક વગરનો રહેશે. તે પોતાની નિષ્ફળતા માટે અન્ય લોકો પર ભેદભાવનો આરોપ મૂકશે, અને સમયની બદલાતી જરૂરિયાતો પ્રત્યેની પોતાની અજ્ઞાનતા માટે અન્યોને દોષિત ઠેરવશે.

જે લોકો જીવનમાં સફળ થવા અને રહેવા માંગે છે, તેઓએ ગમે તે વ્યવસાય પસંદ કર્યો હોય, તેઓએ સમયથી તો સચેત રહેવું જ પડશે. આજના વૈજ્ઞાનિક યુગમાં, જ્યાં યોગ્યતા જ મુખ્ય આધાર છે, ત્યાં તેના સિવાય અન્ય બીજું કંઈપણ વિચારવું-કરવું નિષ્ફળતા તરફનો લપસણો ઢોળાવ માત્ર છે.

## આગ હોય કે પાણી

આધુનિક અને સૌથી વ્યવહારુ વિચારકોમાંના એક ડેલ કાર્નેજીએ એકવાર ટીપ્પણી કરી હતી: "જીવનની સૌથી મોટી વાત એ નથી કે તમારી ઉપલબ્ધિમાંથી લાભ મેળવવો, એ તો કોઈ મૂર્ખ વ્યક્તિ પણ કરી શકે છે. પરંતુ તમારા નુકશાનમાંથી લાભ મેળવવો એ ખરેખર મોટી વાત છે. કારણકે આવું કરવા માટે બુદ્ધિની જરૂર પડે છે; અને આ જ બાબત બુદ્ધિશાળીને મૂર્ખ વ્યક્તિથી અલગ પાડે છે."

સંપતિ અને વિખ્યાતિના અભિલાષી વ્યક્તિને તેના કારકિર્દીના માર્ગમાં માત્ર સફળતા જ સફળતા મળે એવું આ દુનિયામાં ભાગ્યે જ એવું શક્ય બનતું હોય છે. ખરેખર તો તેમના પ્રયત્નોના ફળનો સ્વાદ ચાખતા પહેલા તેમણે ઘણીબધી કસોટીઓ અને વિપત્તિઓમાંથી પસાર થવું પડે છે. સફળતા એવા લોકોને જ હાથ લાગે છે, જેઓ પ્રતિકૂળ સંજોગોમાં પણ નિર્ભય અને અડગ રહે છે, જેઓ તેમના નુકશાન પર વિલાપ કરવામાં સમય બગાડતાં નથી, અને ગમે તેવી મૂશ્કેલીઓનો સામનો કરવો પડે તો પણ તેમના ધ્યાનથી ભટકી જતાં નથી.

પોતાના નુકશાનમાંથી લાભ મેળવવાનો વિચાર કદાચ પ્રથમ દ્રષ્ટિએ વિરોધાભાસી લાગી શકે, પરંતુ તે એ ચોક્કસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે, ચાહે તે વ્યક્તિગત હોય, સમાજ હોય કે પછી રાષ્ટ્રના કલ્યાણ માટે હોય! અને ખરેખર જોવા જઈએ તો એવું ક્યારેય બનતું નથી કે જીવનમાં જે સૌથી સફળ હોય, તેને કોઈ જાતની સમસ્યા જ ના હોય. પરંતુ હકીકત એ છે કે તેઓ ગમે તેટલી અડચણો હોવા છતાં, તેમની આકાંક્ષાઓને અમલમાં મૂકવાનું ટાળતા હોતા નથી. તેઓ માર્ગમાં ગમે તેટલા અવરોધો હોવા છતાં તેમની મંઝિલ સુધી પહોંચે છે. આ વ્યક્તિઓ તેમના માર્ગમાં આગ આવે કે પાણી, તેમાંથી પસાર થઈને પણ અંત સુધી લડવા તૈયાર હોય છે.

# ચઢતા પહેલા વિચારો

ઓસ્ટ્રેલિયાના સિડનીની જેલમાંથી હિંમતભેર ભાગી છૂટવા માટે એક કેદી ટ્રકના હૂડ નીચે ટીંગાઈ ગયો હતો. ટ્રકના આગલા સ્ટોપ પર, જ્યાં તે ઉતર્યો તો પોતાને પ્રથમ જેલથી 6.5 કિલોમીટર દૂર બીજી જેલના યાર્ડમાં પામ્યો. (યુનાઈટેડ પ્રેસ ઈન્ટરનેશનલ)

જેલના કંગાળ જીવનમાંથી છટકી જવાના વિચાર સાથેના જુસ્સો તેના મન પર એટલો હાવી થઈ ગયો હતો કે જ્યારે તેણે એક ટ્રક પસાર થતી જોઈ, ત્યારે તેણે એવું માની લીધું કે આ ટ્રક તેને કેદમાંથી છોડાવી દેશે.

જીવનની સફરને સફળ બનાવવા માટે મુસાફરે યોગ્ય વાહન પસંદ કરવું અથવા શોધવું જરૂરી છે. આ જગતમાં, દરેકને પોતાનું લક્ષ્ય હાંસલ કરવા માટે કોઈને કોઈ સાધન અથવા વાહનની જરૂર હોય છે. પરંતુ, વ્યક્તિએ વાહનમાં ચઢતા પહેલા છેલ્લા સ્ટેશન વિશે તપાસ કરવી જરૂરી છે. જેમ ફાવે તેમ ગમે ત્યાં કૂદકો મારવાથી કાંઈ પ્રાપ્ત થતું નથી.  જો કોઈ વ્યક્તિ "યોગ્ય વાહન"ની પસંદગી નહીં કરે તો તેનું નસીબ પણ ઉપરોક્ત ઔસ્ટ્રેલિયાના કેદી જેવું જ બનશે, જે એક જેલમાંથી નીકળીને બીજી જેલમાં પટકાયો.

# પોતાની જાતે શીખો

જ્યારે તમે કોઈ દરજી પાસે કોટની સિલાઈ માટે જાવ, ત્યારે તે સૌપ્રથમ તમારું માપ લે છે. તેનો હેતુ તમારા શરીરની રચનાને બરાબર સમજવાનો હોય છે, જેથી કરીને તમને કોટ ઢીલો કે ચુસ્ત થયા વિના માપેમાપ આવી જાય. પરંતુ, હકીકત એ છે કે શરીરના માત્ર અમુક ભાગોના માપ જાણી લેવાથી શ્રેષ્ઠ અને પ્રમાણભૂત કોટ બનાવી શકાતો નથી. દરજી માસ્ટરને શરીરના અમુક ભાગોના માપ ઉપરાંત શરીરશાસ્ત્રનું બીજી ઘણી બધી જાણકારી હોવી જરૂરી છે.  તેનું કારણ એ છે કે દરેક શરીરના આકાર અલગ-અલગ હોય છે, તેથી બધુ માપ સંપૂર્ણ ચોકસાઈપૂર્વક લઈ શકાતું નથી. દરજી શ્રેષ્ઠ કોટ બનાવવામાં તો જ સફળ થઈ શકે, જો શરીરના ના માપી શકાય એવા ભાગો વિશે પણ તે નિર્ણય લેવા માટે સક્ષમ હોય.

ઉપરોક્ત સિદ્ધાંત જીવનની અન્ય બાબતોમાં પણ લાગુ પડે છે, પછી તે ઘરના સંચાલન સાથે સંબંધિત હોય કે પછી ધાર્મિક મિશનના સંચાલન માટે હોય. વાત સમાજના સુધારણાની હોય કે ધર્મોપદેશના સંચારની, વ્યક્તિ ત્યારે જ સફળતા પ્રાપ્ત કરી શકે છે, જ્યારે કોઈની પાસે એવા સમર્પિત કાર્યકર્તાઓ હોય કે જેઓ તેમના વિશેની દરેક વિગતો વિસ્તારમાં જણાવ્યા વિના વસ્તુઓને પોતાની જાતે સમજવાની ક્ષમતા ધરાવતા હોય, જેમની પાસે દરેક પરિસ્થિતિમાં સંતોષકારક જવાબ શોધવાની ક્ષમતા હોય.

જે લોકો ફક્ત સૂચિમાં નોંધાયેલી હકીકતો વાંચી જાણે છે, અને એવું વિચારતા હોય કે જ્યાં સૂચિ પૂરી ત્યાં આપણું કામ પૂરું તો તેઓ ક્યારેય સફળતા પ્રાપ્ત કરી શકતા નથી, કારણકે એવા સંજોગો ઉભા થવાની પૂરેપૂરી સંભાવના છે કે જેના વિશે તેમને કોઈ ગતાગમ અથવા પૂર્વ-માહિતી હોતી નથી. આવી પરિસ્થિતિઓ લોકોને અન્ય કોઈની મદદ વિના વસ્તુઓને પોતાની જાતે સમજવા માટે પ્રેરે છે.  જો તેઓ પર્યાપ્ત સમજદાર ન હોય, તો તેઓએ જે-તે બાબતના પ્રભારી અને જવાબદાર હોય એ વ્યક્તિ પર ભરોસો કરવો જોઈએ, અને તેની સલાહ સાંભળવી જોઈએ.

કોઈપણ મિશનના હેતુઓને ધ્યાનમાં લીધા વિના, જો કોઈ વ્યક્તિ ઉપરોક્ત હકીકતને સ્વીકારશે નહીં, તો તે કારણ વગરનો અસંતુષ્ટ થઈ જશે. આ બાબતની અણસમજને કારણે વ્યક્તિ એકતરફી અભિપ્રાય રચશે, ભલે તે અવાસ્તવિક હોય, અને પછી નારાજગીપૂર્વક પોતાને મિશનથી દૂર કરી દેશે.

કોઈપણ મિશનને સફળ બનાવવા માટે ઊંડી સમજ અને દરિયાદિલીની આવશ્યકતા હોય છે. જેમની પાસે આવા ગુણો નથી હોતા, તેઓ ભલે પોતાની જાતને ગમે તેટલા ઊંચા માનતા હોય પણ તેઓ આખરે પોતાની જાતને ઈતિહાસની કચરાપેટીના ડબ્બામાં ધકેલી દે છે.

એક વ્યક્તિએ તાળા-ચાવીની દુકાન ખોલી. તે દરરોજ બજારમાં તેની દુકાન પાસેથી પસાર થતાં લોકોને જોતો. બધા તેની દુકાન તરફ નજર કરતાં અને આગળ વધી જતાં હતા. એક દિવસ કંઈક એવું બન્યું જેમાંથી તેને ધંધાના રહસ્યનો પાઠ શીખવા મળ્યો. તે કપડા ખરીદવા માટે કાપડ બજારમાં ગયો હતો. ત્યાં બધી દુકાનો એકબીજાની એટલી નજીક હતી કે તેણે કંઈ દુકાનમાં પ્રવેશ કરવો એ નક્કી કરવું મૂશ્કેલ હતું. આ દરમિયાન એક દુકાનદારે જેણે તેને દુકાનની નજીકથી પસાર થતો જોયો, તેને બોલાવ્યો, "સાહેબ, અંદર આવો! નજીકથી જુઓ." આનાથી, તેને દુકાનમાં પ્રવેશવા માટે પ્રોત્સાહન મળ્યું.

આ અનુભવ પરથી તેને ખ્યાલ આવ્યો કે બજારમાં આવતા ગ્રાહકો, દુકાન તેમજ વસ્તુઓથી અજાણ હોય છે. કંઈ દુકાનમાં પ્રવેશ કરવાની મૂંઝવણમાં તેઓ દુકાનમાં પ્રવેશ્યા વગર જ નજીકથી પસાર થઈને આગળ વધી જાય છે. પરંતુ જો કોઈ તેમને સહાનુભૂતિપૂર્વક દુકાનની અંદર બોલાવે તો તેમને નિર્ણય લેવામાં મદદ મળે છે.

આવી વ્યક્તિ પોતાની દુકાનની અંદર ગ્રાહકો મેળવવામાં મોટાભાગે સફળ રહે છે. ઘણા ખરીદકર્તાઓને તેઓ શું ખરીદવા માંગે છે, તેનો ચોક્કસ ખ્યાલ હોતો નથી. જો તમને આ રહસ્ય

ખબર પડી જશે, તો સાવ સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરીને પણ તમે પુષ્કળ ગ્રાહકો મેળવી શકશો. આને ગ્રાહક-મૈત્રીપૂર્ણ એટલે કે કસ્ટમર-ફ્રેન્ડલી વર્તન કહી શકાય. તાળા-ચાવીનો દુકાનદાર પોતાની દુકાનમાં આ સિદ્ધાંતને અનુસરવા લાગ્યો. તે દુકાનના દરવાજે બેસીને પસાર થનારાઓના ચહેરાઓના હાવભાવ વાંચતો. તેની દ્રષ્ટિ એટલી તેજ થઈ ગઈ કે ગ્રાહકોના ચહેરા પરથી કહી શકતો હતો કે તેઓ તાળા શોધી રહ્યા છે, કે પછી કોઈ વસ્તુ કે હેતુસર બજારમાં આવ્યા છે. જેવું કે તેને એવું લાગે કે કોઈ વ્યક્તિ તાળા-ચાવીને સંબંધિત કોઈ વસ્તુનો ગ્રાહક છે, તો તરત જ તેમને પોતાની દુકાનમાં આમંત્રિત કરતો. આ રીતે, તેમના ધંધામાં અચાનક ખૂબ ઝડપથી સારી પ્રગતિ થવા લાગી. એક સમય એવો આવ્યો કે તે આખા બજારનો શ્રેષ્ઠ સેલ્સમેન બની ગયો.

સફળતાનું રહસ્ય માત્ર સરળ નિયમોનું પાલન કરવામાં રહેલું છે. સામાન્ય રીતે, લોકો એવું વિચારતા હોય છે કે સફળતા કંઈક મહાન કાર્યો કરવાથી અથવા અને ઊંચા અને મોંઘા સંસાધનોનો ઉપયોગથી જ પ્રાપ્ત કરી શકાય છે. ના, એવું જરૂરી નથી! તમે નમ્ર ભાષા, અથાગ પરિશ્રમ, ધૈર્ય અને દ્રઢતાપૂર્વક તમારું કાર્ય કરતાં રહીને, મર્યાદિત સંસાધનોના સદુપયોગથી પણ સફળતાના શિખરો સર કરી શકો છો. આમાંની કોઈપણ વસ્તુ સામાન્ય માણસ માટે બહુ મોટી કે અઘરી નથી.

પશ્ચિમી દેશમાં એક ચોક્કસ ટાયરની કંપની પોતાનો માલ બજારમાં લાવવાની તૈયારીમાં હતી, ત્યારે તેણે એક જાહેરાતી ઝુંબેશ ચલાવી હતી, જેમાં વચન આપવામાં આવ્યું હતું કે, જે કોઈ તેમના ટાયરમાં ખરેખર કોઈ ખામી શોધી આપશે તેને $50,000 નું ઇનામ મળશે. લોકો સ્વાભાવિક રીતે જ તેમનું ઉત્પાદન ખરીદવા ઉમટી પડ્યા, કારણકે જો માલમાં ખામી જણાય તો પણ તેઓ ફાયદામાં જ હતા. જો કોઈ ખામી ના જણાય, તો તેમની જરૂરિયાત માટે સારી ગુણવત્તા ધરાવતો ટાયરનો સેટ મળતો હતો, આથી તેમને આ સોદામાં કોઈ નુકશાન તો હતું જ નહીં.

ત્યારબાદ, કંપનીને ખરેખર સંખ્યાબંધ ફરિયાદો મળી, પરંતુ તેમાંની માત્ર 20 ટકા અસલી હોવાનું જણાયું હતું. ફરિયાદીઓને એક સેમિનારમાં સન્માનપૂર્વક આમંત્રિત કરવામાં આવ્યા, તેમની મુસાફરી-ખર્ચ કંપની તરફથી પ્રયોજવામાં આવ્યો. આનાથી તેઓને ટાયરને કેવી રીતે સુધારી શકાય તે અંગે તેમના સંબંધિત મંતવ્યો પ્રસારિત કરવાની તક મળી. આખરે, સર્વસંમતિ દ્વારા એક નક્કર દરખાસ્ત નક્કી કરવામાં આવી અને સેમિનારના સમાપન સમયે પુરસ્કારોનું વિતરણ કરવામાં આવ્યું.

ગ્રાહકોના સૂચનોને ધ્યાનમાં લઈને, કંપની મૂળ ટાયરની ગુણવત્તામાં સુધારો કરવામાં સક્ષમ રહી. આવું થવાથી ખર્ચમાં નોંધપાત્ર વધારો કરવો પડ્યો હતો, પરંતુ ટાયરનું આ વખતનું વેચાણ અગાઉના વેચાણ કરતાં ક્યાંય ઘણું વધારે થયું. અગાઉના ટાયરનું ઉત્પાદન કંપનીની પોતાની ફોર્મ્યુલા પ્રમાણે કરવામાં આવ્યું હતું, જ્યારે કે ટાયરની નવી સુધારેલ આવૃતિનું ઉત્પાદન એ ગ્રાહકોના સૂચનો અને મંતવ્યોને આધારિત હતું. સ્વાભાવિક રીતે જ લોકો માટે આ નવું ઉત્પાદન એ મૂળ પહેલાના ઉત્પાદન કરતાં ચડિયાતી કક્ષાનું હતું.

આ વિશ્વમાં, માત્ર ઉત્પાદકો અને ઉપભોક્તાઓ જ નહીં, પરંતુ બધા જ લોકો એકબીજા પર નિર્ભર છે. તેથી, ફક્ત એકબીજાનો સાથ-સહકાર અને વહેંચણી જ તમને સફળતા તરફ દોરી શકે છે. લેવા-દેવા અથવા આપ-લેનો સિદ્ધાંત દ્વિ-માર્ગી (ટુ-વે) ટ્રાફિકની જેમ સક્રિય રહેવો જરૂરી છે. નફા-લાભની વ્યવસ્થા ક્યારેય એકતરફી ન હોઈ શકે. પારસ્પરિકતા એ જ જીવનનો ક્રમ છે.

## નિરાશા સામેની લડાઈ

થોડા વર્ષો પહેલા, મોદી રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જોઈ રહેલા મુસાફરોનું એક ટોળું, એક યુવાનને (જેની ઓળખાણ બાદમાં મહારાષ્ટ્રના રમેશ ધોબી તરીકે મળી આવી) ને ધસમસતી

આવતી ટ્રેનની નજીક ઘૂંટણિયે પડીને રેલ્વે-લાઈન પર હાથ લંબાવતા જોઈને ગભરાઈ ગયા. લોકો માટે, તેની મદદ માટે પહોંચવામાં બહુ મોડું થઈ ગયું, અને અનિવાર્ય બની ગયું - તેના હાથ શરીરથી અલગ થઈ ગયા. સદભાગ્યે, મુસાફરો તેને હોસ્પિટલ લઈ જવામાં સફળ રહ્યા જેથી તેનો જીવ તો બચી જાય. ડોકટરો સમયસર તેની સેવામાં હાજર હતા, અને આખરે તેની સ્થિતિ સુધરીને વાત કરી શકવા જેટલો સક્ષમ બન્યો. તેઓએ તેને પોતાની જાત સાથે આવું ભયંકર કૃત્ય કરવાનું કારણ પૂછ્યું. એવું જાણવા મળ્યું કે સતત બેરોજગારીના અનિષ્ટથી તે એટલો બધો ત્રાસી ગયો હતો, અને તેથી અતિશય ગંભીર હતાશામાં ગરકાવ થઈને તે રેલ્વે સ્ટેશને પહોંચી ગયો હતો. વારંવાર કામ નહીં મળવાની નિરાશાને કારણે આખરે તેને એવું લાગ્યું કે તેનું જીવન વ્યર્થ છે. "મારા હાથ નકામા છે, કારણકે મને કોઈ કામ મળતું નથી, અને કામ વગર જીવવું શરમજનક છે." - 14 ઓગસ્ટ, 1981ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં તેના માટે શબ્દો ટંકાયા હતા.

મેં આ અખબારનો અહેવાલ વાંચ્યાને હજુ  લાંબો સમય થયો નહોતો ત્યાં હું એક મિત્રને મળ્યો, તો એ પણ માનસિક દુવિધામાં હોવાનું જણાયું. પરંતુ, કારણ બહાર આવતા ખ્યાલ આવ્યો કે તેની સમસ્યા તદ્દન વિરુદ્ધ હતી.  તે પોતાની જમીનો પર હવે જાતે ખેતી કરવા માટે સક્ષમ રહ્યો નહોતો, આથી તેના ખેતરો અને સિંચાઈની જવાબદારી સંભાળવા માટે એક જવાબદાર વ્યક્તિની જરૂર હતી. તેની પાસે ફળદ્રુપ અને વિશાળ ખેતરો હતા, અને નજીકમાં જ નહેરમાંથી પાણીનો સારો પુરવઠો પણ પ્રાપ્ત

હતો, પરંતુ ત્યાં કોઈ એવી વ્યક્તિની ખાસ જરૂર હતી, જે તમામ કાર્યો સારી રીતે સંભાળી શકે. પરંતુ આજ દિવસ સુધી આવી જવાબદારી નિભાવવા માટેનો કોઈ માણસ તેને મળ્યો નહોતો. મારા મિત્રએ એ હકીકત પર દુ:ખ વ્યક્ત કર્યું કે જો તેના ખેતરો પડતર પડી રહેશે તો ખેતરની ઉપજ નહીં થવાને કારણે દર-વર્ષે તેને મળતાં લાખ રૂપિયા ગુમાવશે. હકીકતમાં, તે મને એ કહેવા માટે આવ્યો હતો કે, તેણે પોતાની જમીનો વેચવાનું નક્કી કરી લીધું હતું.

જીવનની સૌથી મોટી વિડંબનાઓમાંની એક એ છે કે જ્યાં સેંકડો અને હજારો બેરોજગાર લોકો છે, તેમ છતાં ત્યાં ઘણી નોકરીઓ ભીખ માંગતી ફરતી હોય તેવું લાગે છે. હકીકતમાં, આ દુનિયામાં કામની કોઈ કમી નથી. બેરોજગારોએ ફક્ત સૌથી મહત્વના બે ગુણો કેળવવાની જરૂર છે - ખંત અને દ્રઢતા - અને પછી તેઓ જોશે કે તેઓ નોકરીને નહીં, પરંતુ નોકરીઓ તેમને શોધવા માટે આવે છે. બસ એક વસ્તુ તેમણે ક્યારેય કરવાની નથી, નિરાશામાં હાર માની લેવી. જો તેઓ આવું કરશે, તો પછી તેઓ પોતાની જાતને મહારાષ્ટ્રના ઉપરોક્ત ગરીબ રમેશ ધોબીની જેમ  - શારીરિક રીતે નહીં તો માનસિક રીતે - સમાન અપંગ હાલત તરફ નીચે લઈ જશે.

જૂતા-ચંપલની કંપની બાટાનું નામ તેની સ્થાપના કરનાર પરિવારના નામ પરથી રાખવામાં આવ્યું છે.  મૂળરૂપે, બાટા પરિવાર ચેકોસ્લોવાકિયામાં રહેતો હતો, જ્યાં તેઓએ 1620માં પગરખાં બનાવવાની શરૂઆત કરી હતી. કંપનીના હાલના માલિકના પિતા થોમસ બાટા સિનિયરે 1925માં પહેલી વખત જૂતાની ફેક્ટરીની સ્થાપના કરી હતી. ભારે ધુમ્મસમાં તેમનું ખાનગી વિમાન તેના બેરિંગ્સ ગુમાવી દેતા અને ક્રેશ થઈ જતાં તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયું હતું, જેના કારણે તેમની કારકિર્દીનો ગાળો ટૂંકાઈ ગયો હતો. પિતાના અવસાન પછી, તેમના પુત્ર થોમસ બાટા જુનિયર, બાટા લિમિટેડના પ્રમુખ બન્યા.

વિશ્વની સૌથી મોટી જૂતા ઉત્પાદક બાટા કંપની, અત્યારે 114 જુદા-જુદા દેશોમાં વ્યાપાર કરી રહી છે, જેણે 1982 માં સમગ્ર વિશ્વમાં 315 મિલિયન જોડી જૂતાનું વેચાણ કર્યું હતું. તેનો સૌથી વધુ વેપાર કેનેડામાં છે, ત્યારબાદ ભારત બીજા ક્રમે છે.  કંપનીમાં 90,000 પ્રત્યક્ષ કર્મચારીઓ છે, બાકીના અન્ય હજારો પરોક્ષ કર્મચારીઓનો તો ઉલ્લેખ પણ કરવાની કદાચ જરૂર નથી.

શ્રી થોમસ બાટા જુનિયર 1983માં ચાલીસમી વખત ભારતની મુલાકાતે આવ્યા હતા. આ અવસરે એક સંવાદદાતાએ તેમને પૂછ્યું હતું કે તેમની સફળતામાં સૌથી મહત્ત્વનું પરિબળ શું રહ્યું છે? શ્રી બાટાએ જવાબ આપ્યો હતો, “સસ્તાથી લઈને મોંઘા સુધીના જૂતાના ઉત્પાદનમાં, અમે ખાસ કરીને અમારા ગ્રાહકોની વાસ્તવિક જરૂરિયાતોને અગ્રતા આપીએ છીએ. હકીકતમાં, અમે

ગ્રાહકોની સંભાળ બીજા બધા કરતાં વધુ અને સારી રીતે જાળવીએ છીએ."

બાટા કંપનીની સફળતામાંથી એટલું જ શીખવાનું છે કે જો તમારે કંઈક લેવું હોય, તો તમારે કંઈક દેવાનો પ્રયાસ કરવો પડશે. અન્યોને આપવાથી જ આપણે આપણો હિસ્સો મેળવી શકીએ છીએ.\

## સફળતા: અથાગ પરિશ્રમનું નામ

જોસેફ કોનરાડ, 1857 માં બર્ડિઝ્યુના પોલિશ નગરમાં જન્મેલા, અને તેઓ બાળપણમાં અનાથ હતા, ત્યારે તેમની પાસે ન તો કોઈ ઔપચારિક શિક્ષણ હતું કે ન તો કોઈ સગા-સંબંધીઓનું પીઠબળ, અને તેઓ ખલાસી તરીકે કામ કરીને પોતાનું ભરણપોષણ કરતાં હતાં. તેમણે વિવિધ દેશોનો પ્રવાસ કર્યો, અને છેલ્લે 1886માં ઈંગ્લેન્ડ પહોંચ્યા, જ્યાં તેઓ બ્રિટિશ નાગરિક બન્યા.

બ્રિટનમાં તેમના વસવાટ દરમિયાન, (કોનરાડનું ત્યાં 1924માં અવસાન થયું હતું), તેમણે અંગ્રેજી શીખવા માટે ખૂબ જ સખત મહેનત કરી, અને તેમની પ્રગતિ એવી થઈ કે તેઓ એક સફળ નવલકથાકાર બની ગયા. તેમની પુસ્તકો, મહાન સાહિત્યિક ગુણવત્તાના કાર્યો તરીકે વખણાયેલી, અને છેલ્લે ક્લાસિક અંગ્રેજી

તરીકે સ્વીકારવામાં આવી હતી. તદુપરાંત, તેમના સમયના જીવંત લેખકોમાં, તેઓ થોમસ હાર્ડી પછી બીજા ક્રમે હતા.

એકવાર એક અંગ્રેજે મને કહ્યું હતું કે કોલેજમાં તેમના અંગ્રેજી શિક્ષકે તેઓને "જોસેફ કોનરાડને વાંચવા માટે આહ્વાન કર્યું હતું, કારણકે તેમનું અંગ્રેજી લખાણ બહુ સુંદર છે." તેમના પુસ્તકના પ્રકાશક, લોર્ડ જીમના જણાવ્યા અનુસાર, "તેઓ ઓગણીસ વર્ષના થયાં તે પહેલાં અંગ્રેજી ભાષાનો એક શબ્દ પણ બોલી શકતા ન હતા, તેમ છતાં પણ, તેમણે અંગ્રેજીમાં સ્ટાઈલિશ તરીકે પોતાનું નામ બનાવ્યું હતું!" બ્રિટિશ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં સમાવેશ થવાને કારણે તેમના પુસ્તકો પર મંજૂરીની કાયમી, મજબૂત અને નિર્ણાયક મહોર લગાવવામાં આવી છે.

કોનરાડની લેખક તરીકેની કારકિર્દી એ હકીકતનો સ્પષ્ટ સંકેત છે કે અથાગ પરિશ્રમ દ્વારા કંઈપણ પ્રાપ્ત કરી શકાય છે. વ્યક્તિ ગરીબ જન્મે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે વ્યક્તિ પોતાને શિક્ષિત કરી શકતો નથી, અથવા - કોનરાડની જેમ - પોતાને વિદેશી ભાષામાં એટલી નિપુણતા ના મેળવી શકે જાણે કે તે પોતાની જ ભાષા હોય! દુનિયાની નજરમાં ભલે તુચ્છ હોય, છતાંપણ સખત પરિશ્રમથી એટલું અને એવું લખાણ કરી શકાય છે કે જે-તે સંસ્કૃતિના શ્રેષ્ઠ માથાઓ તેને વાંચવા માટે મજબૂર થઈ જાય.

# રુચિ અને સમર્પણ

એક કર્મચારી કોઈ સંસ્થામાં ફૂલ-ટાઈમ નોકરી કરવા ઉપરાંત વધારામાં એક અંગ્રેજી અખબારના સબ-એડિટરની જવાબદારી પણ નિભાવતો હતો. તે નિયમિતપણે નોકરી અને અખબારના સંપાદકીય કાર્યોની તમામ જવાબદારીઓ ખંતપૂર્વક નિભાવતો હતો. કોઈએ તેને પૂછ્યું, "આટલું બધુ કરવા માટે તમને સમય ક્યાંથી મળી જાય છે?" તેણે જવાબ આપ્યો: "સમય કાઢવો એ બીજું કંઈ નહીં, પરંતુ રુચિનો વિષય છે!"

હકીકત એ છે કે કોઈપણ કામ કરવા માટે સમય એટલું બધુ મહત્વપૂર્ણ પરિબળ નથી, જેટલી કામ કરવા માટેની રુચિ છે. વ્યક્તિની રુચિ જ તેને જે-તે કાર્ય કરવા ઉત્સાહિત કરે છે. જો રુચિ અને સમર્પણ બંને હોય, તો વ્યક્તિ બહુ ઓછા સમયમાં બહુ ઝાઝું કામ કરી શકે છે.

એકવાર એક વ્યક્તિને વિદેશમાં કામ કરવાની ઓફર મળી. વિદેશ પ્રવાસ માટે વ્યક્તિએ ઘણી કાનૂની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે, અને પાસપોર્ટ મેળવવા માટે તેની પાસે માત્ર

ત્રણ અઠવાડિયા જ હતા. આટલા સમયમાં તેનું વિદેશની સફર થઈ શકવી ખૂબ જ મૂશ્કેલ જણાતી હતી. પરંતુ, તે દિવસ-રાત એક કરીને કામની પાછળ પડી ગયો, અને પછી જે દિવસે તેને નીકળવાનું હતું, તે જ દિવસે તેને પાસપોર્ટ પણ મળી ગયો.

આવી જ એક તક, એક બીજા માણસને પણ મળી હતી. તે શહેરથી દૂર એક ગામમાં રહેતો હતો, તેથી તેણે શહેરમાં રહેતા તેના એક સંબંધીને પત્ર લખ્યો: “મારા માટે શહેરમાં આવવું મુશ્કેલ છે, તો તમે કૃપા કરીને મારા પાસપોર્ટની વ્યવસ્થા કરી આપશો? અને આ કામમાં જે કાંઈ પણ ખર્ચો થશે એ બધું મારી જવાબદારી પ્રમાણે તમને આપી દઇશ!" સંબંધીએ જવાબ આપ્યો, “ઓ.કે., હું કોશિશ કરીશ!” તે માણસે તેના સંબંધી પર ભરોસો કર્યો. તેની પાસે રવાના થવા માટે પૂરા બે મહિના હોવા છતાં પણ, તેના માટે જરૂરી કોઈ વ્યવસ્થા થઈ શકી નહોતી, અને પરિણામે તે વિદેશમાં ઉડાન ભરવાથી વંચિત રહ્યો. અંતે, તેના સંબંધીનો સંદેશ મળ્યો કે કોઈ કારણસર તે તેનું કામ કરી શક્યો નહોતો. આ સંદેશ તેના સુધી પહોંચ્યો ત્યારસુધીમાં તો તેના રવાના થવાની અવધિ સમાપ્ત થઈ ચૂકી હતી.

ત્યારબાદ, પહેલાએ પોતે જ રસ લઈને પાસપોર્ટ મેળવવા માટે જાતે અરજી કરી, અને બહુ ઓછા સમયમાં તેનું કામ પૂર્ણ પણ કરી દીધું. તેનો સંબંધી એ કામમાં પૂરતો રસ જ લઈ શક્યો નહોતો, કારણકે એ તેનું પોતાનું નહોતું. આથી તેના

સંબંધી પાસે પૂરતો સમય હોવા છતાં પણ, તેને મદદ નહીં કરી શકવા માટે ક્ષુલ્લક બાબતો પણ તેનું બહાનું બની ગઈ હતી.

જો કોઈ વ્યક્તિને તેના કામમાં રુચિ હોય, તો તેનું મન તેના હેતુને સિદ્ધ કરવા માટે સંપૂર્ણ રીતે સમર્પિત થઈ જાય છે. પછી એના માટે તે કોઈપણ બલિદાન આપવા તૈયાર હોય છે. પરિણામે રુચિ વગરનો અન્ય વ્યક્તિ, જે કામ કરવામાં અઠવાડિયા અને મહિનાઓમાં પણ પૂરું નથી કરી શકતો, તે જ કામ રસ ધરાવનાર વ્યક્તિ થોડાં જ દિવસોમાં પૂર્ણ કરી નાખે છે.

## સંસાધનોનો શ્રેષ્ઠ સદુપયોગ

નવી દિલ્હીમાં, એક જાહેર સમારંભમાં ભાષણ આપતી વખતે નૌસેનાપતિ એસ.એન. કોહલીએ (ભૂતપૂર્વ નેવી ચીફ) જણાવ્યું હતું કે, "સફળતા એ સંપૂર્ણપણે મનની વાત છે. જ્યારે વ્યક્તિની દિલથી ઈચ્છા હોય છે, ત્યારે તે પોતાના લક્ષ્યોને હાંસલ કરવાના માર્ગો અને માધ્યમો શોધી જ કાઢે છે, પરંતુ ઈચ્છા ના હોય ત્યારે વ્યક્તિ 'આ શક્ય જ નથી!' એવું કહે છે."

તેમણે ડિસેમ્બર 1971ના ભારત-પાક યુદ્ધ દરમિયાન બનેલી એક ઘટનાનો ઉદાહરણ તરીકે ઉલ્લેખ કર્યો. કરાચી બંદર પર હુમલો કરવાનો હતો, પરંતુ ભારતીય નૌકાદળ પાસે જે યુદ્ધ-વિમાનો હતા તે મૂળભૂત રીતે, માત્ર રક્ષણાત્મક હેતુઓને ધ્યાનમાં લઈને તૈયાર કરાયા હતા. તેમ છતાં, દુશ્મનને દંગ કરી

નાખે એવો સફળપૂર્વક હુમલો કરવામાં આવ્યો હતો. દેખીતી રીતે, આ સફળતા એ શ્રેષ્ઠ સાધનોનું પરિણામ ન હતું, પરંતુ ઉપલબ્ધ સાધનોનો "બુદ્ધિપૂર્વક ઉપયોગ"ને કારણે શક્ય બની હતી.

નૌસેનાપતિ કોહલી દ્વારા આટલા યોગ્ય રીતે દર્શાવાયેલ સિદ્ધાંત દરેક વ્યક્તિ તેમજ રાષ્ટ્રને સરખી રીતે લાગુ પડે છે. સફળતા તેમને મળે છે, જેઓ સૌપ્રથમ તેમના લક્ષ્યોને હાંસલ કરવાનો નિર્ધાર ધરાવે છે, અને બીજું, જેઓ તેમના સંસાધનોનો શ્રેષ્ઠ સદ્દુપયોગ કરે છે. આ પ્રક્રિયામાં ખૂબ કાળજી, બુદ્ધિ, ચાતુર્ય અને દૂરદર્શિતા મહત્વપૂર્ણ છે. તેનાથી વિપરિત, નિષ્ફળતા ઘણીવાર સંસાધનોની અછતથી એટલી બધી પરિણમતી નથી, જેટલી ઉપલબ્ધ સંસાધનોના ઓછા ઉપયોગ અથવા દુરુપયોગ કરવાથી પરિણમે છે.

એક ગ્રામીણ વ્યક્તિનો જ કેસ જોઈ લો, જેણે પોતાના ગામમાં ઈંટનું મકાન બનાવવાનું નક્કી કર્યું હતું. એ હકીકતને ધ્યાનમાં લીધા વિના કે તેના સંસાધનો ગંભીર રીતે મર્યાદિત છે, તેણે તેના સાધારણ રહેઠાણના પાયા એટલા ઊંડા ખોદ્યા કે લોકોને આશ્ચર્ય થવા લાગ્યું કે તે ઘર બનાવી રહ્યો હતો કે કિલ્લો! મિત્રોએ તેના પૂર્ણ થવા વિશે શંકાઓ વ્યક્ત કરવાનું શરૂ કરી દીધું, અને કમનસીબે તેઓ સાચા સાબિત થયા. પાયાના કામમાં બાંધકામ સામગ્રી એટલી બધી વપરાઈ ગઈ કે હવે ઉપરના બાંધકામ માટે બહુ થોડીક જ બચી હતી. મહામૂશ્કેલીથી, તે દિવાલો બનાવી

શક્યો, પરંતુ પછી છત બનાવવા માટે તો કશું વધ્યું જ નહોતું. છેવટે, ગમે તેમ કંઈક ગોઠવણ કરીને તેણે માત્ર એક રૂમ માટે છત બનાવી, જેથી કરીને તે ઘરમાં રહેવાનું શરૂ કરી શકે, પરંતુ બાકીના ઓરડાઓ કાયમ માટે આકાશ તરફ ખુલ્લા જ રહ્યા. જો તેણે મકાનના પાયામાં કિંમતી સામગ્રીનો બગાડ કર્યો ના હોત, તો તેની પાસે તેના ઘરને પૂર્ણ કરવા માટેની સામગ્રી પૂરતી હતી. આમ, તેની મસમોટી ભૂલને લીધે તે  માથા પર લગભગ છત વગરનો રહ્યો.

સફળતા તેમને મળે છે, જેઓ તેમના ધ્યેયોને હાંસલ કરવાનો સંકલ્પ ધરાવે છે, અને તેમની પાસે રહેલા સંસાધનોનો શ્રેષ્ઠ સદુપયોગ કરવાનું આયોજન અમલમાં મૂકે છે.

## ભૂલો કરવાની હિંમત

એક શહેરમાં, અહમદ અને ઈકબાલ નામના બે મિત્રો રહેતા હતા. અહમદ ગ્રેજ્યુએટ હતો, જ્યારે કે ઈકબાલ આઠમાં ધોરણથી વધારે આગળ ભણી શક્યો નહોતો. એકવાર એવું બન્યું કે ઇકબાલને ધંધા માટે ઓફિસે જવાનું થયું, ત્યારે તેની સાથે તેનો મિત્ર અહમદ પણ ભેગો થઈ ગયો. કામકાજની લેવડ-દેવડ પતી ગઈ, પછી જ્યારે બંને ઓફિસમાંથી બહાર નીકળતા હતા, ત્યારે અહેમદે ઈકબાલને કહ્યું, “તું કેવું ભંગાર અંગ્રેજી બોલે છે! આટલા ખરાબ અંગ્રેજી સાથે, હું તો ક્યારેય મારું મોઢું ખોલવાની હિંમત ના કરું!" ઇકબાલની આવડી મોટી ટીકા થયા હોવા છતાં, તે સહેજ

પણ પરેશાન થયો નહીં.  આત્મવિશ્વાસ દર્શાવતા, તેણે કહ્યું, "ખોટું અંગ્રેજી બોલો, જેથી કરીને આગળ જતાં તમે સાચું અંગ્રેજી બોલી શકો!" પછી તેણે ઉમેર્યું, "તું ગ્રેજ્યુએટ છો, અને મારી પાસે કોઈ ડિગ્રી નથી, તેમ છતાં પણ, ટૂંક સમયમાં તું જો જે કે હું અંગ્રેજીમાં વાતો કરતો થઈ જઈશ, અને તું ક્યારેય આવું નહીં કરી શકે!"

એ વીસ વર્ષ પહેલાંની વાત હતી. ઈકબાલના શબ્દો હવે સાચા સાબિત થયા છે.  અહમદ  હજુ પણ ત્યાંનો ત્યાં જ છે, જ્યાં તે વીસ વર્ષ પહેલાં હતો, પરંતુ, ઈકબાલે, અદભૂત રીતે, ઘણી પ્રગતિ કરી છે.  તે હવે તદ્દન સહેલાઈથી અંગ્રેજી બોલે છે, તેમજ તેના વ્યાકરણ કે ઉચ્ચારણમાં પણ કોઈ જાતની ખામી જોવા મળતી નથી.

ઈકબાલનું સાહસિક વલણ ચોક્કસપણે તેના માટે ખૂબ લાભકારી સાબિત થયું, કારણકે કારકિર્દીની શરૂઆતમાં, તેની પાસે શહેરમાં એક માત્ર નાનકડી દુકાન હતી, જ્યારે કે આજે, તે એક મોટી ફેક્ટરી ચલાવે છે. તેના માટે સફળતાની ચાવી એ દેખીતી રીતે જ તેનું આ ઉચ્ચારણ હતું: "ખોટું અંગ્રેજી બોલો, જેથી કરીને આગળ જતાં તમે સાચું અંગ્રેજી બોલી શકો!" આ સિદ્ધાંત કે જેના પર ઇકબાલ ચાલ્યો, તેની અસર માત્ર ભાષા પૂરતી મર્યાદિત નથી, પરંતુ જીવનની તમામ વ્યવહારિક બાબતો પર લાગુ છે. આજની દુનિયામાં, ભાવિ સફળ વ્યક્તિ તેઓ જ છે, જેઓ હિંમત ધરાવે છે, જેઓ ભયની દીવાલ ભેદીને નિર્ભયતાથી આગળ વધે છે, અને જેઓ જોખમોનો સામનો કરવાની પહેલ કરે છે.

જેઓ ભૂલ કરવાની હિંમત રાખે છે, તેઓ જ જીવનમાં કંઈક સાર્થક કરી શકે છે. જેઓ ભૂલો કરવાથી ડરતા હોય છે, તેઓ જીવનની દોડમાં બહુ પાછળ રહી જાય છે, અને તેમના અંતિમ ધ્યેયો અંતરમાં વધુને વધુ દૂર થતાં જાય છે.

## "પેક્કાવિ"

જ્યારે સર ચાર્લ્સ નેપિયરે 1843માં સિંધ પર વિજય મેળવ્યો ત્યારે, તેમણે ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસીને તેમના વિજય સંદેશમાં એક જ શબ્દ મોકલ્યો, "પેક્કાવિ".

આ ખરેખર એક વિચિત્ર સંદેશ હતો, કારણકે લશ્કરી અધિકારી અને ગવર્નર જનરલ વચ્ચે આ શબ્દનો અર્થ વિશે અગાઉ ક્યારેય કોઈ વાતચીત કે સમજણ થઈ ન હતી. પરંતુ ગવર્નર જનરલ એક ક્ષણ માટે પણ વિચલિત થયાં નહીં.  ગવર્નરે આ શબ્દને લેટિન અભિવ્યક્તિ તરીકે ઓળખ્યો, જો કે તેનો અર્થ “મેં પાપ કર્યું છે” થાય, પરંતુ અંગ્રેજીમાં તેનું ઉચ્ચારણ "આઈ હેવ સિંડ (સિંધ)" એવો થાય છે, અને તરત જ તારણ કાઢ્યું કે નેપિયરે સિંધ પર વિજય મેળવ્યો છે.

જો કે આ સંદેશનો ઉદ્દેશ્ય માહિતીને ગુપ્ત રાખવા કરતાં રમુજમાં કહેવાયા હોવાનો વધારે હોઈ શકે, પરંતુ વાત પરથી શીખવાનું એ છે કે જ્યારે પણ પરિસ્થિતિ ગૂંચવણ અને કૌશલ્ય-કળાની માંગ કરે, ત્યારે બાબતોના ચાર્જમાં જે વ્યક્તિ હોય

તેણે કેટલું સક્ષમ અને ઝડપી વિચારશીલ હોવું જરૂરી છે. વાતચીત સીધીસટ અને અંતિમ-બિંદુ સુધી સ્પષ્ટ હોય એવું હંમેશા નથી બનતું, આથી ઘણીવાર લીટીઓની વચ્ચે લખેલું (ઈશારાની ભાષા) વાંચવામાં સમર્થ હોવું આવશ્યક છે. આના માટે ઉચ્ચ સ્તરની સતર્કતા, તેજ બુદ્ધિમત્તા અને તેનાથી પણ વધારે, વ્યાપક શિક્ષણ અનિવાર્ય છે.

જીવનની એક વાસ્તવિકતા એ છે કે બધું તાત્કાલિક સ્પષ્ટ કરી શકાતું નથી. એવી ઘણી બાબતો છે, જે સમજાવ્યા વિના ધારણા અથવા અનુમાનથી બાંધવી પડે છે. જેમની પાસે આવો પાઠ શીખવાનો અભિગમ અને ક્ષમતા હોય છે, તેઓ જ યોગ્ય સાર્થક કાર્યોમાં વ્યસ્ત રહે છે. જેઓની પાસે આવો અભિગમ અને ક્ષમતાનો અભાવ છે, તેઓ ફક્ત મામૂલી નિરર્થક પ્રવૃત્તિઓમાં જ વ્યસ્ત રહે છે, અને પછી જ્યારે તેઓ જુએ છે કે તેમની પ્રવૃત્તિઓનું કોઈ પરિણામ નથી, ત્યારે તેઓ તેના માટે અન્યોને દોષી ઠેરવે છે, ક્રોધ કરે છે, અને અન્યો સામે ફરિયાદો કરે છે.

આ દુનિયામાં સૌથી ભાગ્યશાળી વ્યક્તિ એ છે કે જેની પાસે એવા સાથીદારો અથવા મિત્રો છે, જેઓ મૌનની ભાષા જાણે છે, જેઓ અસ્પષ્ટ શબ્દો સાંભળે છે, અને ન બોલાયેલા શબ્દોનો અર્થ પણ સમજી જાય છે. આ દુનિયામાં ફક્ત તે જ લોકો સફળ થઈ શકે છે, જેઓ લીટીઓની વચ્ચે લખેલું (ઈશારાની ભાષા) વાંચી લે છે, તેમજ સમજી-શીખી જાણે છે.

# એક સાધારણ પગલું

એકવાર એક ડોકટરે એક નાનકડું ક્લિનિક શરૂ કર્યું, જોતજોતામાં, ખૂબ જ ઓછા સમયમાં, તે સફળ થઈ ગયો. તેનામાં દર્દીઓને શુભેચ્છાઓ પાઠવવાની એક અદભૂત ખાસિયત હતી. સામાન્ય રીતે, ડોકટરો તેમના દર્દીઓ પાસે અભિવાદનની અપેક્ષા રાખતા હોય છે, જ્યારે કે આ કિસ્સામાં ડોક્ટર પોતે જ તેમના દર્દીઓને અભિવાદન અને શુભેચ્છાઓ આપતા. આ પ્રકારની વર્તણૂકથી તેઓ દર્દીઓ સાથે સરળતાથી સંપર્ક બનાવી શકતા હતા. તેમની પાસે એમ બી બી એસ ની ડિગ્રી ન હોવા છતાં પણ, ટૂંક સમયમાં જ તેમનું ક્લિનિક લોકપ્રિય બની ગયું. તેઓ માત્ર એક રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર હતા.

એક દુકાનદારે એક અવલોકન કર્યું કે પૈસાની ચૂકવણી વખતે ગ્રાહક પોતાની પાસે રહેલ ઘણીબધી બેન્ક-નોટોમાંથી જૂની-ગંદી નોટો દુકાનદારને આપે છે, અને નવી સ્વચ્છ નોટો પોતાની પાસે રાખે છે. તેને ખબર પડી ગઈ કે ગ્રાહકોને નવી અને સ્વચ્છ નોટો ગમે છે. તેણે આ મનોવિજ્ઞાનનો ઉપયોગ તેના ગ્રાહકો પર અજમાવવાનું નક્કી કર્યું. તેણે ગ્રાહકોને પરત કરતી વખતે માત્ર સારી ચલણી નોટો જ આપવાનો સિદ્ધાંત બનાવ્યો.

દુકાનદાર પાસે તેના ડેસ્કમાં તમામ પ્રકારની નોટો પડી રહેતી, પરંતુ ગ્રાહકોને પૈસા પરત કરતી વખતે તે જૂની-ગંદી નોટોને અલગ કરીને માત્ર નવી-સ્વચ્છ નોટો જ આપતો. સ્વચ્છ

અને નવી નોટો પોતાની પાસે એકત્રિત કરવા માટે, તે તમામ નોટો બેંકમાં જમા કરાવીને નાની ચલણી નોટો સાથે બદલવી લેતો. તે કેશ રજિસ્ટરમાં સ્વચ્છ અને ગંદી નોટો પહેલેથી જ ભેગી રાખતો, જેથી ગ્રાહકો પોતાની નજરે જોઈ શકે કે દુકાનદાર બધી જૂની-ગંદી નોટોથી અલગ કરીને તેમને નવી-સ્વચ્છ નોટોમાં બદલાવ આપી રહ્યો છે.

દેખીતી રીતે, દુકાનદારના આ પગલામાં અસાધારણ જેવું કંઈ નહોતું, પરંતુ તેની આ સામાન્ય પદ્ધતિએ ગ્રાહકોને ખૂબ પ્રભાવિત કર્યા, કારણકે તેઓને પ્રતીતિ થઈ કે દુકાનદાર તેમની કાળજી રાખે છે. ધીમે ધીમે, તેણે આ સામાન્ય પ્રથાથી બધા ગ્રાહકોને પ્રભાવિત કર્યા. તેની દુકાન એટલી લોકપ્રિય બની ગઈ કે હવે તે હંમેશા ગ્રાહકોથી છલોછલ ભરેલી રહે છે.

સફળતાનું રહસ્ય તમારામાં એવી વિશિષ્ટ ગુણવત્તા વિકસાવવામાં રહેલું છે કે જેનાથી તમે બીજાના શુભચિંતક તરીકે ઊભરી આવો છો, અને આવું સાવ સામાન્ય પગલાંથી પણ શક્ય બની શકે છે, ભલેને તે માત્ર અમુક પ્રકારના સારા શબ્દો બોલીને હોય, કે પછી જૂની-ગંદી નોટોને બદલે નવી-સ્વચ્છ નોટો આપીને હોય!

# તકો અને સમસ્યાઓ

એક જૂની કહેવત છે. "તકોને પોષો અને સમસ્યાઓને ભૂખી મારો!” બહુ સરળ શબ્દો છે, પણ ઊંડી ગહનતાથી ભીંજાયેલા છે. જે વ્યક્તિ આ વાક્યના સંદેશને સમજીને અનુસરશે તેના માટે સફળતાના દ્વારો ખુલ્લા જ જોવા મળશે, અને તેનાથી ઉલ્ટું, જેને આની કોઈ ગતાગમ નથી, તેના માટે એ દ્વારો બંધ જ દેખાશે.

મૂળ વાત એમ છે કે  આ દુનિયામાં વ્યક્તિ કાયમ તકો અને સમસ્યાઓ વચ્ચે ઘેરાયેલો હોય છે. પરંતુ, તેને જ્યારે જ્યારે સમસ્યાઓનો સામનો કરવો પડે, ભલે તે ગમે તેવી હોય, ત્યારે ત્યારે, તેની આસપાસ જ સોનેરી તકો તેમનો લાભ ઉઠાવવાની રાહ જોતી ઉપલબ્ધ હોય છે.  આ પરિસ્થિતિ વ્યક્તિઓ, સમાજો અને રાષ્ટ્રો બધા માટે સમાન હોય છે.

આ દુનિયામાં બધા લોકોની કસોટી થઈ રહી છે. વ્યક્તિ તેની સામે આવતી સમસ્યાઓ સાથે ઘર્ષણમાં ઉતરવાથી તેમાં ફસાઈ જાય છે. આવી વ્યક્તિ યોગ્ય તકો ગુમાવે છે. બીજી બાજુ, જે વ્યક્તિ તેને પીડતી સમસ્યાઓની ચિંતાઓ કરવા કરતાં ઉપલબ્ધ તકોનો શ્રેષ્ઠ સદુપયોગ કરવા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે.  જો કોઈ વ્યક્તિ તેના જીવનમાં  સમસ્યાઓને ‘ખોરાક’ આપશે એટલે કે સમસ્યાઓનું પોષણ કરશે, તો અનિવાર્યપણે તેની તકો ‘ભૂખી’ એટલે કે 'નબળી' રહી જશે, પરંતુ જો તે તકોને ‘ખોરાક' આપશે એટલે કે તકોનું પોષણ કરશે, તો દેખીતી રીતે, તેની સમસ્યાઓ ‘ભૂખી’ એટલે કે 'નબળી' રહેશે. વ્યક્તિએ તેની

સમસ્યાઓને નબળી પાડવા માટે તકોનો મહત્તમ સદુપયોગ કરવો પડશે.

અનુભવ દર્શાવે છે કે, સમસ્યાઓમાં ભરાઈ રહેવાથી વ્યક્તિ, અન્ય કોઈને મદદ કરવાથી તો દૂર, પણ પોતે જ અંધકાર અને હતાશાઓ તરફ ધકેલાઈ જાય છે, અને વ્યવહારિક-રીતે સમયનો વ્યય થાય છે. આથી, તકોનો શ્રેષ્ઠ સદુપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો વિકલ્પ વધારે ઉત્તમ છે. તેનાથી માત્ર નવી દિશાઓ અને માર્ગો ખુલશે એટલું જ નહીં, પરંતુ તેને પીડતી સમસ્યાઓ પણ ધીમે ધીમે નિસ્તેજ થઈ જશે.

## એક પાઠ વાઘમાંથી

જિમ કોર્બેટ, કે જેમના નામ પરથી ભારતમાં એક પ્રખ્યાત રાષ્ટ્રીય ઉદ્યાનનું નામ રાખવામાં આવ્યું છે, તેઓ વાઘોના સ્વભાવથી ખૂબ પરિચિત અને નિષ્ણાંત હતા. તેમણે લખ્યું છે: "કોઈ વાઘ માણસ પર હુમલો કરતો નથી, સિવાય કે તેને ઉશ્કેરવામાં આવે!" જંગલના વિસ્તારો કે જ્યાં વાઘની વસ્તી છે, ત્યાં રહેતાં લોકો જિમ કોર્બેટના શબ્દોની સત્યતાની પુષ્ટિ કરે છે. કોઈ વ્યક્તિ માટે રસ્તામાં વાઘનો ભેટો થઈ જવો, એ કોઈ ચિંતાનું કારણ હોતું નથી. જાનવર માણસની અવગણના કરે છે, અને પોતાના માર્ગ પર આગળ વધે છે, જ્યાં સુધી તેને ઉશ્કેરવામાં ના

આવે - અથવા - તેને માણસ તરફથી બદલા કે નુકશાનની કોઈ શંકા ના હોય.

પરંતુ કોઈક વાઘમાં આવી શંકાઓ રચાય છે, પણ કેવી રીતે? વાઘ સ્વભાવે મનુષ્યો પ્રત્યે દુશ્મનાવટ ધરાવતા હોતા નથી. પરંતુ તેમાંના બહુ ઓછા એવાં હોય છે, જેને માનવભક્ષી કહી શકાય, અને એ પણ તેઓ જન્મથી એવા હોતા નથી. તેઓ પોતાના કોઈ દોષથી નહીં, પરંતુ મનુષ્યની મૂર્ખાઈથી માનવભક્ષી બને છે. અને સામાન્ય રીતે, તેનું કારણ બિનઅનુભવી શિકારીઓ છે, જેઓ તેમને હાનિ પહોંચાડે છે. તેઓ જાનવર પર ગોળીબાર કરે છે, અને તેમને ઘાયલ કરીને જીવતા છોડી મૂકે છે. આ રીતે ઘાયલ થયેલો વાઘ માણસનો દુશ્મન બની જાય છે. પછી, જ્યાં પણ તે માણસને જુએ છે, ત્યાં તે હુમલો કરે છે, અને મારી નાખે છે. મોટાભાગના અન્ય શિકારી જાનવરોનું પણ આવું જ હોય છે. તેઓ માણસ દ્વારા ઘાયલ થયા હોય, તો જ તેમના પર હુમલો કરતાં હોય છે.

પ્રકૃતિની દુનિયામાં રહેલી આ હકીકત માણસ માટે ઊંડું મહત્વ ધરાવે છે. તે દર્શાવે છે કે કોઈપણ વ્યક્તિ - ભલે તે સૌથી ક્રૂર હોય - પહેલા કોઈનો દુશ્મન હોતો નથી. જો કોઈ બીજાને દુશ્મનાવટની દ્રષ્ટિએ જુએ છે, તો બદલામાં બીજો પણ તેને દુશ્મન તરીકે જોશે. જો કોઈ અન્યને દુશ્મનાવટથી જોતો નથી, તો અન્યો પણ તેને દુશ્મન તરીકે જોતાં નહીં.

બીજો બોધપાઠ એ છે કે પૂરતી તૈયારી વિના કોઈની વિરુદ્ધ પગલાં લેવા જોઈએ નહીં. જો કોઈ વ્યક્તિ અન્ય કોઈની સામે આવા પગલાં લઈ લે છે, અને તે અનિર્ણાયક હશે, તો તેમાં વળતાં નુકશાનની ખાતરી છે.  સામેવાળો વધારે ઉશ્કેરાશે, અને બંને વચ્ચે તણાવ વધી જશે.

આ દુનિયામાં દરેક વ્યક્તિને પોતપોતાની જરૂરિયાતો અને ઈચ્છાઓ હોય છે, જેને પૂરી કરવા માટે તેઓ મથતા હોય છે. જીવનનું રહસ્ય એ છે કે વ્યક્તિના વિકાસ-માર્ગમાં નડતર બનવું જોઈએ નહીં. જો દરેક વ્યક્તિ અન્ય સાથે વેરની ભાવના પોતાના માથે લઈને ના ફરે, અને બધા પોતપોતાના ધ્યેયોને અનુસરવાનું ચાલું રાખે, તો પછી કોઈપણ વ્યક્તિનો વિકાસ-માર્ગ અવરોધિત થશે નહીં. લોકો પોતાના કામમાં એટલા વ્યસ્ત થઈ જશે કે અન્યોના કામોમાં દખલ કરવાનો તેમને સમય જ મળશે નહીં.

## પાયાનું મહત્વ

મકાનનું બાંધકામ તેના પાયાથી જ શરૂ થાય છે. કોઈ એન્જિનિયર ગગનચુંબી ઈમારત બનાવવા માંગતો હોય, તો પણ શરૂઆત તો તેને પાયાથી જ કરવી પડે છે. પાયાથી શરૂઆત કરવાનો અર્થ એ છે કે વ્યક્તિએ ઊંડાણપૂર્વક વિચારવું કે પોતે હાલ કયા ઊભો કે ઊભી છે, અને મુસાફરીની શરૂઆતનું બિંદુ નક્કી કરવું!  આ દુનિયામાં ફક્ત આપણે એકલા જ રહેતા નથી. આપણા સિવાય પણ બહુ મોટી કુદરત છે, જે તેમના કુદરતી નિયમો દ્વારા

કાર્યરત છે. અન્ય લોકો પણ છે, જેઓના પોતાના જીવન-હેતુઓ છે, અને દરેક વ્યક્તિ તેના  લક્ષ્યો પ્રાપ્ત કરવા માંગે છે. આ સ્થિતિમાં, આપણે વાસ્તવિકતાનો નમ્ર સ્વીકાર કરીને,  તેના આધારે જ આપણા જીવન-ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવાના પ્રયાસો કરવા જોઈએ.

જીવનમાં સફળતાની સૌથી મોટી ચાવી એ વાસ્તવિકતાનો નમ્ર સ્વીકાર છે. વાસ્તવિકતાનો સ્વીકાર કરતી વ્યક્તિ દર્શાવે છે કે તે પોતાના સદ્ગુણો (લાક્ષણિકતાઓ) અને દુર્ગુણો (ખામીઓ) થી વાકેફ છે.

આ જાગૃતિ, તેના માટે સારું શું છે, અને ખરાબ શું છે, તેની પ્રતીતિ કરાવે છે.  તે શરૂઆત અને અંત વચ્ચેનો ભેદ જાણે છે. તે જાણે છે કે તેણે પહેલું પગલું ભરવાની શરૂઆત ક્યાંથી કરવાની છે; અને તે પોતાને જ્યાં સ્થાપિત કરવા માંગે છે, એ તેની અંતિમ મંઝિલ શું છે!

સ્વીકૃતિ એ કાયરતાનું નહીં, પરંતુ બહાદુરીનું કામ છે. સ્વીકૃતિ એ અપમાનને નહીં, પરંતુ ઉચ્ચ આદરને પાત્ર છે.

જે માણસ વાસ્તવિકતાને સ્વીકારતો નથી, તે ભ્રમની દુનિયામાં રહે છે. આનાથી ઉલ્ટું, વાસ્તવિકતાનો સ્વીકાર એ ભ્રમની દુનિયામાંથી બહાર આવીને વાસ્તવિક દુનિયામાં

જીવવાનો પુરાવો છે. આવી વ્યક્તિ વસ્તુઓને તેમના વાસ્તવિક સ્વરૂપમાં જોઈ શકે છે.

વસ્તુઓને તેમના વાસ્તવિક અર્થમાં સમજવી એ ડહાપણની શરૂઆત છે.  સફળતા તે જ પ્રાપ્ત કરી શકે છે, જેની પાસે આવું કરવાની ક્ષમતા છે; આનાથી ઉલ્ટું, જેની પાસે આ ક્ષમતાનો અભાવ છે, તે ભાગ્યે જ તેની મુસાફરી શરૂ કરી શકશે, અને કદાચ શરૂ કરી પણ દેશે તો બહુ આગળ વધી શકશે નહીં. તે રસ્તામાં અટવાયેલો રહેશે. તે ક્યારેય તેના મુકામ સુધી પહોંચી શકશે નહીં.

## અન્યોનો વિશ્વાસ જીતો

એક પ્રખ્યાત સંસ્થાના સંચાલકને તેમની એક ચોક્કસ પુસ્તકની પાંચ હજાર નકલો છપાવવાનું થયું.  જ્યારે નકલો છપાઈને સંસ્થામાં પહોંચી ગઈ, ત્યારે પ્રિન્ટિંગ પ્રેસના માલિકને સંસ્થાના-સંચાલકનો તાત્કાલિક મળવા આવવાની માંગણી કરતો ફોન ગયો.

જેવો કે પ્રેસનો માલિક સંસ્થામાં પહોંચ્યો, સંચાલક તેની પાસે ધસી આવ્યા અને તેમના પર પોતાનો રોષ ઠાલવવા લાગ્યા. તેમણે પુસ્તકની થોડીક નકલો દર્શાવતા કહ્યું: "આ જુઓ, કેટલી ખરાબ રીતે કપાઈ છે!" પ્રેસના માલિકે પુસ્તકોનું નિરીક્ષણ કર્યું અને જોયું કે ખરેખર તેની કટિંગ ત્રાંસી થઈ હતી, અને તેના

કારણે પુસ્તકનો એક ખૂણો આકારથી અલગ હતો. તેણે નકલો તરફ જોઈને મૌન જાળવી રાખ્યું. જ્યારે કે બીજી બાજુએ, સંસ્થા-સંચાલકનું તેમનો ગુસ્સો દર્શાવવાનુ ચાલુ હતું. છેવટે, જ્યારે સંસ્થા-સંચાલકનું પૂરું થયું, ત્યારે પ્રેસના માલિકે એકદમ નિષ્ઠાપૂર્વક કહ્યું: “તમે આટલા અસ્વસ્થ કેમ છો? ખોટ તો મને ગઈ છે, આથી દુ:ખી તો મારે થવું જોઈએ!"

"તમે શું કહેવા માગો છો? ખોટ તમને ગઈ છે, મતલબ?”

“કારણકે, હું તમને પુસ્તકોની નકલો આવી સ્થિતિમાં આપી શકું નહીં. આથી, આ પુસ્તકો હું લઈ જઈશ અને તમારા માટે નવી નકલો છાપીશ. આ મારી જવાબદારી છે. મારે તમને યોગ્ય કામ આપવાનું છે, અને એના માટે મારે જે કાંઈ તે નુકશાન થાય, તો એ ભોગવવું રહ્યું!”

પ્રેસના માલિકની આવી વાત સાંભળતા જ સંસ્થા-સંચાલકનો સ્વર બદલાઈ ગયો. એ વ્યક્તિ જે એકદમ ગુસ્સાથી વાત કરતો હતો, હવે સહાનુભૂતિથી ભરાઈ ગયો, કારણ માત્ર એટલું જ હતું કે પ્રેસ-માલિકે પોતાની ભૂલ સ્વીકારી લીધી. સંસ્થા-સંચાલકને પ્રેસ-માલિક પાસેથી આવા વલણની આશા જ નહોતી. પરંતુ, તેનો અનુભવ સાવ વિપરીત રહ્યો, પ્રેસ-માલિક માત્ર પોતાની ભૂલ સ્વીકારી રહ્યો નહોતો, બલ્કે તેની ભરપાઈ કરવા પણ તૈયાર હતો. તેથી, સંસ્થા-સંચાલક પ્રભાવિત થાય એ સ્વાભાવિક હતું.

પોતાનો સ્વર બદલતા તેણે કહ્યું, "ના, તમારે આટલું નુકસાન સહન કરવાની જરૂર નથી!" જ્યારે પ્રેસ માલિકે જોયું કે સંચાલક સહાનુભૂતિ દર્શાવે છે, ત્યારે તેણે કહ્યું, “મારી પાસે આનો એક ઉકેલ છે. મહેરબાની  કરીને, તમે મને પુસ્તકની થોડી નકલો આપો, હું તેમને સુધારવાનો પ્રયત્ન કરીશ અને જો હું સફળ થઈશ, તો કદાચ ફરીથી છાપવાની જરૂર રહેશે નહીં." સંચાલકે કહ્યું: "તમને જે યોગ્ય લાગે એ કરો!" પ્રેસ-માલિકે પુસ્તકને યોગ્ય આકાર આપવા પુસ્તકના બીજા ખૂણાઓ કાળજીપૂર્વક કાપીને દસ નકલો ફરીથી મોકલી. સંચાલક પરિણામથી રાજી થયા. તેણે કહ્યું: “આ બરાબર છે. કૃપા કરીને, તમે મને આ જ રીતે બીજી બધી નકલો પણ સુધારી આપો!"

પ્રેસ-માલિકે કહ્યું, "ગ્રાહકની આંખમાં જે ભૂલ એક ઈંચ જેટલી હોય છે, મારી નજરમાં તેને હું એક પગ જેટલી ગણું છું." કોઈપણ ધંધામાં સફળતા મેળવવી હોય તો આવું વલણ ખૂબ જ જરૂરી છે. ગ્રાહકને સંતુષ્ટ કરીને, તમે તેનો વિશ્વાસ જીતી શકો છો. પ્રેસ-માલિકે ઉમેર્યું: "હકીકતમાં મારું કામકાજ એવું છે કે મારા કામમાં કોઈ ભૂલ થઈ હોય, અને એ મારા ધ્યાનમાં આવી જાય તો હું જ સામેથી ગ્રાહકની જાણ કરી દઉં છું, અને ગમે તેમ કરીને, તેની ભરપાઈ કરવા પણ તૈયાર હોઉં છું."  પરિણામે ગ્રાહક જીતી જાય છે, અને કોઈપણ અસુવિધા વિના મામલો ઉકેલાઈ જાય છે.

# ભૂલનો સ્વીકાર

એકવાર એક ઉર્દૂ ભાષાના પ્રોફેસર વર્ગમાં એક કવિતાનો પાઠ શીખવી રહ્યા હતા, ત્યારે તેમને પાઠ્યપુસ્તકમાં એક વાક્ય મળ્યું - જે આ પ્રમાણે છપાયેલું હતું: "પ્રિયે તેના વાળને પંજા-એ-સિલથી કાંસકો કરે છે!"

પ્રોફેસરે "પંજા-એ-સિલ" ને "પીસવા માટેના પથ્થરોના હાથ" તરીકે સમજાવ્યું. આથી, પંજા-એ-સિલ દ્વારા તમામ વાળની ગાંઠો ખૂલવાથી પ્રિયતમના વાળ યોગ્ય રીતે ઓળવાશે. વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા. કારણકે પ્રોફેસરના આટલા ખુલાસા પછી પણ શબ્દસમૂહનો અર્થ અસ્પષ્ટ જણાતો હતો. તેમણે કાવ્યાત્મક શબ્દોને માત્ર ગદ્ય સ્વરૂપમાં વર્ણન કર્યું હતું. એટલામાં વર્ગનો એક હોશિયાર વિદ્યાર્થી ઊભો થયો અને કહ્યું:

"સર, હું કંઈક કહું?"

"હા."

"સર, આ પ્રિન્ટીંગની ભૂલ હોય એવું લાગે છે. આ શબ્દ 'પંજા-એ-સિલ' નહીં, પરંતુ 'પંજા-એ-શલ' હોવું જોઈએ, જેનો અર્થ 'કાંસકાના નિર્જીવ હાથ' એવો થાય છે. કાંસકામાં  માણસની જેમ આંગળીઓ હોય છે. તે નિર્જીવ વસ્તુ હોવાને કારણે કવિએ તેને 'પંજા-એ-શલ' (નિજીવ હાથ) કહ્યા છે. અહીં કવિ એ વાતનું દુ:ખ વ્યક્ત કરે છે કે પોતાની આંગળીઓ પ્રિયતમના વાળની ગાંઠો ખોલી શકતી નથી, જ્યારે કે એક કાંસકો જે એક નિર્જીવ વસ્તુ છે, તે એટલો ભાગ્યશાળી છે, જેને તેની પ્રિયતમના વાળને સુંદર અને શુશોભિત રીતે ગોઠવવાની તક મળે છે." વિદ્યાર્થીના ખુલાસાથી વર્ગના અન્ય બધા વિદ્યાર્થીઓ રાજી થઈ ગયા. કારણકે પ્રોફેસરના ખુલાસા પછી પણ જે વાક્ય અગમ્ય હતું, તે સમજી શકાય તેવું બન્યું હતું. પરંતુ પ્રોફેસરે તેની ભૂલ સ્વીકારી નહીં, અને માત્ર એટલું જ કહ્યું: "હશે, હશે! પણ 'પંજા-એ-સિલ' અને 'પંજા-એ-શલ' બંને એક જેવા જ છે, તેમાં કોઈ તફાવત નથી!"

જો કોઈ વ્યક્તિ ભૂલ જાહેર થઈ ગયા પછી પણ તેને સ્વીકારતો નથી, તો તે ફક્ત વાસ્તવિકતાની સામે પોતાની મહાનતા અને મહત્વ સાબિત કરવાના નિરર્થક પ્રયાસો કરવા લાગે છે.  પરંતુ, તેનાથી સત્ય બદલાઈ જતું નથી. અસલમાં આવું કરીને વ્યક્તિ પોતાની જાતને વધારે નીચી કરતી હોય છે.

## ધંધાનું રહસ્ય

હું જ્યાં રહું છું, ત્યાં પડોશમાં ઘણીબધી રેસ્ટોરાં છે. હું છેલ્લા દસ વર્ષથી આ વિસ્તારમાંથી નીકળું છું, અને એક વાત સ્પષ્ટ હતી કે બધી રેસ્ટોરન્ટ્સમાંથી માત્ર એક જ એવી હતી, જે સતત સારો ધંધો કરી રહી હતી. બીજી બધીની હાલત પહેલાના દસ વર્ષ જેવી જ હતી. મેં સફળ રેસ્ટોરન્ટના માલિકને પૂછ્યું કે તેની સફળતાનું રહસ્ય શું છે. "એકદમ સાદું ગણિત છે!" તેણે ઉત્તર આપ્યો, "અન્ય રેસ્ટોરન્ટ્સ તેમના માટે બહુ ઓછો પુરવઠો ખરીદે છે, જ્યારે કે હું જથ્થાબંધ ખરીદી કરું છું. હું લઘુત્તમ દરે માલની ખરીદી માટે આખું બજાર ખૂંદી વળું છું, મોટા પ્રમાણમાં ખરીદી કરું છું, અને રોકડ ચૂકવણી કરતો હોવાથી સારું ડિસ્કાઉન્ટ પણ મેળવું છું", પછી હસતાં હસતાં તેણે કહ્યું, "નફો ગ્રાહકના ખિસ્સામાંથી નહીં, પરંતુ બજારમાંથી મેળવવો જોઈએ!"

સામાન્ય રીતે, દુકાનદારો ગ્રાહક પાસેથી ઊંચી રકમ વસૂલવાને સારો ધંધો માનતા હોય છે. આ તો એક શોષણ કહેવાય, અને જે દુકાનદારો શોષણ માટે એક વખત બદનામ થઈ જાય, પછી તેમના ધંધાના રક્ષણ માટે ક્યારેય ગ્રાહકો પર અપેક્ષા રાખી શકતા નથી. આવા દુકાનદારોની નિષ્ફળતાનું મુખ્ય કારણ આવું જ હોય છે. ધંધો કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે તમારે માલની પડતર કિંમત એટલી ઘટાડવી જોઈએ કે જેથી કરીને તમે ગ્રાહકને ઓછી કિંમતે વેંચીને પણ સારો નફો રળી શકો. આ નિયમ કોઈપણ ધંધા માટે સરખી રીતે લાગું પડે છે. દરેક ધંધામાં, વેપારી ક્યાંકથી કંઈક લે છે, અને ક્યાંક (ગ્રાહકોને) કંઈક વેચે છે. આ ખરીદી એક તબક્કામાં કરવામાં આવે કે પછી વધારે

તબક્કાઓમાં, પણ તેમાં ઘણા પરિબળો સામેલ હોય છે. સામાન્ય રીતે, વેપારી પોતાને સખત મહેનતથી બચાવવા માટે કેટલાક શોર્ટકટ લઈને ધંધાની જરૂરીયાતો પૂરી કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ, વસ્તુઓ ઓછી કિંમતે મેળવવા માટે જરૂરી પ્રયત્નો અને મહેનત કરવી એ અનિવાર્ય છે.

વેપારી પોતાના ભાગે આવતી મહેનતને ટાળતો હોવાને કારણે, ગ્રાહક પાસેથી વધુ ચાર્જ વસૂલે છે.

સામાન્ય વેપારી હંમેશા ગ્રાહક પાસેથી વધુ ચાર્જ વસૂલીને પોતાને સખત મહેનત (ઝંઝટ) થી દૂર રાખવાનો પ્રયાસ કરે છે. પરંતુ સંચાલનની આ રીત ધંધાર્થીને મોટી સફળતા તરફ લઈ જઈ શકતી નથી. ધંધો કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે માલની પડતર કિંમત ઘટાડવાનો પ્રયાસ કરવો, અને ગ્રાહકને ખૂબ જ વ્યાજબી ભાવે વસ્તુઓ વેચવી. નફો બજારમાંથી વધુ અને ગ્રાહક પાસેથી ઓછો કમાવાનું વલણ વિકસાવવું જોઈએ.

## શ્રેષ્ઠ પ્રદર્શન

1986માં અમેરિકામાં પીક-પર્ફોર્મર્સ શીર્ષક હેઠળ એક પુસ્તક પ્રકાશિત થયું હતું, જેમાં પરાક્રમી ભૂમિકા ભજવી હોય તેવી સંખ્યાબંધ સામાન્ય વ્યક્તિઓના જીવનનો અભ્યાસ ઉલ્લેખિત છે. આ પુસ્તકના લેખકે એક મુદ્દા ઉપર ખાસ ભાર મૂક્યો છે, કોઈપણ

મોટું મિશન વ્યક્તિમાં શ્રેષ્ઠ પ્રયાસો કરવા માટે ઈચ્છા-શક્તિ પ્રદાન કરે છે, જે આખરે તેને અસાધારણ સિદ્ધિ તરફ દોરી જાય છે.

અમેરિકાએ 1967માં ચંદ્ર પર જવા માટે તેનું પ્રથમ માનવયુક્ત અવકાશયાન મોકલ્યું હતું. રોકેટનું સફળ પ્રક્ષેપણ એ મોટી સંખ્યામાં નિષ્ણાતોના સંયુક્ત પ્રયાસનું પરિણામ હતું, જેઓ આ મિશનના કામ માટે રોકાયેલા હતા. ટીમના એક સભ્ય કે જે કોમ્પ્યુટર પ્રોગ્રામર હતા, તેમણે જણાવ્યું કે કામ ચાલુ થતાં જ કશુંક અસાધારણ થવાની શરૂઆત થઈ ગઈ હતી. હજારો સામાન્ય સ્ત્રી-પુરુષો, જેઓ અવકાશ કાર્યક્રમને સફળ બનાવવા માટે કામ કરી રહ્યા હતા, તેઓ અચાનક સુપર અચીવર્સ બની ગયા હતા. તેઓએ આખા જીવનમાં આના પહેલા  ક્યારેય ભેગી ના શક્યા હતા, તેટલી પ્રચંડ કાર્યક્ષમતા સાથે પ્રદર્શન કરવાનું શરૂ કરી દીધું હતું.

આખું કામ, અસાધારણ ઝડપ સાથે, 18 મહિનાના ટૂંકા ગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું હતું.

"જાણવું છે, આપણે શા માટે આટલું સારું કરી રહ્યા છીએ?" તેણે પૂછ્યું. પૂર્વીય આકાશમાં ભાગ્યે જ દેખાતા નિસ્તેજ ચંદ્ર તરફ ઈશારો કરીને તેણે કહ્યું, “લોકો હજારો વર્ષોથી જ્યાં જવાના માત્ર સપના જોવે છે, અને આપણે તે ખરેખર કરવા જઈ રહ્યા છીએ!”

તે એક નિર્વિવાદ સત્ય છે કે યોગ્ય મોટું મિશન વ્યક્તિને સૌથી વધુ પ્રેરણા આપે છે. તે વ્યક્તિની છુપાયેલી શક્તિઓને જગાડે છે, અને તેને તમામ પ્રકારના બલિદાન માટે સક્ષમ બનાવે છે. તે વ્યક્તિને બહુ ઓછા સમયમાં ઉચ્ચ પ્રદર્શનકાર (ટોપ પર્ફોર્મર) બનાવે છે.

મિશન વગરનો માત્ર સુવિધાઓથી સંપન્ન વ્યક્તિ બહુ ઝાઝા પ્રયત્નો કરતો નથી, ના તો સપનાઓ જુએ છે કે ના તો કશું સર્જનાત્મક કરે છે. તેમજ જો આપણે ડરનું વર્ચસ્વ ધરાવતા હોઈશું તો પણ આપણે કશું પ્રાપ્ત કરી શકતા નથી.

## અપેક્ષા કરતાં પણ વધુ

લી આઇકોકાનો જન્મ 1924 માં ખૂબ જ ગરીબ ઘરમાં થયો હતો, જેઓ રોજગારની શોધમાં ઇટાલીથી અમેરિકા સ્થળાંતર થયા હતા. આઇકોકાએ શિક્ષણ માટે સખત મહેનત કરી અને એન્જિનિયરિંગમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી. અભ્યાસ પૂરો કર્યા પછી, તેને ફોર્ડ કંપનીમાં નોકરી મળી. ફોર્ડ કંપનીના પ્રમુખ બનવા સુધી તેને સતત પ્રમોશન મળતા રહ્યા. ત્યારબાદ તેને હેનરી ફોર્ડ સાથે મતભેદો થયા અને પરિણામે 1978માં તેણે ફોર્ડ કંપની છોડવી પડી.

ત્યારબાદ આઇકોકાને બીજી કંપની - ક્રાઇસ્લર કોર્પોરેશનમાં પ્રમુખ તરીકે નિયુક્તિ મળી. આ કંપની તે સમયે

નાદાર હતી. આઇકોકાએ સતત ત્રણ વર્ષ સુધી ખૂબ જ સખત મહેનત કરીને કંપનીની પરિસ્થિતિ બદલી નાખી. તે હવે ગર્વથી કહે છે: "હું જ કંપની છું." તેની આત્મકથામાં, તેઓએ એન્ટરપ્રાઇઝના સફળ સંચાલનમાં અવલોકન કરવા જેવી ઘણી મહત્વપૂર્ણ બાબતો અને અમૂલ્ય અનુભવો લખ્યા છે. એમાનું એક આવું છે: “સફળતાની ચાવી એ માહિતી નથી. પરંતુ લોકો છે. અને ટોચના મેનેજમેન્ટની જગ્યાઓ ભરવા માટે હું એ પ્રકારના લોકો જ શોધું છું, જેઓ આતુર અને મહત્વાકાંક્ષી ઘોડાઓ હોય. આ એવા યુવાનો હોય છે, જેઓ અપેક્ષા કરતાં વધુ આપવાનો પ્રયાસ કરે છે. (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, સપ્ટેમ્બર 22, 1985)

કોઈપણ કાર્ય માટે અપેક્ષાઓ કરતાં પણ વધારે આગળ જવું એ નિષ્ઠાવાન અને શિક્ષિત વ્યક્તિની સ્પષ્ટ નિશાની છે. જેઓ આ રીતે કામ કરે છે, તેઓ પોતાની ધારેલી કરતાં પણ વધુ સફળતા પ્રાપ્ત કરવા માટે બંધાયેલા છે.

## સફળતાની કિંમત

એકવાર એક વિદ્યાર્થીના વાલીએ શાળાના આચાર્યને ફરિયાદ કરી કે શાળાનો અભ્યાસક્રમ એટલો લાંબો છે કે વિદ્યાર્થીઓએ તેના અભ્યાસ માટે ઘણો લાંબો સમય ખર્ચવો પડે છે. પ્રિન્સિપાલે જવાબ આપ્યો: “આ સમસ્યાનો ઉકેલ ખૂબ જ સરળ છે. તમે પોતે જ ટૂંકો અભ્યાસક્રમ તૈયાર કરી દો. વાત એમ છે કે અભ્યાસમાં કેટલો સમય આપવો એ તમે વિદ્યાર્થી માટે કયા

સ્તરનું શિક્ષણ આપવા ઈચ્છો છો, તેના પર નિર્ભર કરે છે!" એક ઓક-વૃક્ષ ઉગાડવામાં કુદરતને સો વર્ષ લાગે છે, જ્યારે કે કાકડી જેવી શાકભાજી ઉગાડવામાં તેને માત્ર છ મહિના જ લાગે છે. જો તમારે નીચલા સ્તરનું શિક્ષણ જોઈતું હોય, તો માત્ર થોડાં વર્ષોનું શિક્ષણ પૂરતું છે. પરંતુ ઉચ્ચ સ્તરના શિક્ષણના માટે તો અભ્યાસ પર વધુ સમય પસાર કરવો જ પડે.

જીવનની તમામ સમસ્યાઓ માટે આ જ નિયમ લાગું પડે છે. ઓછા પ્રયત્નોથી પ્રગતિ પણ ઓછી જ થાય છે. પરંતુ જો તમારે ભવ્ય સફળતા હાંસલ કરવી હોય, તો પછી તમારે સખત પુરુષાર્થ કરવો જ પડશે. એ ખાલી થોડાંક પ્રયત્નો કરી લેવાથી મળી જશે નહીં.

શ્રી હેરોલ્ડ શેરમેને આ જ વાત કહી છે: દરેક સિદ્ધિની એક ચોક્કસ કિંમત હોય છે: તમે તેને પ્રાપ્ત કરવા માટે ધીરજ, વિશ્વાસ અને સહનશીલતા સાથે સખત મહેનત અને બલિદાન તરીકે કેટલું ચૂકવવા માટે તૈયાર છો?

બજારમાં વ્યક્તિને એ જ મળે છે, જેની તે ચૂકવણી કરે છે. તેવી જ રીતે, દરેક બઢોતરી, પ્રગતિ, અને સફળતાની પોતાની એક કિંમત હોય છે, અને વ્યક્તિ ફક્ત તો જ સફળતા કે  પ્રગતિ પામી શકે, જો તેના માટે વ્યક્તિએ પૂરતી મહેનત કરી હોય; આના સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી!

# કંઈક મોટું હાંસલ કરવું હોય તો

એક અંગ્રેજ કવિએ એકવાર કહ્યું હતું: "જેને કંઈક મોટું હાંસલ કરવું હોય, તે વ્યક્તિ એવા સમયે પણ કામમાં રચ્યોપચ્યો રહે છે, જ્યારે સામાન્ય વ્યક્તિઓ સૂતા હોય છે!"

આનો અર્થ એ છે કે ખરેખર સફળ વ્યક્તિઓ માત્ર કામના કલાકો દરમિયાન જ કામ કરતા હોતા નથી, પરંતુ તેઓ અન્ય નવરાશના સમયમાં પણ કામ કરવાનું ચાલુ રાખે છે, જ્યારે બીજા સામાન્ય લોકો આરામ ફરમાવતા હોય છે. તેઓ સામાન્ય લોકો કરતાં વધારે દોડે છે. આના લીધે જ તેઓ અન્યો કરતાં વધારે સફળતા મેળવે છે. વાસ્તવિકતા એ જ છે કે મોટી સફળતા એ સખત અને સતત પ્રયત્નોનું જ પરિણામ છે.

એકવાર ભારતના પ્રખ્યાત વૈજ્ઞાનિક અને નોબેલ પારિતોષિક વિજેતા, ડો. સી. વી. રામનને કોઈએ ટોણો માર્યો કે મોટાભાગની વૈજ્ઞાનિક શોધો આકસ્મિક રીતે જ થતી હોવાથી મહત્વપૂર્ણ શોધોનો શ્રેય વૈજ્ઞાનિકોને દેવાની જરૂર નથી. ડો. રામને જવાબ આપ્યો: "હા, પણ આ પ્રકારની આકસ્મિક ઘટનાઓ પણ માત્ર વૈજ્ઞાનિકો સાથે જ થતી હોય છે!"

દાખલા તરીકે, વૈજ્ઞાનિક જ્યારે તેની પ્રયોગશાળામાં સંશોધનો કરતો હોય છે - તે દરમિયાન જ વીજળીની શોધ થાય

છે. સંશોધન દરમિયાન જ અચાનક કંઈક ચમકારો થાય છે, અને ત્યારે વૈજ્ઞાનિક તેની ચકાસણી અને પુષ્ટિ કરે છે. આનાથી એવું સાબિત થાય છે કે નવી શોધો અચાનક થાય છે, એ વાત સાચી, પણ તે એવી વ્યક્તિ સાથે જ થાય છે, જે તેની તપાસ અને સંશોધનમાં સતત ગૂંથાયેલી હોય છે. નવરા બેઠેલા વ્યક્તિને આવું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી.

જીવનના અન્ય તમામ પ્રકારના ક્ષેત્રોમાં પણ સફળતા માટેનું સત્ય આ જ છે. જે વ્યક્તિ તેના કામમાં વ્યસ્ત રહે છે, દિવસ-રાત મહેનત કરે છે, તેને જ વધુ સફળતા મળે છે. કામ કરતાં-કરતાં અચાનક કોઈ તક તેની સામે આવે છે, જેનો લાભ ઉઠાવીને તે આગળ વધે છે. આ તક કોઈપણ જાતની પૂર્વ-સૂચના વિના અચાનક જ સામે આવી જાય છે. કોઈપણ વ્યક્તિ કે જે દિવસે કામ કરતો હોય, પરંતુ રાત્રે આળસુ બની રહે, તો પછી તે એવી કોઈપણ તકનો લાભ લઈ શકતો નથી, જે રાત્રે તેની સામે રજૂ થતી હોય છે.  તેવી જ રીતે, જે વ્યક્તિ રાત્રે કામ કરતો હોય, પણ દિવસ દરમિયાન આળસુ બની રહે, તે દિવસના સમયે તેની સામે રજૂ થતી કોઈપણ તકનો લાભ લઈ શકતો નથી.  આમ, મોટી સફળતા હંમેશા લાંબા સંઘર્ષ પછી જ પ્રાપ્ત થાય છે. ઉચ્ચ ધ્યેયો હાંસલ કરવાનો આના સિવાય બીજો કોઈ રસ્તો નથી.

# મૂશ્કેલીનું સંચાલન

ઘણા સમય પહેલા, એક સફળ વ્યક્તિનું ઉત્તમ ઉદાહરણ આપી શકાય એવી એક ઘટના મેં  મેં સાંભળી હતી. એક બાર વર્ષનો છોકરો, એક દિવસ સાંજે કંઈક ખાવાની આશામાં દોડતો-દોડતો ઘરે આવ્યો. તેને અતિશય ભૂખ લાગી હતી. તેની મમ્મીએ તેની સામે ઉદાસીન નજરે જોયું. "બેટા! તને આપવા માટે મારી પાસે કંઈ નથી!" તેણીએ કહ્યું. "ઘરમાં ખાવા માટે કંઈ નથી, અને મારી પાસે કંઈ લેવા માટે પૂરતા પૈસા પણ નથી!" તેણીની આંખમાંથી નિરાશાના આંસુઓ વહેવા લાગ્યા. તેણીનો પતિ એક રોજીંદો મજૂર અને ગરીબ માણસ હતો, ઘણા દિવસો વીતી ગયા હોવા છતાં, તેને એક કામ સુદ્ધાં મળ્યું ન હતું. ઘરમાં દરેક વ્યક્તિ ભૂખી હતી.

છોકરાએ એક ક્ષણ માટે વિચાર કર્યો, પછી પૂછ્યું, "મમ્મી, તારી પાસે પચીસ પૈસા પણ નથી?", "એટલા તો છે મારી પાસે!" તેણીએ કહ્યું, "પણ આખા ઘર માટે પચીસ પૈસાનું શું આવશે?" પુત્રએ તેણીને ચિંતા ન કરવાનું કહ્યું, અને તેણી પાસે રહેલા છેલ્લા સિક્કાની માંગણી ચાલુ રાખી. તેની સાથે ધડ કરવાનો કોઈ મતલબ જણાતો ન હોવાથી, તેણીએ કંટાળીને છેલ્લો સિક્કો છોકરાના હાથમાં પકડાવી દીધો. ચહેરા પર ચોક્કસ નિર્ધારના ભાવ સાથે છોકરો બહાર દોડી ગયો.

બહાર નીકળતી વખતે તે પીવાના પાણીની ભરેલી એક ડોલ, અને ગ્લાસ લેતો ગયો, અને નજીકની દુકાનમાંથી એક બરફનો ટુકડો ખરીદ્યો, જેને ડોલમાં નાખીને પાણી ઠંડું કર્યું. પછી

સીધો તે નજીકના સિનેમા-ઘરની ટિકિટ-બારી પાસે જતો રહ્યો, જ્યાં લોકો ગરમીના પરસેવો પાડતાં ટિકિટ ખરીદવાની લાઈનમાં ઊભા હતા. તેણે ચાલતાં-ચાલતાં બૂમો પાડવાનું શરૂ કર્યું, "પાણી! ઠડું પાણી!", તરત જ ભીડમાં ઉભેલા લોકોનું ધ્યાન તેના તરફ ગયું. તરસ્યા લોકો કૃતજ્ઞતાપૂર્વક તેની પાસેથી ઠંડુ પાણી ખરીદવા લાગ્યા. અમુક દયાળુ આત્માઓએ તેની કિંમત કરતાં પણ વધુ પૈસા આપ્યા. મળેલી કમાણીમાંથી ફરીથી તેણે થોડો વધુ બરફ ખરીદ્યો, પાછો ગયો, અને વધુ ઠંડુ પાણી વેચ્યું. જ્યાં સુધી આખી લાઈન અદ્રશ્ય ના થઈ ગઈ, ત્યાં સુધી તેણે આવું સતત ચાલુ રાખ્યું. આટલા સમયમાં તેણે પંદર રૂપિયા કમાઈ લીધા હતા, જેનાથી તે એક વિજેતાની જેમ તેની મમ્મી પાસે પાછો ફર્યો.

બસ ત્યારથી, તેણે દરરોજ કંઈક ને કંઈક વસ્તુ આવી રીતે વેચવાનું શરૂ કર્યું. સવારના સમયે શાળામાં ભણવા, અને સાંજે પૈસા કમાવા જવા લાગ્યો. તેણે આને દસ વર્ષ સુધી જાળવી રાખ્યું, કોઈકને કોઈક રીતે ભણવાનું મેનેજ કરીને સાથે-સાથે ઘરનો ખર્ચ ઉઠાવતો રહ્યો.

હવે તેનું ભણતર પૂરું થઈ ગયું છે. 850 રૂપિયાના સારા માસિક વેતન પર નોકરી મળી ગઈ છે, અને આજે પણ, સાંજના સમયે ધંધે જવાનું ચાલું છે. તેની સખત મહેનતના પરસેવામાંથી રળેલા રૂપિયાથી તે પોતાના કુટુંબ માટે એક નવું મકાન પણ બનાવી શક્યો. આજે તેના પડોશીઓ, મિત્રો અને સંબંધીઓ તેને

માન આપે છે, અને તેના માતાપિતા ખૂબ દુઆ-આશીર્વાદ આપે છે.

આવી રીતે, મુશ્કેલ સંજોગોનો સફળતા માટે પ્રેરણા તરીકે ઉપયોગ કરી શકાય છે. કઠિન અને કઠોર સમય માણસને હતાશામાં ડૂબાડવા માટે નહીં, પરંતુ તેનામાં નવા ચોક્કસ નિર્ધારની ભાવના જન્માવવા માટે આવે છે. ખરેખર મહત્વની બાબત એ છે કે જીવનમાં એક યોગ્ય શરૂઆત કરવી જરૂરી છે, મહત્વની વાત એ છે કે હિંમત કરીને એક પહેલું ડગલું માંડવું. જ્યારે તમે એક યોગ્ય બિંદુએથી તમારી સફર શરૂ કરવામાં સફળ રહેશો, પછીનું દરેક પગલું તમારા માટે પ્રગતિ સમાન હશે. ત્યારબાદ, કંઈપણ તમને તમારા ધ્યેય સુધી પહોંચતા રોકી શકશે નથી. સફર શરૂ કરવા માટે ફક્ત "પચીસ પૈસા" પૂરતા છે - જે ચોક્કસપણે બધા માટે શક્ય છે. આવી સફર, સફળતાના દ્વાર સિવાય બીજે ક્યાંય લઈ જતી નથી.

## તમારા વ્યક્તિત્વને આકાર આપો

ઈશ્વરે લાકડું બનાવ્યું, પણ હોડીઓ ના બનાવી. તેણે પૃથ્વી પર લોખંડ મૂક્યું, પણ તેને યંત્રોનું રૂપ ના આપ્યું. તેણે એલ્યુમિનિયમ બનાવ્યું, પરંતુ તેનાથી જહાજો બનાવવાનું કામ તેણે હાથ ના ધર્યું. આનું કારણ શું છે? કારણ એ જ છે કે ઈશ્વર ઇચ્છે છે કે આ બીજા તબક્કાનું કામ માણસ કરે. એક તરફ ઈશ્વરે કાચી સામગ્રીઓ બનાવી, અને બીજી બાજું, તેણે માણસને તેનો

ઉપયોગ કરવા માટે અક્કલ અને બુદ્ધિ આપી. હવે, ઈશ્વર ઈચ્છે કે માણસ આ કાચી સામગ્રીઓને યંત્રોમાં રૂપાંતર કરે; આકારહીન પદાર્થોને આકાર આપે.

કુદરતી સંસાધનો આવી જ રીતે સંસ્કૃતિના નિર્માણની સેવામાં ગોઠવવામાં આવ્યા છે. માણસનું પણ આવું જ છે. ઈશ્વરે માણસને શ્રેષ્ઠ આકાર અને વ્યક્તિત્વ આપ્યું છે. પ્રકૃતિના સ્તરે, તેણે માણસને અસ્તિત્વનું શ્રેષ્ઠ સ્વરૂપ આપ્યું છે. આ માનવ-વ્યક્તિત્વ તેના પ્રારંભિક સ્વરૂપમાં એક પ્રકારનો કાચો માલ હોય છે. હવે, ઈશ્વરે આપેલી આ અમૂલ્ય વસ્તુને માણસે પોતે નવો આકાર આપવાનો છે. આ કામ પોતાની પ્રકૃતિના કોરા-ખાલી પાનાઓને ભરવા જેવું છે. આ માણસની પરીક્ષા છે. તેનું ભવિષ્ય આ પરીક્ષાની સફળતા કે નિષ્ફળતા પર નિર્ભર છે. માણસ માટે જરૂરી છે કે તે પોતાની ચેતનાઓને અનુભૂતિઓમાં ઘડે; પોતાની ભાવનાઓને ઈશ્વરના સ્મરણમાં રૂપાંતરિત કરે; જેથી કરીને તેના કર્મોમાં દિવ્ય લાક્ષણિકતાઓ પ્રગટ થાય. તેણે પોતાની જાતને અંતિમ શ્વાસ સુધી ઈશ્વરનો સેવક/સેવિકા બનાવવી જોઈએ.

કોઈપણ જીવ, માતાના ગર્ભમાંથી એક વખત બહાર આવી જાય, પછી તેના વ્યક્તિત્વને આકાર આપવાની જવાબદારી તેની પોતાની છે. માણસ વાણી-શક્તિ સાથે જન્મે છે. હવે, આ વાણી-શક્તિનો ઉપયોગ સત્યની સ્વીકૃતિ માટે કરવો, એ તેની પોતાની જવાબદારી છે.

સત્યનો અસ્વીકાર કરવા ખાતર, વાણીની આ શક્તિનો દુરુપયોગ કરવાથી દરેકે બચવું જોઈએ. માણસને તેના જન્મસિદ્ધ અધિકાર તરીકે ઉચ્ચ ક્ષમતાઓથી સંપન્ન કરવામાં આવ્યો છે. આમાંથી ઘણા લોકો તેનો ઉપયોગ માત્ર તત્કાળ ક્ષણિક લાભો માટે જ કરે છે, જ્યારે કે તેનાથી વિપરીત, બીજા લોકો તેમની આ ક્ષમતાઓને ઉમદા હેતુઓ માટે સમર્પિત કરે છે. ઈશ્વરની કૃપાથી, તેની વિશાળ પ્રકૃતિમાં બધાનું અસ્તિત્વ છે. એમાંના કોઈક કાંટાઓ ઉગાડે છે, તો અન્ય કોઈક ફૂલો ઉગાડે છે.

## બદલાની આગ

એક પ્રખ્યાત બ્રિટિશ મનોવૈજ્ઞાનિકના અવલોકન અનુસાર: “નફરતનું કાર્ય એસિડ જેવું હોય છે. તે જે પદાર્થ પર રેડવામાં આવે, એના કરતાં પણ વધારે નુકશાન, તેનો સંગ્રહ કરતાં પાત્રને કરે છે!"

જો તમે કોઈને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી તેમના પ્રત્યે દ્વેષ રાખશો, તો તમારા પોતાના હૃદયમાં જ નફરતની આગ પ્રજ્વલિત થશે, જે દિવસે ને દિવસે ભડકતી જશે. અને, તે સામેવાળી વ્યક્તિને ત્યારે જ અસર કરશે, તમે માત્ર ભૌતિક અર્થમાં નુકશાન પહોંચાડવામાં સફળ થશો. પરંતુ બીજાનું નુકશાન, તમારી ઈચ્છા મુજબ થવું એ બહુ દુર્લભ વસ્તુ છે.

નફરતના પ્રભાવ હેઠળ કરવામાં આવતા આવા આયોજનો મોટાભાગે નિષ્ફળ નીવડે છે.

નફરતથી બળતી વ્યક્તિ દરેક પરિસ્થિતિમાં આ બેમાંથી એક સજાનો સતત અનુભવ કરે છે. પહેલા, જ્યાં સુધી તેનો બદલો લેવામાં સફળ ના થાય સુધી બદલાની આગમાં બળે છે, અને કદાચ - બદલો લેવામાં સફળ થાય તો - ત્યારબાદ, તેનો અંતરાત્મા તેને ડંખે છે. પોતાના શત્રુની હત્યા કરનાર વ્યક્તિ, હંમેશ માટે, પોતાના જ મનની શાંતિની હત્યા કરી નાખે છે. બદલો લેવાના તેના જુવાળમાં, તેની મૂળ માનવીય લાગણીઓ દબાઈ જાય છે, પરંતુ, તેના દુશ્મન પર સફળતા પ્રાપ્ત કર્યા પછી, બદલાની આગ ઠંડી પડી જાય છે - અને ત્યારબાદ, તેનો અંતરાત્મા જાગે છે, અને તેને કંઈક ખોટું કર્યું હોવાને કારણે, જીવનભર પ્રહારો કરતું રહે છે.

એક ફોજદારી બચાવ વકીલે મને કહ્યું કે તેને વારંવાર હત્યાના આરોપી ગુનેગારોની મુલાકાત થતી હોય છે. પરંતુ, તેણે જીવનભર જેટલાં હત્યારાઓ જોયા, તેઓ બધા અપરાધભાવ સાથે જીવતા હતા. જુસ્સાના આવેશમાં આવીને તેઓ ખૂન તો કરી નાખે છે, પરંતુ જેવો કે જુસ્સો શાંત પડે છે, ત્યારે તેમના મન-હૃદય તેમને દોષિત ઘોષિત કરતાં અશાંત થઈ જતાં હોય છે. દરેક ગુનેગારની આવી હાલત થાય છે. કોઈપણ ગુનેગાર પોતાની જાતને પોતાની જ લાગણીઓથી મુક્ત કરી શકતો નથી. ગુનો કર્યા પછી, દરેક ગુનેગારનું મન એક માનસિક જેલ બની જાય છે,

જેમાં તે અવિરત પીડા ભોગવે છે. કોઈપણ નકારાત્મક પ્રવૃત્તિની દેખીતી દિશા ભલે અન્યોની વિરુદ્ધ જણાતી હોય, પરંતુ હકીકતમાં એ પોતાના વિરુદ્ધ જ નિર્દેશિત થાય છે. નકારાત્મક પ્રવૃત્તિનું પરિણામ અન્ય સુધી પહોંચે કે ન પહોંચે, પરંતુ તેનું નુકસાન પોતાના સુધી જરૂર પહોંચે છે.

સકારાત્મક વ્યક્તિત્વ કેળવવા માટે વ્યક્તિએ બીજાઓ પ્રત્યે સંપૂર્ણપણે નફરતથી મુક્ત બનવું પડે છે.

## બેવડા ધોરણનો નમૂનો

સર રિચર્ડ ડોબસન ઈંગ્લેન્ડના સફળ ઉદ્યોગપતિ હતા. તેઓ એકત્રીસ વર્ષ માટે બ્રિટિશ અમેરિકન ટોબેકોના, અને એક વર્ષ માટે બ્રિટિશ લેલેન્ડના ચેરમેન રહ્યા હતા. બ્રિટિશ લેલેન્ડ ડબલ ડેકર બસોના ઉત્પાદન માટે જાણીતી કંપની છે. સર રિચર્ડ ડોબસન, લંડનના પોશ વિસ્તાર, રિચમંડના માર્ચમોન્ટ રોડ પર રહેતા હતા. જે એકદમ શાંત વિસ્તાર છે, અને ત્યાં માત્ર અબજોપતિઓ જ રહે છે. એક વખત એવું થયું કે રિચમંડ વિસ્તારના એક રોડ પર સમારકામ ચાલી રહ્યું હોવાથી, ત્યાંથી નિયમિતપણે પસાર થતી બસ નંબર 65ને કામચલાઉ ધોરણે, માર્ચમોન્ટ રોડ તરફ વાળવી પડી. સર રિચર્ડ ડોબસનને, તેમના ભવ્ય હવેલીની નજીકથી બસનું આ રીતે પસાર થવું બિલ્કુલ ગમ્યું

નહીં,  તેમણે ખાસ કરીને બસમાંથી નીકળતા ધૂમાડા સામે વિરોધ નોંધાવ્યો.

ધ ગાર્ડીયને સર રિચર્ડ ડોબસનના વિરોધ પત્રને ટાંક્યો હતો, અને લંડનના તેમના એક અખબારમાં પ્રકાશિત પણ કર્યો:

"ડીઝલ ઇંધણની માત્ર ગંધ પણ અહિતકારી અને સ્વાસ્થ્ય માટે જોખમી છે*!"*

સર રિચર્ડ ડોબસન સિગારેટ અને બસો પર આધારિત બિઝનેસ ચલાવતા હતા. બંને ધંધાઓ  ભરપૂર ધુમાડો ઉત્સર્જીત કરે છે, અને હવાને પ્રદૂષિત કરે છે. ધુમાડા ઓકતા ધંધાઓમાં તેમણે આખી જીંદગી કાઢી નાખી. જ્યાં સુધી આ ધુમાડો બીજા લોકોના ઘર સુધી પહોંચતો હતો, ત્યાં સુધી તેમને તેની હાનિકારક અસરનો ખ્યાલ ના આવ્યો, અને પછી ધુમાડો અચાનક જ્યારે તેમના ઘરે પહોંચ્યો, ત્યારે તેઓ ગુસ્સે થઈ ગયા.

એ વાતમાં કોઈ બેમત નથી કે બેવડા ધોરણો અપનાવવા એ માણસની સૌથી મોટી હલકાઈ છે. આ વાત દરેક વ્યક્તિને લાગું પડે છે, જેઓ પોતાના અને બીજાઓ માટે અલગ-અલગ ધોરણો બનાવે-વિકસાવે છે.

ઉચ્ચ નૈતિક પાત્ર માટે જરૂરી છે કે આપણે આપણા માટે પણ એ સમાન ધોરણો જ અપનાવીએ, જે આપણે બીજાઓ માટે નક્કી કરતાં હોઈએ છીએ.

## સંતોષપૂર્ણ જીવન

એક વ્યક્તિએ પોતાની કારકિર્દી એક સામાન્ય નોકરીથી શરૂ કરી હતી, આજે તે એક મોટી પેઢીનો માલિક છે. તેણે એક મીટિંગમાં એકવાર આવું કહ્યું હતું: “જ્યારે હું 200 રૂપિયાની આવક વાળી નોકરી કરતો હતો, ત્યારે હું મારી જાતને 100 રૂપિયાને લાયક ગણતો હતો. આજે જ્યારે મારો બિઝનેસ 2 કરોડ સુધી પહોંચી ગયો છે, ત્યારે હું મારી જાતને 1 કરોડનો જ માનું છું." ધર્મની ભાષામાં સંતોષ આનું નામ છે. આ પ્રકારનો સંતોષ વ્યક્તિગત તેમજ સામુદાયિક બાબતો સાથે સંબંધિત છે.

ઉપરોક્ત વ્યક્તિએ, જે વિધાન નિષ્ઠાપૂર્વક ઉચ્ચાર્યું એ જીવનની તમામ સફળતાઓનું રહસ્ય છે. મોટાભાગની પરિસ્થિતિઓમાં, વ્યક્તિનું અસફળ રહેવાનું કારણ એ છે કે તે પોતાને, હકીકતમાં હોય તેના કરતાં વધુ મૂલ્યવાન માને છે. તે પોતાની પ્રતિભા કરતાં વધારાની અપેક્ષા રાખે છે, અને તેનાથી ઓછામાં સંતુષ્ટ રહેવાને બદલે વધુ મેળવવા પાછળ ભાગે છે. જો વ્યક્તિ ઉપરોક્ત ઉદ્યોગપતિના સિદ્ધાંતોનું પાલન કરે, તો તેને ક્યારેય નિષ્ફળતાનો ભોગ બનવું પડતું નથી. જો કોઈ વ્યક્તિ,

પૈસા ઉડાડવા માટે સક્ષમ હોય, તેમ છતાં કરકસરનો સિદ્ધાંત અપનાવે છે, તો તે ક્યારેય આર્થિક સંકટનો ભોગ બનતો નથી.

માણસ પાસે દોડવાની તાકાત હોવા છતાં, ધીમી ગતિએ ચાલવાથી તે સફરમાં જલ્દી થાકી જવાથી બચે છે. જે પોતાના વિરોધીને નુકશાન પહોંચાડવાની તાકાત રાખતો હોવા છતાં, તેની સાથે ધૈર્યપૂર્ણ વર્તાવ કરે, તે ક્યારેય વિરોધી સામે હારતો નથી. એવું નોંધાયું છે કે ટૂંકા-ગાળાના લાભોનું બલિદાન આપવાથી લાંબા-ગાળાના હિતો પ્રાપ્ત કરી શકાય છે.

નિઃશંકપણે, આ સફળતાનો ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. પરંતુ માત્ર તેઓ જ આ સિદ્ધાંતને અનુસરી શકે છે, જેઓ હંમેશા પરિણામોનો પૂરેપૂરો વિચાર કર્યા પછી જ પગલાં લેતા હોય છે. જેઓ આવેગપૂર્વક પ્રતિક્રિયાઓ આપવા ટેવાયેલા છે, તેઓ માટે આ સિદ્ધાંતને અનુસરવું એ તેમની તાકાત બહારની વાત છે.

## દિલ જીતી લેતી સંપત્તિ

1828 થી 1835 દરમિયાન ભારતમાં બ્રિટિશ ગવર્નર જનરલ, લોર્ડ વિલિયમ બેન્ટિંક, આગ્રાના તાજમહેલને તોડી પાડવાનો આદેશ આપનાર મૂર્ખ વ્યક્તિ તરીકેની ગંદી યાદ ધરાવે છે - એક એવો આદેશ કે જેનો, સદભાગ્યે, તેઓ ક્યારેય અમલ

કરી શક્યા નહીં. આ બાબત સદીના અંતમાં, તત્કાલિન વાઈસરોય લોર્ડ કર્ઝન દ્વારા જાહેર કરવામાં આવી હતી. લોર્ડ કર્ઝનના વર્ણન પ્રમાણે, ઈસ્ટ ઈન્ડિયા કંપની ખૂબ જ મૂશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી, લોર્ડ બેન્ટિંકને એવું સૂચન કરવામાં આવ્યું હતું કે તાજના વેચાણથી રૂ. 100,000 પ્રાપ્ત થઈ શકશે —જે કંપનીને તેની નાણાકીય કટોકટીમાંથી બહાર કાઢવા માટે પૂરતી રકમ છે. પરંતુ, કોઈપણ રીતે કંપનીના ઈરાદાના સમાચાર ચોમેર ફેલાઈ ગયા, અને આવા પગલાનો સખત વિરોધ થયો. આનાથી લોર્ડ બેન્ટિંક ગુસ્સે ભરાયા, તેથી તેમણે વધારે એક ડગલું આગળ માંડીને તાજના સંપૂર્ણ વિનાશનો આદેશ આપી દીધો. પરંતુ, શાહી આદેશનો વિરોધ પણ વધ્યો, હિંદુઓ અને મુસ્લિમો બંનેએ એકજૂટ થઈને વિરોધનો એક વિશાળ અવાજ બનાવ્યો. જો તાજને નષ્ટ કરવામાં આવશે તો મોટાપાયે બળવો થશે, આવા ભયને લીધે ગવર્નર જનરલના સલાહકારોએ લોર્ડ બેન્ટિંકને આદેશ પાછો ખેંચી લેવા માટે મનાવ્યા.

તાજમહેલને બચાવવામાં પ્રથમ અને મહત્વની ભૂમિકા લોકોની નહોતી, પરંતુ તાજમહેલની પોતાની સુંદરતાની વધારે હતી. જો તાજમહેલ પોતે જ એટલો સુંદર ન હોત, તો તેને લોકોનું આટલું જબદરસ્ત સમર્થન મળત જ નહીં; તેને તોડી પાડવાની બ્રિટિશ સરકારની યોજનાઓને નિષ્ફળ બનાવવા માટે હિન્દુ-મુસ્લિમો એક જ ના થયા હોત.

જો તાજમહેલના નિર્માતાઓ પોતાની જાતના નિર્માણ-કાર્યમાં સુંદરતાનું પુનઃઉત્પાદન કરી શક્યા હોત, તો તેઓ પણ તેમની ગુણવત્તાઓના આધારે સુરક્ષિત થઈ શક્યા હોત. જેવી રીતે, કોઈ વસ્તુનો સદ્ગુણ અન્યોનું સમર્થન જીતે છે, તેવી જ રીતે માણસનો સદ્ગુણ પણ અન્યો પર એવી સમાન અસર ધરાવે છે. આવો સદ્ગુણ અજાણ્યાઓ પાસેથી પણ પ્રશંસાઓ જીતે છે. અને, દુશ્મનની છાવણીમાંથી પણ મિત્રતા જીતી લાવે છે.

તાજમહેલનો સદ્ગુણ તેની સુંદરતામાં રહેલો છે, જ્યારે કે મનુષ્યની સુંદરતા તેના સદ્ગુણી સ્વભાવમાં રહેલી છે. વ્યક્તિએ પોતાનો સ્વભાવ અન્યોને ડંખતા ઝેરીલા સાપ જેવો બનાવવો જોઈએ નહીં! માણસો કેવી રીતે એકબીજાને "ડંખ" મારતા હોય છે? અન્યોના રાજકીય અને આર્થિક હિતોને પડકારો આપીને; અન્ય લોકો સાથેના તેમના વ્યવહારમાં વારંવાર હિંસાનો આશરો લઈને; અણસમજુ, આવેગજન્ય, અને ઉશ્કેરણીજનક પ્રવૃતિઓ દ્વારા લોકોને સતત વિમુખ કરીને! વ્યક્તિનો કોઈપણ આવો "ડંખ" રૂપી ગુણધર્મ લોકો દ્વારા રદિયો પામે છે; આવો દુર્ગુણ વ્યક્તિને લોકોનો સ્નેહ જીતવાથી વંચિત રાખે છે.

એ તાજમહેલની શાંત સુંદરતા છે, જે લોકોના દિલ જીતે છે. એવી વસ્તુઓ માટે કોની પાસે સમય હોય, જેનાથી બીજાઓને માત્ર ત્રાસ થતો હોય?

# પ્રારંભિક તૈયારી

કાપડ ઉદ્યોગમાં લોકો માટે જાણીતો એક શબ્દ છે, પ્રિ-ટ્રીટમેન્ટ! બરછટ કાપડનું સુંદર અને સુઘડ ઉત્પાદન કરવા માટેની તૈયારીની પ્રક્રિયાને પ્રિ-ટ્રીટમેન્ટ કહેવાય છે.  કોઈપણ કાપડને પ્રિ-ટ્રીટમેન્ટ વગર આગળની પ્રક્રિયા માટે લઈ જઈ શકાતું નથી, કારણકે તેના વગર તેની રચનામાં સુંદરતા રહેતી નથી.

દાખલા તરીકે, કાપડને રંગવાનું હોય છે. પરંતુ રંગ ઉમેરતા પહેલા, કાપડને એકદમ ચોખ્ખું  કરવું પડે છે. કાપડની ચોખ્ખું કરવાની પ્રક્રિયા એ તેના રંગકામ માટેની "પ્રિ-ટ્રીટમેન્ટ" છે. રંગકામની તૈયારી માટે કાપડને જો અગાઉથી બરાબર સાફ ન કરવામાં આવ્યું હોય તો રંગમાંથી સ્ત્રાવ થાય છે. તદુપરાંત, પ્રિ-ટ્રીટમેન્ટ વગર કાપડ પર રંગ વ્યવસ્થિત રીતે બેસતો નથી. એક અંદાજ મુજબ, કાપડના કારખાનાઓ અથવા મિલો દ્વારા નકારવામાં આવતા 70% કાપડમાં તેના રંગકામ પહેલાની "પ્રિ-ટ્રીટમેન્ટ" માં રહી ગયેલી ખામીઓ મુખ્ય જવાબદાર હોય છે.

જેવી રીતે, કાપડ ઉદ્યોગમાં અગાઉની તૈયારી જરૂરી છે, તેવી જ રીતે માનવીય બાબતોમાં પણ તે આવશ્યક છે.  આપણે આપણી પહેલ માટે ક્યારેય સફળ નિષ્કર્ષની અપેક્ષા ના રાખી શકીએ, જો આપણે તેના માટે અગાઉથી પાયાની તૈયારીઓ ના

કરી હોય. જેવી રીતે, પ્રિ-ટ્રીટમેન્ટ વગર રંગવામાં આવતું કાપડ અસ્વીકાર્ય રહે છે, તેવી જ રીતે, પૂર્વ-તૈયારીઓ વગર લેવામાં આવેલા કોઈપણ પગલાં કે પહેલ માટે નિષ્ફળતા નિશ્ચિત બને છે.

ઉદાહરણ તરીકે, યંત્રસામગ્રી વગર સંપૂર્ણ પત્રકારત્વ અસ્તિત્વમાં આવી શકતું નથી. જો કોઈ વ્યક્તિને અત્યાધુનિક સાધનો વાપરતા આવડતું નહીં હોય, તો તે પત્રકારત્વની અત્યંત સ્પર્ધાત્મક દુનિયામાં પ્રગતિ કરી શકશે નહીં. પત્રકારત્વ માટે માત્ર પત્રકારોની ટીમ ભેગી કરવી, અને કાગળ પર પેન મૂકવી એ પૂરતું નથી; અખબારના કોલમમાં અહેવાલોને રૂપાંતરિત કરવા માટે જરૂરી મશીનરીની ઉપલબ્ધિ તેમજ તેના ઉપયોગ માટે જરૂરી તકનિકી સમજ હોવી પણ આવશ્યક છે.

રાજનૈતિક ક્ષેત્રે પણ એવું જ છે. જો કોઈપણ પક્ષને પ્રજાના મતો આકર્ષવા હોય, તો તેણે સૌપ્રથમ પોતાની જાતને એકીકૃત થઈને બતાવવું પડશે. જે પક્ષ પોતે જ અવ્યવસ્થિત હોય, લોકો કેવી રીતે તેમાં જોડાવાની અપેક્ષા રાખી શકે? ખાનગી બાબતો હોય કે પછી જાહેર જીવન હોય,  પ્રારંભિક તૈયારીની જરૂરિયાત જીવનના દરેક ક્ષેત્રમાં અનુભવાય છે. જેઓને ઉચ્ચ લક્ષ્યો હાંસલ કરવા છે, પરંતુ તેના માટે જરૂરી વ્યાપક ગ્રાઉન્ડવર્ક કરવામાં કંટાળો આવે છે; તેઓ માત્ર રેતીના કિલ્લાઓ બનાવી રહ્યાં હોય છે, અને સમયની કસોટી પર ક્યારેય ખરાં ઉતરી શકતા નથી. તેમની મહત્વાકાંક્ષાઓ હવામાં શેખચિલ્લીના મહેલો

બાંધવા જેવી હોય છે, જે જીવનની ગંભીર વાસ્તવિકતાઓથી ભરપૂર આ દુનિયાની જમીન પર ક્યારેય બાંધી શકાતા નથી.

## અધીરાઈનું પરિણામ

15 જાન્યુઆરી, 1986ના રોજ ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટે મુંબઈથી દિલ્હી માટે ઉડાન ભરી. પરંતુ માત્ર પંદર મિનિટ બાદ, વિમાન મુંબઈ એરપોર્ટ પર પાછું લેન્ડ થયું. કંઈક ટેકનિકલ સમસ્યાઓના કારણે ફ્લાઇટ અડધો કલાક મોડી શરૂ થઈ હતી, અને જ્યારે વિમાન આકાશમાં હતું, ત્યારે એક મુસાફરે, વિમાનના પાયલોટ કેપ્ટન ભટનાગરને એક ચિઠ્ઠી મોકલીને પૂછ્યું કે ફ્લાઇટ કેમ અડધો કલાક મોડી છે?

કેપ્ટને મુસાફરને કોકપિટમાં બોલાવ્યો, અને વિલંબનું કારણ સમજાવવાનો પ્રયાસ કર્યો. તેના ખુલાસાથી અસંતુષ્ટ પેસેન્જરે તેની પીઠ પર મુક્કો માર્યો અને કહ્યું: "તારા જેવા પાઇલોટ મેં બહુ જોયા છે!" (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, જાન્યુઆરી 16, 1986)

કેપ્ટન ભટનાગર સ્વાભાવિક રીતે જ આ જોઈને ગભરાઈ ગયા. તેમણે તરત જ ફ્લાઈટ પાછી ફેરવી, અને ફરી મુંબઈ એરપોર્ટ પર લેન્ડ કરી. પછી ત્યાં લાંબા સમય સુધી અરાજકતાનો

માહોલ ચાલ્યો. છેવટે, ઈન્ડિયન એરલાઈન્સના અધિકારીઓએ ફ્લાઈટ માટે બીજા પાઈલટની વ્યવસ્થા કરવી પડી.

પરિણામે, દિલ્હી જતી ફ્લાઈટ વધુ ત્રણ કલાક મોડી પડી. મુસાફર અડધો કલાકનો વિલંબ સહન નહીં કરી શકવાને લીધે, તેણે તેના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે વધુ ત્રણ કલાકના વિલંબની કિંમત ચૂકવવી પડી. એટલું જ નહીં, ઈન્ડિયન એરલાઈન્સના અધિકારીઓએ મામલાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય કમિશનની રચના પણ કરી. પેસેન્જર કદાચ પોતાને સજામાંથી બચાવી શકે, પરંતુ પોતાના સમયના વેડફાટ જેવી કિંમત ચૂકવવાથી બચી શક્યો નહીં.

અધીરાઈ ખૂબ જ નકારાત્મક પરિણામો લાવી શકે છે. તે હંમેશા ધીરજની ચૂકવણી માંગે છે.

અધીર વ્યક્તિને ઘણીવાર એવું લાગતું હોય છે કે પોતે તેના લક્ષ્યને પ્રાપ્ત કરવાના માર્ગ પર છે, જ્યારે કે વાસ્તવમાં, તે બિન-સિદ્ધિ તરફ આગળ વધી રહ્યો હોય છે. તે વિચારે છે કે તે ઝડપથી તેના ઇચ્છિત મુકામ સુધી પહોંચી રહ્યો છે, જ્યારે કે તેના અભિગમના લીધે, તે તેના લક્ષ્યથી વધુ દૂર જઈ રહ્યો હોય છે.

# શાંત રહો

અવકાશયાત્રામાં, જ્યારે અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પાછું ફરે, ત્યારનો સમય સૌથી નાજૂક અને ખતરનાક હોય છે.  દાખલા તરીકે, એપોલો-8 અવકાશયાનનો કેસ લો.  27 ડિસેમ્બર, 1985 ના રોજ કેપ્સ્યુલ નીચે અડે તે પહેલાં, તેને પૃથ્વીના વાતાવરણમાં ઝડપથી પાછા ફરવાની ગોઠવણ કરવાની હતી. પૃથ્વીના ગુરુત્વાકર્ષણને કારણે— કે જે બાહ્ય અવકાશ કરતાં સાત ગણું વધારે છે —અવકાશયાનની ગતિ ખૂબ વધી ગઈ હતી, જે ખગોળશાસ્ત્રીય માપ પ્રમાણે 39,000 કિલોમીટર પ્રતિ કલાકની હતી. આ અસાધારણ ગતિને કારણે, અવકાશયાનનું તાપમાન ભયાનક પ્રમાણમાં વધી ગયું હતું. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાની સાથે જ હવાના ઘર્ષણે અવકાશયાનને ગરમ કરવાનું શરૂ કરી દીધું હતું.  થોડાં જ સમયમાં, તે 3,300 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુધી પહોંચી ગયું, શબ્દોમાં કહીએ તો યાન ગરમીથી લાલચોળ થઈ ગયું હતું.

આટલા તાપમાનમાં કોઈ સજીવનું જીવન શક્ય નથી. તો પછી, યાનમાં સવાર ત્રણ અમેરિકન અવકાશયાત્રીઓ કેવી રીતે તેમની આસપાસ રચાયેલા જ્વલંત નર્કથી અપ્રભાવિત રહી શક્યા? તેઓ પૃથ્વી પર સુરક્ષિત રીતે પાછા ફરવામાં સફળ થયા, તેનું કારણ એ હતું કે, તેઓ જે અવકાશયાનમાં મુસાફરી કરી રહ્યા હતા તે એવી રીતે બનાવવામાં આવ્યું હતું કે, તેના આંતરિક ભાગને બહારની પરિસ્થિતિની ગંભીરતાથી કોઈ અસર ન થાય. બહાર સખત ગરમી હોવા છતાં, યાનની અંદરનું તાપમાન માત્ર

21 ડિગ્રી સેલ્સિયસ હતું. કલ્પના કરો - બહારથી 3,300 ડિગ્રી, અંદરથી 21 ડિગ્રી!

અવકાશયાત્રાના ક્ષેત્ર બહારની આ ઘટના, આપણને પૃથ્વી પરના આપણા જીવનમાં અપનાવવા જેવો એક મહત્વપૂર્ણ પાઠ શીખવે છે. જીવનમાં ઘણી વખત આપણે અત્યંત ઉગ્ર પરિસ્થિતિઓનો સામનો કરતાં હોઈએ છીએ. ત્યાં, બહારથી આગળ વધવું અશક્ય લાગે છે. આવી પરિસ્થિતિઓમાં, ટકી રહેવાનો એક જ રસ્તો છે, અને તે છે પોતાની જાતને બાહ્ય પરિસ્થિતિથી આંતરિક રીતે પ્રભાવિત ન થવા દેવાનો; પોતાની ભાવનાઓ પર અંકુશ અને લાગણીઓ પર સંયમ જાળવીને! આવું થશે તો જ વ્યક્તિ પોતાની અંદરની શાંતિ જાળવી શકશે. જો કોઈ વ્યક્તિ તેની આંતરિક સ્થિતિને બાહ્ય પરિસ્થિતિ જેટલી અત્યંત ગરમ થવા દેશે, તો તે જીવનની કટોકટીઓમાંથી બચી શકશે નહીં.  પરંતુ, જો વ્યક્તિ ખરેખર આંતરિક રીતે શાંત અને સંતુલિત રહેશે, તો તે બાહ્ય સંજોગોની આગથી બચી શકશે, અને સુરક્ષિત રીતે પોતાની મંઝિલ સુધી પહોંચી શકશે.

જો નફરત અને ક્રોધ બહારથી સામે આવે, તો વ્યક્તિએ આવી લાગણીઓને પોતાના આંતરિક અસ્તિત્વમાં પ્રવેશવા ન દેવી જોઈએ; તેના બદલે વ્યક્તિએ પોતાના હૃદયમાં ક્ષમાની લાગણી વિકસાવવી જોઈએ. જો આખું વિશ્વ અનિષ્ટ ઈચ્છતું હોય, તો પણ વ્યક્તિએ અન્ય લોકો માટે માત્ર સારી લાગણીઓ જાળવી રાખવી જોઈએ. જીવનમાં સફળ થવાનો બીજો કોઈ માર્ગ નથી.

જો કોઈ વ્યક્તિ બહારના વાતાવરણ જેવી જ લાગણીઓને અંદર પણ અપનાવે છે, તો તેના જીવનના પડકારોમાં બાદબાકીને બદલે ગુણાકાર થવાનું નિશ્ચિત છે.

## પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનની સ્વસ્થતા જાળવો

જ્યારે નેપોલિયન બોનાપાર્ટ (1769-1821) એલ્બા ટાપુ પરથી તેના પ્રથમ જેલવાસ દરમિયાન ભાગી છૂટયો, ત્યારે તેની સાથે તેના વફાદાર સૈનિકો માત્ર થોડાંક જ હતા. રાજગાદી પરથી હકાલપટ્ટી થયા બાદ, હવે તેને ફરીથી ફ્રાન્સની ગાદી પર બેસવું હતું. પરંતુ પહેલા જ મુકાબલામાં તેની સામે 20,000 ફ્રેન્ચ સૈનિકોનું લશ્કર આવીને ઊભું રહ્યું. નેપોલિયન, કે જે વિશ્વના સૌથી હિંમતવાન નેતાઓમાંનો એક માનવામાં આવે છે, તેણે તેના વિરોધીઓ સાથે સીધો મુકાબલો ટાળ્યો. તેણે પોતાની લશ્કરી નબળાઈને અવગણવાની મૂર્ખામી ના કરી. નિર્ણાયક ક્ષણે, જ્યારે તેના નાનકડાં જૂથની સામે એક પ્રચંડ મોટું સૈન્ય ઉભું હતું, ત્યારે તે સંપૂર્ણપણે નિઃશસ્ત્ર થઈને આગળ આવ્યો, અને તેના દુશ્મનો સમક્ષ એકદમ સ્વસ્થપણે ઊભો રહ્યો. પછી ખૂબ જ નિરાંતે તેણે તેના કોટનું બટન ખોલ્યું, અને તેની છાતી ઉઘાડી કરી. હવે તેણે તેની સામે ઊભેલા સૈનિકોના વિશાળ ટોળાને લાગણીભર્યા અવાજમાં સંબોધન કર્યું - જેમાંથી ઘણાએ ભૂતકાળમાં તેની આગેવાની હેઠળ સેવા આપી હતી: "તમારામાંથી કોણ તેના

પિતાની નગ્ન છાતી પર ગોળીબાર કરવા તૈયાર છે?" "કોઈ નહીં!"ની બૂમો સાથે યુદ્ધનું મેદાન ગૂંજી ઊઠ્યું.

દુશ્મન છાવણીના લગભગ તમામ સૈનિકો નેપોલિયનની બાજુમાં ધસી ગયા. જેથી લશ્કરી સંસાધનોનો પ્રારંભિક અભાવ હોવા છતાં, નેપોલિયન વિજયી થયો અને ફરી એકવાર ફ્રાન્સના સિંહાસન પર બિરાજમાન થયો. જ્યારે તે નિરાધાર પરિસ્થિતિમાં હતો, ત્યારે જો તેણે ફ્રેંચ સેન્ય સાથે યુદ્ધ કરવાનો પ્રયાસ કર્યો હોત, તો તે ચોક્કસપણે યુદ્ધભૂમિ પર કતલ કરી દેવામાં આવ્યો હોત.

વ્યક્તિના સંસાધનો ગમે તે અને ગમે તેટલા હોય, જો તેણે કોઈ પરિસ્થિતિનો અસરકારક રીતે સામનો કરવો હોય, તો તેણે તેનું યોગ્ય મૂલ્યાંકન કરવું જરૂરી છે. ભયજનક પરિસ્થિતિથી ગભરાઈને હાંફળો-ફાંફળો જતો વ્યક્તિ કાંઈ કરી શકતો નથી. જો વ્યક્તિ સ્વસ્થતા ના ગુમાવે, અને વ્યવહારું બાબતો માટે મન મોકળું રાખે તો તેના માર્ગમાં આવતાં અવરોધોને તે સરળતાથી દૂર રાખી શકે છે. અનિવાર્યપણે, તેની સફળતા, તેના માટે ઉપલબ્ધ કોઈપણ ભૌતિક અને માનસિક સામગ્રી અને સંસાધનોની સારી રીતે વિચારીને પસંદગી કરવા, તેમજ તેનો યોગ્ય ઉપયોગ કરવા પર આધારિત છે.

સંસાધનોની વ્યૂહાત્મક ઉપયોગ દ્વારા, નબળાઓએ સબળાઓ પર વિજય મેળવ્યાના કિસ્સાઓથી ઇતિહાસ ભર્યો પડ્યો છે. આવી સફળતા માટેનું કારણ શોધવા બહુ દૂર જવાની

જરૂર નથી: ઘણીવાર દુશ્મન જેટલો દેખાતો હોય એટલો મજબૂત હોતો નથી. દરેક વ્યક્તિની પોતાની નબળાઈઓ હોય છે. તે ફક્ત તેને શોધવાનો અને પછી નીડરતાપૂર્વક તેનો ઉપયોગ કરવાનો પ્રશ્ન છે. જેમ નેપોલિયને ફ્રેન્ચ સૈનિકોની પોતાની જાત પ્રત્યેની જૂની અને લાગણીશીલ વફાદારીનો ઉપયોગ કર્યો - એ તેનો એકમાત્ર મુખ્ય આધાર હતો - તેવી જ રીતે સામાન્ય વ્યક્તિઓ તેમના દુશ્મનોની નબળાઈનો લાભ ઉઠાવી શકે છે, જેથી કરીને તેઓ બંને પક્ષો માટે નુકશાન હોય તેવા ઘર્ષણને ટાળીને શાંતિથી પોત-પોતાના હેતુઓ સિદ્ધ કરી શકે.

## ટીકાનો જવાબ

હિન્દીમાં એક કહેવત છે: "જે શબ્દોના પ્રહારો સહન કરી શકે છે, તે મારા ગુરુ છે, અને હું તેનો સેવક છું!"

બીજા શબ્દોમાં કહીએ તો, આવી કુશળતા ધરાવતો માણસ એક મહાન નેતા બનવા માટે યોગ્ય છે.

એક અંગ્રેજી કહેવત ચાલે છે: "લાકડીઓ અને પત્થરો મારા હાડકાં તોડી શકે છે, પરંતુ શબ્દો  મને તોડી શકશે નહીં!"

હકીકતમાં, શબ્દો ક્યારેય શારીરિક ઘાવ તો પહોંચાડતા નથી હોતા, પરંતુ તેઓ દ્વારા થયેલા પ્રહારો સહન કરવા બહુ અઘરું છે.

એક જાણીતા ભારતીય ચિંતક, શ્રી જે. કૃષ્ણમૂર્તિ (1895-1986), જેમનું 91 વર્ષની વયે અવસાન થયું હતું, તેઓ છટાદાર અંગ્રેજી બોલતા હતા અને તેમણે મોટી સંખ્યામાં અંગ્રેજી બોલતા લોકોને તેમના પ્રવચનો તરફ આકર્ષ્યા હતા. વિદેશોમાં પણ લોકો તેમના ભાષણો ખૂબ રસપૂર્વક સાંભળતા હતા. તેમ છતાં, શ્રી કૃષ્ણમૂર્તિ ઘણીવાર એક વાસ્તવિકતા પર અફસોસ વ્યક્ત કરતાં કે તેમના શબ્દો જાણે કે બહેરા કાને પડ્યા છે; કોઈ તેને અમલમાં મૂકતું નથી. મદ્રાસ ખાતેના એક ભાષણમાં, તેમણે કહ્યું કે તેઓ પચાસ વર્ષથી વિશ્વભરમાં પ્રવાસ કરી રહ્યા છે, તેમના વિચારો લોકો સુધી પહોંચાડે છે, પરંતુ કોઈએ તેમના પર ધ્યાન આપ્યું નથી. "શું હવે તમે તમારી જાતને બદલશો?" તેમણે ભરી સભાને પૂછ્યું, પછી, તેમના જ પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે ઉચ્ચાર્યું, "મારું વકતવ્ય સાંભળ્યા પછી, તમે અહીંથી પાછા જશો, પછી તમે અત્યાર સુધી જીવતા રહ્યા છો, બીજા દિવસે પાછું તેમ જ જીવવાનું ચાલુ કરી દેશો!!" આના પર પ્રેક્ષકોમાંથી એક રોષે ભરાયેલ સભ્ય ઊભો થયો અને બોલ્યો, “તમે વર્ષોથી એવું કહેતા રહો છો કે અમે તમારી કોઈ વાતને અનુસરતા નથી! તો પછી શા

માટે તમે વારંવાર તમારી જાતને દોહરાવવા આખી પૃથ્વી પર ફરો છો?" શ્રી કૃષ્ણમૂર્તિએ ખૂબ જ હળવાશથી ઉત્તર આપ્યો, "સર, તમે ક્યારેય ગુલાબને પૂછ્યું છે કે તે શા માટે ખીલે છે?"

ટીકા થવાથી વ્યક્તિ ઘણીવાર રાતોપીળો થઈ જાય છે, પરંતુ પોતાને આવી સ્થિતિમાં આવવા દેવાથી ક્યારેય કંઈપણ પ્રાપ્ત થતું નથી. એનું કારણ એ છે કે ગુસ્સાની હાલતમાં વ્યક્તિ પોતાની જાત પરનો કાબૂ ગુમાવે છે, આથી તે પ્રસંગ, સ્થાન કે સ્થિતિને શોભે નહીં તેવી રીતે પોતાની નકારાત્મક ભાવનાઓ પ્રદર્શિત કરે છે.  તેનાથી વિપરિત, જ્યારે વ્યક્તિ પોતાની લાગણીઓને સારી રીતે નિયંત્રણમાં રાખે છે, ત્યારે તેના જવાબો એટલા સ્પષ્ટપણે યોગ્ય હશે કે તે તમામ વ્યંગ કરનારાઓને શાંત કરી શકે છે.

## જોખમ અને અસુરક્ષનું શુભ

જંગલમાં, પ્રાણીઓના સમૂહ એકબીજાથી કાયમ ડરનો સામનો કરતા હોય છે. આના લીધે, તેઓ હંમેશા સજાગ રહે છે, જે તેમના અસ્તિત્વ માટે અત્યંત આવશ્યક છે. આ રીતે તેમની કુદરતી ક્ષમતાનો વિકાસ થાય છે, અને તેઓ તેમના કુદરતી સામર્થ્યમાં ઊણપ અને ઘટાડો થવાથી બચે છે. આને લીધે જ પ્રાણી અભયારણ્ય તરીકે સમર્પિત કરવામાં આવતાં મોટા ઉદ્યાનોમાં જોખમો માટે પણ અવકાશ રાખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, હરણો માટે સમર્પિત પાર્કમાં, વાઘ અથવા વરુને પણ પ્રવેશવાની મંજૂરી હોય છે, જેથી હરણો તેમના અસ્તિત્વ માટે જરૂરી સતર્કતા જાળવી રાખે. આ રીતે તેઓ હંમેશા સક્રિય અને જીવંત રહે છે, અને તેમની કુદરતી જીવંતતા જાળવી રાખે છે.

મનુષ્યનું પણ એવું જ છે. મનુષ્યમાં અસીમ ક્ષમતાઓ હોય છે, પરંતુ સામાન્ય સંજોગોમાં તે નિષ્ક્રિય સ્વરૂપમાં હોય છે, જે માત્ર પડકારનો સામનો કરવાથી જ જાગૃત થાય છે. આ હકીકત સર્વત્ર જોવા મળે છે. પડકારો વગરની સુખ-સુવિધાઓ અને સાહ્યબીમાં ડૂબેલા પરિવારો નિસ્તેજ અને લગભગ નિર્જીવ બની જાય છે. બીજી બાજુ, પડકારોથી ઘેરાયેલા પરિવારો તેમની ક્ષમતાઓનો ઉપયોગ કરવા માટે વધુ સજ્જ હોય છે.

જીવનની આવી સખત શાળામાં - વ્યક્તિ શ્રેષ્ઠ તાલીમ પામે છે, અને દ્રઢતા શીખે છે. અસુરક્ષિત પરિસ્થિતિઓમાંથી ઉદ્ભવતી સતર્કતા એ માનવ વ્યક્તિત્વના સૌથી મૂલ્યવાન ગુણોમાંનો એક છે.

ઈતિહાસ બતાવે છે કે જેણે-જેણે સફળતાના ઊંચા શિખરો હાંસલ કર્યા છે, તેણે-તેણે પરિસ્થિતિની કઠણાઈઓનો સામનો ખરેખર કરવો જ પડ્યો છે.

1831માં, એક અમેરિકન નાગરિકે ધંધામાં ઝંપલાવ્યું. 1832માં ધંધો નિષ્ફળ ગયો, તેથી તે રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ્યો, પરંતુ ત્યાં પણ તે સફળ થયો નહીં. તેણે 1834 માં ફરીથી ધંધો શરૂ કર્યો, પાછો નિષ્ફળ ગયો.

1841માં તેનું માનસિક સ્વાસ્થ્ય લથડયું. માંદગીમાંથી સાજા થયા બાદ, કોંગ્રેસના ઉમેદવાર બનવાની અપેક્ષાએ ફરીથી રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ્યો. તેની બધી આશાઓ પર પાણી ફરી વળ્યું, કારણકે ઉમેદવારોની યાદીમાં તેનું નામ ક્યાંય દેખાયું નહીં. સેનેટમાં લડવાની એક અને પહેલી તક તેને છેક 1855માં મળી, પરંતુ એ ચૂંટણીમાં પણ હારી ગયો. 1858 માં, ફરી એકવાર કોંગ્રેસની ચૂંટણીમાં ઉભા રહ્યો, અને ફરી એકવાર હારી ગયો.

આ વારંવાર નિષ્ફળ રહેનાર વ્યક્તિ બીજું કોઈ નહીં, પણ અબ્રાહમ લિંકન (1809-1865) હતા. તેમણે તેમના દેશ માટે એટલી મહાન સેવાઓ આપી હતી કે તેઓ હવે આધુનિક અમેરિકાના રચયિતા તરીકે ઓળખાય છે.

કેવી રીતે અબ્રાહમ લિંકન અમેરિકાના રાજકીય અને રાષ્ટ્રીય ઇતિહાસમાં આવડી મોટી પ્રતિષ્ઠા મેળવી શક્યા? તેઓ આટલું ઉચ્ચ પદ પર કેવી રીતે જીતી શક્યા? ડો. નોર્મન વિન્સેન્ટ

પીલના જણાવ્યા અનુસાર, તેમની સફળતા પાછળનું રહસ્ય એ હતું કે "તે હારનો સ્વીકાર કરવાનું બહુ સારી રીતે જાણતા હતા!"

વાસ્તવિકતા એ જીવનનું પરમ સત્ય છે, અને તેનું મોટું સ્વરૂપ હારના સ્વીકાર સિવાય બીજું કશું હોઈ શકે નહીં. આવું કરવાથી એ હકીકતનું ભાન રહે છે કે વ્યક્તિ પોતે અન્ય લોકો કરતાં કેટલો પાછળ છે. બીજા શબ્દોમાં કહીએ તો, વ્યક્તિને ખ્યાલ આવે છે, પોતે જીવનના ખરેખર ક્યાં સ્થાને ઊભો છે. એકવાર હાર સ્વીકારી લીધા પછી, તરત જ વ્યક્તિ જીવનની સફર નવેસરથી શરૂ કરવાની સ્થિતિમાં આવી જાય છે, કારણ કે આવી મુસાફરી ત્યાંથી જ શરૂ થઈ શકે છે, જ્યાં વ્યક્તિ ખરેખર અત્યારે ઊભો છે; એવા બિંદુથી કંઈપણ શરૂ થઈ શકતું નથી, જ્યાં તે પોતે હજુ સુધી પહોંચ્યો જ નથી.

## તૂટવાથી

અણુ એ પદાર્થનું અંતિમ એકમ છે, તેવી જ રીતે, વ્યક્તિ એ સમાજનું અંતિમ એકમ છે. અણુને તોડી નાખવાથી તે નષ્ટ થઈ જતું નથી, પરંતુ એક મોટી ઊર્જામાં ફેરવાય છે, જેને અણુ ઊર્જા તરીકે ઓળખવામાં આવે છે. પદાર્થ ઘન સ્વરૂપમાં ઊર્જા છે અને ઊર્જા વિખરાયેલા સ્વરૂપમાં પદાર્થ છે. જ્યારે દ્રવ્યના અણુઓ તૂટીને ઊર્જામાં રૂપાંતરિત થાય છે, ત્યારે તેઓ તેમના ભૌતિક સ્વરૂપ કરતાં વધુ બળવાન શક્તિમાં પરિવર્તિત થાય છે.

એક રેલ્વે-એન્જિનને સિત્તેર માઇલ અંતર કાપવા માટે બે ટન કોલસાની જરૂર પડે છે; એક મોટર-કારને દર વીસથી ચાલીસ માઇલ અંતર કાપવા માટે એક ગેલન પેટ્રોલની જરૂર પડે છે. જ્યારે કે એક હાઈ-સ્પીડ રોકેટને અવકાશમાં પહોંચવા માટે 40,000 માઈલની મુસાફરી માટે માત્ર બાર પાઉન્ડ વજનના યુરેનિયમને પરમાણુ ઊર્જામાં રૂપાંતરિત કરવું પૂરતું છે. સામાન્ય ભૌતિક ઊર્જા અને અણુ ઊર્જા વચ્ચે આટલો મોટો તફાવત છે.

માણસ તરીકે ઓળખાતા સમાજના એકમનું પણ એવું જ છે. જ્યારે માણસ 'તૂટે છે', ત્યારે તેની ક્ષિતિજો મોટા પ્રમાણમાં વિસ્તરે છે. જેમ તૂટી જવાથી દ્રવ્યનો નાશ થતો નથી, તેમ પરાજય માણસને બરબાદ કરી શકતો નથી. તૂટી જવાથી પદાર્થની શક્તિ વધે છે. તેથી માણસ પણ, જ્યારે પરાજિત થાય છે, ત્યારે નવી, વધુ તાકાત મેળવે છે.

માણસ જ્યારે હારથી ઘેરાય છે, ત્યારે તેની આંતરિક શક્તિઓ છૂટી થાય છે. તેની સંવેદનાઓ જાગે છે. તેની છુપાયેલી શક્તિઓ સામે આવે છે, જે તેને તેના માર્ગમાં આવતા વિઘ્નોને દૂર કરવા માટે તૈયાર કરે છે. પ્રેરિત થઈને નવા સંકલ્પ અને નિશ્ચય સાથે , તે ગુમાવેલી વસ્તુને પાછું મેળવવાના કાર્યમાં પોતાને સમર્પિત કરે છે. તેની અંદર એક જબરદસ્ત જુસ્સો ઉત્પન્ન થાય છે. કંઈપણ તેની આગોતરી અટકાયત કરી શકતું નથી.

સમુદ્ર તરફ વહેતી નદીની જેમ, તે તેના ધ્યેયની અવિરત શોધમાં દરેક અવરોધોને પાર કરે છે.

પદાર્થમાં પરમાણુ-વિસ્ફોટની ઘટના તેને વધુ શક્તિશાળી તત્વમાં ફેરવે છે. માનવ વ્યક્તિત્વમાં પણ વિશાળ, સુષુપ્ત શક્તિઓ રહેલી છે. આ શક્તિઓ ત્યારે ખુલ્લી પડે છે, જ્યારે તેના આત્મામાં વિસ્ફોટ થાય છે. આ શક્તિઓ છૂટી પડે છે, જ્યારે વેરવિખેર કરનારી આફત તેના માથે પડે છે.  શાંત પરિસ્થિતિમાં રહેલો તાર છૂટીને  ઝણહણે છે, અને જીવનની ધૂન વાઈબ્રેટ થવા લાગે છે.

## અતૂટ સ્વ-બલિદાન

શ્રી સુરેશ કામદાર એકવાર કોલકાતાની એક હોસ્પિટલમાં તેમના એક સંબંધીને મળવા ગયા. તે સમયે એક અન્ય દર્દી ઓપરેશન માટે દાખલ કરાયો હતો, અને તેને લોહી ચઢાવવાની તાત્કાલિક જરૂર હતી. દર્દી માટે જીવન અને મરણનો સવાલ હતો. શ્રી કામદારને દર્દી પ્રત્યે સહાનુભૂતિ થઈ અને પોતાનું બ્લડ-ગ્રુપ એકસરખું (એ પોઝીટીવ) જણાતા જ તેમણે તરત પોતાનું રકતદાન કર્યું.  તે દિવસે એક જીવ બચી ગયો.

કોલકત્તાના આ બનાવ બાદ, માત્ર 29 વર્ષની ઉંમરે, તેમણે રક્તદાનને સેવાને કાયમી વિકલ્પ બનાવવાનું નક્કી કરી

લીધું. તે પછીના 24 વર્ષ સુધી, તેમણે સ્વેચ્છાએ લગભગ સો વખત રક્તદાન કર્યું. તેમની આ સેવા બદલ, રેડક્રોસ સોસાયટી દ્વારા તેમને વિશિષ્ટ મેડલ એનાયત કરવામાં આવ્યા છે. (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ડિસેમ્બર 2, 1985)

મોટાભાગના લોકો થોડાંક સમય પૂરતી પ્રેરણા લઈને ક્યારેક રક્તદાન કરી દેતાં હોય છે. પરંતુ આવા બહુ ઓછા એવા લોકો હોય છે, જે નિયમિતપણે રક્તદાન કરે છે, અને જીવનના અંત સુધી આમ કરતા રહે છે.

દેખીતી રીતે જોવા જઈએ તો, આ લોકોનું કામ બહુ નાનું લાગે છે. પરંતુ તેઓ ખરેખર મહાન કામ કરી રહ્યા છે. આ લોકો ઈતિહાસ રચે છે. આ એવા લોકો છે જેઓ પોતાના બલિદાન દ્વારા દેશને આગળ લઈ જાય છે. જો પ્રથમ કક્ષાનું બલિદાન નેતાઓનું નિર્માણ કરે છે, તો બીજી કક્ષાનું બલિદાન રાષ્ટ્રનું નિર્માણ કરે છે. જો પ્રથમ કક્ષાનું બલિદાન વર્તમાનનું નિર્માણ કરે છે, તો બીજી કક્ષાનું બલિદાન ભવિષ્યનું નિર્માણ કરે છે.

કોઈ મોટું બિલ્ડિંગ અચાનક ઊભું થઈ જતું નથી. તેને બનાવવામાં સમય લાગે છે. મહિનાઓ અને વર્ષો સુધી, ઈંટો પર ઈંટ નાખવામાં આવે ત્યારે એક માળખું ઊભું થાય છે, જેને આપણે બિલ્ડિંગ અથવા મકાન કહીએ છીએ. કોઈ તળાવ અચાનક ભરાઈ જતું નથી. લાંબા સમય સુધી સતત વરસાદ પડે, ત્યારબાદ તે અસ્તિત્વમાં આવે છે. મનુષ્યનું પણ એવું જ છે. માનવ જીવનમાં,

મોટા સાહસો ત્યારે જ આકાર લે છે, જ્યારે ઘણી વ્યક્તિઓ ભેગી થઈને લાંબા સમય સુધી નાનું કામ કરવા માટે તૈયાર હોય છે. માનવ-સફળતા એ ટૂંકા-ગાળાની પહેલનું નહીં, પરંતુ લાંબા-ગાળાની ધીરજ અને દ્રઢતાનું પરિણામ છે.

## ઊંચી-ઊંચી ફેંકવી

વર્ષ 1985ના શિયાળાની ઋતુમાં, દિલ્હી પ્રાણીસંગ્રહાલયમાં ફરવા ગયેલા પ્રવાસીઓનું એક ટોળું, વિવિધ પ્રાણીઓને નિહાળી રહ્યું હતું, અને પછી બધા અચાનક એક મહાન વિરલતા સમક્ષ પ્રશંસાપૂર્વક થોભ્યા! એક સફેદ સિંહ, ગુફાની ઉપર તેમજ નીચે આંટા મારી રહ્યો હતો, "આખી દુનિયામાં આ એકમાત્ર સફેદ સિંહ બચ્યો છે!" ટોળામાંથી એક સભ્યએ કહ્યું: “સાંભળો, રીવાના મહારાજા પાસે બે સફેદ સિંહો હતા, જે બંને તેમણે સ્વતંત્રતા પછી ભારત સરકારને સોંપી દીધા હતા. તેમાંનો એક મૃત્યુ પામ્યો, અને બીજો એક જ બાકી રહ્યો, જેને અત્યારે આપણે જોઈ રહ્યા છીએ - તેની પ્રજાતિનો આ એકમાત્ર બચી ગયેલો સિંહ છે!”

જો આ સજ્જન થોડું આગળ વધ્યા હોત, તો તેમણે સફેદ સિંહના પાંજરા પર મારેલું બોર્ડ જોયું હોત, જેના પર પ્રાણી સંગ્રહાલયના સત્તાવાળાઓએ વિગતવાર માહિતી આપી હતી, જેમાં દર્શાવેલું હતું કે, વિશ્વમાં હાલ 69 સફેદ સિંહો અસ્તિત્વ ધરાવે છે, જેમાંથી 25 માત્ર એકલા ભારતમાં છે.

લોકો સ્થાપિત તથ્યો વિશે કેટલા અજ્ઞાન હોવા છતાં, તેઓ તેમના મંતવ્યો કેટલી ઉત્સુકતાથી વ્યક્ત કરતાં હોય છે, જાણે કે વિશ્વમાં એવું કંઈ છે જ નહીં, જે તેમની જાણ બહાર હોય! કોઈ પણ વિષય પર બોલતા પહેલા, વ્યક્તિએ તેનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ, કારણકે અપૂરતા સંશોધન પર આધારિત અભિપ્રાયો અજાણ્યાઓને ગેરમાર્ગે દોરવા માટે બંધાયેલા છે. આવું ખોટું ઉચ્ચારણ કદાચ અજાણ લોકોને પ્રભાવિત કરી શકે છે, પરંતુ જાણકાર, બુદ્ધિશાળી શ્રોતાઓ માટે, તે ફક્ત વક્તાની અજ્ઞાનતાની ઘોષણા તરીકે સેવા આપે છે.

દુર્ભાગ્યપણે, ઊંચા-ઊંચા ભાષણો ઝીંકતા લોકો ઘણીવાર સૌથી મોટા અજ્ઞાનીઓ હોય છે.

## ભરોસાપાત્ર ગુણવત્તા

1984માં યુરોપની મુલાકાત દરમિયાન હૈદરાબાદના હબીબભાઈએ સ્વિટ્ઝર્લેન્ડના લૌઝેન ખાતેની એક દુકાનમાંથી આશરે 5000 રૂપિયામાં એક કેમેરા ખરીદ્યો. થોડાં જ સમયમાં તેને ખબર પડી કે તેમણે એક ભૂલ કરી છે. તેઓ આ જ કેમેરા સાવ સસ્તામાં - રૂપિયા 3000ના ભાવમાં - સાઉદી અરેબિયાથી ખરીદી શક્યા હોત - અને ભારત પરત ફરતી વખતે સાઉદી અરેબિયાની મુલાકાત તેમના આયોજનમાં સામિલ હતી. તેમણે કેમેરા પાછો

આપવાનું નક્કી કર્યું, પરંતુ દુકાનદારને શું કહેવું, એની એક મૂંઝવણ હતી. તેમ છતાં, દુકાન પર જઈને નસીબ અજમાવવાના વિચારને તેઓ રોકી શક્યા નહીં. તે કાઉન્ટર પરની સેલ્સવુમન પાસે ગયા અને તેણીને કેમેરા માટે રિફંડ આપવા પૂછ્યું. તેમના આશ્ચર્ય વચ્ચે, પેલી સ્ત્રીએ કેમેરા પરત કરવા પાછળનું એકપણ કારણ પૂછ્યું નહીં. તેણીએ માત્ર એટલું જ પૂછ્યું: "તમને ભારતીય ચલણમાં પૈસા પરત જોઈએ છે કે અમેરિકન ચલણમાં?" તેણીએ એક સ્લિપ બનાવી આપી, જે તેઓ બીજા કાઉન્ટર પર દઈને પૈસા પરત લઈ શકે.  પૈસા તરત જ રિફંડ મળી ગયા, જાણે કે દુકાનદાર પાસે પૈસા રહે છે કે માલ, તેમને કોઈ ફરક જ પડતો નહોતો.

કેમેરાને કોઈપણ જાતના વિચલન વગર પાછો સ્વીકારવાનું કારણ એ હતું કે દુકાનદારોને ખાતરી હતી કે થોડા સમયમાં જ અન્ય ગ્રાહક તેમની પાસે આવશે, અને તેને ખરીદી લેશે. તેમની કોમોડિટી ભરોસાપાત્ર ગુણવત્તાની હતી: જો એક વ્યક્તિને તેની જરૂર નહીં હોય, બીજાને હશે!

## મનથી મોટા, દિલથી ઉદાર બનો

ડેલ કાર્નેગીએ, તેમના 1948માં પ્રથમ પર પ્રકાશિત પુસ્તક, હાઉ ટુ સ્ટોપ વર્રિઈંગ એન્ડ સ્ટાર્ટ લિવિગમાં, ઉલલખે કર્યો છે કે જ્યારે તેમણે લખવાનું શરૂ કર્યું હતું ત્યારે તેમણે સૌથી

મદદરૂપ અને પ્રેરણાદાયી વાર્તા "મેં ચિંતાને કેવી રીતે હરાવી!" માટે બસ્સો ડોલરનું ઈનામ ઓફર કર્યું હતું. આ શીર્ષક સાથે લખેલી વાર્તા શ્રી સી.આર. બર્ટન દ્વારા મોકલવામાં આવી હતી, જેનો સૌથી મહત્વપૂર્ણ ભાગ નીચે મુજબ છે:

જ્યારે હું નવ વર્ષનો હતો, ત્યારે મેં મારી મમ્મીને ગુમાવી દીધી, જ્યારે હું બાર વર્ષનો હતો ત્યારે મારા પપ્પા પણ જતાં રહ્યાં. અમને અનાથ-અનાથ કહેવાના અને અનાથ ગણવાના ડરથી ત્રાસી ગયા. પછી શ્રી અને શ્રીમતી લોફ્ટિન મને તેમની સાથે તેમના ખેતરમાં રહેવા લઈ ગયા. શ્રી લોફ્ટિને મને કહ્યું કે "હું જ્યાં સુધી ઈચ્છું ત્યાં સુધી ત્યાં રહી શકું છું." હું શાળાએ જવા લાગ્યો. અન્ય બાળકોએ અયોગ્ય ટીકાઓ કરી, અને મારા મોટા નાક પર મજાક ઉડાવી અને કહ્યું કે હું મૂંગો છું અને મને ‘અનાથ બચ્ચું’ કહ્યો. મને બહુ દુ:ખ થતું હતું, અને તેમની સાથે ઝઘડો કરવાનું મન થતું હતું. પરંતુ એ ખેડૂત શ્રી લોફ્ટિન, મને અંદર લઈ ગયા, મને સમજાવ્યું: "હંમેશા યાદ રાખો કે "ઝઘડો કરનાર કરતાં આવા નિરર્થક ઝઘડાંથી દૂર રહેનાર માણસ મોટો હોય છે!"

અહીં 'મોટા'નો અર્થ શું થાય છે? આ સંદર્ભમાં તેની શારીરિક કે આર્થિક મજબૂતાઈ સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ તે એક 'નાના માણસ' કરતાં વધુ ઉચ્ચ વિચારવાળા, ઉદાર દિલના, અને સંયમ ગુમાવ્યા વિના ઈજા અને અપમાનને સહન કરવા સક્ષમ હોવાની વાત છે. અહીં વ્યક્તિનું 'મોટાપણું' નૈતિક હિંમત સાથે સંકળાયેલું છે.

# ભૂલનો ઈનકાર

નવી દિલ્હીના એક પરિવારને ટેલિગ્રામ મળ્યો. તેનું શીર્ષક હતું: ‘નાની ગુજરી ગયા!’.

આનો સ્પષ્ટ અર્થ 'નાની મૃત્યુ પામ્યા' એવો થાય છે. ટેલિગ્રામ વાંચીને પરિવારના તમામ સભ્યો વ્યથિત થઈ ગયા. ટેલિગ્રામ ત્યાંથી મોકલવામાં આવ્યો હતો જ્યાં નાની જ્યાં રહેતા હતા, આખો પરિવાર ત્યાં જવા નીકળ્યો. જ્યારે આ લોકો વ્યથિત થઈને અને સારી એવી રકમ ખર્ચીને ગંતવ્ય સ્થાને પહોંચ્યા, ત્યારે તેઓએ ત્યાં જઈને જોયું તો ખબર પડી કે નાની તો સંપૂર્ણપણે જીવિત છે.

તેમને જાણવા મળ્યું કે ટેલિગ્રામનું વાસ્તવિક શીર્ષક 'નાની પહોંચી ગયા!' એવું હતું. પરંતુ કારકુનની ભૂલને કારણે તે બદલાઈને ‘નાની ગુજરી ગયા!’ એવું થઈ ગયું હતું. (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ડિસેમ્બર 6, 1983)

આ ગંભીર ભૂલ અંગે ટેલિગ્રામ ઓફિસને જાણ કરવામાં આવી. પરંતુ તેનો પ્રતિભાવ અખબારના નીચેના શબ્દોમાં છપાયો હતો:

P & T વિભાગે બિનકાર્યક્ષમતાનો ચાર્જ સ્વીકાર્યો નથી; જો કોઈ અસુવિધા થઈ હોય તો, તેના માટે માત્ર દિલગીર છીએ!. (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ડિસેમ્બર 7, 1985)

ઉપરોક્ત ઘટના માત્ર ટેલિગ્રામ વિભાગ પૂરતી મર્યાદિત નથી. હકીકતમાં, આજના યુગમાં, મોટાભાગના લોકો આવું જ કરે છે. "મારાથી ભૂલ થઈ ગઈ!" એ માત્ર ચાર શબ્દોનું વાક્ય છે, પરંતુ અત્યારના સમયમાં આવું વાક્ય ઉચ્ચારી શકે એવા માત્ર ચાર લોકો મળવા પણ  મુશ્કેલ છે. લોકોના શબ્દકોશમાં ફક્ત આવા જ શબ્દો છે, "તારો/તમારો વાંક છે!". તેમનો શબ્દકોશ "મારો વાંક છે!" શબ્દોથી ખાલી છે. લોકો કોઈ પણ ભોગે પોતાની ભૂલ સ્વીકારતા નથી, સચ્ચાઈન ભોગે પણ નહીં. તેથી તેમની એક ભૂલ ન સ્વીકારવાના પ્રયાસમાં તેઓ ઘણી બધી ભૂલો કરતા રહે છે.

સકારાત્મક વ્યક્તિત્વના વિકાસની શરૂઆત એ પોતાની ભૂલો સ્વીકારવાથી થાય છે.

## ભૂલ પર ભૂલ

જ્યારે કોઈ વ્યક્તિ ભૂલ કરીને તેનો સ્વીકાર કરતો નથી, ત્યારે ઘણીવાર તે એવું સાબિત કરવાનો ખોટો પ્રયાસ કરે છે કે તે

અન્યની ભૂલ હતી, આવી રીતે તે પોતાની ભૂલ છુપાવવાની કોશિશ કરે છે.

એકવાર એક બેરોજગાર માણસને તેના મિત્રે ધંધો કરવાનું સૂચન કર્યું. બેરોજગાર માણસે કહ્યું, "મારી પાસે જરૂરી મૂડી નથી." મિત્રે કહ્યું કે જો તે કોઈક રીતે દસ હજાર રૂપિયાની વ્યવસ્થા કરી શકતો હોય તો પોતે તેને બીજા દસ હજાર ઉછીના આપશે. પછી વીસ હજાર રૂપિયાથી તે નાનો ધંધો શરૂ કરી શકશે. બેરોજગાર માણસ ક્યાંકથી દસ હજાર રૂપિયાની વ્યવસ્થા કરી લાવ્યો. પરંતુ જ્યારે તેણે તેના મિત્રને પૈસા માટે પૂછ્યું, જેનું તેણે વચન આપ્યું હતો તો મિત્રએ વચનમાંથી હટી જવાનું બહાનું કાઢ્યું.  તદ્દુપરાંત, મિત્રએ તે વ્યક્તિ સાથે દુર્વ્યવહાર શરૂ કર્યો, અને તેને ખોટો સાબિત કરવાનો પ્રયાસ કર્યો.

મિત્રએ આવું વર્તન શા માટે કર્યું? જવાબ એ છે કે, જાણીબૂઝીને અથવા અજાણતમાં, તે પોતાનું વચન પૂરું નહીં કરવા માટે અન્ય વ્યક્તિને જવાબદાર ઠેરવવા માંગતો હતો. તેની અંદર અપરાધની ભાવના હતી, પરંતુ તે કબૂલ કરવા માંગતો ન હતો કે તે પોતાનું વચન પૂરું કરવામાં નિષ્ફળ ગયો છે. તે એવી છાપ છોડવા માંગતો હતો કે પોતે પૈસા આપવા તૈયાર છે, પરંતુ પેલો બેરોજગાર માણસ તેને લાયક નથી - એટલે કે, તેની પોતાની લાપરવાહી તેની સ્થિતિ માટે જવાબદાર છે. "તેની પોતાની અસમર્થતાએ તેને પૈસાથી વંચિત રાખ્યો, મારી એમાં

કોઈ ભૂલ નથી!". જ્યારે વ્યક્તિએ પોતાની ભૂલ સ્વીકારવી હોતી નથી, ત્યારે તે ગમે તેમ કરીને અન્યોની ભૂલો શોધવા લાગે છે.

આવી વ્યક્તિ એમ હોય છે કે પોતે ખૂબ જ હોંશિયાર છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે તે ફક્ત પોતાના ખોટા કાર્યોની ખોટી વકાલત કરી રહ્યો હોય છે. શરૂઆતમાં, મિત્ર માત્ર તેનું વચન નહીં પાળવા માટે ગુનેગાર હતો, પરંતુ હવે તે બીજા પર ખોટા આરોપો મૂકવા માટે પણ ગુનેગાર બન્યો.

જ્યારે પણ કોઈ વ્યક્તિ ભૂલ કરે છે, ત્યારે તેના માટે દોષ કબૂલવું વધુ સારું છે. દોષનો સ્વીકાર કરવાથી મામલો તરત જ શાંત થઈ જાય છે. પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ તેની ભૂલો સ્વીકારતો નથી, ત્યારે તે ચોક્કસપણે અન્યમાં દોષો શોધશે અને ભૂલોનું પુનરાવર્તન કરશે. ભૂલ માટે વ્યક્તિ પોતાને સંતુષ્ટ કરવા બેમાંથી એક રીતનો ઉપયોગ કરે છે, પહેલી - ભૂલનો સ્વીકાર અને બીજી - સામેવાળી વ્યક્તિની ભૂલ સાબિત કરવી. પહેલી રીતનો ઉપયોગ ટાળનાર મોટાભાગની વ્યક્તિઓ બીજી રીત તરફ વળતી હોય છે. પરંતુ, આ બીજી રીત, પહેલી રીત કરતાં વધારે નુકશાનકારક છે. ભૂલ કરવી એ માનવીય સ્વભાવની નબળાઈ છે. પરંતુ અન્યો પર ખોટો આરોપ મૂકવો એ એક મોટો ગુનો છે. તે જખમ પર નમક છાંટવા જેવું છે.

વર્તમાન વિશ્વમાં કોઈપણ ક્ષેત્રમાં સુપર અચિવર બનવા માટે જાદુની જરૂર નથી. સામાન્ય ક્ષમતા ધરાવતો માણસ પણ શ્રેષ્ઠ પ્રદર્શન દ્વારા પોતાને સાબિત કરી શકે છે. માણસને ફક્ત જીવનની સાદી વાસ્તવિકતાઓ જાણવાની અને તેનો લાભ લેવાની જરૂર છે. (રીડર્સ ડાયજેસ્ટ, ઓક્ટોબર 1986)

આ બાબત પર સંપૂર્ણ સંશોધન કરનાર એક અમેરિકન લેખક કહે છે: "વ્યવસાય, રાજકારણ, રમતગમત અને કલાના 90 નેતાઓના અભ્યાસમાં, ઘણાએ 'ખોટી શરૂઆત' વિશે વાત જરૂર કરી, પરંતુ ક્યારેય 'નિષ્ફળતા' નો ઉલ્લેખ કર્યો નહીં!" નિરાશા સંકલ્પની દ્રઢતા તરફ દોરી જાય છે. ભલે ગમે તેટલી કઠણાઈઓ આવે, સુપર-સિદ્ધ માણસોને એવું લાગે છે કે તેઓ સંશોધન કરી શકે એવા અન્ય માર્ગો ઉપલબ્ધ છે. તેઓ પરીક્ષણ માટે હંમેશા એક નહીં તો બીજો વિચાર ધરાવે છે."

તમારો સામનો નિષ્ફળતા સાથે થાય, અને તેના માટે જો તમે બીજાને દોષ આપશો, તો તમારામાં રહેલો સખત મહેનત માટેનો જુસ્સો ઠંડો પડી જશે. તમે જે કાંઈ કરશો તે અન્ય લોકો બાબતે કકળાટ અને ફરિયાદ જ કર્યા કરશો, અને તમે જાતે કંઈ કરી શકશો નહીં. પરંતુ, જો તમે તમારી નિષ્ફળતા માટે પોતાની જાતને જવાબદાર માનશો, તો તમારું મન નવી વ્યૂહરચના

બનાવવામાં વ્યસ્ત થશે. તમે નિસ્તેજ બનવાને બદલે વધુ સક્રિય બનશો. જ્યારે તમે નવેસરથી સંઘર્ષ શરૂ કરશો, ત્યારે તમે ઘણી મોટી સફળતા પ્રાપ્ત કરશો.

તમારા વ્યક્તિત્વના વિકાસ કરવા માટે, તમારી નિષ્ફળતાની જવાબદારી સ્વીકારો. જો એક વ્યૂહરચના કામ ના કરે, તો બીજી ટ્રાય કરો. તમે ચોક્કસપણે સર્વોચ્ચ સફળતા હાંસલ કરશો.

## અન્યો સામે ફરિયાદ

ફરિયાદોની કોઈ સીમા નથી, ફરિયાદો સામાન્ય માણસ તો ઠીક, પરંતુ નબીઓ વિરુદ્ધ પણ કરવામાં આવે છે. અરે, ઈશ્વર પણ આ સામાન્ય પ્રથામાંથી બાકાત નથી. એવા ઘણા લોકો છે જેઓ નિયમિતપણે તેમની સમસ્યાઓ માટે ઈશ્વરને દોષ આપે છે. ફિલોસોફિકલ વર્તુળોમાં શૈતાન (દુષ્ટતા) ની સમસ્યાઓ પર પણ ચર્ચા ચાલી રહી છે. અમુક સ્વ-શૈલીવાળા વિચારકો દાવો કરે છે કે કાં તો ઈશ્વરનું કોઈ અસ્તિત્વ જ નથી અથવા, જો તેનું અસ્તિત્વ છે, તો તે કોઈપણ રીતે અપૂર્ણ છે. જો ઈશ્વર ખરેખર સંપૂર્ણ હોત, તો શૈતાન (દુષ્ટતા) ની સમસ્યા અસ્તિત્વમાં ન હોત.

ફરિયાદો ક્યારેક વાસ્તવિક હોય છે, પરંતુ ઘણીવાર તે ફરિયાદીની વિકૃત માનસિકતામાંથી ઉદ્ભવતી હોય છે. આના માટે

કુરાન કહે છે કે જ્યારે પણ તમે કોઈની વિરુદ્ધ કંઈ સાંભળો તો તેની તપાસ કરો. તપાસથી સ્પષ્ટ થશે કે નિવેદન સાચું છે કે ખોટું.

ફરિયાદના વિવિધ પ્રકારો છે, જેમાંનો સૌથી નીચ પ્રકાર એ છે કે જે ફરિયાદીની વ્યક્તિગત હીનતાની ભાવનામાંથી ઉતરી આવે છે. મોટાભાગના લોકો પોતાને બીજા કરતા ચડિયાતા હોવાનું પસંદ કરે છે. પરંતુ જ્યારે તેમની સામે એવા લોકો આવે છે કે જેમને ઈશ્વરે તેમના કરતા વધુ શ્રેષ્ઠ બનાવ્યા છે, ત્યારે તેઓને આવા લોકોની શ્રેષ્ઠતાને સ્વીકારવાનું ખૂબ મુશ્કેલ લાગે છે. સામાન્ય રીતે, વ્યક્તિ એ હકીકતને સ્વીકારવામાં અસમર્થ હોય છે કે અન્ય વ્યક્તિ પોતાના કરતા શ્રેષ્ઠ છે. વ્યક્તિ પોતાના અંગત મૂલ્યમાં દેખાતો ઘટાડો સહન કરી શકતો નથી. આવી ભાવના તેના વ્યક્તિત્વનો નાશ કરે છે.

પોતાની શ્રેષ્ઠતાની સમાનતા જાળવી રાખવા માટે, વ્યક્તિ અન્યને દોષી સાબિત કરવાનું શરૂ કરે છે.

તે બીજાઓ પર ખોટા આક્ષેપો કરે છે. વ્યક્તિ બીજાને અપમાનિત કરવાનો પ્રયાસ કરે છે જેથી કરીને પોતાની શ્રેષ્ઠતાની ભાવનાને પ્રોત્સાહન મળી શકે. સકારાત્મક વ્યક્તિત્વ વિકસાવવા વ્યક્તિએ આવી પ્રવૃતિઓથી દૂર રહેવું જોઈએ.

પાણી ભરેલા વાસણમાંથી એક પણ ટીપું ખારું જણાય, તો એનો અર્થ એ છે કે વાસણનું બીજું બધુ પાણી પણ પીવાલાયક નથી. બાકીનું પાણી કેવું છે, તેની નિશ્ચિત તપાસ માટે આપણને નમૂના તરીકે માત્ર એક ટીપાની જરૂર છે. માનવ વ્યક્તિત્વનું પણ ઘણા અંશે આવું જ છે. તે એક છલકાતા વાસણ જેવું છે, જેમાંથી અન્ય લોકો માટે મીઠા કે ખારાં ટીપાં વહેતા રહે છે. વ્યક્તિની વર્તણૂકની નાની ઘટનાઓ અને તેની સાથે વિતાવેલા ટૂંકા અંતરાલ, સામાન્ય રીતે આપણને એ જાણવા માટે પૂરતા હોય છે કે તેનું  વ્યક્તિત્વ એકંદરે કેવું છે - સિવાય કે આપણે બહુ મોટા દંભી વ્યક્તિ સાથે વ્યવહાર કરતાં હોઈએ! એક વિચારવિહીન ટિપ્પણી, એક અયોગ્ય દાવપેચ, ખૂબ જ અનિવાર્ય સંજોગોમાં સહાનુભૂતિ અથવા સમર્થન આપવામાં નિષ્ફળતા, એક કપટી વ્યવહાર - આ બધા મોટા વાસણમાંથી ટપકતાં પાણીના ખારા ટીપાં જેવા સાદા સૂચકો છે, જે વ્યક્તિની પ્રામાણિકતા અથવા વિશ્વસનીયતાનો અભાવ દર્શાવે છે.

માનવ-વ્યક્તિત્વમાં પાણી જેવી જ એકરૂપતા છે. આથી, માણસની એક નબળાઈને અપવાદ ગણીને અલગ પાડી શકાય નહીં. તેને સમગ્ર વ્યક્તિત્વના પ્રતિનિધિ તરીકે જોવું જોઈએ. જો કોઈ વ્યક્તિ એક બાબતમાં અવિશ્વસનીય સાબિત થાય છે, તો તે અન્ય બાબતોમાં સમાન અવિશ્વસનીયતા સાબિત કરે તેવી શક્યતા છે; જો તે એક પ્રસંગમાં અવિશ્વાસપાત્રતા માટે દોષિત છે,

તો તેનું આ લક્ષણ બીજા પ્રસંગમાં ફરીથી દેખાઈ શકે છે. આ નિયમમાં એક જ પ્રકારની વ્યક્તિ અપવાદ છે, અને તે એ છે જે પોતાના વર્તનને સતત પુનઃમૂલ્યાંકનને આધિન કરે છે, જે સતત પોતાની જાતમાં ખામીઓ અને નબળાઈઓ શોધે છે, જે એક વખત પોતાની ખામીઓ શોધી કાઢ્યા બાદ, તેને જડમૂળથી બહાર કાઢવાના પ્રયાસમાં જરાયે વિલંબ કરતો નથી.

જે વ્યક્તિએ ભૂલ કરી છે, તે પોતાની ભૂલ સ્વીકારીને અને માફી માંગીને અન્ય લોકો માટે કમનસીબ ચિહ્નરૂપ અનુભવને સંપૂર્ણપણે ભૂંસી શકે છે. કેટલાક લોકો પોતાના અંતરાત્માથી ત્રાહિમામ પોકારી જતાં હોય છે, છતાં પણ, તેઓ અન્યોની દુભાયેલી લાગણીઓને ઠારવા માટે કંઈ કરતા નથી, એમ વિચારીને કે આમ કરવું સ્પષ્ટ નબળાઈ હશે, અને તેનો અર્થ નીચા નમવા જેવું થશે. આવા લોકો ક્યારેય સ્વસ્થ સામાજિક સંબંધો જાળવી  શકતા નથી અને તેમના સાથી માણસોમાં ક્યારેય ઈજ્જત મેળવી શકતા નથી. તેઓને એ વાતનો ખ્યાલ જ નથી કે જ્યારે કોઈ વ્યક્તિ તેના પોતાના ખોટા કાર્યો તપાસે છે, અને નમ્રતાપૂર્વક માફી માંગે છે, ત્યારે તે તેની ખરેખર સાચી કુશળતા દર્શાવે છે.

જે વ્યક્તિ નૈતિક આત્મનિરીક્ષણની કળા શીખે છે, તે જ લાંબાગાળે પોતાની જાતને અભેદ્ય સત્યનિષ્ઠાના વ્યક્તિત્વ તરીકે સાબિત કરે છે.

શ્રી અજવાણીને 1965માં કલકત્તામાં એક મોટી ફાર્માસ્યુટિકલ્સ ફર્મ માટે વેચાણ-પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમના પુરોગામીનો માસિક પગાર રૂ 1,200 વત્તા રેલ-ખર્ચ અલગથી હતો. શ્રી અજવાણીએ પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું કે તેઓ માસિક પગાર તરીકે રૂ 3,000 કરતાં ઓછી રકમ સ્વીકારશે નહીં અને જ્યારે ઓર્ડર લેવા માટે અન્ય નગરોની મુલાકાત લેવા જવાનું થશે, ત્યારે તેઓ હવાઈ મુસાફરી જ પસંદ કરશે. તેમનો ઈન્ટરવ્યુ લઈ રહેલા દિગ્દર્શકે ધ્યાન દોર્યું કે, તેમના કુલ ખર્ચની દ્રષ્ટિએ, તે ઘણો વધી જશે. પરંતુ, શ્રી અજવાણીએ જવાબ આપ્યો, “હું તમને બદલામાં ઘણી મોટી રકમનું કામ આપીશ. ફક્ત મને એક વખત તક આપીને જોઈ લો!" તેમણે જે રીતે તેમની દલીલો રજૂ કરી, તે ખરેખર આકર્ષક હતી, અને અંતે તેમને પેઢીના પ્રતિનિધિ તરીકે ગુજરાતના વિસ્તાર માટે નિયુક્ત કરવામાં આવ્યા.

તે દિવસોમાં, ગુજરાતના એક શહેરમાં એક પ્રખ્યાત મહિલા ડોક્ટરની પ્રેક્ટિસ વધી રહી હતી, પરંતુ તેણીના ક્લિનિકને મોટી માત્રામાં દવાઓની જરૂર હોવા છતાં, તેણી ફાર્માસ્યુટિકલ્સના પુરુષ-એજન્ટોને મળવાની બિલકુલ ના પાડી દેતાં હતા. બન્યું એવું હતું કે એક એજન્ટે એકવાર તેણીના હસ્તરેખાશાસ્ત્રના જ્ઞાનને બહાના તરીકે તેણીનો હાથ પકડ્યો અને પછી તેને ચુંબન કર્યું. આ

ખૂબ જ ધૃણાસ્પદ અનુભવ પછી, તેણીને અન્ય એજન્ટોના વર્તન વિશે શંકા થવા લાગી, અને આથી તેણી કોઈને પણ ક્લિનિકમાં પ્રવેશવાની મંજૂરી આપતા નહોતા.

શ્રી અજવાણીને જે બિઝનેસ ટ્રીપ પર જવાનું હતું, તેમાં એ શહેર સામિલ હતું. તેમણે ડિરેક્ટરને કહ્યું કે મને વિશ્વાસ છે કે આ મહિલા ડૉક્ટર પાસેથી પણ આપણને ઓર્ડર મળશે. દિગ્દર્શકે તેમને જવાબ આપતાં કહ્યું કે તેઓ કામને મજાક જેટલું સરળ ના સમજે! કારણકે દરેક જણને ખ્યાલ હતો કે આવું થવું બિલ્કુલ અશક્ય છે. તેણીનું વલણ એટલું બધું જાણીતું હતું કે તેણી પાસેથી ઓર્ડર લેવાની વાત તો દૂર, પણ કોઈ એજન્ટને તેણી સાથે મુલાકાતની પણ દૂર-દૂરથી કોઈ આશા નહોતી થતી.

નિઃશંકપણે, શ્રી અજવાણીએ પ્રયાણ કર્યું. વિમાનમાં, તેમને એક વૃદ્ધ મહિલાની બાજુમાં જગ્યા મળી, જે એક સારા પરિવારમાંથી જણાતી હતી. હજું તો માંડ તેઓ ઉપાડ્યા હશે, ત્યાં વૃદ્ધ મહિલાને અચાનક ઉધરસ આવી. તેના મોંમાં થોડાંક ગળફાં આવ્યાં અને તે એકદમ અસ્વસ્થ થઈ ગઈ. શ્રી અજવાણીએ, તેણીની અસ્વસ્થતા જોઈને, ઝડપથી પોતાનો રૂમાલ તેણીના મોં પાસે રાખ્યો, જેથી તેણી તેમાં થૂંકી શકે. પછી તેમણે બાથરૂમમાં જઈને રૂમાલ ધોઈ નાખ્યો. તેમની વિચારશીલતાએ તેણીને ખૂબ પ્રભાવિત કરી, અને બાકીની ફ્લાઇટ દરમિયાન તેઓએ સૌહાર્દપૂર્વક વાત કરી. જ્યારે વિમાન નીચે ઉતાર્યું, ત્યારે તેઓ બંને એકીસાથે નીચે ઉતર્યા, તેમણે તેણીને સામાન માટે હાથ

આપ્યો. 'અરાઇવલ્સ' લાઉન્જમાંથી બહાર આવીને, તેણી ફરીથી તકલીફમાં મૂકાઈ, કારણકે તેણીને લેવા માટે કોઈ કાર આવી નહોતી, શ્રી અજવાણીએ ફરી એકવાર મદદની ઓફર કરી, અને કહ્યું કે તેઓ હોટેલ પર જતા પહેલાં, તેમને ટેક્સી દ્વારા ઘરે મૂકી જશે. તેણીએ આ માટે કૃતજ્ઞતાપૂર્વક સંમતિ આપી અને ઘરે પહોંચીને, ગુડબાય કરતા પહેલા તેના નામ અને સરનામાની નોંધ કરી લીધી.

થોડા સમય બાદ, મહિલાની પુત્રી ઘરે આવી, અને ત્યાં તેની માતાને જોઈને સ્તબ્ધ થઈ ગઈ. તેણીને ખૂબ દુ:ખ થયું કે મમ્મીના આવવાનો મેસેજ તેના સુધી પહોંચી શક્યો નહોતો, અને તેણીને ઘરે લાવવા માટે કોઈ કાર નહોતી આવી.

તેણીએ માતાને કહ્યું, "તને એકલા ઘરે આવવામાં બહુ તકલીફ પડી હશે!" "ના, બિલકુલ નહીં!" વૃદ્ધ મહિલાએ જવાબ આપ્યો, અને તેણીની આંખો કૃતજ્ઞતાથી ચમકી, ત્યારબાદ તેણીએ પુત્રીને વિમાનમાં મળેલા દયાળુ સજ્જનની આખી વાર્તા કહી. પુત્રી ખૂબ જ સકારાત્મક રીતે પ્રભાવિત થઈ, અને તરત જ શ્રી અજવાણીને તેમની હોટેલમાં ફોન કરીને તેમનો આભાર માનવા અને તેમને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું. શ્રી અજવાણીએ તેણીનું આમંત્રણ સ્વીકારી લીધું, અને, જ્યારે તેઓ એકબીજાના પરિચયમાં આવ્યા, ત્યારે તેમને એકદમ આશ્ચર્યજનક રીતે ખબર પડી કે તેણી અન્ય કોઈ નહીં, પણ પેલી પ્રખ્યાત મહિલા ડોક્ટર છે, જે પુરુષ એજન્ટોને ધિક્કારતી હતી. જ્યારે તેણીને ખબર પડી

કે શ્રી અજવાણી એક ફાર્માસ્યુટિકલ્સ કંપનીનું પ્રતિનિધિત્વ કરે છે, ત્યારે તેણીએ બિલ્કુલ સમય ગુમાવ્યા વગર તેમની પાસે મોટા પ્રમાણમાં ઓર્ડર લખાવ્યો, પછી ઉમેર્યું કે તેણીને હંમેશા ક્લિનિકમાં મોટા જથ્થામાં દવાઓની જરૂર હોવાથી, તેણી તેમની નિયમિત ગ્રાહક બની રહેશે, અને તેઓ દર મહીને તેણીને દવાઓનો જરૂરી પુરવઠો મોકલવાનું ચાલું રાખે. રાત્રિભોજન પછી, તેમણે હોટેલમાંથી સારા સમાચાર આપવા માટે બોસને STD કોલ કર્યો. બોસને તેમની વાત પર બિલ્કુલ ભરોસો આવતો નહોતો. તેને એવું લાગ્યું કે શ્રી અજવાણી  મજાક કરી રહ્યા છે. પરંતુ બે દિવસ પછી, જ્યારે ખરેખર તેમને, તેણી દ્વારા સહી કરેલ ઓર્ડર અને ચેક મળ્યા ત્યારે તેમને વિશ્વાસ થયો.

એક પ્રસંગે, જ્યારે મને શ્રી અજવાણીને મળવાનો મોકો મળ્યો, ત્યારે મેં તેમને પૂછ્યું કે, બસ, મને બિઝ઼નેસની થોડીક ટિપ્સ આપો. તેમણે મને જવાબ આપ્યો, "વાતચીતમાં નમ્રતા અને વર્તનમાં સોહાર્દપણું!" તેમણે ઉમેર્યું, "હા, કોઈ સ્પષ્ટ ફાયદો ન જણાય ત્યારે પણ!"

નમ્ર વર્તનને બે પ્રકારમાં વહેંચી શકાય છે. એક, વ્યક્તિ જ્યારે સગા-સંબંધીઓ, પરિચિતો અને જેની સાથે કોઈની રુચિઓ સંકળાયેલી હોય તેવા લોકો માટે આરક્ષિત પરંપરાગત શિષ્ટાચારને અનુસરે. આવું વર્તન સંબંધોને સરળ, શાંત અને સામાન્ય રીતે સંસ્કારી બનાવે અને સામાજિક દ્રષ્ટિએ લાભકારી છે.  આવું વર્તન ઘણીવાર ભલે કૃત્રિમ હોવા છતાં, તેનું એક

સકારાત્મક પણ એક સામાજિક મૂલ્ય છે. બીજા પ્રકારનું નમ્ર વર્તન જે છે એ સંપૂર્ણપણે સ્વાભાવિક, સીધું હૃદયથી અને અન્ય લોકો સાથેની ભલાઈ પર આધારિત છે. જીવનમાં મળતાં તમામ લોકો, આ પ્રકારનું વર્તન જ્યારે આદતની બાબત બની જાય છે, ત્યારે તમામ માનવ-સંબંધોમાં તેનું મૂલ્ય અમૂલ્ય બની જાય છે. અલબત્ત, આ કોઈ એવી વસ્તુ નથી કે તમે આવું શરૂ કરો, અને તમને તાત્કાલિક લાભો મળી જાય. પરંતુ તેનો લાભ ઘણી વખત ગણી શકાય નહીં એવો અને ક્યારેક માન્યામાં ના આવે એવા માર્ગોથી પ્રાપ્ત થાય છે, એનું કારણ એ જ છે કે આવું વર્તન સામાજિક વ્યવહારને તેની શ્રેષ્ઠતા સુધી લઈ જાય છે.

## સુસંગત પાત્ર

માનવ-સભ્યતા એ ખરેખર પ્રકૃતિનું વિસ્તરણ છે: માણસ તેને પ્રાપ્ત સામાન્ય પદાર્થોને ઇમારતો, મશીનો, ફેક્ટરીઓ, ઔદ્યોગિક પ્લાન્ટ્સ અને આધુનિક વિશ્વની અન્ય તમામ કલાકૃતિઓમાં રૂપાંતરિત કરે છે. તેના આવું કરી શકવા પાછળની હકીકત એ છે કે આ બધી જ વસ્તુઓ કુદરત દ્વારા ચોક્કસ સુસંગત ગુણધર્મો સાથે બાંધવામાં આવી છે. આથી, તેમના  કુદરતી ગુણધર્મો શોધી કાઢ્યા પછી, માણસ તેમનો ઉપયોગ પોતાના ફાયદા માટે કરી શકે છે. આ ગુણધર્મો પદાર્થની પાત્રતા બનાવે છે; તેઓ સંપૂર્ણપણે અનુમાનિત હોય છે: પ્રકૃતિની દરેક વસ્તુ, અમુક ચોક્કસ રીતે કાર્ય કરવા પર આધાર રાખી શકાય છે.

માનવ-સભ્યતાની તમામ પ્રગતિ આ અનુમાનિતતાનું પરિણામ છે. મૂળભૂત પદાર્થના ગુણધર્મોમાં કોઈપણ જાતના ફેરફાર અથવા તેના પાત્રમાં અણધારીતા, એ સમગ્ર માનવ સંસ્કૃતિને ખંડેર બનાવી શકે છે.

જ્યારે કોઈ વ્યક્તિ નદી પર પુલ બાંધે છે, ત્યારે તે સ્ટીલનો ઉપયોગ કરે છે કારણકે વ્યક્તિ જાણે છે કે પુલને પકડી રાખવા માટે સ્ટીલની તાકાત પર આધાર રાખી શકાય છે; જો સ્ટીલ મીણ જેટલું નરમ થઈ જાય, તો આખું બાંધકામ પાણીમાં ડૂબી જાય. ઈમારતોના બાંધકામ માટે ઈંટો અને સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવે છે, જે નિશ્ચિતપણે મજબૂત માળખું બનાવે છે; પરંતુ જો પત્થરો અને સિમેન્ટ બંને રેતીના ઢગલા જેવા બની જાય, તો ઇમારતો પડી ભાંગે. બધા જાણે છે કે જ્યારે ચુંબકીય ક્ષેત્ર અને ગતિ બંને ભેગા થાય, ત્યારે ઇલેક્ટ્રોનની પરિણામી હિલચાલ વીજળી ઉત્પન્ન કરે છે; જો આ ના થાય, તો વિશ્વ અચાનક અંધકારમાં ડૂબી જાય.

આવી ઘટનાઓનો અર્થ એ થાય છે કે જો પદાર્થો તેમનું વિશિષ્ટ પાત્ર ગુમાવી દે, તો પછી માનવ-સંસ્કૃતિનું નિર્માણ અશક્ય બની જાય. માનવ-સભ્યતા ત્યારે જ ઘડાઈ શકે છે, જ્યારે તેના માટે જરૂરી વસ્તુઓ તેમનું મૂળભૂત પાત્ર જાળવી રાખે, અને તેમનું વર્તન અપેક્ષા મુજબનું રહે. દાખલા તરીકે, બરફની ફેક્ટરીમાં મૂકેલું પાણી બરફને બદલે વરાળમાં ફેરવાઈ જાય તો

એ શું સારું છે? જો ભઠ્ઠીઓમાં બળતું લોખંડ ઓગળવાનું બંધ કરી દે, તો કેવી રીતે કાર અને અન્ય મશીનોનું ઉત્પાદન થઈ શકે?

જેવી રીતે માનવ-સભ્યતામાં ફાળો આપતી વસ્તુઓને સંસ્કૃતિના વિકાસ માટે ચોક્કસ ગુણધર્મો દર્શાવવા પડે છે, તેવી જ રીતે માનવ-સમાજની રચના કરનાર વ્યક્તિઓએ પણ જો સમાજને સુવ્યવસ્થિત રીતે ચલાવવું હોય તો તેમણે પણ સંસ્કૃતિ-વિકાસ માટે સમાજની અપેક્ષા પ્રમાણે વર્તવું પડશે. તેઓએ પણ ચોક્કસ પાત્ર જાળવવું પડશે. તમામ ભૌતિક વસ્તુઓનું મૂલ્ય, તેમની પાસેથી અપેક્ષિત કાર્યો લેવા માટે, તેમની વિશ્વસનીયતા પર આધારિત હોય છે. એ જ રીતે, વ્યક્તિનું મૂલ્ય દરેક પ્રકારની પરિસ્થિતિઓમાં સુસંગત પાત્ર જાળવવાની તેની ક્ષમતા પર આધારિત હોય છે. માનવ-પાત્રની રચના અમુક વિશેષતાઓ દ્વારા થાય છે; જો વ્યક્તિ આ વિશેષતાઓ દર્શાવે છે, તો જ તેને સાચા માનવી તરીકે ગણી શકાય છે.

જો કોઈ વ્યક્તિ તેની પાસેથી અપેક્ષિત માનવીય પાત્રના પાસાઓને પ્રદર્શિત ન કરે, તો બધાની નજરોમાં તેનું માનવીય મૂલ્ય ગુમાવે છે.  આવા લોકોથી બનેલો સમાજ અશાંતિ અને અસંતોષ માટે બંધાયેલો છે. સમાજ તેને બનાવનારા વ્યક્તિઓથી જ સારો બની શકે છે. વ્યક્તિઓના અસંગત અને અનિયમિત પાત્ર તેમના પોતાના સમાજમાં જ અસ્થિરતા લાવે છે.

માનવ-સમાજનો ભ્રષ્ટાચાર ત્યારે પ્રગટ થાય છે, જ્યારે તેના સભ્યો વચનો પાળવાને બદલે તોડે છે; જ્યારે તેઓ ખુલ્લા મનને બદલે ક્ષુદ્ર હોય છે; જ્યારે તેઓ ઉદારને બદલે કંજૂસ હોય છે; જ્યારે તેઓ સમગ્ર સમાજને બદલે માત્ર પોતાના વિશે જ વિચારે છે; જ્યારે તેઓ ક્ષમાને બદલે વેર વાળતા હોય છે, બાંધછોડ કરવાને બદલે બળવાખોરી ઉપર ઉતારી આવતા હોય છે; જ્યારે તેઓ અન્યના અધિકારોને સ્વીકારવાને બદલે નિરર્થક રીતે તેમના પોતાના હિતોને જ અનુસરે છે; જ્યારે તેઓ અન્ય લોકોને આગળ લાવવામાં મદદ કરવાને બદલે તેમને નીચે પાડવાનો પ્રયત્ન કરે છે; ટૂંકમાં, જ્યારે લોકો અન્યો સાથે એવું વર્તન કરવામાં નિષ્ફળ રહે છે, જેવું તેમને અન્યો પાસેથી અપેક્ષિત હોય છે.

સમાજ ત્યારે જ મજબૂત સાબિત થઈ શકે, જ્યારે તેના સભ્યો શબ્દના સાચા અર્થમાં માણસ સાબિત થાય, જ્યારે તેઓ માણસ તરીકેનું અપેક્ષિત પાત્ર દર્શાવે.  જ્યાં સંકલ્પની જરૂર હોય, ત્યાં તેઓ સ્ટીલની જેમ નક્કર રહે; જ્યાં નમ્રતા જરૂરી છે, ત્યાં તેઓ વહેતા પાણી જેવા નરમ હોય. જ્યારે મૌનની અપેક્ષા હોય ત્યારે તેઓ પથ્થરોની જેમ સ્થિર હોય, અને જ્યારે દિવસના ક્રમમાં સ્થિરતા હોય, ત્યારે તેઓ પર્વતોની જેમ અડીખમ હોય. જ્યારે મજબૂત પહેલની આવશ્યકતા હોય, ત્યારે તેમનો ઉત્સાહ પ્રચંડ-પ્રવાહની જેમ ઉમળતો હોય. આવા લોકો જ સાચા માણસ તરીકે બોલે છે અને વર્તે છે, જેઓ એક સ્થિર અને મજબૂત માનવ-સમાજની રચના કરે છે.

માનવ-સમાજ માટે આવી પ્રકૃતિની વ્યક્તિઓ એટલી જ અનિવાર્ય છે, જેટલી પેટ્રોલ અને સ્ટીલ જેવી ચીજવસ્તુઓ માનવ-સંસ્કૃતિ માટે અનિવાર્ય છે. જો સંસ્કૃતિમાં ફાળો આપતી વસ્તુઓ તેમની પાસેથી અપેક્ષિત વર્તન નહીં કરે, તો આપણે જાણીએ છીએ કે માનવ-સંસ્કૃતિ ટકી શકશે નહીં; તેથી જો લોકો પણ તેમના પાત્રમાં સુસંગતતા, વિશ્વસનીયતા અને અનુમાનિતતા દર્શાવશે નહીં, તો માનવ-સમાજને ક્ષીણ થતાં બહુ ઝાઝો સમય લાગશે નહીં.

## વ્યક્તિગત સુધારો

એક સાયકલ-સવાર પોતાની સાયકલ લઈને ક્યાંક જતો હતો, અને અચાનક જ સાયકલની બ્રેક જામ થઈ ગઈ. સદ્ભાગ્યે , નજીકમાં જ એક સાયકલ-રિપેરની દુકાન હતી, જ્યાં તે સાયકલ ઠીક કરવા લઈ ગયો. સાયકલ-સવારને એવું હતું કે મિકેનિક જે જગ્યાએ બ્રેક જામ થઈ ગઈ છે, ત્યાં કંઈક ફિક્સ કરશે, પરંતુ, તેના આશ્ચર્યની વચ્ચે, મિકેનિકે તો કોઈક અલગ જગ્યાએ જ થોડાં હાથોડાં માર્યા.  સાયકલ-સવાર પોતાનું કુતૂહલ વ્યક્ત કરે, એ પહેલાં તો મિકેનિકે તેની સાયકલ સોંપતા તેને કહ્યું, "જાવ, તમારી સાયકલ ઠીક થઈ ગઈ છે!!" સાયકલ-સવારે ત્યાંથી નીકળીને જોયું, તો ખરેખર તેની સાયકલ રિપેર થઈને હવે સરળતાથી ચાલી રહી હતી.

ઉપરોક્ત ઉપાય જે સાયકલને લાગું પડે છે, તે માનવ-સમાજને પણ સમાન રીતે લાગું પડે છે. જ્યારે સમાજમાં કંઈક ખોટું થાય છે, ત્યારે લોકો સામાન્ય રીતે, જે જગ્યાએ સમસ્યા હોય, ત્યાં જ ઉપચાર હોવાના નિષ્કર્ષ પર પહોંચતા હોય છે. પરંતુ, ખરેખર આવું હોતું નથી. સામાન્ય રીતે, સમસ્યાનું મૂળ તેના લક્ષણોથી દૂર કંઈક અલગ જગ્યાએ હોય છે. સમસ્યાનું કારણ જ્યાં સુધી જળમૂળથી દૂર ના થાય, ત્યાં સુધી સમસ્યાઓનું સર્જન ચાલું રહે છે.

દાખલા તરીકે, સમાજમાં એકતાનો અભાવ એ એક મૂળ કારણ છે. આખો સમાજ કદાચ ષડયંત્રના વાતાવરણથી ક્ષતિગ્રસ્ત થઈ શકે છે, તેના પરિણામે આવા સમાજનું વિશ્વમાં કોઈ સાંભળતું હોતું નથી. આવા લક્ષણો જણાતાં, સમાજ-સુધારણાની નિયત ધરાવતો વ્યક્તિ ઉપાય તરીકે લોકોને એકસાથે લાવવા માટે મોટી-મોટી સભાઓ-અને-સંમેલનો બોલાવવા, તેમને ભાવનાત્મક ભાષણો આપવા અને મોટા-મોટા ઠરાવો પસાર કરવા વગેરે જેવી પ્રવૃતિઓ હાથ ધરે છે.

પરંતુ, આવી રીતે સમાજની બિમારીઓને દૂર કરી શકાય નહીં. ખરેખર સુધારણા માટે લાવવા માટે, વ્યક્તિએ મૂળમાં રહેલા કારણ સુધી પહોંચીને તેના પર કાર્ય કરવું પડશે, લક્ષણો પર નહીં. કારણકે, સામાન્ય રીતે જ્યારે સમસ્યા સમાજના કોઈ એક ભાગને ડંખતી હોય, ત્યારે તેનો ઉકેલ ક્યાંક બીજી જ જગ્યાએ હોય છે. દાખલા તરીકે, જો એકતાનો અભાવ હોય તો તેનું કારણ

ચોક્કસપણે વ્યક્તિઓનું એકબીજા સાથે ઊભા રહેવામાં નિષ્ફળતા છે. તો પછી, તેના પર વ્યક્તિગત-રીતે કામ કરવા પડશે. સમાજને ભવિષ્યમાં એકતાનો લાભ મળે તેના માટે સૌપ્રથમ વ્યકિતગત સ્તરે એકતાને આદર્શ તરીકે પુન:સ્થાપિત કરવી પડશે. કુદરતનો નિયમ છે કે ઝાડને સારા ફળ આપવા માટે તેના બીજને સુધારવું પડે છે, ફળને સુધારવાથી કશું ના થાય. તેવી જ રીતે, માનવ-સમાજના વિકાસ માટે, તેના વ્યક્તિઓ પર કામ કરવું પડે - દેખિતા લક્ષણો પર કામ કરવાથી કશું ના થાય.

## સ્વ-મૂલ્યાંકન

વિલિયમ બ્લેકે એકવાર કહ્યું હતું: "મહાન કાર્યો ત્યારે થાય છે, જ્યારે માણસો અને પર્વતો ભેગા થાય છે. અનુકૂળ શેરીઓમાં આંટાફેરાથી કાંઈ થતું નથી!”

ઉપરોક્ત વાક્ય તદ્દન સાર્થક છે. હકીકત એ જ છે કે ઉચ્ચ ધ્યેયો પ્રાપ્ત કરવા માટે કાર્યો પણ મહાન કરવા પડે. પર્વતની ઊંચાઈ સર કર્યા પછી જ વ્યક્તિ ટોચ પર પહોંચે છે. મોટી-મોટી સભાઓ ભેગી કરીને માત્ર સૂત્રોચ્ચાર કે ભાષણો કરવાથી કોઈ મહાન કાર્ય સિદ્ધ થઈ શકતું નથી.

કોઈપણ મહાન કાર્યને હાથ ધરવા અને તેના નિષ્કર્ષ પર લાવવા માટે, આપણે પરિસ્થિતિનો સંપૂર્ણ અંદાજ લગાવવાનો અને સમજવાનો પ્રયાસ કરવો જરૂરી છે. તદ્ઉપરાંત, આપણે બાહ્ય

શક્યતાઓ બાબતે વિચારીને આપણા સંસાધનોના જથ્થાનો સ્ટોક લેવા તૈયાર હોઈએ, ત્યારપછી જ આગળ વધવું જોઈએ. આપણે એ હકીકતને સંપૂર્ણ રીતે સમજી લેવી જોઈએ કે, જ્યારે આપણે મુસાફરી શરૂ કરીશું, ત્યારે આપણા માર્ગમાં બીજા ઘણા પ્રવાસીઓના સંપર્કમાં આવીશું.

ત્યારબાદ, આપણે આપણા હેતુ માટે દરેક જાતના બલિદાન આપવા માટે પણ તૈયાર રહેવું જોઈશે; આનો અર્થ સમય અને નાણાંનો ખર્ચ પણ હોઈ શકે છે; તેનો અર્થ અભિપ્રાયોનો ત્યાગ અને લાગણીઓનું દમન પણ થઈ શકે છે. ઘણીવાર આપણે બીજાઓ સાથે પણ ગણતરી કરવાનું થઈ શકે, અને ઘણીવાર આપણે પોતે જ ગણતરીઓ માંડવી પડે. એવો પણ સમય આવે કે આપણે ચાલવાનું થાય, અને એવો પણ સમય આવે કે આપણે સ્થિર ઊભું રહેવું પડે.

મુશ્કેલીઓનો સામનો કર્યા વિના, અને મહાન અવરોધોને પાર કર્યા વિના, ક્યારેય કોઈ મહાન ધ્યેય સિદ્ધ થતું નથી. સમગ્ર પ્રક્રિયામાં એક મહાન સંઘર્ષનો સમાવેશ થાય છે. આપણા ગુજરી ગયા પછી,  આવનારી પેઢીઓને લાભ થાય તેવી પ્રવૃત્તિ; જે આપણા ભવિષ્યને આકાર આપે છે; જે ઇતિહાસનો માર્ગ બદલી નાખે છે - તે અથાક સંઘર્ષ અને ઊંડા શાણપણની માંગ કરે છે. જેઓ એવું વિચારે છે કે મોટા-મોટા સરઘસો કાઢવાથી અને સૂત્રોચ્ચારો કરવા એ જ માત્ર પૂરતું છે, તેઓ હાથમાં રહેલા કાર્યનું મહત્વ બહુ ઓછું આંકે છે. આવી ક્રિયાઓ ફક્ત પરિસ્થિતિને વધુ

ખરાબ કરવા માટે સેવા આપે છે. તેઓ આવનારી પેઢી માટે કોઈ જાતના કાયમી લાભ પેદા કરી શકતા નથી.

## તમારી ખામીઓને ઓળખો

તે વૃદ્ધ થઈ ગયો હતો, પરંતુ હજું સુધી લગ્ન કર્યા નથી, કારણકે તે એક આદર્શ જીવનસાથીની શોધમાં હતો. લોકોએ તેને પૂછ્યું, "તારા આખા જીવન દરમિયાન, તને કોઈ એવું મળ્યું જ નહીં કે જે તારો આદર્શ જીવનસાથી બની શકે?" તેણે જવાબ આપ્યો, “હા, એક એવી સ્ત્રીને મળી હતી કે જે આદર્શ હતી, પરંતુ સમસ્યા એ થઈ કે તેણી પણ એક આદર્શ પતિની શોધમાં હતી. અને, કમનસીબે, તેણીના ધોરણો પ્રમાણે હું આદર્શ નહોતો!"

સામાન્ય રીતે, લોકો અન્યની ખામીઓ દર્શાવવામાં નિષ્ણાંત હોય છે, અને તેથી જ તેઓ કોઈની પણ સાથે રહેવામાં અસમર્થ હોય છે. જો વ્યક્તિ પોતાની અયોગ્યતાની તપાસ કરે, તો જ તેને ખ્યાલ આવે કે પોતે પણ ત્યાં જ ઊભો છે, જ્યાં તેને અન્ય લોકો ઊભેલા દેખાય છે. નિશંકપણે, પોતાની ખામીઓની સ્વીકૃતિ એ નમ્રતા અને સૌમ્યતાનો વિકાસ કરે છે. આનાથી ઉલ્ટું, જો વ્યક્તિ માત્ર અન્યોની ખામીઓ જ જોતો હશે, તો તે અભિમાની અને અહંકારી બની જાશે, અને તેના માટે કોઈની પણ સાથે રહેવું મુશ્કેલ થઈ પડશે.

મનોવિજ્ઞાનનો અભ્યાસ આપણને જણાવે છે કે કોઈપણ એક જ વ્યક્તિમાં તમામ ગુણો ક્યારેય મળી શકતા નથી. આપણામાંના દરેકમાં વિશિષ્ટ ગુણો છે. જો કોઈ વ્યક્તિમાં કેટલાક સારા ગુણો હોય, તો તેનામાં અન્ય બીજા ગુણો પણ હોઈ શકે, જે તેની મૂળ સ્વભાવમાંથી ઉદ્ભવતા હોય. ઉદાહરણ તરીકે, જો કોઈ માણસ બહાદુર હોય, તો તેની સંકલ્પશક્તિ મજબૂત હશે. જો તે સજ્જન છે, તો તે મુજબ નમ્ર હશે. જો તે સંવેદનશીલ હશે, તો તે અન્યની સરખામણીએ વહેલા અને વધારે ગુસ્સે થઈ જતો હશે. જો તે બુદ્ધિશાળી હશે તો તેનું વલણ ટીકાત્મક હશે. જો તે અન્ય કરતા વધુ વ્યવહારુ વલણ ધરાવે છે, તો તેનામાં  માનસિક ઉગ્રતાનો અભાવ હોઈ શકે, વગેરે વગેરે.

આથી, શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે જો આપણે કોઈ વ્યક્તિની ક્ષમતાઓનો લાભ મેળવવા માંગતા હોઈએ તો આપણે તેની નબળી બાજુને અવગણવી, અને તેની તેજસ્વી, મજબૂત બાજુ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. બીજાના ગુણોનો લાભ લેવાની આ એકમાત્ર રીત છે. આ સિદ્ધાંત દરેક જગ્યાએ લાગું પડે છે, ભલે એ પતિ-પત્નીનો સંબંધ હોય, માલિક-કર્મચારીનો સંબંધ હોય કે પછી ધંધામાં ભાગીદારો વચ્ચેનો સંબંધ હોય. ગુલાબ લેવું હોય તો તેના કાંટા પણ સહન કરવા પડે છે. જે કાંટા સહન કરી શકતો નથી, તેના નસીબમાં ગુલાબ રહેતું નથી.

તે એક હકીકત છે કે એકલ વ્યક્તિ પોતાની મેળે કંઈપણ મહત્વનું કાર્ય/વસ્તુ પ્રાપ્ત કરી શકતી નથી. મહાન કાર્યો કરવા

માટે, સંખ્યાબંધ લોકોની શક્તિઓને દોરવણી કરવા સક્ષમ હોવું જરૂરી છે. આ આવશ્યકતાએ જ સંયુક્ત મૂડી ધરાવતી કંપનીઓના ખ્યાલને જન્મ આપ્યો છે.  પરંતુ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે બધા લોકોના પ્રયત્નો ત્યારે જ શક્ય બને છે જ્યારે સંબંધિત વ્યક્તિઓમાં ધીરજ, સહનશીલતા અને વ્યાપક વિચારના ગુણો હોય. તેઓએ એકબીજા સાથે નમ્ર બનવાની જરૂર રહે છે, અને તુચ્છ બાબતો પર મુદ્દાઓ ઉભા કરવાથી બચવું જોઈએ. ના ગમતી બાબતોને સતત ઉછેરવાને બદલે તેમને ભૂલી જવાનો પ્રયાસ કરવો જોઈએ. આદર્શવાદ એ સારી બાબત છે, પણ જો આદર્શ અપ્રાપ્ય હોય, તો વ્યવહારું બનવું એ સૌથી સારી બાબત છે.

## ધીરજ, ખંત અને કરુણા

સફળતા એ સતત ડગમગ્યા વિના અને વિચલિત થયાં વિના શાનદાર નિર્ણયો લેવાની બાબત છે, જેના માટે તીવ્ર અવલોકન, પહેલ અને અસંખ્ય દેખીતી નજીવી વિગતો પર અવિરત ધ્યાન આપવાની જરૂર પડે છે.

ઉપરોક્ત નિવેદન મોટેભાગે ભૌતિક સફળતા માટે એક ખૂબ જ નિશ્ચિત રેસીપી ગણી શકાય. તે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા મરઘાં પાલનમાં નિષ્ણાત કેમ્પબેલ રોજર્સના અનુભવમાંથી વિકસિત એક સૂત્ર છે. પરંતુ, તેઓ દ્રઢ-નિષ્ઠાની વાત માત્ર ગણતરીની બાબતો પૂરતી જ નથી કરતાં. બલ્કે, તેમણે

તેમના હાલના પ્રખ્યાત પુસ્તક, પ્રોફિટેબલ પોલ્ટ્રી- કીપિંગ ઇન ઈન્ડિયા એન્ડ ધ ઈસ્ટ (ડી.બી. તારાપોરેવાલા સન્સ એન્ડ કું., બોમ્બે, 1959)ની શરૂઆત એ વિચાર સાથે કરી કે મોટા પાયાના મરઘાં-ઉછેર વ્યવસાયની સફળતા મોટાભાગે વ્યક્તિના સ્વભાવ પર આધારિત છે. તેમના મત મુજબ, જે વ્યક્તિ પક્ષીઓ અને પશુઓને પ્રેમ નથી કરતો, તે ક્યારેય આ વ્યવસાયમાં પોતાને ઉભો કરી શકતો નથી. આથી, ધૈર્ય, ખંત, રજાઓ પાડયા વિના મહેનત કરવાની ક્ષમતા, નફા માટે આતુર નજર ઉપરાંત, વ્યક્તિએ જીવંત જીવો માટે દયાળુ, માનવીય અને કરુણાથી ભરેલું રહેવું જોઈએ.

તેમની વાત પર એવું કહેવું વાજબી રહેશે કે તેઓ આપણને માત્ર ભૌતિક સફળતા માટે જ નહીં, પણ સુમેળભર્યા, ઉપયોગી સામાજિક જીવન માટે પણ મૂલ્યવાન સૂત્ર આપે છે. જેવી રીતે, મરઘા-પાલનમાં સફળ વ્યક્તિએ પક્ષીઓની આદતો અને જરૂરિયાતો પર ધ્યાન આપવું જરૂરી છે, તેવી જ રીતે સામાજિક વ્યક્તિએ પણ, સમાજમાં સુખાકારી અને શાંતિ જાળવવા માટે અન્યના વલણ અને મજબૂરીઓને ધ્યાનમાં લેવી જરૂરી છે, તેમજ તેમના વિચારો રજૂ કરવાની છૂટ આપવી જોઈએ. જીવનમાં સફળતા એ માત્ર કોઈના નાકને દબાવી રાખવાની અને નાણાકીય બાબતો વિશે સાચા નિર્ણયો લેવાની બાબત નથી, પરંતુ પોતાના સાથી માણસોને સમજવાની અને તેમના અનુસાર દયા અને આદરની બાબત છે, જેવી અપેક્ષા વ્યક્તિ પોતાની જાત માટે રાખતો હોય છે.

એક ચોક્કસ મુસ્લિમ નેતાએ, એકવાર ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને, ભારતમાં બહુમતી દ્વારા મુસ્લિમ લઘુમતી સાથેના પૂર્વગ્રહયુક્ત વ્યવહાર અને અન્યાય માટે, એક પત્ર લખીને ફરિયાદ કરી. તેમણે ચેતવણી આપી કે જો આ સ્થિતિને દૂર કરવામાં નહીં આવે, તો તેમની પાર્ટી સત્યાગ્રહનો આશરો લેશે. થોડા વ્યાજબી સમય બાદ, તેમને શ્રીમતી ગાંધી તરફથી જવાબ મળ્યો, જેનું એક વાક્ય વિશેષ મહત્ત્વનું હતું: "એવી કોઈ લઘુમતીનું ટકી રહેવું સરળ નથી, જેનાથી તેના પાડોશની બહુમતી પરેશાન રહેતી હોય!" (હિન્દુસ્તાન ટાઈમ્સ, ફેબ્રુઆરી 21, 1983)

જો આપણે આ નિવેદનને નિષ્પક્ષ દૃષ્ટિકોણથી ધ્યાનમાં લઈએ, તો આપણે સ્વીકારવું પડશે કે ઉપરોક્ત વાક્ય, પ્રચલિત પરિસ્થિતિઓનું સચોટ ચિત્ર રજૂ કરે છે, એટલું જ નહીં, પરંતુ સમસ્યાનો વ્યવહારુ ઉકેલ પણ પ્રદાન કરે છે.

આજના ઉદ્ધત, સ્પર્ધાત્મક વિશ્વમાં, એવું સામાન્ય છે કે લોકો એકબીજા સામે ફરિયાદો કરે, અન્યોની સફળતાની ઈર્ષ્યા કરે, અન્ય લોકો તેમની ભૌતિક પ્રાપ્તિની ઈર્ષ્યા કરે, અને જ્યારે

પણ તેમની સામે કોઈ ફરિયાદ (વાસ્તવિક અથવા કાલ્પનિક) હોય ત્યારે અન્યો સામે ક્રોધ અને વેરની લાગણીઓથી ભરાઈ જાય. બહુ ઓછા પરિવારો હશે કે જેમના અસ્તિત્વનો સમયગાળો આવી અશાંતિપૂર્ણ લાગણીઓ દ્વારા ક્ષતિગ્રસ્ત નહીં થયો હોય! થાય છે એવું કે આવી લાગણીઓ, મોટાભાગના સમય માટે છુપાયેલી અવસ્થામાં રહે છે, અને રોજબરોજનો ઘરેલું કકળાટ તેમના પુનરુત્થાન માટે અવરોધક તરીકે કામ કરે છે. પરંતુ, જ્યારે પણ બહારથી કોઈ સામાન્ય વસ્તુ આ વાતને સ્પર્શે, ત્યારે ડૂબી ગયેલી આવી લાગણીઓ ખુલ્લામાં બહાર આવે છે.

સમાજમાં શાંતિ જાળવવાની કિંમત એ નકારાત્મક લાગણીઓનું દમન છે, પરંતુ જો એવું ના થઈ શકે, તો તેનું પરિણામ અશાંતિ જ રહે છે.

માનવ સહ-અસ્તિત્વની આ એક અપરિવર્તનશીલ વાસ્તવિકતા છે. તીવ્ર હરીફાઈની આ દુનિયામાં કોઈપણ સમાજ કે પરિવાર તેનાથી બાકાત નથી. આને લીધે, સૌથી શાણો માર્ગ એ છે કે લોકો પોતાના અહંકારને નિષ્ક્રિય રાખે. બધી નકારાત્મકતાઓને દફનાવી દે, જેથી કરીને ધૈર્ય અને સહનશીલતાના વિકાસ માટે માર્ગ મોકળો થાય. એ જ શાંતિપૂર્ણ સમાજનું મોટું રહસ્ય છે.

એક પ્રખ્યાત ફિલોસોફરે સરસ રીતે આવા વલણનો એક સારાંશ આપ્યો છે, જે આપણે બધાએ અપનાવવો જેવો છે, તેણે

કહ્યું હતું, "આ વિશ્વમાં દરેક માણસ પાસે એક વિશાળ કબ્રસ્તાન હોવું જોઈએ, જ્યાં તે અન્ય લોકોની ભૂલોને આસાનીથી દફનાવી શકે!"

## વ્યવહારુ ઉકેલ

"જ્યારે કોઈના અહમને સ્પર્શવામાં આવે છે," એક પ્રખ્યાત મનોવૈજ્ઞાનિકે એકવાર અવલોકન કર્યું હતું, "તે અતિ-અહંકારમાં ફેરવાય છે, અને તેનું પરિણામ ભંગાણ છે!" લગભગ તેરસો વર્ષ પહેલા ઉમૈર ઇબ્ને હબીબ ઇબ્ને હમાશાહ દ્વારા પણ આ જ વાત કહેવામાં આવી હતી. પયગંબર સાહેબના આ સાથીદારે, તેમના અંતિમ દિવસો દરમિયાન, તેમના પૌત્ર, અબુ જાફર અલ-ખાત્મીને અમુક સલાહો આપી હતી, જેમાંની એક ધૈર્ય વિશે હતી: "જે વ્યક્તિ કોઈ મૂર્ખ વ્યક્તિ તરફથી થતું નાનું નુકશાન સહન કરવા તૈયાર નથી હોતું, તેણે પાછળથી મોટું નુકશાન સહન કરવું પડે છે!"

બંને ટિપ્પણીઓનો સાર એ જ છે કે અન્ય લોકો દ્વારા નુકસાન ન થાય તે માટેનો એકમાત્ર રસ્તો એ છે કે તેમની સાથેની

ઘર્ષણ-રેખાથી શક્ય તેટલું દૂર રહેવું, અને હાનિકારક જણાતાં લોકોથી ખાસ અંતર જાળવવું.

દરેક માણસમાં "અહમ" હોય છે. પરંતુ, સામાન્ય પરિસ્થિતિમાં અહમ નિષ્ક્રિય હોય છે. તેને સૂતો રાખવામાં જ વધારે ભલાઈ છે, કારણકે તે સાપ જેવો હોય છે, જો જગાડવામાં આવે તો તેની નજીકમાં રહેલા બધાને ડંખી જાય છે.

કોઈપણ વ્યક્તિ માટે સમાજમાં અન્ય કોઈની મૂર્ખતા અથવા ઇરાદાપૂર્વકની દ્વેષના લીધે પરેશાનીમાં મુકાવું, અને દુઃખી થવું એ સામાન્ય બાબત છે. તોફાનીઓથી થતાં મોટા નુકસાનને ટાળવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે તેમની આક્રમકતાનો શરૂઆતમાં જ પ્રતિકાર કરવો, કારણકે, જો કોઈ આમ નહીં કરે, તો આવી એક પછી એક ક્રિયા-પ્રતિક્રિયાની સાંકળ બની શકે છે, જેમાં મામલો ખરાબથી વધુ-ખરાબ થઈ જશે. શરૂઆતમાં, નાની ઈજાથી બચવા આવી હરકતોને રોકવાનું ટાળવું એ પાછળથી બધાને મોટી ઈજાઓ તરફ દોરી જઈ શકે છે. અને જો વ્યક્તિથી પત્થરોના ઘા સહન થતાં ના હોય, તો પછી તેના માથા પર જ્યારે મોટો પહાડ ઉતરશે, ત્યારે તેને કેવી રીતે સહન કરી શકશે?

## સામાજિક એકતા

પ્રકૃતિની દુનિયા એ વ્યવસ્થિતિ ક્રમ એટલે કે વ્યવસ્થાની દુનિયા છે. પરંતુ, માણસની દુનિયા કેટલી અલગ છે, જ્યાં

માનવીય બાબતો અરાજકતાના ક્રમમાં ઉતરતી રહેતી હોય છે, કારણકે સમાજના સભ્યો એ જ સિદ્ધાંતોનો ભંગ કરે છે, જેને તેમને પોતાના જીવનમાં વ્યવસ્થા લાવવા માટે અપનાવવાના હોય છે. જો સામાજિક જીવનમાં સફળ થવું હોય, તો તેના કાયદાઓ દ્વારા નિયંત્રિત થવું પડશે, જે પ્રકૃતિના નિયમોની જેમ અપરિવર્તનશીલ છે. આ કાયદાઓ તો જ અસરકારક બની શકે, જો માણસ તેનું પાલન કરવાની જરૂરિયાતને સંપૂર્ણ રીતે સમજે. વ્યક્તિએ સમજવું જોઈએ કે વ્યવસ્થા-વિનાનો સમાજ વીજળી-વિનાના કારખાના જેવો છે, જેનું કોઈ મૂલ્ય નથી.

બીજી સમજવા જેવી બાબત એ છે કે અવગુણો પર વિરોધી સદ્ગુણોનો વ્યાપ એ સમાજમાં વ્યવસ્થિત-ક્રમ એટલે કે વ્યવસ્થા જાળવવામાં એક મહાન ફાળો આપનાર પરિબળ છે. ઉદારતા, નિખાલસતા, ક્ષમાશીલતા અને સદવર્તન અનુક્રમે કંજૂસાઈ, સંકુચિતતા, વેર અને નીચતાને ઘટાડે કરે છે. કોઈપણ પરિસ્થિતિમાં અન્ય લોકો માટે ચિંતા અથવા વિચારણા એ હંમેશા વ્યક્તિનો પ્રથમ પ્રતિભાવ હોવો જોઈએ, ખાસ કરીને જ્યારે તે ગોપનીયતા જાળવવાની બાબત હોય, કારણકે અન્યની ભૂલો અથવા ગોપનિયતા જાહેર કરવી એ અવિચારી ઉદાસીનતા દર્શાવે છે, જે અનિચ્છનીય પરિસ્થિતિ સિવાય બીજું કંઈ જ પેદા કરતું નથી. અને બધાથી ઉપર, વચનો હંમેશા પાળવા જોઈએ.

ચારિત્ર્યની ગુણવત્તા સ્વાભાવિક રીતે જ સામાજિક વ્યવસ્થાને ટેકો આપે છે. અંતરાત્માની બાબત હોય કે બાહ્ય

વિવેકની હોય, પરિસ્થિતિની જરૂરિયાત સમજવાની સુટેવ સુમેળભર્યા જીવન માટે ખૂબ જ અનુકૂળ છે. શું બોલવું, ક્યારે બોલવું અને ક્યારે ચૂપ રહેવું, આ બાબતોની સમજ હોવી એ સૌથી મોટા સામાજિક ગુણોમાંનો એક છે. કંઈ પરિસ્થિતિમાં ક્યાં, સખત કે નરમ વલણ અપનાવવું, મક્કમ રહેવું કે નમ્ર રહેવું, વગેરેની સમજ હોવી એ પણ એટલું જ મહત્વનું છે.

જે લોકો સામાજિક સહઅસ્તિત્વની આવી જરૂરી બાબતોને સમજે છે, અને તેને વ્યવહારમાં મૂકે છે, તેઓ સમાજની એકતા માટે મહત્વપૂર્ણ મૂડી છે; તેમના વિના, સામાજિક વ્યવસ્થાનો ક્રમ વિખેરાઈને અરાજકતામાં પરિણમે છે.

## સમય સાથે બદલાવ

તમે ક્યારેય તાળું ખોલવા માટે સંઘર્ષ કરી રહી હોય, એવી "અ" વ્યક્તિ જોઈ છે, જે હળવી અધીરાઈથી માંડીને ધગધગતા ગુસ્સા સુધીના દરેક ભાવનાત્મક તબક્કાઓમાંથી પસાર થાય છે? અને, આખરે ગુસ્સાની હાલતમાં ચાવી ફેંકી દે છે, અને તાળું તોડવા માટે મોટો પથ્થર ઉપાડે છે? અને ત્યાં જ બીજી વ્યક્તિ "બ" આવે છે, અને કહે છે, "મારી ચાવી અજમાવી જુઓ. આ તાળું નવું છે, ત્યાં તમારી જૂની ચાવી ફિટ નહીં થાય!" પરંતુ, આટલા સમય સુધીમાં, "અ" વ્યક્તિ એટલી વ્યથિત થઈ ગઈ હોય છે, કે તેને કંઈ જ કરવાનું સૂઝતું હોતું નથી, માત્ર પાછળ હટી

જઈને "બ" વ્યક્તિને તાળામાં ચાવી ફેરવતી જોઈ રહે છે. અને અલબત્ત, તાળું એક જ ક્ષણમાં ખૂલી જાય છે.

વ્યક્તિ "અ" એવા લોકો જેવી છે, જેઓ વર્તમાન સમયની ઝડપથી બદલાતી દુનિયા સાથે તાલ મિલાવવાની કાળજી લેતા નથી. તેઓ પોતાની જાતને બદલાયેલી પરિસ્થિતિઓમાં પામે છે, પરંતુ તેમના પર જૂની પદ્ધતિઓ જ લાગુ કરવામાં વ્યસ્ત રહે છે, અને જ્યારે તેમની જૂની ચાવીઓ નવા તાળાઓને ખોલવાનો ઇનકાર કરે છે, ત્યારે તેઓ વ્યાકુળ અને ક્રોધિત થવામાં ક્યારેય નિષ્ફળ જતા નથી. ત્યારબાદ, તેઓ આ બદલાયેલા સંજોગો પર રોષ કાઢવામાં પોતાનો સમય અને શક્તિ વેડફવા માટે આગળ વધે છે, જેઓ ક્યારેય પણ તેમને રાજી કરવા માટે પાછા ફરવાના નથી. તેઓ તેમના ગુસ્સાને એટલી તીવ્રતા સુધી પહોંચવાની અનુમતિ આપે છે કે તેઓ જૂની ચાવીઓને પ્રતિસાદ નહીં આપતી હોવાથી, નવી કિંમતી વસ્તુઓને તોડવા ઊભા થઈ જાય છે. દુર્ભાગ્યે, બહુ ઓછા સંજોગોમાં એવી "બ" વ્યક્તિ હોય છે, જે સમયસર આવીને યોગ્ય નવી ચાવી આપીને વસ્તુને તૂટતા બચાવી લે છે.

સામાન્ય રીતે, એવું થવું જોઈએ કે લોકો પોતાની જાત માટે નવી ચાવીઓ શોધે. પરંતુ, બહુ ઓછા લોકો આવું કરી શકે છે, એનું કારણ એ છે કે તેના માટે સખત પ્રયાસોની જરૂર પડે છે, જે બધાને કરવા હોતા નથી. આથી, આવો અભ્યાસક્રમ શરૂ કરતા

પહેલા, સૌ પ્રથમ તો લોકોએ આને આધુનિક જીવનની પૂર્વશરત તરીકે ઓળખવી પડશે!

પરંતુ આપણી આસપાસ શું દેખાય છે? હજું પણ હલ્લાબોલ કરનારાઓ,  મીડિયાના પહાડોમાં પોતાના શબ્દોનો પડઘો પાડવા માટે, દરેક જગ્યાએ જઈને અનામત અને વિશિષ્ટ સારવારની માગણી કરતા મંચો પર શોરબકોર અને ભાષણો કરતાં ફરે છે.

તેઓ તેમના દૃષ્ટિકોણને સાચો સાબિત કરવા માટે, જાહેર પ્રદર્શનોનો આશરો લઈને, સામાજિક પૂર્વગ્રહ અને ભેદભાવપૂર્ણ પ્રથાઓના રોદણા રોવાનું ચાલુ રાખે છે. પરંતુ, વર્તમાન સમસ્યાઓ સામે જૂની પુરાણી યુક્તિઓ લાગુ કરીને એવી આશાઓ સેવવી કે આવું કરવાથી બધું આપોઆપ સારું થઈ જશે, એ નવા તાળામાં જૂની ચાવીઓ અજમાવવાના નિરર્થક પ્રયત્નો સિવાય બીજું કશું નથી. તેના માટે ખરેખર તો લોકોએ પોતાની શક્તિઓ સામાજિક ઉત્થાન, સર્જનાત્મકતામાં સુધારો અને વ્યક્તિગત સ્તરે ખંતના દાખલાઓ ઊભા કરવાના ગંભીર પ્રયાસો માટે સમર્પિત કરવી પડશે.

## સત્યનો ઈન્કાર

સોક્રેટીસ કહે છે કે ધારદાર દલીલો કરવામાં હોશિયાર વ્યક્તિ ગરીબો પ્રત્યે ક્યારેય સહાનુભૂતિ દર્શાવી શકે નહીં.

આ નિવેદનનો અર્થ સહેલાઈથી સમજાય એવો નથી; કારણકે તીક્ષ્ણ દલીલોની કળા અને ગરીબો પ્રત્યેની સહાનુભૂતિ વચ્ચેનો સંબંધ પહેલી નજરે સ્પષ્ટ થતો નથી. પરંતુ, વધુ ધ્યાનપૂર્વક વિચાર કરતાં ખ્યાલ આવશે કે બંને વચ્ચે ખરેખર એક ઊંડો સંબંધ છે. તેનો અર્થ એ છે કે ફક્ત એવો વ્યક્તિ જ ગરીબો પ્રત્યે સહાનુભૂતિ ધરાવી શકે છે, જે સત્યને સ્વીકારવાનું જાણે છે; ભલે તે સત્ય ગરીબોને લગતું હોય.

આ કહેવતની સચ્ચાઈને સરસ રીતે દર્શાવતી એક ઘટના છે. એક જમીનદારે પોતાની આંબાની વાડી એક માળીને ભાડેથી વેચી. જ્યારે વૃક્ષો પર ફળ આવવા લાગ્યા, બરાબર એ જ સમયે વાવાઝોડું આવ્યું, અને વૃક્ષો પરના ફળોનું ભારે નુકશાન થયું. હવે, ફળોના વેચાણમાં નુકશાન જવાનું હોવાથી, અને રોકાણ પર કોઈ વળતર મળશે નહીં એવા ભયથી, માળીએ પડેલા ફળોને એક ટોપલીમાં ભરીને જમીનદાર પાસે જઈને વિનંતી કરી કે પોતાના અપેક્ષિત નુકશાનની દ્રષ્ટિએ તેમની વાડીને કિંમતમાં થોડો ઘટાડો કરી આપે.

આ સાંભળીને જમીનદાર ગુસ્સે થઈ ગયો અને તેને પૂછ્યું કે શું તેને ખબર ન હતી કે વૃક્ષોને વાવાઝોડાથી બચાવવા માટે બગીચાની આસપાસ કોઈ ઊંચી દીવાલ નથી. આ શબ્દોથી હતાશ થઈને ગરીબ માળી ત્યાંથી ચુપચાપ જતો રહ્યો.

જમીનદાર સાથે હાજર એક મિત્રે આખી વાતચીત સાંભળી, અને જ્યારે માળી જતો રહ્યો, ત્યારે તેણે જમીનદારને કહ્યું, "તમે કેટલા કઠોર છો. તમે ગરીબ માણસ પ્રત્યે કોઈ દયા દર્શાવી નહીં!" જમીનદારે જવાબ આપ્યો, "તમે ભણેલા-ગણેલા લોકો કદાચ એવું વિચારો છો કે એક માણસ બીજા માણસ માટે જવાબદાર હોય છે, પરંતુ હકીકતમાં, ઈશ્વર એકલા જ બધાના પોષણદાતા છે. પરિસ્થિતિ ગમે તેવી હોય, તે બધાને જરૂરી બધું પૂરું પાડી દે છે!"

આપણે આપણાથી સબળ વ્યક્તિ સામે બોલવામાં ખચકાતાં હોઈએ છીએ, પરંતુ નબળી વ્યક્તિ સાથે વાત કરવામાં આવો કોઈ ખચકાટ હોતો નથી. આથી, ઘણીવાર એવું બને છે કે વ્યક્તિ પોતાના સ્વાર્થમાં એટલો વહી જાય છે કે તેના હાથ પર રહેલી વાસ્તવિક બાબત પર યોગ્ય વિચાર કરતો નથી. આવા સમયે, વ્યક્તિ પાસેથી સત્ય સ્વીકારવાની અને ન્યાયપૂર્ણ રીતે વર્તનની અપેક્ષા ખૂબ જ ઓછી થઈ જાય છે.

## કઠિનતાનું સંચાલન

તમે કદાચ જોયું હશે કે કાચની ફ્રેમ બનાવતી કંપનીઓ પેન જેવા સાધનથી કાચની શીટ પર પહેલા ખાંચ પાડે છે, અને ત્યારપછી તેને બે ભાગમાં સરળતાથી તોડી નાખે છે. આ સાધનની કાપતી ધાર નાના રેઝર જેવા હીરાથી બનેલી હોય છે. આ ઉપરાંત, ખનિજોની શોધમાં સેંકડો ફૂટની ખડકની જાડાઈમાં

પણ કૂવા ખોદવા માટે વપરાતા વિશાળ સાધનોની ધાર પણ હીરાઓથી સજ્જ હોય છે. આ સાધનોને આટલા અસરકારક બનાવતું પરિબળ એ હીરાની અતિશય કઠિનતા છે.

હીરો, હકીકતમાં, સૌથી કઠિન કુદરતી પદાર્થ છે. તેને ખોતરી શકાતો નથી. તેને એસિડમાં મૂકો તો પણ કોઈ અસર થતી નથી. પરંતુ આ અદ્ભુત પથ્થરનું બીજું પણ એક પાસું છે. જો તેને ખૂબ જ ઊંચા તાપમાને ગરમ કરવામાં આવે તો તે અદૃશ્ય થઈ જાય છે - અને સીધો કાર્બન ડાયોક્સાઇડમાં ફેરવાઈ જાય છે, અને જો તેને યોગ્ય જગ્યાએ બારીકાઈથી ઘસવામાં આવે તો તે ચકચકિત થાય છે. હીરાના રત્નોમાં તમારે એ જોવાનું છે કે તેમને જ્વેલર્સ દ્વારા કેવા અદ્ભુત, બહુપક્ષીય આકારો અપાય છે, કારણકે, હીરાની આંતરિક રચનાનો અભ્યાસ કરીને, તેઓ જાણે છે કે તેને ક્યાં અને કેવી રીતે ઘસવું!

તેવી જ રીતે, જ્યારે આપણે પોતાને કઠિન પરિસ્થિતિઓમાં જોઈએ, ત્યારે આપણે તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ, જેવી રીતે જ્વેલર્સ પોતાના હીરાનો અભ્યાસ કરે છે. આપણે પરિસ્થિતિઓને બેદરકારીપૂર્વક, સૌથી કઠિન ભાગથી નહીં, પરંતુ સંયમપૂર્વક, સૌથી નરમ જગ્યાએથી સ્પર્શવી જોઈએ. આપણે આક્રમતકતા અને હિંસા જેવી, નબળા પરિણામો સર્જતી પદ્ધતિઓ અપનાવવી જોઈએ નહીં, કારણકે તે માત્ર અન્ય લોકોમાં કડવાશ અને હઠીલાપણું જન્મ આપે છે. આપણે નમ્રતા

અને કુટનીતિનો આશરો લેવો જોઈએ - ક્રૂર ભાષાને બદલે નમ્રતા અને સંવેદનશીલતાનો આશરો લેવો જોઈએ.

આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ઘણા માણસોને "અઘરા હીરા" તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે, બહારથી તેઓ અનાકર્ષક અને ગુણહીન દેખાય છે, પરંતુ અંદરથી તેઓ મહાન મૂલ્યના હોય છે. તેમનું મૂલ્ય સ્પષ્ટ દેખાય એવી રીતે તેમને સમાજ સમક્ષ બહાર લાવવા માટે, તેમની સપાટી પર ખોતરવું અથવા એસિડનો ઉપયોગ કરવો નકામું છે. જો માનવ-આત્માને તેની બધી સુંદરતામાં સીધી પ્રગટ કરવી હોય, તો તેને એવી જ બારીકાઈથી અને નાજુકપણે સંચાલન કરવું જોઈએ અને તેમની સાથે એવી જ નિષ્ણાતતા સાથે વર્તવું જોઈએ, જેવી રીતે એક  નિષ્ણાંત કારીગર, એક શાનદાર પરંતુ નાજુક આભૂષણના ટુકડાં સાથે કરે છે.

## સંપૂર્ણ તપાસ

એકવાર મદીના શહેરની મુલાકાત દરમિયાન, એક ભારતીયને એક દેખાવમાં બેદુઈન (અરબ રણના ગામડિયા માટે વપરાતો શબ્દ) અરબી વ્યક્તિ સાથે મુલાકાત થઈ, જેનો એક હાથ કપાઈ ગયું હતું. સાઉદી અરેબિયામાં ચોરોના હાથ કાપવાની પ્રથા હોવાને કારણે, ભારતીયને લાગ્યું કે તે વ્યક્તિ નક્કી ચોર હોવો જોઈએ. આથી, તે તેને મળવામાં થોડો ખચકાયો, પરંતુ દયા અને ઉત્સુકતાને લીધે તે અરબ ભાઈને અભિવાદન કરવા આગળ

વધ્યો. વાતચીત કરવાથી જાણવા મળ્યું કે તે અરબી વ્યક્તિ એ યુત્ના નામના શહેરનો રહેવાસી છે, તેની પાસે ૨૩ ટ્યુબવેલ સાથેનું એક મોટું ખેતર છે, અને તેના ખેતરની ઉપજ દરરોજ મોટી માત્રામાં મદીનાની બજારમાં લાવવામાં આવતી હતી. તેણે તેના ભારતીય ભાઈને વધુમાં જણાવ્યું કે 1948માં, તે પેલેસ્ટાઈન યુદ્ધમાં જોડાયો હતો, જ્યાં તેના હાથમાં છ ગોળીઓ લાગી હતી, અને તેને લાંબા સમય સુધી હોસ્પિટલમાં રહેવું પડ્યું હતું. ડોક્ટરોની શ્રેષ્ઠ પ્રયાસો હોવા છતાં, તેઓ ઘાને સાજા કરી શક્યા નહીં. તેથી, હાથ બચાવવા માટે, તેને અલગ કરવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો.

ઉપરોક્ત ઉદાહરણ દર્શાવે છે કે અપૂરતી માહિતીના આધારે નિષ્કર્ષ પર પહોંચવાથી કેવી મોટી ગેરસમજ થઈ શકે છે. સમાજના દરેક સભ્યએ પોતાનો નિર્ણય લેતા પહેલા અત્યંત સાવધાનીપૂર્વક વિચાર કરવાને ફરજ માનવી જોઈએ. કોઈપણ અભિપ્રાય બાંધતા અને આપતા પહેલા હંમેશા સંપૂર્ણ તપાસ કરવી જોઈએ.

જ્યાં આવું શક્ય નથી હોતું —અને આ દરેકને લાગુ પડે છે— ત્યાં એકમાત્ર વિકલ્પ મૌન સેવવું જોઈએ. વાણી ચાંદી છે, તો મૌન સોનું છે.

# યુવાઓને પ્રોત્સાહન

ચાર્લ્સ ડાર્વિન (1809-1882) તેની શાળાના દિવસો દરમિયાન એક સાવ સામાન્ય વિદ્યાર્થી સાબિત થયો હતો, અને એકવાર તેના પિતાએ તેને "નકામો અને માત્ર કૂતરાઓની મદદથી ઉંદર પકડતો શિકારી" તરીકે પણ ઠપકો આપ્યો હતો. જ્યારે તેનું શિક્ષણ પૂર્ણ થયું, ત્યારે તેના પિતાએ તેને એક મેડિકલ કોલેજમાં દાખલ કર્યો, પરંતુ ત્યાં પણ તેનું પ્રદર્શન સમાન રીતે નબળું રહ્યું અને અભ્યાસક્રમ પૂર્ણ કરી શક્યો નહીં. ત્યારબાદ તેણે પાદરી બનવાનું નક્કી કર્યું, અને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં જોડાયો. પરંતુ ત્યાં પણ તેને નિષ્ફળતા જ મળી.

જો કે, બધું સમાપ્ત થઈ ગયું ન હતું, કારણકે કેમ્બ્રિજના રોકાણ દરમિયાન, તેને કુદરતી ઇતિહાસમાં રસ જાગ્યો, જેના લીધે તેને આગળ જતાં વિશ્વ વિખ્યાત બનાવવાનું હશે. આ વિષય ડિગ્રી અભ્યાસક્રમમાં સામેલ ન હતો; ફક્ત વ્યક્તિગત રુચિને કારણે જ તેનો અભ્યાસ કરવા પ્રેરાયો હતો. આ સિવાય, તેની ભૂગોળમાં રુચિ હોવાને કારણે, તેનો સંપર્ક એક મહાન વિદ્વાન અને વ્યાપક અભ્યાસ ધરાવતા વ્યક્તિ જે. એસ. હેંસલો સાથે થયો. પ્રોફેસર હેંસલો સાથેનો સંપર્ક તેના માટે, વિશ્વ-શિક્ષણની ટોચ પર પહોંચવા માટેની સીડી પરનું પહેલું પગથિયું હતું.

આ જ અરસામાં, બ્રિટિશ સરકારે એટલાન્ટિક અને પેસિફિક મહાસાગરોનું દરિયાકાંઠાનું સર્વેક્ષણ કરવાનો નિર્ણય કર્યો, અને સંશોધન માટે પાંચ વર્ષની સફર પર નૌકાદળનું જહાજ

'બીગલ' મોકલ્યું. પ્રોફેસર હેંસલોએ પોતાના વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરીને, જહાજ પર ડાર્વિનની એક કુદરતશાસ્ત્રી તરીકેની નિમણૂક સુરક્ષિત કરી. આમ, પ્રોફેસર હેંસલોએ તેને વિશ્વના દૂરના પ્રદેશોની શોધખોળ કરવાની તક અપાવી. ડાર્વિન ક્યારેય પોતાની જાતે 'બીગલ' પર સ્થાન મેળવી શક્યો ન હોત. તે સંપૂર્ણપણે હેન્સલોની ક્ષમતા અને કૃપાદ્રષ્ટિને કારણે જ શક્ય બન્યું કે તે આ ઐતિહાસિક સમુદ્ર-યાત્રા પર જઈ શક્યો.

આ પાંચ વર્ષ દરમિયાન ડાર્વિનને ઘણા અલગ-અલગ દેશોની મુલાકાત લેવાની તક મળી. તે શોધખોળ માટે ક્યારેક પગપાળા તો ક્યારેક ઘોડા પર, અલગ-અલગ પ્રદેશોના આંતરિક ભાગોમાં ઘૂસી જતો. જંગલોની શોધખોળ કરતાં-કરતાં અને પર્વતોના ચઢાણ દરમિયાન, તે હજારો પ્રકારના છોડ અને પ્રાણીઓનો અભ્યાસ કરી શક્યો., અને તેમના નમૂનાઓ પણ સાથે એકત્રિત કરી લેતો હતો. તેણે જમીનની અંદર સચવાયેલા વિવિધ પ્રાણીઓના અવશેષો પણ એકત્રિત કર્યા હતા.

તેની મુસાફરી દરમિયાન કરેલા અવલોકનોએ તેને પ્રાણીઓની વિવિધ પ્રજાતિઓ વિશે અમુક થિયરીઓ સ્થાપિત કરવામાં મદદ કરી. સૌથી મહત્વપૂર્ણ થીયરી એ હતી કે પ્રાણીઓ એકબીજાથી પ્રજાતિ તરીકે અલગ પડતી હોવા છતાં, તેમની પાસે અમુક વિશેષતાઓ એકસમાન છે, જેમકે, પર્યાવરણમાં અનુકૂલન સાધવું. આ પ્રારંભિક અવલોકનના વિગતવાર સંશોધને ડાર્વિનની ઉત્ક્રાંતિની થિયરીને આકાર આપ્યો હતો.

ડાર્વિનના જીવનમાંથી એક મહત્વનો પાઠ શીખવા એ મળે છે કે વડીલો દ્વારા યુવાનોની પ્રતિભાની પ્રશંસા અને પ્રોત્સાહન તેમની પ્રગતિ અને ઉચ્ચ સફળતા માટે એક મહાન પ્રેરણા તરીકે કામ કરી શકે છે. કોઈપણ સમાજમાં, જ્યાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સ્પષ્ટ યોગ્યતા ધરાવતા અને સંઘર્ષ કરી રહેલા યુવાઓ પ્રત્યે આવી લાગણીઓ દર્શાવે છે, તે સમગ્ર સમાજ માટે લાભદાયી સાબિત થાય છે. પરંતુ, જ્યાં વડીલો ઉત્કૃષ્ટ માનવીય ગુણોમાં રસ લેવાને બદલે માત્ર ચાટુકારોની વાત સાંભળતા હોય, ત્યાં ઉચ્ચ પ્રતિભા ધરાવતા વ્યક્તિઓની પ્રતિભા પ્રોત્સાહનના અભાવે સુકાઈ જાય છે. આવા વડીલોથી બનેલો સમાજ ક્યારેય યોગ્ય પ્રગતિની ઊંચાઈઓ સુધી પહોંચી શકતો નથી.

ડાર્વિનના જીવનમાં બીજી પણ એક ખૂબ જ પ્રશંસનીય ઘટના બની. 1852 અને 1858માં, તેણે કુદરતી પસંદગી પર પોતાના વિચારો લખ્યા. તેના સિદ્ધાંતો હજુ પ્રકાશિત થવાના જ હતા, ત્યાં તેને આલ્ફ્રેડ વોલેસ તરફથી એક પત્ર મળ્યો, જેમાં તેમના પ્રકાશિત ન થયેલા લેખની રૂપરેખા હતી, જે સારમાં ડાર્વિનના કાર્ય જેવું જ હતું. આ સિદ્ધાંતોને પ્રસ્થાપિત કરનાર પ્રથમ વ્યક્તિ હોવાનો દાવો કરવા માટે, ડાર્વિન માત્ર પોતાનો લેખ પ્રકાશિત કરી શક્યો હોત, પરંતુ તેણે એવું ના કર્યું. તેના બદલે, તેણે લંડનની લિનીયન સોસાયટીમાં વોલેસ અને તેના પોતાના દૃષ્ટિકોણને સંયુક્ત લેખ તરીકે રજૂ કરવાનું નક્કી કર્યું. તેને લાગ્યું કે આ રીતે રજૂઆત કરવાથી ઉલ્ટાનું વધુ સારું થશે.

તેથી, 20 જૂન, 1858 ના રોજ,  લંડનના અગ્રણી બુદ્ધિજીવીઓની એક સભામાં ઉત્ક્રાંતિના સિદ્ધાંતોને એક સંયુક્ત લેખના રૂપમાં રજૂ કરવામાં આવ્યા. અને, ખરેખર આ સિદ્ધાંતો વૈજ્ઞાનિક મહત્વના મહાન વિષયો બન્યા. આમ, પોતાની વ્યક્તિગત મહિમાનો ત્યાગ કરીને ડાર્વિને કરેલી સંયુક્ત યોગદાનની રજૂઆતને કારણે તેની સ્વીકૃતિને ખૂબ વેગ મળ્યો. ડાર્વિન માટે મોટું ઈનામ એ પોતાની વ્યક્તિગત ખૂબીઓની માન્યતા નહીં, પરંતુ તેના સિદ્ધાંતોની સ્વીકૃતિ હતી. આત્મ-ત્યાગ અથવા સ્વ-બલિદાન એક અત્યંત દુર્લભ ગુણ છે, અને - તેનાથી જ સમાજ મહાન બને છે.

## સામૂહિક વફાદારી

એક માછીમારે મને કહ્યું હતું કે કરચલાની ટોપલીને ઢાંકણની જરૂર નથી પડતી. જો કોઈ એક કરચલો ટોપલીની બાજુ ચઢવા લાગે, તો બાકીના કરચલા તેને પકડીને પાછો ખેંચી લે છે. (ચાર્લ્સ એલન, ધ મિરેકલ ઓફ લવ)

કરચલાને આવી દિવ્ય પ્રકૃતિ ઈશ્વરે પ્રદાન કરી છે. આવા ઉદાહરણો દ્વારા, ઈશ્વર માનવજાતને દર્શાવે છે કે સામાજિક જીવન કેવી રીતે ગોઠવાવું જોઈએ. એકતા એ સમાજના મહત્વપૂર્ણ તત્વોમાનું એક છે. એકતા સ્થાપિત કરવાનો શ્રેષ્ઠ રસ્તો ઈશ્વરે કરચલાની દુનિયા દ્વારા દર્શાવ્યો છે.  એટલે કે, જ્યારે કોઈ વ્યક્તિ સામાન્ય વર્તનથી વિચલિત થવાના સંકેતો દર્શાવે, ત્યારે સમાજના બાકીના લોકોની ફરજ બને છે કે તેને સામાન્ય,

માનવીય અને સભ્ય બનવા માટે પાછો લાવે. સમાજરૂપી "ટોપલી" માં રહેલા વ્યક્તિઓએ તેમની સંખ્યામાંથી એકને પણ બહાર નીકળવા દેવી જોઈએ નહીં.

## ઉલટો પિરામિડ

જ્યારે દિલ્હીની તે સમયની સૌથી ઊંચી અને આધુનિક ઇમારત વિકાસ મિનાર પૂર્ણ થઈ ત્યારે, અખબારોએ અહેવાલ છાપ્યો કે “શહેરની એકવીસ માળની ઇમારત તૈયાર છે!” આવું લખવાથી, સામાન્ય રીતે, વાચકોનું ધ્યાન એકવીસમા માળ ઉપર જ કેન્દ્રિત થવાનું છે, જ્યારે કે ઈમારતનો પાયો નાખવાથી માંડીને દરેક ફ્લોર બનાવવા માટે વર્ષો લાગ્યા હતા, અને ત્યારે છેક છેલ્લો એકવીસમો માળ બની શક્યો હતો. હકીકતમાં લેખનની આવી શૈલી એ "ઈન્વર્ટેડ પિરામિડ" એટલે કે "ઉલટા પિરામિડ"ની શૈલી છે, જે વાંચકોનું ધ્યાન ખેંચવા માટે આકર્ષક માહિતી પ્રથમ સ્થાને રાખે છે.  તેમાં સામાન્ય કાર્ય-પ્રગતિની માહિતીઓનો સમાવેશ થતો નથી, જેમાં સ્પષ્ટપણે શરૂઆત, મધ્યાહ્ન અને અંત હોય છે.

ઉપરોક્ત તકનિક પત્રકારત્વ માટે એકદમ સામાન્ય થઈ ગઈ છે, જેમાં ઘણીવાર પરિસ્થિતિની વાસ્તવિકતાને નજરઅંદાજ કરવામાં આવે છે. અખવાર વેચવા માટે, છેવટે તો સનસનાટીપૂર્ણતાની ચોક્કસ ડિગ્રીની જરૂર પડે છે. અખબારનું પરિભ્રમણ વધી રહ્યું હોય, તો પછી કયો સંપાદકીય સ્ટાફ જાહેર

જનતાની ચિંતા કરે? જનતા સાથે વાસ્તવિક રીતે શું થઈ રહ્યું છે - કે પછી - તેમને બાબતનો એકતરફી જ દ્રષ્ટિકોણ મળે છે, તેનો ખ્યાલ કોણ કરે?

‘ઉલટુ પિરામિડ’ ની પદ્ધતિ એ સમાચાર રજૂઆત માટે સ્વીકાર્ય હોઈ શકે. પરંતુ, આ પદ્ધતિનો મીડિયા દ્વારા ઉપયોગ કરવામાં આવતો હોવાથી, એ જરૂરી નથી બની જતું કે આપણે તેને પ્રજાના ભવિષ્ય પર લાગુ કરવાના સૂત્ર તરીકે સ્વીકારી લેવું જોઈએ. સમાજને યોગ્ય રીતે ઊભો કરવા માટે ટોચના માળાથી બાંધકામ શરૂ કરી શકાતું નથી.  શરૂઆત હંમેશા પાયાથી જ કરવી પડે, અને વર્ષો સુધી તેના પર કાળજીપૂર્વક સતતપણે કામ ચાલુ રાખવું પડે. મોટા ભાષણો આપતા વ્યક્તિઓ ટોપ-ફ્લોર વિષે સુંદર વ્યક્તવ્યો આપવા માટે ટેવાયેલા હોય છે, પરંતુ પાયાના એકેય પત્થર નાખતા પહેલા જ છત બનાવાતી હશે? સાચી સર્જનાત્મકતા પાયાથી જ શરૂ થાય છે. બાંધકામની મજબૂતાઈનો આધાર પાયાની ગુણવત્તા પર રહેલો હોય છે.

## શંકા દૂર કરો

ઘણા વર્ષો પહેલા, એક વખત જ્યારે હું આઝમગઢ રેલવે સ્ટેશન પર ટ્રેનની ટિકિટ ખરીદી રહ્યો હતો, ત્યારે અચાનક એક ગામડાનો માણસ બરાબર ટ્રેનના છૂટવાના સમયે ટિકિટ ખરીદવા આવ્યો. તેણે પોતાની મુઠ્ઠી ટિકિટ-બારીમાં નાખીને ખોલી, તો તેમાંથી કાઉન્ટર પર ઘણા બધા નાના સિક્કાઓ નીકળ્યા. ક્લાર્ક

નારાજ થઈ ગયો, અને બોલ્યો: "મારી પાસે એટલો બધો સમય નથી કે હું આટલા બધા સિક્કાઓ ગણી શકું, મને ચૂકવણી માટે નોટો આપો!" બિચારા ગરીબ ગામડાના માણસ પ્રત્યે મને સહાનુભૂતિ થઈ આવી. મેં તરત જ એક મોટી નોટ કાઢી અને તેને સિક્કાઓથી બદલવાની ઓફર કરી. પરંતુ, ગામડાના માણસે મારી ઓફર ના સ્વીકારી. તેણે મારી તરફ શંકાની નજરે જોયું, અને પછી ચૂપચાપ બીજી દિશામાં જતો રહ્યો. હું ઝડપથી દોડીને ટ્રેનમાં ચઢી ગયો, પરંતુ મારી જીજ્ઞાશાવશ આંખો પેલા ગામડાના માણસને શોધી રહી હતી. નક્કી, એ સમયસર ટિકિટ ખરીદી શક્યો નહીં હોય, અને ટ્રેન ચૂંકી ગયો હશે!

ગામડાવાળાએ મારી ઓફર શા માટે ના સ્વીકારી? કદાચ, તેનું કારણ "શંકા" હતું. તેને એવું થયું હશે કે હું તેની પરિસ્થિતિનો ફાયદો ઉઠાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું, તેના સિક્કાઓ માટે મારી ખામીવાળી નોટ બદલવા માંગતો હોઈશ!

આ શંકા તેના મનમાં એટલી ઊંડી રીતે ઘર કરી ગઈ હતી કે તે ટ્રેન છૂટી જવાના ભોગે પણ, તેના સિક્કાઓ મારી નોટ સાથે બદલવાનો નિર્ણય લઈ શક્યો નહીં.

આપણા આખા સમાજની સ્થિતિ આવી છે. દરેક વ્યક્તિ એકબીજાને શંકાની નજરે જુએ છે. દરેક વ્યક્તિ બીજા વ્યક્તિને બેઈમાન માને છે. સમાજમાં બેઈમાનીનું વાતાવરણ હોવાનું આ મુખ્ય કારણ છે. દરેક વ્યક્તિએ પોતાને ઘણા સંભવિત લાભોથી

વંચિત રાખ્યો છે. સાથે મળીને કામ કરવા માટે,  અન્ય લોકોનો સહારો લેવો જરૂરી છે, પરંતુ શંકાની વ્યાપકતાએ આપણા માટે આવો સહારો મેળવવાની શક્યતાનો અંત આણ્યો છે.

એક શંકા, બીજી શંકાને જન્મ આપે છે; જ્યારે કે ભરોસાનો જન્મ માત્ર ભરોસોમાંથી જ થાય છે.

જો તમે કોઈને શંકાની નજરે જોશો, તો પ્રતિભાવમાં તે પણ તમારા વિશે શંકા વિકસાવશે અને તમારા બંને વચ્ચેનું અંતર વધતું જશે. તેનાથી વિપરીત, જો તમે સામેવાળા સાથે વિશ્વાસનું સંબંધ વિકસાવશો, તો તે પણ તમારા પર વિશ્વાસ કરવા પ્રેરાશે, અને બંને એકબીજાની નજીક થઈ શકશો.

દરેક વ્યક્તિની અંદરની આત્મા એક જ છે. પરંતુ, લોકો એવી ખોટી સમજણ ધરાવતા હોય છે, કે તેઓ અન્ય લોકોથી અલગ છે.

## લાભદાયી ટીકા

જૂન 1983 ની બ્રિટિશ સામાન્ય ચૂંટણીમાં, શ્રીમતી થેચરે વડા પ્રધાન તરીકેની બીજી મુદત સરળતાથી જીતી લીધી. ચૂંટણી પત્યા પછીનું પ્રથમ કામ, તેણીએ તેમના વિદેશ મંત્રી શ્રી ફ્રાન્સિસ પિમને બરતરફ કરવાનું કર્યું.

ચાર્લ્સ-૧ ના શાસનકાળ દરમિયાન 'કિંગ પિમ' તરીકે ઓળખાતા જ્હોન પિમના વંશજ, સર ફ્રાન્સિસ પિમમાં સક્ષમ અને આદરણીય રાજ્યકારભારીની બધી જ ગુણવત્તા અને કૌશલ્ય હતું. તેઓ ઉચ્ચ મંત્રી પદ પર પણ રહી ચૂક્યા હતા. તો પછી, શા માટે શ્રીમતી થેચરે તેમને સરકારમાંથી બરતરફ કર્યા? કારણ એ હતું કે ચૂંટણી પ્રચાર દરમિયાન તેઓ કંઈક એવું બોલ્યા, જે શ્રીમતી થેચરને પસંદ ના આવ્યું. સરકારમાં વિપક્ષની ભૂમિકાને લઈને તેમણે એવી ટિપ્પણી કરી કે “મજબૂત વિપક્ષ એ સારી સરકારનું અનિવાર્ય ઘટક છે,” કારણ કે “કોઈપણ સરકાર સંપૂર્ણ હોતી નથી!” શ્રીમતી થેચરને તેમની આ ટિપ્પણી સહન ના થઈ, આથી તેણીએ સર ફ્રાન્સિસને તેમના મંત્રીમંડળમાંથી બરતરફ કરી દીધા.

સમીક્ષા સ્વીકારવામાં અસમર્થતા એ માનવની સામાન્ય નબળાઈ છે. તેની સૌથી નુકસાનકારક અસર એ છે કે તે વ્યક્તિને તેના મિત્રોથી વંચિત કરે છે.

કોઈપણ મહાન કાર્ય એ યોગ્ય કુશળતા ધરાવતા સાથીઓની મદદ વગર પૂર્ણ થઈ શકતું નથી. આવા લોકોને એકસાથે લાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે તેમની આલોચના સહન કરવી. બુદ્ધિશાળી લોકો તેમના વિચારોને દબાવી શકતા નથી. એક ઉદાર વિચારધારા ધરાવતો નેતા તેમને સ્વતંત્ર રીતે વ્યક્ત થવા દે છે; અને તેમની અસંમતિથી નારાજ થતો નથી. આવો નેતા મૂલ્યવાન મિત્રોની કાયમી વફાદારી સુનિશ્ચિત કરે છે.

જ્યારે કે, સંકુચિત વિચારધારા ધરાવતો વ્યક્તિ આવા લોકોની કિંમત સમજી શકતો નથી. અને, પરિણામે તેની આસપાસ સામાન્ય ક્ષમતા ધરાવતા લોકોનો સમૂહ ભેગો થાય છે, જે મહાન કાર્યોને સમજવા કે કરવાની ક્ષમતા ધરાવતા હોતા નથી.

## સામાજિક સમસ્યાઓના ઉકેલ

શ્રી મેલ્કમ ફોર્બ્સે સમસ્યાઓના ઉકેલ સંબંધિત એક ખૂબ જ યોગ્ય ટિપ્પણી કરી છે: "જ્યારે તમને સમસ્યા વિષે કાંઈ ખબર ના હોય, ત્યારે ઉકેલો સૂચવવા બહુ આસાન હોય છે!"

સામાજિક પરિસ્થિતિઓમાં સામનો કરવો પડતી સામાન્ય સમસ્યા પણ કાંટાળી વાડમાં ફસાયેલા શર્ટ જેવી હોય છે. તમે શર્ટ ખેંચવાની જેટલી વધારે કોશિશ કરો, શર્ટ એટલો જ વધારે ફસાય! આવી રીતે, કદાચ તમે એને બહાર કાઢવામાં સફળ પણ થઈ જાઓ, તો પણ પ્રક્રિયા દરમિયાન તે, છેવટે, ફાટી તો જશે જ! આવી જટિલ પરિસ્થિતિઓમાં ખૂબ જ ઊંડાણપૂર્વકના અભ્યાસની જરૂર હોય છે, આથી સમાજની "કાંટાદાર" સમસ્યાઓને હલ

કરવાના પ્રયાસો ખૂબ જ ધૈર્યપૂર્ણ અને વિવેકબુદ્ધિ-યુક્ત હોવા જોઈએ.

જ્યાં સુધી, વ્યક્તિ સમસ્યાના સ્થળ પર હાજર ન હોય, ત્યાં સુધી, તે પરિસ્થિતિઓની નાજુકતાને ચોક્કસપણે સમજી શકતો નથી, આથી આવી પરિસ્થિતિમાં ઉકેલો પર ઉકેલ આપે રાખવું, એ સાવ નિરર્થક હોય છે.

સામાજિક જીવન એ ખરેખર જટિલ બાબત છે. કોઈપણ પહેલ, ઓછામાં ઓછું, અન્ય લોકોની મૌન-સંમતિ વગર, ભાગ્યે જ ઈચ્છનીય છે.  ક્યારેય અન્ય લોકોની શક્તિ અને પ્રભાવને અવગણવું જોઈએ નહીં કે પછી, તેનો અંદાજ ઓછો આંકવો જોઈએ નહીં.

બધી શક્યતાઓ તેમજ જાણીતા પરિબળોને ધ્યાનમાં લેવા જોઈએ અને આવું કર્યા પછી પણ, કોઈપણ જાતની કાર્યવાહી માટે આગળ વધતાં યોગ્ય સમયની રાહ જોવાનું શીખવું જોઈએ. ઘર્ષણ કરવાનું કોઈપણ કિંમતે ટાળવાનો અભિગમ અપનાવવો જોઈએ.

જે વ્યક્તિ સામાજિક અસ્તિત્વની જટિલતાઓ પ્રત્યે સાચે જ સંવેદનશીલ હશે, તે પોતાના સાથી માણસોની નાજુકતાની ભાવનાને અપમાનિત કરી શકે તેવા ઉકેલો આપતા પહેલા, સો વખત વિચાર કરશે.

# એક ભૂમિકા ભજવવા ખાતર

ભારતની સ્વતંત્રતાના પિતા મહાત્મા ગાંધીના જીવનનું નિરૂપણ કરતી ફિલ્મ ‘ગાંધી’ બનાવવામાં £13 મિલિયનનો ખર્ચ થયો હતો. ફિલ્મના નિર્દેશક સર રિચાર્ડ એટેનબરોહ 20 વર્ષથી આ ફિલ્મ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ ક્યાંય મેળ પડતો નહોતો. એકેય ફિલ્મ કંપની ‘ગાંધી’ને સ્પોન્સર કરવા તૈયાર નહોતી નથી; બધાને એવું લાગતું હતું કે આવી ફિલ્મ ક્યારેય કોમર્શિયલ હિટ ના થઈ શકે. પરંતુ બેન કિંગ્સલેએ ગાંધીની એવી જોરદાર  ભૂમિકા ભજવી કે બોક્સ ઓફિસમાં ફિલ્મ તેના સમયની સૌથી સફળતામાંની એક બની ગઈ. એટલું જ નહીં, 1983માં તેણે અભૂતપૂર્વ આઠ ઓસ્કાર એવોર્ડ પણ જીત્યા, જેમાંથી એક બેન કિંગ્સલેને ગાંધી તરીકેના તેમના અભિનય માટે મળ્યો.

બેન કિંગ્સલેના પિતા, ભારત દેશના ગુજરાત રાજ્યના એક ડોક્ટર હતા, જેમના લગ્ન એક અંગ્રેજ મહિલા સાથે થયા હતા. શરૂઆતમાં, બેન કિંગ્સલેનું નામ કૃષ્ણ ભંજી હતું. પછી તેણે બેન કિંગ્સલે નામ અપનાવ્યું. મહાત્મા ગાંધી સાથે સૌથી વધારે શારીરિક સામ્યતા ધરાવતો હોવાને કારણે ગાંધીની ભૂમિકા માટે તેની પસંદગી બહુ સરળ બની હતી. ત્યારબાદ, ભૂમિકાના સફળ પ્રદર્શન માટે તેણે સઘન તૈયારીઓ કરી હતી.

શૂટિંગ શરૂ થવાના ઘણા સમય પહેલા, બેન કિંગ્સલે ભારત આવ્યા. તેણે ગાંધીજીની ટાલ જેવું લાગે એવું માથું મુંડાવ્યું. શરીરમાં થોડો જાડો હોવાથી, તેણે ડાયેટિંગ કરીને ૨૦ કિલો વજન ઘટાડ્યું. લાંબા સમય સુધી સૂર્યપ્રકાશમાં રહીને ચામડીને કાળી કરી. તેણે ફિલ્મની વાર્તાને શરૂઆતથી અંત સુધી યાદ કરી લીધી. તેણે મહાત્માના ફોટોગ્રાફ્સથી પોતાના રૂમને ભરી દીધો, અને ગાંધીજીના જીવન પરની 5 કલાકની દસ્તાવેજી ફિલ્મ વારંવાર જોઈ. ગાંધીજીની મુદ્રામાં લાંબા સમય સુધી બેસવાની આદત પાડવા માટે તે રોજ બે કલાક યોગ કરતો હતો. આ સિવાય દરરોજ બે કલાક સુધી ચરખા ચલાવતો હતો, જેથી શૂટિંગ શરૂ થાય ત્યારે તે ગાંધીજીની જેમ ચરખો ચલાવી શકે.

બેન કિંગ્સલેને ફિલ્મમાં એક માત્ર ખાસ ભૂમિકા ભજવવાની હતી, જેના માટે તેણે આવી લાંબી તૈયારીઓ કરી હતી. લાંબાગાળાના સતત પ્રયત્નો પછી જ તેના માટે, આ ભૂમિકા સફળતાપૂર્વક ભજવવી શક્ય બની હતી.

## ટીમવર્ક

મધ તૈયાર કરવાનું કામ કેટલું કષ્ટદાયક છે!

મધમાખીઓના સતત પ્રયત્ન માત્રથી જ આ સ્વાદિષ્ટ વસ્તુ અસ્તિત્વમાં આવે છે. આનું કારણ એ છે કે એક ફૂલમાં ખૂબ જ ઓછી માત્રામાં મધુ હોય છે. આથી, નોંધપાત્ર પ્રમાણમાં મધ

ઉત્પાદિત કરવા માટે અસંખ્ય ફૂલોમાંથી મધુરસ એકત્રિત કરવો પડે છે.

ઘણીવાર, માત્ર એક પાઉન્ડ મધ પેદા કરવા માટે મધમાખીઓએ કુલ 300,000 માઇલનું અંતર કાપવું પડે છે. મધમાખીનું આયુષ્ય થોડાં મહિનાઓ પૂરતું જ હોવાથી, કોઈપણ મધમાખી જો તેના જીવનની દરેક સેકન્ડ માત્ર ફૂલોમાંથી મધુરસ એકત્રિત કરવાનું કામ જ કરે તો પણ, તે આટલી માત્રામાં મધ બનાવી શકતી નથી.

મધમાખીઓએ આ મુશ્કેલીનો ઉપાય શોધી કાઢ્યો છે. જે કામ તેઓ એકલા-હાથે કરી શકતી નથી, તેના માટે તેઓ સાથે મળીને ટીમવર્ક દ્વારા કરે છે. એક જ મધમાખી લાંબા અંતરની મુસાફરી કરી શકતી નથી, અને નોંધપાત્ર પ્રમાણમાં મધ પેદા કરવા માટે જરૂરી અસંખ્ય ફૂલોમાંથી ચૂસી શકતી નથી. પરંતુ જે બાબત એક માટે અશક્ય છે, તે ઘણા માટે શક્ય છે. આમ, મધમાખીઓ સાથે મળીને કામ કરીને નોંધપાત્ર માત્રામાં મધ બનાવે છે.

મધનું ઉત્પાદન કરવાની પદ્ધતિ આટલી લાંબી અને જટિલ શા માટે છે? શું અલ્લાહ પૃથ્વી પર મધના વિશાળ ભંડારો મૂકી શકતા ન હતા, જેવી રીતે તેણે પૃથ્વીના પેટાળમાં પેટ્રોલ અને પાણી અર્પણ કર્યું છે? ખરેખર, તે એવું કરી જ શકતા હતા, પરંતુ તેણે આવું એના માટે કર્યું છે, જેથી કરીને માણસ પ્રકૃતિના આવા

સંકેતો પર ધ્યાન આપીને, તેમાંથી પૃથ્વી પરના પોતાના જીવન માટે પાઠ શીખી શકે.

જીવનમાં ઘણા કાર્યો એવા હોય છે, જે વ્યક્તિ એકલા-હાથે કરી શકે છે. અને, ઘણા કાર્યો એવા હોય છે, જે એક વ્યક્તિનું કામ હોતું નથી. આવા કાર્યો કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે મધમાખીઓની પદ્ધતિ અપનાવવી - એટલે કે - સંયુક્ત પ્રયાસની - ટીમવર્કની પદ્ધતિ!

પરંતુ, આવું માત્ર વ્યક્તિઓના આત્મ-ત્યાગ અને સ્વ-બલિદાન દ્વારા જ થઈ શકે છે. લોકોએ એકબીજા સાથે ધૈર્ય અને શાંતિ રાખવી જોઈએ, પોતાની ઈચ્છાઓ કરતાં બીજાની જરૂરિયાતોને અગ્રતા આપવી જોઈએ, બીજાનું ભલું પહેલા અને પોતાનો સ્વાર્થ પછી વિચારવો જોઈએ. દરેક વ્યક્તિઓના બલિદાન દ્વારા જ સંયુક્ત-પ્રયાસ અથવા ટીમવર્ક જેવી વસ્તુ આકાર લઈ શકે છે.

## પૂર્વ-જ્ઞાનનો અભાવ

ગ્રામ્ય ભારતમાં માચીસ અને લાઈટર બહુ જ નવાઈની વસ્તુ હતી. પચાસ વર્ષ પહેલા લોકો માત્ર પોતાનાં ચૂલાં બીજાનાં ચૂલાંની રાખથી જ પ્રગટાવતા હતા. એકવાર એક સ્ત્રી પોતાની પાડોશણ પાસે માચીસ લેવા ગઈ, અને પૂછ્યું કે તેમની પાસે આગ પ્રગટાવવા માટે કશું છે કે નહીં. પાડોશણે જવાબ આપ્યો,

“ચૂલા છે!” સ્ત્રીની પાડોશણ વૃદ્ધ થઈ ગઈ હોવાને કારણે તેણીને સાંભળવામાં પણ તકલીફ પડતી હતી, તેથી તેણીને એવા પ્રશ્નનો જવાબ આપવા બદલ માફ કરી શકાય. પરંતુ ઘણા લોકોની ઇન્દ્રિયો સંપૂર્ણપણે કામ કરતી હોવા છતાં, તેઓ પૂર્વજ્ઞાનના અભાવે આવું કરી બેસે છે.

1971માં ભારતીય સેનાના જનરલ જે.એન. ચૌધરીએ રાષ્ટ્રીય સુરક્ષા પર એક લેક્ચર આપ્યું હતું. ગુપ્તચરની ભૂમિકાની મહત્વતા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે યુદ્ધકાળમાં કોઈપણ વાસ્તવિક કાર્યવાહી કરતાં પહેલા, દુશ્મનનું આયોજન પહેલેથી જાણવું જરૂરી છે. સૈન્ય કમાન્ડરો દુશ્મનની યુદ્ધનીતિની સચોટ જાણકારીના આધારે નિર્ણયો લેવા સક્ષમ હોવા જોઈએ. આને સમજાવવા માટે તેમણે 1961માં ગોવાના ભારતમાં વિલીનીકરણ દરમિયાન બનેલી એક ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. જ્યારે ભારતીય દક્ષિણ કમાન્ડને વાયરલેસ પર પૂછવામાં આવ્યું કે શું પોર્ટુગીઝ પાસે “બખ્તરબંધ કાર અને ટેન્ક્સ (ટાંકીઓ)” છે, ત્યારે જવાબ આવ્યો: “ટેન્ક્સ (ટાંકીઓ) બધી બરાબર છે. પરંતુ તેઓની ક્ષમતા માત્ર 15,000 ગેલન પાણીની જ છે!” પ્રશ્ન યુદ્ધની ટેન્ક્સ (ટાંકીઓ) માટે હતો, પરંતુ વળતો જવાબ પાણીની ટેન્ક્સ (ટાંકીઓ) માટે હતો.

કોઈપણ કાર્ય કે જેમાં અનેક વ્યક્તિઓના સંયુક્ત પ્રયાસોની જરૂર હોય છે, તે ફક્ત ત્યારે જ અસરકારક રીતે પૂર્ણ થઈ શકે છે, જ્યારે કાર્યમાં સામેલ દરેક વ્યક્તિ તેમનો ભાગ યોગ્ય

રીતે ભજવે! જો દરેક વ્યક્તિ તેમની પાસેથી અપેક્ષિત કામ સક્રિય અને યોગ્ય-રીતે કરશે, તો જ મિશન સંતોષકારક નિષ્કર્ષ તરફ આગળ વધશે. એક સહભાગી તરફથી નિષ્ફળતા સમગ્ર પ્રોજેક્ટ માટે નિષ્ફળતાનો સંકેત આપે છે, કારણકે એક વ્યક્તિ પાસેથી બીજા વ્યક્તિનું કામ કરાવવાની અપેક્ષા રાખી શકાય નહીં.

## ફરિયાદો અને મતભેદોને મૂકો તડકે!

એક ફારસી કવિ લખે છે: “હું મારા પ્રિયતમા સાથે સો વાર લડ્યો છું; અને સો વાર મેં તેણી સાથે મિત્રતા કરી છે. ના તો તેણીને મારી લડાઈની ખબર છે, ના મિત્રતાની!"

દેખીતી રીતે, આ નિવેદન કવિતાની દુનિયાનું લાગે છે, પરંતુ વાસ્તવિક જીવન સાથે તેનો  બહુ સારો મેળ ખાય છે. તે આપણને જીવનમાં કોઈપણ મહાન હેતુ હાંસલ કરવા માટે જરૂરી લોકો વિશે એક આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. જેઓ ઉપરોક્ત શ્લોકમાં ઉલ્લેખિત ગુણધર્મ ધરાવે છે,  તેઓ અન્ય લોકો પ્રત્યે જાગતી નારાજગીને પોતાની અંદર દફનાવી શકે છે.

કોઈપણ મહાન ઉદ્દેશ્ય એકલ-દોકલ વ્યક્તિ દ્વારા પ્રાપ્ત કરી શકાતું નથી. સાવ સામાન્ય હેતુઓ હાંસલ કરવા માટે પણ અનેક લોકોએ સાથે એકહથ્થો પ્રયાસ કરવો પડે છે. પરંતુ આ સંયુક્ત યત્નના ઘણા ફાયદાઓ હોવા ઉપરાંત, તે એક મોટી

સમસ્યા પણ રજૂ કરે છે - લોકોના વિચારો એકબીજાથી અલગ હોવાની સમસ્યા!

જ્યારે પણ લોકો એકબીજા સાથે કામ કરતાં હોય, ત્યારે વિવિધ જાતના મતભેદો અને ફરિયાદો ઉભી થવી અનિવાર્ય છે. ક્યારેક એક વ્યક્તિને ઓછો શ્રેય મળે છે, જ્યારે કે બીજાને વધુ લાભ મળે છે. અમુક લોકો ઉચ્ચ પદ પર પહોંચે છે, જ્યારે અન્યને નીચલા હોદ્દાઓથી સંતોષ માનવો પડે છે. કોઈક સમયે ફલાણાની વાત ઠીકરાને દઝાડે છે; તો બીજા અન્ય સમયે, ઠીકરાનું અવિચારી કાર્ય ફલાણાને ઠેસ પહોંચાડે છે. વિવાદનું હાડકું ગમે તે હોય, વારંવાર એવા પ્રસંગો વારંવાર આવતા જ રહે છે, જેના કારણે એકબીજા પ્રત્યે સૂગ કે નારાજગી ઊભી થાય છે. એવા સંજોગો આવતાં અને જતાં જ રહે છે, જેમાં વ્યક્તિને તેના સાથીદાર પ્રત્યે ગુસ્સો, ઈર્ષ્યા, વેર અને દુશ્મનાવટની લાગણીઓનો અનુભવ થાય છે.

આવી પરિસ્થિતિઓમાં માત્ર એક જ વ્યવહારિક ઉકેલ છે, દરેક વ્યક્તિએ પોતાને આત્મ-સુધારણાનું મશીન બનાવવું પડશે. તેણે પોતાની અંદર જન્મેલી બીજા પ્રત્યેની દ્વેષભાવનાને દૂર કરવી પડશે. નારાજગીને સંઘરી રાખવા કરતાં તેને ભૂલી જવી પડશે. આવું થશે તો જ લોકો, એકબીજા સાથે હળીમળીને કામ અને એકહથ્થો સંઘર્ષ કરી શકશે.

ભાપના એન્જિનના સમયમાં, એન્જિન ડ્રાઈવરો માટે બળતી આગની નજીક ઊભા રહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. એન્જિન ડ્રાઈવરો માટે એ જવાબદારીનો ભાગ હતો, અને તેમના વિના ટ્રેનનું દોડવું અશક્ય હતું. સમાજ ચલાવતા વ્યક્તિઓ સાથે લગભગ આવો જ મામલો થાય છે. તેઓ સમાજના અન્ય સભ્યો પ્રત્યે પોતાના જ ગુસ્સાની ભડકતી આગની નજીક ઊભા હોય છે.

તેઓ વાસ્તવિક અને કાલ્પનિક બંને પ્રકારના ખોટા કાર્યકર્તાઓ, છેતરનારાઓ અને ભાગીદારો પર રોષે ભરાય છે. પરંતુ જેમ એન્જિન ડ્રાઇવર એન્જિનને ચલાવતી આગ અને તેમાંથી બચવાની પોતાની ઇચ્છા બંનેને નિયંત્રિત કરે છે, તેમ સમાજમાં વ્યક્તિએ પોતાના રોષ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓથી ભાગી છૂટવાની તમન્ના બંનેને કાબૂમાં રાખવી જોઈએ. જો સમાજને એકસાથે રાખવો હોય અને સુમેળમાં રહીને કાર્ય કરવું હોય તો વ્યક્તિઓએ તેમના વિરોધીઓ અને દુ:ખી કરનારા લોકોને સહન કરતાં શીખવું પડશે. એવું કોઈ જૂથ નથી કે જેમાં મતભેદો ન હોય; એવું કોઈ જૂથ નથી કે જેમાં ક્યારેય નારાજગી અને દ્વેષની લાગણી ન હોય. ખરેખર, બધું સરળ હોવાની આશા રાખવી એ બિલ્કુલ અવાસ્તવિક છે.

તો પછી, કેવી રીતે લોકો એકસાથે રહીને કામ કરી શકે? વ્યક્તિઓ વચ્ચે ચોખ્ખા અને  અસંગત તફાવતો હોય ત્યારે કેવી રીતે સમાજને એક સુસંકલિત સંપૂર્ણમાં જોડી શકાય? તેનો માત્ર એક જ રસ્તો છે: લોકોએ તેમના મતભેદો દફનાવી દેવા જોઈએ અને અસમંત થવા માટે સહમત થવું જોઈએ. પરંતુ, આવું ત્યારે જ શક્ય છે, જ્યારે લોકો પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં કે જ્યાં સંબંધો વણસાયેલા હોય, અને દુવિધામાંથી કોઈ રસ્તો ના હોય, ત્યાં બધા શાંત રહીને તાર્કિક રીતે પ્રતિક્રિયા આપે. આના માટે લોકો એકબીજા તેમજ સમગ્ર સમાજ પ્રત્યે પોતાની જવાબદારીઓ વિશે સંપૂર્ણપણે જાગૃત હોવા જરૂરી છે.

દેખીતી રીતે, આવું થવું અશક્ય લાગે છે, પરંતુ હકીકતમાં એવું નથી. દરેક વ્યક્તિ પોતાના પરિવાર વર્તુળમાં આવું વર્તન એકદમ કુદરતી રીતે કરે છે. સામાન્ય પરિવારોમાં લગભગ દરરોજ મતભેદો થતાં હોય છે, પરંતુ પ્રેમ અને સંબંધના બંધનો જળવાઈ રહેતા હોય છે, અને ફરિયાદો આખરે દફનાવી દેવામાં આવે છે. પરિવારો આવી જ રીતે એકસાથે રહે છે. દરેક પરિવાર આવી રીતે અસંમત થવા માટે સહમત થવાનું વ્યવહારિક ઉદાહરણ પૂરું પાડે છે.

આ આપ-લેની ભાવના જે પરિવારમાં એક સ્વભાવની બાબત હોય છે, તેવી જ ભાવના  સમાજમાં તેના સભ્યોના સક્રિય પ્રયાસો દ્વારા જ ઉભરી શકે છે. પરિવારને વિખેરતા બચાવવાનું પરિબળ એ ભાવનાત્મક બંધન છે,  જ્યારે કે આખા સમાજનું

સિમેન્ટીકરણ કરવું એ એક તાર્કિક પ્રક્રિયા છે, જે તેના સભ્યોને આટલા બધા તફાવતો હોવા છતાં એકસાથે રહેવા માટે મજબૂર કરે છે.

## રાષ્ટ્રનું નિર્માણ ચારિત્ર્યથી થાય છે

ટોયોટા મોટર એ એક જાપાની કારની કંપની છે, જે છેલ્લા ત્રીસ વર્ષથી એકપણ દિવસ બગાડ્યા વિના, અને તેના ઉત્પાદનમાં ક્યારેય એકપણ વખત ઢીલું પડ્યા વિના કાર્યરત છે. આ ઉદાહરણ જાપાનમાં ઝડપી ઉદ્યોગ-વિકાસને દર્શાવતા કેટલાયે ઉદાહરણોમાંનું માત્ર એક છે. અમેરિકાની જનરલ મોટર્સ અને ફોર્ડ મોટર કંપની વિશ્વની સૌથી મોટી કાર ઉત્પાદન કંપનીઓ છે. આ બંને મોટર કંપનીઓનું વાર્ષિક ઉત્પાદન પ્રતિ કર્મચારી સરેરાશ 11 કાર છે, જ્યારે કે ટોયોટા મોટર કંપની પ્રતિ કર્મચારી વાર્ષિક 33 કારનું ઉત્પાદન કરે છે.

જાપાનમાં ઉદ્યોગની તમામ કાચી અને મુખ્ય સામગ્રીઓ, જેવી કે - કોલસો, લોખંડ, પેટ્રોલિયમ, વગેરે - ન હોવા છતાં, અભાવમાં રહીને પણ જાપાન ઉદ્યોગ-વિકાસમાં બીજા બધા દેશોને ક્યાંય વટાવી જાય છે. કોઈને એવો પ્રશ્ન થાય કે આવું કેવી રીતે શક્ય બને? હિન્દુસ્તાન ટાઇમ્સના કોમેન્ટેટરે (25 ઓગસ્ટ, 1981) દર્શાવ્યું છે કે જાપાનની સફળતાનો સંબંધ કયા સિદ્ધાંતને આભારી

છે: "લોકોમાં સમાધાન અને સહકારભરી રાષ્ટ્રભાવના, અને દેશ, કંપની તેમજ પરિવારના લાંબા-ગાળાના ભલા માટે ટૂંકા-ગાળાના નુકસાન સહન કરવાની તૈયારી!"

આનો મતલબ એમ થાય છે કે એ લોકોનો મિજાજ છે, જે રાષ્ટ્રના નિર્માણમાં સૌથી નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જેવી રીતે, મજબૂત બિલ્ડિંગના બાંધકામ માટે ઈંટોની જરૂર પડે, તેવી જ રીતે, રાષ્ટ્ર-નિર્માણમાં દરેક વ્યક્તિના આવા મિજાજની જરૂર પડે. જે ઈંટો અગ્નિમાં શેકાઈને આવી ના હોય, તેનાથી બનેલું બાંધકામ વિશ્વાસપાત્ર હોતું નથી, કારણકે આવું બાંધકામ કોઈપણ નાની એવી વિપત્તિમાં પણ ઢળી પડે છે. બીજી બાજું, અગનભઠ્ઠીમાં તપેલી ઈંટોથી બનેલું બિલ્ડિંગ જોરદાર તોફાનો અને ધસમસતા પૂરના પ્રહારોનો પણ સામનો કરવા માટે વિશ્વાસપાત્ર ગણાય છે.

ભઠ્ઠીમાં બાળેલું એક ચારિત્ર્યનું તાપમાન એવું હોવું જોઈએ કે ગમે તેટલા ઉતાર અને ચઢાવમાં પણ તેના પર ભરોસો કરી શકાય - આવું ચારિત્ર્ય જ લાંબાગાળે રાષ્ટ્રનું નિર્માણ શક્ય બનાવે છે. આવો મિજાજ ઔદ્યોગિકીકરણની જટિલમાં જટિલ પ્રક્રિયાઓ સાથે તાલમેલ જાળવી રાખી શકે છે અને રાષ્ટ્ર-વિકાસ માટે, ગમે તેવી પરિસ્થિતિમાં, અડગ રહી શકે છે.

# મજબૂત રાષ્ટ્રનું નિર્માણ

1965માં, એક ભારતીય ઉદ્યોગપતિને એકવાર પશ્ચિમ જર્મની જવાનું થયું. ત્યાંના રોકાણ દરમિયાન, તેણે એક ફેક્ટરીની મુલાકાત લીધી, અને તેઓની કાર્યશૈલી જાણવા માટે આમતેમ આંટા માર્યા. તેને એક કાર્યકર મળ્યો, જેની પાસે જઈને તેણે થોડાં પ્રશ્નો પૂછ્યા. પરંતુ, તેના આશ્ચર્ય વચ્ચે, તેની ઘણી કોશિશો કરવા છતાં પણ, કાર્યકારે તેના પર કોઈ ધ્યાન આપ્યું નહીં, અને પોતાનું કામ ચાલું રાખ્યું.

થોડાં જ સમયમાં, લંચ-બ્રેકની બેલ વાગી અને કામદારો ડાઇનિંગ હોલમાં જવા લાગ્યા. તે જ સમયે, પેલો મૂંગો અને અકડું કામદાર ભારતીય મુલાકાતી પાસે આવ્યો. તેની સાથે હાથ મિલાવ્યા, અને ચહેરા પર થોડાંક અવિશ્વાસના ભાવ સાથે તેણે પૂછ્યું. "શું તમે તમારા દેશમાં કામદારો સાથે કામના સમયે વાતો કરો છો?" જવાબની રાહ જોયા વિના, તે આગળ વધ્યો, “જો મેં તમારા પ્રશ્નોના જવાબ આપવા માટે બ્રેક લીધો હોત, તો મેં મારા કામના સમયની ઘણી મિનિટ્સ બગાડી હોત, જે કંપની માટે નુકસાન થયું હોત. અને, લાંબા-ગાળે આવું થવું એ રાષ્ટ્ર માટે નુકસાન છે. અમે અહીં દેશને ફાયદો પહોંચાડવા માટે છીએ, નુકસાન માટે નહીં!”

આ પ્રકારનું ઉચ્ચ પાત્ર જ પશ્ચિમી રાષ્ટ્રોની સફળતાનું મુખ્ય કારણ છે. 1945માં, મિત્ર રાષ્ટ્રોએ જર્મનીને લગભગ સંપૂર્ણપણે નાશ કરી દીધું હતું. પરંતુ માત્ર 25 વર્ષના સમયમાં, જર્મની પહેલા કરતા પણ વધારે શક્તિશાળી બની ગયું હતું. આ

આશ્ચર્યજનક પ્રગતિનું કારણ એ હતું કે દેશના દરેક વ્યક્તિએ તેમની ફરજોને પૂર્ણ કરવા માટે પોતાની મહત્તમ શક્તિ વાપરવાને પોતાનું કર્તવ્ય માન્યું હતું.

તેમના માટે, વ્યક્તિગત સ્વાર્થ દેશના હિત પછી ગૌણ હતો. અલબત્ત, એ વાત સાચી છે, કે દરેક વ્યક્તિ પોતાના માટે જ કામ કરી રહ્યો હતો, પરંતુ તે રાષ્ટ્રના ભોગે ન હતું. જ્યારે પણ વ્યક્તિગત અને રાષ્ટ્રીય હિતો વચ્ચે કોઈ અથડામણ કે મૂંઝવણ થતી, ત્યારે તેઓએ રાષ્ટ્રની ભલાઈ ખાતર વ્યક્તિગત હિતોને બલિદાન આપવાને પોતાનો સિદ્ધાંત બનાવ્યો હતો.

રાષ્ટ્રની સ્થિતિ હંમેશા તેના મુખ્ય આધારસ્તંભ એવા લોકોની ગુણવત્તા અને માનસિક સ્થિતિ પર આધાર રાખે છે. કોઈપણ રાષ્ટ્રની સમૃદ્ધિ કે પતનનો આધાર, તેના રહેવાસીઓ તેનો ભાર ખેંચી રહ્યા છે કે મૂર્ખતાપૂર્ણ સમય બરબાદ કરી રહ્યા છે, તેના પર છે. રાષ્ટ્ર એક મશીન જેવું હોય છે.  એક મશીન, ત્યાં સુધી જ કામ કરે છે, જ્યાં સુધી તેના બધા ભાગો ઉચ્ચ ગુણવત્તાસભર હોય, સારી-રીતે ઓઈલિંગ થતાં હોય, યોગ્ય-રીતે એસેમ્બલ થયેલા અને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવાયેલા હોય. આવી જ રીતે, એક સફળ રાષ્ટ્ર એ સમાજમાં સહકારપૂર્ણ ભાવના સાથે સારી રીતે એકીકૃત અને ઉચ્ચ પાત્રવાળા વ્યક્તિઓથી સભર હોય છે. મજબૂત રાષ્ટ્રનું નિર્માણ એ મૂળભૂત રીતે ઉચ્ચ વ્યક્તિગત પાત્રનું નિર્માણ છે. કારણકે, રાષ્ટ્રીય સફળતા માટે નિસ્વાર્થ સમર્પણ એ પૂર્વશરત છે, જે ઉચ્ચ પાત્ર વિના પ્રગટ થઈ શકતું

નથી. વ્યક્તિગત સુધારણા કર્યા વગર, સીધું રાષ્ટ્ર-સુધારણાની આશા એ નિરર્થક અને ભ્રામક સપના જોવા જેવું છે.

## રચનાત્મક અભિગમ

નવી દિલ્હીના એક ડો. અબ્દુલ જલીલને 1970માં એક વખત જાપાનની મુલાકાત લેવાની તક મળી, જ્યાં તેઓ છ મહિના સુધી રોકાયા હતા. તેમણે મારી સાથે એક ઘટના વિશે વાત કરી, જે જાપાની ચારિત્ર્ય પર નોંધપાત્ર પ્રકાશ પાડે છે.

ટોક્યોમાં તેમના રોકાણ દરમિયાન, તેઓ વારંવાર શહેરની બહારના સ્થળ પર જવા માટે 15 મિનિટની સબર્બન ટ્રેનમાં સવારી કરતા હતા. એક દિવસ, પંદર મિનિટ પસાર થઈ ગઈ હોવા છતાં પણ,  તેમના સ્ટેશનનું કોઈ ચિહ્ન આવ્યું નહીં. આથી, તેમને અસ્વસ્થતા થવા લાગી. ખરેખર, ટ્રેન જ્યાં રોકાઈ, ત્યાં કોઈ બીજું જ સ્ટેશન હતું. તેઓ સમજી ગયા કે તેમણે ખોટી ટ્રેન પકડી લીધી હતી.

થોડીક ગભરાટ સાથે, તેમણે બાજુમાં બેસેલા જાપાની વ્યક્તિ પાસેથી મદદ  મેળવવાનો પ્રયાસ કર્યો. પરંતુ, બંને એકબીજાની ભાષા સમજી શકતા ના હોવાથી સંવાદ શક્ય ન હતો. પછી, ડો. જલીલે એક ચબરખીમાં તેમના સ્ટેશનનું નામ કેપિટલ અક્ષરમાં લખીને જાપાની મુસાફરને બતાવ્યું. જાપાની વ્યક્તિ એ વાંચવાથી તેમની સમસ્યા સમજી ગયો. હજું તો ટ્રેન સ્ટેશનથી

બહાર નીકળી રહી હતી, ત્યાં જ તેણે ટ્રેન રોકવાની સાંકળ ખેંચી. તે ડો. જલીલને ટ્રેનમાંથી ઉતારીને સામેના બીજા પ્લેટફોર્મ લઈ ગયો, જ્યાં બધી ટ્રેનો વિરુદ્ધ દિશામાં જઈ રહી હતી. ત્યાં તેણે ડો. જલીલને સાચી ટ્રેનમાં બેસાડ્યા, અને વાતચીત શક્ય ના હોવા છતાં - તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવાની ખાતરી આપી. ત્યારબાદ, તે વિદાય લઈને પોતાની ટ્રેન પકડવા ત્યાંથી ચાલ્યો ગયો.

તેમણે ટોક્યોના ફૂટપાથ પર જોયેલી બીજી એક કાર અકસ્માતની ઘટના યાદ કરીને કહી. બે કાર એકબીજી સાથે અથડાઈ હતી, અને બંનેના ડ્રાઈવર જાપાનીઝ હતા. બંને ડ્રાઇવરો તરત જ પોતાની કારમાંથી બહાર નીકળીને એકબીજાની સામે માથું નમાવીને ઊભા રહ્યા. બંનેએ કહ્યું: "મારી ભૂલ છે. પ્લીઝ, મને માફ કરો!" માત્ર રચનાત્મક અભિગમ ધરાવતા લોકો જ આવા સ્વ-ત્યાગપૂર્ણ રીતે વર્તે છે. આવો અભિગમ રાષ્ટ્રની સફળતાની મુખ્ય ગેરંટી છે. તેનાથી વિપરિત, જે વ્યક્તિઓ પોતાના સ્વાર્થ સિવાય બીજા કોઈની પરવાહ કરતાં નથી, તેઓ ન તો વ્યક્તિગત સફળતા પ્રાપ્ત કરી શકે છે, અને ન તો રાષ્ટ્ર-નિર્માણમાં કોઈ સકારાત્મક યોગદાન આપી શકે છે.

## જાપાની અનુભવ

ઓગસ્ટ 1945માં, અમેરિકાએ જાપાન પર બે અણુ બોમ્બ ફેંક્યા, જેનાથી તેના બે મોટા શહેરો તબાહ થઈ ગયા. નવાઈની

વાત એ છે કે આવું થવા છતાં, આજની તારીખે જાપાનીઓ અમેરિકનો સામે કોઈ દ્વેષભાવ રાખતા નથી. તેઓનું કહેવાનું એમ છે કે, અમેરિકાએ આવું પગલું યુદ્ધના મેદાનમાં જાપાનના હુમલાના જવાબરૂપે લીધું હતું, બંને પક્ષે સમાન રીતે જવાબદારી સ્વીકારવી જોઈએ. ખરેખર, જાપાની લોકોના આવા વાસ્તવિક વલણે જ તેમને અનેક પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિઓમાંથી ઉગાર્યા છે, અને તેમને આજના આધુનિક જમાનામાં પ્રગતિની અસાધારણ ઊંચાઈએ પહોંચાડ્યા છે.

જીવનથી ખળભળાટ મચાવતા દેશના બંને મુખ્ય અને આધુનિક શહેરો, હીરોશિમા અને નાગાસાકી, જોતજોતામાં તહશ-નહશ થઈ ગયા. બસ, થોડી જ ક્ષણોમાં, બોમ્બની દસ માઈલની ત્રિજ્યાના વિસ્તારનું બધું જ જીવન - માણસ, પ્રાણી, વનસ્પતિ બધું જ - સમાપ્ત થઈ ગયું. દોઢ લાખ લોકો સ્થળ પર જ મૃત્યુ પામ્યા, તેમાંથી દસ હજાર લોકોનો કોઈ અત્તોપત્તો સુદ્ધાં ના રહ્યો. છતાં, આજના દિવસે, ફરી એકવાર આ શહેરો નવા અને પહોળા રસ્તાઓ, વિશાળ બાંધકામો, ઉદ્યાનો અને બગીચાઓ સાથે આધુનિકતા સાથે જીવિત કરવામાં આવ્યા છે.  બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લોકોને મળેલી ભયંકર સજાની યાદ અપાવવા માટે માત્ર એક જ ખંડેર ઈમારત બાકી રહી ગઈ છે.

ભારતના એક પ્રખ્યાત પત્રકાર તેમજ સામાજિક વિવેચક, દિવંગત શ્રી ખુશવંત સિંહ, જ્યારે જાપાનની મુલાકાતે ગયા હતા, ત્યારે તેમને એ જાણીને ખૂબ જ નવાઈ લાગી કે

જાપાનીઓ ક્યારેય હીરોશિમા અને નાગાસાકીની ઘટનાઓનો ગેરલાભ ઉઠાવીને, અમેરિકાને બદનામ કરતાં જોવા મળતાં નથી. પરંતુ તેનાથી વિપરીત, અન્ય રાષ્ટ્રો જરૂર આવી ઘટનાઓનો ગેરલાભ ઉઠાવે છે. જ્યારે શ્રી સિંહે આવા વલણનું કારણ પૂછ્યું, ત્યારે એક જાપાનીએ શાંત સ્વરમાં એક સરસ અને અદ્ભૂત જવાબ આપ્યો: "સૌપ્રથમ, અમે તેમના પર્લ-હાર્બર પર હુમલો કર્યો હતો, તેઓના ઘણા લોકોને મારી નાખ્યા. તેઓએ અમને ચેતવણી પણ આપી હતી કે તેઓ શું કરવા જઈ રહ્યા છે, પરંતુ અમને એમ કે તેઓ માત્ર બડબડાટ કરી રહ્યા છે. તેઓએ ખરેખર, અમને વ્યાજબી અને રોકડું પરખાવ્યું, અમને પછડાટ આપી. પરંતુ, હવે અમે મિત્રો છીએ!" (હિન્દુસ્તાન ટાઈમ્સ, 4 એપ્રિલ, 1981)

ઉપરોક્ત ભયાનક દુર્ઘટનાનો ભોગ બનેલા મૃતકોની યાદમાં એક સ્મારક બનાવવામાં આવ્યું છે. આ મ્યુઝિયમમાં, મૃત્યુ અને વિનાશની વિશાળ ભયાનકતા દર્શાવતા ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ નજારાના સાક્ષી બનવા, દર વર્ષે લગભગ 70 લાખ જેટલા જાપાનીઓ હિરોશિમાની મુલાકાત લે છે.

અન્યો માટેના દ્વેષને, જાપાનીઓએ ક્યારેય તેમના વર્તમાન અને ભાવિ જીવન પર હાવી થવા દીધો નથી. આવા સ્વભાવના કારણે જ, તેઓએ બહુ ટૂંકા ગાળામાં પ્રગતિના ઊંચા શિખરો સર કર્યા છે. તેમની પાસે ન તો પેટ્રોલના સંસાધનો છે કે ન તો અન્ય કોઈ ખનિજ સંપત્તિ, અને મોટાભાગનો કાચો માલ તેમણે અન્ય દેશોમાંથી આયાત કરવો પડે છે. આટલી બધો અભાવ

હોવા છતાં, આશ્ચર્યની વાત એ છે કે તેઓએ વિશ્વ-બજારોમાં ખૂબ પ્રભુત્વ જમાવ્યું છે. આનું કારણ મુખ્યત્વે, તેમના ઉત્પાદનોની શ્રેષ્ઠ ગુણવત્તા છે.

શ્રી સિંહે, ત્યાં વકાલતના ધંધાની તકો વિશે પણ પૂછપરછ કરી. તેમને જણાવવામાં આવ્યું કે અહીં વકાલત બહુ વિકાસ પામી શકી નથી, તેનું મુખ્ય કારણ એ છે કે જાપાનીઓ કોર્ટ જવાને બદલે પોતાની રીતે જ વિવાદોનું સમાધાન કરવાનું પસંદ કરે છે. દરેક પક્ષ દ્વારા ભૂલો સ્વીકારવાનો અભિગમ એ ઝઘડાઓનો અંત લાવવાનો સૌથી નિશ્ચિત માર્ગ છે. ઝગડો કે વિવાદ ત્યારે જ મોટું સ્વરૂપ ધારણ કરે છે, જ્યારે કોઈ એક પક્ષ સમગ્ર દોષ અન્ય પક્ષ પર ઢોળવા માંગે છે. જ્યારે કે, દોષની જવાબદારી ઉઠાવવાની ચેષ્ટા એ બંને બાજુને નરમ બનાવે છે, પરિણામે વિવાદનું કુદરતી મૃત્યુ થાય છે.

જાપાનીઓના આવા વાસ્તવિક વલણને કારણે તેમને ઘણો લાભ થયો છે. દાખલા તરીકે, તેઓ એકબીજા પર ભરોસો રાખે છે.  પરિણામે તેઓ મબલખ પ્રમાણમાં સમય, ઉર્જા અને નાણાં બચાવે છે, જે અન્યથા લાંબી કાનૂની કાર્યવાહીઓમાં વેડફાઈ જઈ શકે છે. જો અમેરિકામાં ૫૦,૦૦૦ વકીલો હોય તો તેની સામે, જાપાનમાં માત્ર ૧૧,૦૦૦ વકીલો હશે. આમ, જાપાનમાં કાનૂની નિષ્ણાંતોની બહુ માંગ નથી.

મોટાભાગની વ્યાપારી સંસ્થાઓ મૌખિક સમજણ પર ભરોસો કરે છે. અગાઉ આ પ્રથા માત્ર જાપાનીઓમાં જ હતી, પરંતુ હવે તો વિદેશી રોકાણકારો પણ આ પ્રથાનો લાભ લેવા લાગ્યા છે. બિનજરૂરી કાનૂની જવાબદારીઓથી દૂર રહેવાથી કામમાં ખરેખર ઝડપ આવે છે.

ઉપરોક્ત દ્રષ્ટિકોણ, નિશ્ચિતપણે, એકતાને જન્મ આપે છે. અને તે, નિશંકપણે, મોટી શક્તિ છે, જે આખા રાષ્ટ્રની સફળતામાં યોગદાન આપે છે. જાપાનની સફળતાની ચાવી એ જાપાની બાબતોના એક નિષ્ણાંતના શબ્દોમાં આવી રીતે અપાઈ છે: "એકબીજાથી વિવાદમાં ક્યારેય ના પડો, હંમેશા એકબીજા સાથે હળીમળીને કાર્યો કરો!" (હિન્દુસ્તાન ટાઈમ્સ, એપ્રિલ 1981)

## ક્ષમતા એ જ સંપત્તિ છે.

મનોવૈજ્ઞાનિકોના એક અનુમાન મુજબ, માણસ જીવનભર તેની કુલમાંથી માત્ર દસ ટકા ક્ષમતાનો જ ઉપયોગ કરતો હોય છે. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર વિલિયમ જેમ્સે એક ખૂબ જ ચોકસાઈપૂર્વકનું અવલોકન દર્શાવ્યું છે કે, "આપણે જે કરવું જોઈએ, એ આપણે કરતાં જ હોતાં નથી!" કુદરતે આપણને ખૂબ જ ગુણોથી જન્મજાત સંપન્ન કર્યા હોવા છતાં, જગતમાં જે સફળતાઓ આપણને મળવી જોઈએ, તેઓ આપણને ક્યાંય દેખાતી પણ હોતી નથી. આનું મુખ્ય કારણ એ છે કે આપણે પોતાની જાતને હલકી કક્ષાનું અવિચારી જીવન જીવવા માટે અનુમતિ આપીએ છીએ.

પછી તો આપણે અસંતુષ્ટ જ રહેવાના ને! એટલે આપણે બીજાઓ ઉપર દોષારોપણ કરવા લાગી જઈએ છીએ. ખરેખર, આપણે જીવનની ઉણપના કારણો આપણી જાતમાં અંદરથી તપાસવા જોઈએ. બીજાઓ પ્રત્યે સતત ફરિયાદો અને ઈર્ષ્યા આપણને નિષ્ફળતા સિવાય બીજે ક્યાંય લઈ જશે નહીં, અને આવો અભિગમ આપણી જાતને જ આપણો સૌથી મોટો દુશ્મન બનાવી દયે છે. એ હકીકતનો નિષ્પક્ષ અને ચોકસાઈપૂર્વક સ્વીકાર અને અમલ કરવો પડશે કે જો આપણે પોતાની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરીશું તો જ સફળતા મેળવી શકીશું. બાકી, બીજું કંઈપણ એ નિષ્ફળતા તરફ દોરી જતાં માર્ગો જ હશે.

જો કે, એ શરૂઆતમાં જ નક્કી કરી લેવું જોઈએ કે આપણા બધા જ પ્રયત્નો યોગ્ય ઉદ્દેશ્યો તરફ નિર્દેશિત છે કે કેમ !?. યોગ્ય દિશા વિના આપણી ક્ષમતાઓ બરબાદ થઈ જશે.

પ્રાચીનથી લઈને મધ્યયુગીન કાળ સુધી, સોનાની કિંમત ખૂબ જ ઊંચી રહી છે. પહેલાના વૈજ્ઞાનિકોએ કાચી ધાતુઓને સોનામાં રૂપાંતરિત કરવાનું મોટું લક્ષ્ય હાથમાં લીધું હતું. આ ત્વરિત સંપત્તિની લાલચે, લોકોને સદીઓ સુધી પુષ્કળ મહા-પ્રયત્નો તરફ દોર્યાં. પરંતુ એ બધું સમય, નાણાં અને શક્તિનો વેડફાટમાં જ પરિણમ્યું, કારણકે તેમને કંઈપણ હાંસલ થાય એ પહેલાં તો તેમનો મૃત્યુનો સમય આવી જતો હતો. તેમણે ક્યારેય એવી કલ્પના પણ નહીં કરી હોય કે જે ધાતુઓનું તેઓ સોનામાં રૂપાંતરણ કરવાની કોશિશ કરી રહ્યા હતા, તેઓ તેના

કરતાં અલગ અને મહાન ક્ષમતા ધરાવે છે. દાખલા તરીકે, લોખંડ એ સોનામાં નહીં, પરંતુ મશીનરીમાં રૂપાંતર થઈ શકે એવું હતું, અને તેનો ઉપયોગ મોટા અને મજબૂત બાંધકામની સામગ્રી તરીકે થઈ શકે છે - એવો તેમને ખ્યાલ જ ક્યારેય ના આવ્યો.  પશ્ચિમી દેશોએ આ રહસ્યો જાણીને તેમની શક્તિઓને સૌથી અત્યાધુનિક ટેક્નોલોજીના નિર્માણ તરફ નિર્દેશિત કરી છે. ખરેખર, તેઓ માત્ર સોના અને ચાંદી કરતાં ઘણી મોટી સંપત્તિઓ મેળવવામાં સફળ થયા છે.

## જાતે જ પોતાનું નુકશાન ના કરો

બીજા વિશ્વયુદ્ધની શરૂઆતના બે વર્ષ પછી, જાપાને ખુલ્લેઆમ યુદ્ધની ઘોષણા કર્યા વિના જ અચાનક, પર્લ હાર્બર ખાતેના વિશાળ અમેરિકન લશ્કરી થાણા પર બોમ્બમારો કરીને તેનો સંપૂર્ણ નાશ કર્યો. તાત્કાલિક નૌકાદળની મોટી જીત તરીકે, તે જાપાનીઓના આનંદની બાબત હતી, પરંતુ લશ્કરી વ્યૂહરચના તરીકે, તે બહુ મોટી ભયંકર ભૂલ હતી. કારણકે આ ઘટનાએ અમેરિકાને સીધું જ યુદ્ધમાં સામેલ કર્યું હતું, જ્યારે કે યુદ્ધમાં અમેરિકાની ભૂમિકા પહેલા પરોક્ષ જ હતી. અગાઉ, અમેરિકાનું યોગદાન માત્ર જાપાનના દુશ્મનોને શસ્ત્રો અને દારૂગોળો વેચવા સુધી સીમિત હતું. આ સમયે, અમેરિકાએ બ્રિટન અને યુ.એસ.એસ.આર. સાથે સંયુક્ત મોરચો બનાવ્યો, જે સાથી શક્તિઓ તરીકે ઓળખાય છે. ઓગસ્ટ 1945માં મામલો ચરમસીમાએ પહોંચ્યો, જ્યારે અમેરિકાએ જાપાનના હિરોશિમા

અને નાગાસાકી શહેરો પર માનવજાતના ઇતિહાસમાં પ્રથમ અણુ બોમ્બ ફેંક્યા, બંને ઔદ્યોગિક કેન્દ્રોને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધા, અને જાપાનની લશ્કરી શક્તિનો અંત લાવી દીધો.

પર્લ હાર્બર પર બોમ્બ-હુમલો કરવો એ જાપાનની સૌથી મોટી લશ્કરી ભૂલ હતી, એમાં કોઈ સવાલ જ પેદા થતો નથી: તે બિનજરૂરી રીતે અમેરિકાને યુદ્ધમાં લાવ્યું. પરંતુ, મહત્વની વાત એ છે કે આ ભૂલ કેવડી મોટી હતી, એ સમજીને જાપાને તરત જ બીજી એકેય ભૂલ કરવાનું ટાળ્યું.  એક પરાજિત, પરંતુ હજુ પણ જીવંત રાષ્ટ્રે, તેમની સામે પ્રતિકાર કરવાને બદલે સંજોગોના નવા વાતાવરણમાં ગોઠવાઈ જવાનું પસંદ કર્યું. આ રીતે, જાપાને પોતાના માટે નવા અને ભવ્ય માર્ગો ખોલ્યા. લશ્કરી ક્ષેત્રમાં કોઈ તકો ન જણાતાં, જાપાનીઓએ તેમના તમામ પ્રયત્નો શિક્ષણ અને ઉદ્યોગના ક્ષેત્રોમાં લગાવ્યા. રાજકીય અને લશ્કરી બાબતોમાં અમેરિકાની સર્વોપરીતાને સ્વીકારીને, જાપાન તેનું બધું જ ધ્યાન પ્રવૃત્તિના શાંતિપૂર્ણ ક્ષેત્રો તરફ વાળવા માટે મુક્ત હતું. પરિણામે, ત્રીસ વર્ષના સમયગાળામાં, જાપાન પહેલા કરતા વધુ શક્તિશાળી બની ગયું. ઘટનાઓની અણધારી ટ્રેનને વેગ આપનાર મૂળ ઘટના વિશે, એક કોમેન્ટેટરે લખ્યું છે: "તે પર્લ હાર્બરની વિચિત્ર પરાકાષ્ઠા છે, પરંતુ ઈતિહાસમાં આવા ઘણા કાલ્પનિક કોરિડોર છે, અને કદાચ પર્લ હાર્બર તેમાંથી એક હતું." (હિન્દુસ્તાન ટાઈમ્સ, નવેમ્બર 30, 1981)

બધા માણસો માટે, દરેક નિષ્ફળતા પછી એક નવી અને કદાચ અલગ પ્રકારની સફળતાની સંભાવના હોય જ છે, જો તેઓ ખોટા અભિમાનનું પોષણ કરવાથી દૂર રહે, નિરર્થક વિલાપમાં સમય ના બગાડે અને નવા સર્જાયેલા સંજોગોમાં તરત જ પોતાને સમાયોજિત કરે. તદુપરાંત, કોઈપણ સંઘર્ષની નવેસરથી શરૂઆત કરવા માટે, તેઓએ સૌપ્રથમ પોતાની જાતને બધી નફરતની લાગણીઓથી મુક્ત કરી દેવી પડશે. આવી નકારાત્મક ભાવના વિશે, ડેલ કાર્નેગી (તેમના પુસ્તક, હાઉ ટુ વિન ફ્રેન્ડ્સ એન્ડ ઈન્ફ્લુઅન્સ પીપલ માટે પ્રખ્યાત) લખે છે: "જ્યારે આપણે કોઈને નફરત કરીએ છીએ, ત્યારે આપણે આપણી બધી જ શકિતઓ તેમને આપી દઈએ છીએ - આપણું બધું જ - આપણી ઊંઘ, ભૂખ, સુખ પરનો સંયમ આપણે તેને હવાલે કરી દેતા હોઈએ છીએ. જો તેઓને ખબર પડશે કે આપણે તેમની કેટલી ચિંતા કરીએ છીએ - તો તેઓ ખુશીથી નાચી ઉઠશે. આપણો દ્વેષ તેમને જરાયે નુકશાન પહોંચાડવા કરતાં આપણા પોતાના દિવસો-રાતોને નરકની અશાંતિમાં ફેરવી નાખે છે!"

અન્યોને નફરત કરવી એ પોતાની જાતને નફરત કરવા સમાન છે; તે પોતાના જ મનને ઇજા પહોંચાડવાનો એક માર્ગ છે. તેનાથી વિપરીત, અન્યો પ્રત્યે સહાનુભૂતિ અને પ્રેમભાવમાં, વ્યક્તિનું ભલું સિવાય બીજું કંઈ થતું નથી.

બીજા વિશ્વયુદ્ધ (1939-45)ની શરૂઆતમાં અમેરિકા યુદ્ધમાં પરોક્ષ રીતે સામેલ હતું. એટલે કે, તેની ભૂમિકા માત્ર બ્રિટન અને તેના અન્ય સાથીઓને શસ્ત્રો અને દારૂગોળો પૂરો પાડવો તેમજ અર્ધલશ્કરી સહાય પૂરી પાડવા પૂરતી મર્યાદિત હતી. પરિણામે, તે જાપાનની નજરમાં દુશ્મન બની ગયું હતું. ત્યારબાદ જાપાને 7 ડિસેમ્બર, 1941ના રોજ અમેરિકન નેવલ બેઝ, પર્લ હાર્બર સામે ગુપ્ત રીતે એક મોટું આક્રમણ કરવાની યોજના બનાવી, અને તેને સંપૂર્ણ રીતે નષ્ટ કરી નાખ્યું અને પરિણામે, તે અમેરિકાને યુદ્ધના મેદાનમાં પ્રત્યક્ષ લઈ આવ્યું. જો કે, તે સંખ્યાબંધ અન્ય બેઝ પર ફેલાયેલા અમેરિકન એરફોર્સને કોઈ મોટું નુકસાન પહોંચાડી શક્યું ન હતું.

આ તે સમય હતો, જે દરમિયાન અમેરિકામાં પરમાણુ-બોમ્બની બનાવટનું કામ ચાલું હતું. જ્યારે બોમ્બ એક ઘાતક હથિયાર તરીકે સફળતાપૂર્વક તૈયાર થઈ ગયો, એટલે તરત જ, અમેરિકાએ જાપાનીઓને ચેતવણી આપી દીધી કે તેઓ કાં તો બિનશરતી શરણાગતિ સ્વીકારે અથવા વિનાશ માટે તૈયાર રહે.  જાપાન, અમેરિકાના અણુશક્તિના સંપાદનથી સંપૂર્ણપણે અજાણ હોવાથી, તેણે આવી ચેતવણી પર કોઈ ધ્યાન આપ્યું નહીં. 4 ઓગસ્ટ, 1945ના રોજ, અમેરિકાએ જાપાનના બે મોટા શહેરો હિરોશિમા અને નાગાસાકી પર એક-એક કરીને એમ બે અણુ બોમ્બ

ઝીંકી દીધા. થોડી જ ક્ષણોમાં, જાપાનની લશ્કરી શક્તિ રાખ થઈ ગઈ. જાપાન કંઈક સામે કરવા જાત, તો કદાચ થોડુંક કંઈક કરી શકત; પરંતુ, તેણે તરત જ હથિયારો હેઠા મૂકી દીધા.

થોડાં જ સમયમાં, અમેરિકન જનરલ ડગ્લાસ મેકઆર્થર જાપાન ગયા, અને સમગ્ર દેશને અમેરિકન લશ્કરના તાબામાં લીધું. લશ્કરી દ્રષ્ટિકોણથી જાપાનની સંપૂર્ણપણે હાર થઈ હોવા છતાં, જાપાનીઓ હજુ પણ લશ્કરી પ્રતિશોધની કલ્પનામાં ઉગ્રપણે વ્યસ્ત હતા. એક સમયે, તેમનો લશ્કરી જુસ્સો એવો હતો કે તેઓનો સીધો હુમલો નિષ્ફળ ના જાય, તેના માટે તેઓ પોતાના શરીર પર બોમ્બ બાંધવા તેમજ વહાણના ફનલમાંથી કૂદી પડવા સુધીના સાહસો ખેડી લેતાં હતા. મેકઆર્થર સામે સમસ્યા એ હતી કે આવી કટ્ટરતાને કેવી રીતે સકારાત્મક  અને શાંતિપૂર્ણ ધ્યેયો તરફ દિશામાન કરી શકાય. એક અમેરિકન કોમેન્ટેટર, લેખક લુઈસે લખ્યું છે: “40 વર્ષ પહેલાં, જ્યારે જાપાને શરણાગતિ સ્વીકારી, ત્યારે જનરલ ડગ્લાસ મેકઆર્થરે તેમના પર માત્ર કબજો જમાવવાનું નહીં, પરંતુ દેશને ફરીથી બનાવવાનું કામ કર્યું હતું. જો તેમને પૂછવામાં આવ્યું હોત કે તમારી સૌથી ઊંડી ઈચ્છા શું છે, તો તેઓએ આવું જ કહ્યું હોત, 'આ આક્રમક લોકોને લશ્કરવાદથી દૂર કરીને આર્થિક વિકાસ તરફ દોરવા!'"

જાપાનીઓ માટે અમેરિકન પગલાંને જવાબ આપવાનો બીજો એક માર્ગ, જેનો ક્યારેય અંત ના આવે એવા ગેરિલા યુદ્ધ છેડવાનો પણ હતો. તેઓ વૈકલ્પિક રીતે પ્રેસમાં અને જાહેર

રોસ્ટ્રમમાંથી મૌખિક વિરોધનો આશરો પણ લઈ શક્યા હોત. પરંતુ જાપાને તેના વિજેતાની દરખાસ્તોને અસુરક્ષિત રીતે સ્વીકારી લીધી, અને તરત જ તેની શક્તિઓને યુદ્ધથી દૂર અને પ્રગતિશીલ છેડા તરફ વાળવાનું શરૂ કર્યું. તેણે અમેરિકા સાથેનો તેનો સીધો મુકાબલો સંપૂર્ણપણે બંધ કરી દીધો, અને તેની તમામ શક્તિઓ વૈજ્ઞાનિક શિક્ષણ અને તકનીકી પ્રગતિ પર કેન્દ્રિત કરી દીધી. જાપાને અર્થતંત્રમાં ઝડપી પ્રગતિ કરવાનું શરૂ કરી દીધું, જે બાદમાં મહાન વ્યાપારી સફળતાઓમાં પરિણમ્યું. જેમકે, 1971 માં, તેની  અમેરિકાના ઉત્પાદનોની નિકાસ 6 બિલિયન ડોલરના મૂલ્યમાં હતી.

જાપાનના સંપૂર્ણ વિનાશ અને ત્યારબાદના 40 વર્ષના સમયમાં તેની અસાધારણ પ્રગતિને વિસ્તૃત રીતે વર્ણન કરતું પુસ્તક, જાપાનઃ ધ 40-યર મિરેકલ, પરિસ્થિતિનો સારાંશ માત્ર એક જ વાક્યમાં આવી રીતે રજૂ કરે છે: “જાપાન રાખમાંથી પૌરાણિક ફોનિક્સની જેમ ઉગ્યું!" (ન્યૂઝવીક, ઓગસ્ટ 12, 1985)

જાપાન તેના વિજેતાની તુલનામાં એવી અસાધારણ પ્રગતિ હાંસલ કરવામાં એટલું સફળ રહ્યું કે બાદમાં આખરે તેને જાપાનની શ્રેષ્ઠતા સ્વીકારવાની ફરજ પડી છે.

વાસ્તવિકતાનો સ્વીકાર આ જીવનમાં સફળતાની સૌથી મોટી ચાવી છે. છતાં પણ, આપણે આપણી આસપાસ કેટલાં બધા

એવા લોકો જોઈએ જ છીએ કે જેઓ વાસ્તવિકતાનો ઇનકાર કરીને સફળતા મેળવવાના નિરર્થક પ્રયાસોમાં વ્યસ્ત હોય છે!

## આર્થિક પર્લ હાર્બર

ડિસેમ્બર 1941 માં, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, અમેરિકાના હવાઈના પેસિફિક ટાપુ પર ટોચના નૌકાદળ પર્લ હાર્બર પર જાપાનીઓ દ્વારા પૂર્વ ચેતવણી વિના હુમલો કરવામાં આવ્યો હતો. બોમ્બમારો એટલો ગંભીર હતો કે, ત્યાં લંગરાયેલા સો જેટલા સક્ષમ નૌકા જહાજોમાંથી, માત્ર થોડાક જ બચી શક્યા હતા. આની તાત્કાલિક અસરરૂપે અમેરિકા સાથી શક્તિઓમાંની એક તરીકે સીધું યુદ્ધમાં ઉતર્યું. અત્યાર સુધી, અમેરિકા એ જાપાનના દુશ્મનોને માત્ર શસ્ત્રોનો પૂરવઠો પૂરા પાડયા સિવાય અન્ય બીજી કોઈ સીધી સંડોવણી કરી નહોતી. જાપાની હુમલો એકદમ ગેર-જવાબદાર અને અયોગ્ય ઠરાવવામાં આવ્યો હતો, પરંતુ જ્યાં સુધી અમેરિકાએ જાપાનના બે મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રો, હિરોશિમા અને નાગાસાકી પર પ્રથમ અણુ બોમ્બ ફેંકીને તેનો બદલો લીધો નહીં, ત્યાં સુધી તેઓને 1945 સુધી પોતાની ભૂલની તીવ્રતાનો કોઈ અહેસાસ થયો ન હતો. આ રીતે જાપાન એક લશ્કરી શક્તિ તરીકે ખુંવાર થઈ ગયું હતું. ત્યારપછી, અમેરિકનોએ જાપાન પર ચુસ્ત લશ્કરી અને રાજકીય પકડ જાળવી રાખી હતી. પરંતુ પછીના સમયમાં જાપાન દેશ, અદ્ભૂત રીતે, મોટા પાયે થયેલા પરમાણુ વિનાશની ભયાનકતામાંથી સ્વસ્થ થયો, અને પોતાને સંપૂર્ણપણે નવા સંજોગોમાં સ્વીકારવા

માટે આગળ વધ્યો. બીજા વિશ્વ યુદ્ધ પહેલા, જાપાન શસ્ત્રોની શક્તિ પર નિર્ભર હતું. પરંતુ, યુદ્ધમાં થયેલા વિનાશને જોયા પછી, તેમણે તેનો ઉપયોગ છોડી દીધો અને સંપૂર્ણ શાંતિપૂર્ણ રેખાઓ પર દેશનું પુનર્નિર્માણ કરવાનું શરૂ કર્યું. આવો ક્રમ અપનાવ્યા પછી, જાપાનીઓએ મહાન વૈવિધ્યતા, સ્થિતિસ્થાપકતા અને ખંત દર્શાવ્યો, અને તેમની સફળતા એવી રહી કે જાપાન આજે સમગ્ર વિશ્વમાં ત્રીજી સૌથી મોટી ઔદ્યોગિક શક્તિ માનવામાં આવે છે. 2016માં તેનું ઔદ્યોગિક ઉત્પાદન $1368 બિલિયન હતું.

વિજેતાઓ ઉદ્યોગક્ષેત્રે પરાસ્ત થયા છે. માત્ર એટલું સ્વીકારવાથી કે આક્રમકતા લાભ ચૂકવી શકતી નથી, અને ત્યારબાદ પોતાની ક્ષમતાને ઉદ્યોગના ક્ષેત્રમાં ચેનલાઇઝ કરીને, જાપાને પોતાની જાતને, વિશ્વના મોટા ભાગના અન્ય રાષ્ટ્રોને પાછળ કરી દઈને તદ્દન ચમત્કારિક રીતે વ્યવસ્થાપિત કરી છે.

અમેરિકનો આ સ્થિતિથી ખૂબ નારાજ થઈને જાપાની માલસામાનની વર્તમાન  'ચઢાઈ'ને આર્થિક પર્લ હાર્બર તરીકે ઓળખે છે. તાજેતરમાં અમેરિકામાં પ્રકાશિત થયેલું પુસ્તક, “જાપાન નંબર વન”, બેસ્ટ સેલર બન્યું છે. તે સ્પષ્ટપણે દર્શાવે છે કે જાપાન બિઝનેસમાં અમેરિકા કરતાં ઘણું આગળ નીકળી ગયું છે અને ટૂંક સમયમાં બ્રિટનને પણ પાછળ છોડી દેશે. જ્યાં સુધી વિદેશી હૂંડિયામણનો સંબંધ છે, જાપાન વિશ્વનો સૌથી ધનાઢ્ય દેશ છે, 1984માં તેનો વિદેશી વિનિમય કુલ 74 બિલિયન ડોલર હતો (ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, જૂન 13-14, 1985)

જાપાને તેની લશ્કરી હારને આર્થિક જીતમાં કેવી રીતે ફેરવી? ધીરજ અને દ્રઢતાને પ્રોત્સાહિત કરીને અને ઉશ્કેરણીથી દૂર રહીને, તેણે હિંસાથી બદલો લેવાને બદલે શાંતિપૂર્ણ (અને, અલબત્ત, લાભદાયી) ક્ષેત્રો પર પોતાની શક્તિઓ કેન્દ્રિત કરી. તેણે શરૂઆતમાં અન્ય રાષ્ટ્રોની સૈન્ય અને રાજકીય સર્વોપરિતાને સ્વીકારી, ઝડપથી મૂલ્યોના નવા માપદંડો સાથે પોતાની જાતને અનુકૂલિત કરી, પછી ગુમાવેલા નુકશાનના વિલાપમાં, તેની કમનસીબી માટે અન્યને દોષી ઠેરવવામાં અથવા અર્થહીન નોસ્ટાલ્જીયા (ભૂતકાળની યાદો પર ગમગીન થયા કરવું) પર એક પણ ક્ષણ બગાડ્યા વિના, દેશના આર્થિક પુનર્વસનની તૈયારી કરી. પર્લ હાર્બરની ભયંકર ભૂલ પછી વધારાની ભૂલો કરતાં રહેવાને બદલે, તેણે વર્તમાન ઉપલબ્ધ તકોનો લાભ લેવા પર તેનું બધું ધ્યાન કેન્દ્રિત કર્યું. ટૂંકમાં, જાપાને પોતાના વિનાશનો દોષ સ્વીકાર્યો, અને એકવાર ગંભીરતાથી આવું કર્યા પછી જ, તે આર્થિક ઉત્થાન માટે સક્ષમ બન્યું હતું.

આપણે એ હકીકતને ક્યારેય ભૂલવી જોઈએ નહીં કે પૃથ્વી પર આપણે એકલા મુસાફર નથી. અન્ય લોકો પણ છે, જેઓ સ્પર્ધાની આ દુનિયામાં આપણી આગળ દોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી, કોઈપણ પરિસ્થિતિમાં બે પ્રકારે વર્તી શકાય છે. એક તો આપણા માર્ગમાં અવરોધ ઉભી કરતી કોઈપણ વસ્તુ સાથે અથડામણ કરવી. બીજું અવરોધોને બાજુ પર મૂકીને આપણા માર્ગ પર આગળ વધતું રહેવું. સ્પષ્ટપણે, પ્રથમ રીત,

સ્વ-વિનાશક છે, જ્યારે  ઘર્ષણ ટાળવાની બીજી રીત ફાયદાકારક સાબિત થવાની શક્યતા વધુ છે. કોઈપણ જહાજ સીધું ખડક કે હિમશીલા સાથે અથડાશે તો તેનો વિનાશ નક્કી છે, પરંતુ જો તે ખડકોથી દૂર થઈને પોતાના માર્ગ તરફ આગળ વધશે, તો તે બંદર સુધી સુરક્ષિત પહોંચી શકશે. આવી જ રીતે, જાપાન, લશ્કરી સર્વોપરિતાના વિચારોને છોડીને, આર્થિક સર્વોપરિતાના વધુ સાર્થક ઉદ્દેશ્ય સુધી પહોંચ્યું છે.

હિરોશિમા અને નાગાસાકીને એવી રીતે યાદ રાખવા જોઈએ, કે જેઓ એક સમયે જાપાનની  લશ્કરી શક્તિના સંપૂર્ણ વિનાશના પ્રતીકો હતા, તેઓ લાંબા સમય બાદ આજે, જાપાનની અદભૂત આર્થિક સફળતાના પ્રતીકો બન્યા છે.

## શિક્ષણ: જીવનનું વિજ્ઞાન

શિક્ષણ એ કોઈપણ રીતે માત્ર રોજગારનું પ્રમાણપત્ર નથી. તેનો સાચો હેતુ માનવ મનમાં બૌદ્ધિક જાગૃતિ લાવવાનો છે. દરેક વ્યક્તિ માટે શિક્ષણની ખાતરી કરવી એ રાષ્ટ્રના નિર્માણનું પ્રથમ પગલું છે. કોઈપણ રાષ્ટ્રના નિર્માણની યાત્રા ચોક્કસપણે અહીંથી જ શરૂ થવી જોઈએ; શરૂઆતનું બિંદુ આના સિવાય બીજું કોઈ હોઈ શકે નહીં.

લોકોને બૌદ્ધિક રીતે જાગૃત કરવા એટલે શું? તેનો અર્થ એ છે કે લોકોને ભૂતકાળ અને વર્તમાનને જોડીને, યોગ્ય નિષ્કર્ષ

પર આવીને, જીવનના મુદ્દાઓને શાશ્વત આયોજનના સંદર્ભમાં મૂકવા માટે સક્ષમ બનાવવા. લોકો તેમની નબળાઈઓ તેમજ શક્તિઓનું મૂલ્યાંકન કરતાં શીખે. તેઓ પોતાની ઈચ્છાને ઈશ્વરની મરજીને અનુરૂપ બનાવવાનું શીખે, કારણકે ઈશ્વરની બનાવેલી દુનિયામાં સફળતા મેળવવાનો એકમાત્ર રસ્તો આ જ છે. માત્ર સમજદાર વ્યક્તિ જ શબ્દના સાચા અર્થમાં માનવ કહેવા યોગ્ય છે. આવા જ વ્યક્તિ સાચા નિષ્કર્ષ પર પહોંચીને પોતાની જાતને અને અન્યનો યોગ્ય રીતે ન્યાય કરી શકે છે. એવું જાણ્યા પછી જ કે, તેના કયા ઉદ્દેશ્યો હોવા જોઈએ અને કયા ના હોવા જોઈએ, તે ઓળખી શકે છે એ તેનું કયું વર્તન માત્ર નકારાત્મક પ્રતિક્રિયાઓ હતી, અને કયું વર્તન ખરેખર સકારાત્મક ક્રિયાઓ હતી. પછી, તે બૂરાઈને ભલાઈથી અને જૂઠને સચ્ચાઈથી અલગ કરી શકે છે. શારીરિક આંખો આપણા બધા પાસે છે, પરંતુ બૌદ્ધિક અને વિવેકબુદ્ધિની આંખ આપણને શિક્ષણ દ્વારા જ મળે છે. અશિક્ષિત આંખો વ્યક્તિને માત્ર બાહ્ય ઉપરછલ્લો દેખાવ જોવા માટે સક્ષમ કરે છે; જ્યારે કે શિક્ષિત આંખો વ્યક્તિને જીવનની વાસ્તવિકતાઓમાં ઊંડે સુધી જવાનું શક્ય બનાવે છે.

જેવી રીતે ખેડૂત બીજ વાવે છે, તેની સાર-સંભાળ રાખે છે, જેથી કરીને ભવિષ્યમાં તે એક મોટું વૃક્ષ બની શકે, તેવી જ રીતે શૈક્ષણિક સંસ્થાઓ વ્યક્તિની બૌદ્ધિક યાત્રાને ફળીભૂત કરવામાં મદદ કરે છે. શિક્ષણ, અલબત્ત, રોજગાર શોધવામાં જરૂર મદદ કરે છે, પરંતુ તે ગૌણ બાબત છે. શિક્ષણનો વાસ્તવિક ગુણ એ છે કે

તે વ્યક્તિને જીવનનું વિજ્ઞાન પ્રગટ કરે છે, આમ તેને સમજદાર માણસ બનાવે છે.

## બેદરકારી: એક નૈતિક ખામી

એ માનવું મૂશ્કેલ છે કે કોઈપણ પ્રાણી માનવભક્ષી શિકારી પ્રાણી (સિંહ, વાઘ, ચિત્તો) કરતાં પણ વધુ ખતરનાક અને ભયાનક હોઈ શકે છે. પરંતુ વાઘ કે રીંછ માણસના એટલા બધા ખતરનાક દુશ્મન નથી, જેટલા નરી આંખે ના જોઈ શકાય એવા નાના બેક્ટેરિયા છે. ભલે તેઓ નાના હોય, પરંતુ તેઓ ખૂબ જ ઝડપથી પ્રજનન કરે છે. અનુકૂળ પરિસ્થિતિઓમાં તો તેમનું પ્રજનન એટલું તીવ્ર હોય છે કે તેઓની સંખ્યા માત્ર દસ કલાકમાં જ ૧૦,૦૦૦ ગણી થઈ જાય છે. રીંછ કે સિંહ જેવા પ્રાણીઓ તો માણસ પર ક્યારેક જ હુમલો કરે છે, જ્યારે કે જીવલેણ બેક્ટેરિયાઓ માટે તો માણસ હંમેશા હુમલાનું કેન્દ્ર હોય છે.

તેમની પ્રજાતિઓ હજારોમાં છે. જો કે, આપણે ભાગ્યશાળી છીએ કે તેમાંના 99 ટકા કાં તો આપણને ફાયદાકારક છે અથવા તો હાનિકારક નથી હોતાં. માત્ર એક જ ટકા બેક્ટેરિયા  હાનિકારક હોય છે, પરંતુ તેની સમય-મર્યાદા એટલી છે કે તેઓ માત્ર સેકન્ડોમાં જ માણસના જીવનનો દાવ કરી શકે છે. તબીબી વિજ્ઞાન અનુસાર તમામ જીવલેણ રોગો આવા સુક્ષ્મ જીવો દ્વારા ઉત્પન્ન થાય છે. તેમની આટલી ઓછી સંખ્યા પણ

માણસ-પ્રણાલીમાં પ્રવેશવાનું એવી રીતે શક્ય બનાવે છે કે માણસ પાસે તેની સામે સંરક્ષણની કોઈ કુદરતી વ્યવસ્થા જ નથી.

લોકો સામાન્ય રીતે મોટા અને સ્પષ્ટ દેખાતા જોખમોથી વાકેફ હોય છે, અને તેમની બધી કમનસીબી માટે તેમને જ જવાબદાર ગણતા હોય છે. પરંતુ, સત્ય એ છે કે, નાના સજીવો દ્વારા આપણને જે નુકસાન થાય છે, એ મોટા દુશ્મનો દ્વારા આપણને વેરવિખેર કરીને થતી પાયમાલી કરતાં ઘણું વધુ છે. જો આપણે વિચાર કરીએ તો, સૌથી મોટું નુકસાન દેખીતી રીતે નજીવી અને ઘણીવાર અલ્પજીવી અવગણનાની ક્ષણો દ્વારા જ થતું હોય  છે - એવી ક્ષણો જ્યારે સમયસર કાર્યવાહી કરવી એ આપણી ફરજ હતી, જ્યારે આપણે કશુંક રોકવાની કે મંજૂરી આપવાની જરૂર હતી, જ્યારે સલાહ અથવા મદદ અથવા સ્વ-મૂલ્યાંકનની જરૂર હતી, અને છતાં પણ આપણે પરિણામોથી બેપરવાહ રહીને સમય અથવા તક અથવા પ્રસંગને સરકી જવા દીધો. સહેલાઈની બેદરકારી શરીરના બેક્ટેરિયાની જેમ આપણી રૂહ (આત્મા)માં  ઘૂસી શકે છે, અને જો તેને રોકવામાં ના આવે તો, તે નૈતિક કાટ તરફ દોરી જાય છે.

બેદરકારીભર્યું વલણ લોકોને, મૂલ્યવાન સમય અને ભાવિના વિચારથી દિવસે ને દિવસે દૂર લઈ જાય છે. આવી રીતે, તેઓ પોતાની આવકનો હિસ્સો નોંધપાત્ર રીતે ઘટાડે છે. આ વેડફવાયેલા સમય અને અર્થહીન ખર્ચ બહુ નાની બાબત લાગે છે - માત્ર એક દિવસની જ વાત છે! - એમાં શું ફેર પડી જવાનો છે!?

બસ થોડાં કલાકો કે થોડાં રૂપિયાની જ તો વાત છે!! પરંતુ જો એક આખા વર્ષનું, અને પછી આખા જીવનકાળ દરમિયાન વેડફાયેલા સમય અને નાણાંની ગણતરી કરવામાં આવે તો, તરત જ સ્પષ્ટ થઈ જશે કે વ્યક્તિના જીવન અને કમાણીનો કદાચ પચાસ ટકા કરતાં પણ વધારે સમય-શક્તિ વ્યર્થ બાબતોમાં વેડફાઈ ગયો છે. જો સમગ્ર રાષ્ટ્રના આવા કુલ વેડફાટને ધ્યાનમાં લઈએ તો, નુકસાનનું પ્રમાણ કલ્પના પણ ના કરી શકાય એટલું પ્રચંડ છે.

## રાષ્ટ્રની સ્થિરતા

માણસને જીવનભર સતત માર્ગદર્શનની જરૂર રહે છે, અને તેને માર્ગદર્શન પૂરું પાડવાની ઈશ્વરની રીતો અનેકગણી છે. કુદરતની દુનિયામાં આપણી આસપાસ દરેક જગ્યાએ, ઈશ્વરે આપણને વાંચવા માટે તેમના ચિહ્નો ગોઠવ્યા છે.

એક વેલ બહુ ઓછા સમયમાં ઊગે છે, ફેલાય છે, ફૂલો અને ફળો ધારણ કરે છે અને પછી મૃત્યુ પામે છે. તે એક સૌંદર્યની વસ્તુ છે, પોષણનો સ્ત્રોત છે, તેમજ જોનાર માટે આનંદ પણ છે. પરંતુ તે હંમેશ માટે ટકી શકતી નથી. જ્યારે તે મૃત્યુ પામે છે, ત્યારે તે એવી રીતે નષ્ટ થઈ જાય છે જાણે કે તેનું ક્યારેય અસ્તિત્વ જ ન હતું. જમીનમાં તેની કોઈ નિશાની પણ બાકી રહેતી નથી.

ઉપરોક્ત વેલની ફળો આપતા ઘટાદાર વૃક્ષ સાથે તુલના કરી શકાય નહીં. તેની વૃદ્ધિ ધીમી છે, ખીલવાની પ્રક્રિયા ધીમી છે, ફળ આપે છે, પરંતુ ઘણા વર્ષો સુધી જીવે છે, ક્યારેક તો સદીઓ સુધી જીવે છે, અને લોકોને તેની છાયા, ફૂલો, સ્વાદિષ્ટ ફળો આપવામાં ક્યારેય નિષ્ફળ જતું નથી. પ્રકૃતિના આ બંને ઉદાહરણો આપણા માટે ઈશ્વરના શાંત સંદેશાઓ છે; જીવનના યોગ્ય માર્ગ તરફ આપણને માર્ગદર્શન આપવાની તેમની રીત આવી છે, જે આપણને નિષ્ફળતા તરફ લઈ જનારા માર્ગથી દૂર લઈ જાય છે.

જ્યારે સમગ્ર રાષ્ટ્રના નિર્માણની વાત આવે, ત્યારે આપણે ત્વરિત અને ઝડપી પરિણામોની આશમાં વેલની જેમ ઝડપથી ફેલાવવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં, પરંતુ તેના બદલે વૃક્ષનું અનુકરણ કરવું જોઈએ, જે પરિપક્વતા સુધી પહોંચવા માટે વર્ષોની અધરી રાહ જોઈ શકે છે, જે તેના મૂળને નીચે જમીનમાં ઊંડે સુધી વિકસાવે છે (ઝાડ જમીનની ઉપર હોય, એટલું જ જમીનની નીચે હોય છે) અને જે દરેક ઋતુઓને - ઠંડી, ગરમી, વર્ષા - વર્ષો સુધી સહન કરીને અડીખમ ઊભું રહે છે.

તેનો સંપૂર્ણ વિકાસ થાય એ પહેલાં જ, ખડક જેવી સ્થિરતા દર્શાવે છે, જેનાથી કોઈને નુકસાન થતું નથી, કોઈ સમસ્યા ઊભી થતી નથી અને માત્ર માનવજાતને ફાયદો આપે છે. તેથી, એક રાષ્ટ્રએ પણ આવી જ અડગતા અને સ્થિરતા સાથે વિકાસ કરવો જોઈએ, કારણકે આવા ગુણો વગરનો વિકાસ એ પાયા વગરના મકાન બનાવવા જેવું છે.

જે સિદ્ધાંત વૃક્ષને લાગુ પડે છે,  તે માનવ-જીવનને પણ સમાન રીતે લાગુ પડે છે. જો લાંબુ ચલાવવા માટે તેમનું માળખું નક્કર બનાવવું હોય તો, ધૈર્ય અને સખત પરિશ્રમનો માર્ગ જ અપનાવવો પડશે.

જીવન બનાવવું એ બાળકના પ્લે-હાઉસ બનાવવા જેવું નથી, જે કલાકોમાં બની જાય અને મિનિટોમાં તૂટી જાય! તે નીચે મૂળ નાખવાની, અને ઉપર સતત ધીરજપૂર્વક પરિશ્રમ કરવાની બાબત છે.

## નૈતિકતા અને ટેકનોલોજી

બોમ્બેમાં, આકાશદીપ નામની બહુમાળી ઈમારત પૂરી થયાના થોડાં સમયમાં જ આખું બાંધકામ ધરાશાયી થઈ ગયું. એન્જિનિયરોએ તૂટવાના કારણ તરીકે જણાવ્યું કે સલામતી નિયમો દ્વારા નિશ્ચિત કરતાં ઓછી સિમેન્ટના ઉપયોગ લીધે આવું થયું હતું.

અન્ય એક નિવેદનમાં એક ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટના ડિરેક્ટરે કહ્યું, "આરસીસી બાંધકામ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જે લાયક અને અનુભવી લોકોના હાથમાં હોય તો તે ઉત્તમ છે, પરંતુ જો અસમર્થ એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરો દ્વારા સંચાલિત કરવામાં

આવે તો તે જોખમી છે." (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, 4 સપ્ટેમ્બર, 1983)

આ વાત સાચી અને યોગ્ય હોય એવું લાગે છે, પરંતુ જો ખરેખર આપણે સંબંધિત ઈજનેરો અને કોન્ટ્રાક્ટરોને લાગુ પડતા શબ્દ વિશે વિચારીએ, તો આપણને ખ્યાલ આવશે કે તેમને 'અસમર્થ' ને બદલે વધારે યોગ્ય લાગતાં 'ભ્રષ્ટ' શબ્દ દ્વારા બદલવાની જરૂર છે. સત્ય એ છે કે આ દેશમાં આવી સમસ્યાઓ તકનીકી કુશળતાના અભાવને કારણે નહીં, પરંતુ અતિશય લોભ અને ભ્રષ્ટાચારને કારણે ઉદ્ભવતી રહે છે.

એક સરકારી પ્રોજેક્ટ,ભાખરા ડેમના નિર્માણ માટે, ટોચના એન્જિનિયરો રોકાયેલા હતા. પરંતુ, હજું તો તે સંપૂર્ણ તૈયાર પણ થયો નહીં હોય ત્યાં તેની દિવાલોમાં તિરાડ પડવા લાગી હતી, જેના પુનઃનિર્માણ માટે સરકારને કરોડો રૂપિયાનો ખર્ચ થયો હતો.

આવી ઘટનાઓ દેશમાં અવારનવાર બનતી રહે છે. આવા તમામ સાહસો ટેકનિકલ નિષ્ણાતો દ્વારા દેખરેખ હેઠળ હોવા છતાં, રસ્તાઓનું નિર્માણ થવાના થોડીવારમાં જ તેની હાલત બિસ્માર થઈ જાય છે, બિલ્ડીંગો બાંધ્યા પછી લગભગ તરત જ રીપેર કરવાની જરૂર પડે છે, અને પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા પછી પણ યોજનાઓ અધૂરી રહી જાય છે. આ બધું ભ્રષ્ટાચારનું પરિણામ છે, તેને ટેકનિકલ કુશળતાના અભાવ સાથે કોઈ લેવાદેવા નથી.

ભ્રષ્ટાચાર એ માનસિક દુષ્ટતા છે, જ્યારે કૌશલ્યનો અભાવ એ તકનીકી ખામી છે. તકનીકી સુધારણા દ્વારા માનસિક દુષ્ટતાને દૂર કરી શકાતી નથી. જો આપણે દેશમાં એક સારો સમાજ બનાવવા માટે સાચા અર્થમાં રસ ધરાવતા હોઈએ, તો આપણે દેશની વ્યક્તિઓના માનસિક અને નૈતિક સુધારા માટે કામ કરવું પડશે. માત્ર ઉપલબ્ધ ટેકનિકલ અભ્યાસક્રમોની સંખ્યામાં વધારો થવાથી તેઓ જવાબદારીપૂર્વક વર્તવા મંડશે નહીં.

## યુવાનો સાથે વ્યવહાર

થોડા મહિનાઓ પહેલા જ, જ્યોર્જ મેનેઝીસને કોલેજ સમર કેમ્પના ઉદ્ઘાટનની અધ્યક્ષતા માટે બોલાવવામાં આવ્યા હતા. તેમના સંબોધન દરમિયાન, તેમણે યાદ કર્યું કે કેવી રીતે એક શિક્ષક, કોલાબામાં તેમના ઘરે તેમના પિતાને જાણ કરવા માટે આવ્યો હતો કે તેમનો ભાઈ તેમની મેટ્રિકની પરીક્ષાના ગણિતના પેપરમાં માત્ર થોડા માર્કસથી નાપાસ થયો હતો. "મધ્યસ્થીને તમારા તરફથી માત્ર એક ટેલિફોન ફોનની અપેક્ષા છે, સર," તેણે કહ્યું, "અને બાકીનું બધું અમે ફોડી લેશું!" એવું હતું કે તે ગાળામાં શ્રી મેનેઝીસ શિક્ષણના સીનિયર સેક્રેટરીની નીચે હતા; આથી બોર્ડ, કોલેજો અને શાળાઓ તમામ તેમના અધિકારક્ષેત્ર હેઠળ આવતા હતા. પરંતુ પિતાએ શિક્ષકને સ્પષ્ટ શબ્દોમાં કહી

દીધું, “જો મારો પુત્ર નિષ્ફળ થવાને લાયક છે, તો તેને નિષ્ફળ થવા દો. તે તેને એક મૂલ્યવાન પાઠ શીખવશે.”

આ વંદનીય વાર્તા પૂરી કર્યા પછી, તેમણે યુવાન પ્રેક્ષકોના ચહેરા તરફ અપેક્ષાપૂર્વક જોયું. પરંતુ તેમને પ્રશંસાત્મક પ્રતિભાવને બદલે શરમજનક પ્રમાણમાં મૂંગા હાસ્યનો પ્રતિસાદ મળ્યો. પછી, એક યુવક કૂદી પડ્યો અને જોરથી કહ્યું, “તમારા પિતા મૂર્ખ હશે! જો તેણે મારી સાથે આવું કર્યું હોત તો હું તેને મારી નાખત!”

આજની યુવા પેઢીમાં આવો ખુલ્લો અનાદર સાવ સામાન્ય બાબત બની ગઈ છે. પણ એમાં દોષ કોનો? આવા વલણ માટેનો દોષ ચોખ્ખી રીતે એવા નેતાઓના ખભા પર મૂકવો યોગ્ય અને ઉચિત રહેશે, જેઓ હડકંપ મચાવતા ફરે છે, અને પોતાની ખાનગી મહત્વાકાંક્ષાઓ પૂરી કરવા માટે વિદ્યાર્થીઓમાં તિરસ્કાર અને દુશ્મનાવટ જગાડે છે. વિદ્યાર્થીઓ ત્યાં, એકસાથે, યુનિવર્સિટી કેમ્પસમાં હોય છે અને, તેઓ સુધી સહેલાઈથી પહોંચી શકાય તેવા હોવાને કારણે, જલ્દી પ્રભાવિત થઈ શકે છે, અને તેઓનો ગેરલાભ ઉપાડી શકાય છે.

પરિણામે, સૌજન્ય અને આદરની સમય-સન્માનિત પરંપરાઓ તૂટી ગઈ છે. હકીકતમાં, તમામ વાજબી ધોરણોનો ભંગ થઈ રહ્યો છે. જ્યારે મામલો હાથમાંથી નીકળી જાય છે ત્યારે મિત્રો અને શત્રુઓ એકસરખું થઈ જાય છે, અને આવા સમયે

આપણે રાહ પર થોડું રોકાઈને, આપણી સામાજિક પ્રતિબદ્ધતાઓનું સંપૂર્ણ પુનઃમૂલ્યાંકન કરવું જોઈએ, જેથી કરીને કોઈ હાનિકારક નેતૃત્વ આજના યુવાનોના પગ એવી જગ્યાએ ન ગોઠવી શકે,  જેને  ભવિષ્ય માટે માત્ર અથડામણનો માર્ગ કહી શકાય.

## વિકાસ-યાત્રા

એક માણસ કોઈ ચોક્કસ ભરતી કાર્યાલયમાં દાખલ થયો અને કહ્યું, "હું આર્મીમાં સૈનિક તરીકે જોડાવા માંગુ છું."

"પણ તમારી ઉંમર કેટલી છે?" સાર્જન્ટે પૂછ્યું.

"સાઠ," માણસનો જવાબ હતો.

"તમને ખ્યાલ છે કે તમારા માટે આર્મીમાં સૈનિક બનવા માટે સાઠની ઉંમર બહુ વધારે છે!?"

"ઠીક છે, જો આર્મીમાં જો સૈનિક માટે 60 વર્ષની ઉંમર ખૂબ વધારે હોય, તો કોઈ સેનાપતિ જનરલની જગ્યા ખાલી નથી?"

કોઈપણ વ્યક્તિને આર્મીમાં કારકિર્દી શરૂ કરવી હોય, તો સીધા સેનાપતિ જનરલથી શરૂઆત ના થઈ શકે. આ એક સ્પર્ધા જેવું છે, જ્યાં કોઈ પ્રારંભિક બિંદુથી સીધા અંતિમ બિંદુ સુધી કૂદકો લગાવી શકતું નથી. કોઈપણ જગ્યાએ સફળ સ્થાને પહોંચવા માટે, આપણે વૃક્ષનું અનુકરણ કરવું પડશે, બીજથી શરૂ કરીને, ધીમે ધીમે આગળ વધતાં, અને યોગ્ય સમય આવતા થડ, ડાળીઓ, પાંદડાઓ અને ફળો-ફૂલો આપવા સુધી પહોંચી શકાય

છે. આવી જ રીતે, ધંધાની શરૂઆત પણ રોકાણથી થાય છે, સીધો નફો કમાવાથી નહીં. મકાન અથવા બિલ્ડિંગનું બાંધકામ પાયાથી થાય છે, છતથી નથી થતું. ખોરાક બનવાની શરૂઆત બીજ વાવવાથી થાય છે, સીધા ડાઈનિંગ ટેબલથી નહીં. ફેક્ટરીની શરૂઆત મશીનરીના સંપાદનથી થાય છે અને અંતિમ ઉત્પાદનોના વેચાણથી નહીં.

ધર્મ-સમાજ (જમાત) ની બાબતો પણ સમાંતર છે. તેઓ વ્યક્તિઓમાં ઉદ્દેશ્યની ભાવના, સખત મહેનત, પ્રમાણિકતા, સહનશક્તિ અને એકતાના મહત્વની સમજણથી જ શરૂ થાય છે.

જ્યાં સુધી રાષ્ટ્રની વ્યક્તિઓ મહત્વપૂર્ણ આદર્શો સાથે ખૂબ જ ઉચ્ચ સ્તરે પ્રભાવિત ન થાય, ત્યાં સુધી કોઈપણ પ્રકારની પ્રગતિ માટે પગલાં લેવા વ્યર્થ છે. જો આપણે પૂર્વશરતના મહત્વને અવગણીશું, તો આપણા બધા સાહસો નિષ્ફળતામાં સમાપ્ત થવા માટે બંધાયેલા છે. નક્કર રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિના કોઈપણ ચળવળ શરૂ કરવાનો પ્રયાસ, એ દિવાલોને ઉભી કર્યા વિના મકાનની છત બનાવવાનો પ્રયાસ કરવા સમાન હશે. આ રીતે ઊભી કરાયેલી છત આખરે કોઈના માથા પર તૂટી પડવાની છે. તે જ રીતે, વ્યક્તિઓને યોગ્ય રીતે તૈયાર કરતાં પહેલાં લેવાયેલા કોઈપણ પગલાં અનિવાર્યપણે નિષ્ફળતા અને અરાજકતા તરફ દોરી જશે - ત્યાં સુધી કે મૃત્યુ અને વિનાશ પણ સર્જી શકે. તેઓ સાચા ધ્યેયોથી દૂર અને વધુ દૂર દોરી જતા જોવા મળશે.

# ઈચ્છા-શક્તિ અને ખંત

એક વિચારકના અવલોકન મુજબ, લોકોમાં ક્ષમતાનો એટલો બધો અભાવ નથી હોતો, જેટલો તેમનામાં ઈચ્છા-શક્તિનો અભાવ હોય છે. સામાન્ય રીતે, લોકો પાસે શક્તિઓ હોય છે, પરંતુ તેઓ તેનો ઉપયોગ કરવામાં અસમર્થ હોય છે, કારણ કે તેઓ સતત ખંત દર્શાવવા માટે તૈયાર હોતા નથી. હકીકત એ છે કે કોઈપણ સિદ્ધિ માટે લાંબા-ગાળાનો સંઘર્ષ અનિવાર્ય છે. જો તમે તમારા પ્રયત્નોનું નક્કર પરિણામ જોવા માંગતા હો, તો તમારે સૌપ્રથમ લાંબા સમય સુધી મહેનત કરવા માટે તમારી જાતને તૈયાર કરવી પડે. જો તમારે આવું ના કરવું હોય, તો તમારે લાંબા સમય સુધી ટકી શકે એવી સફળતાની આશા પણ રાખવી જોઈએ નહીં. સફળ જીવનની ચાવી એ જ છે કે: "જેવી સમય-શક્તિ તમે રોકશો, તેવી પ્રગતિ તમે પામશો!"

રાષ્ટ્રીય જીવનની સ્થાપના ક્યારેક ટૂંકા સમયમાં શક્ય બને છે, તો ક્યારેક તેમાં લાંબા સમયની પણ જરૂર પડે છે. એ તમારે કયા પ્રકારની રાષ્ટ્રીય સ્થાપના જોઈએ છે, તેના પર નિર્ભર છે. જો તમારો ઉદ્દેશ્ય લોકોમાં કામચલાઉ જુસ્સો જગાડવાનો હોય, અને જો તમે સામૂહિક માનસને આકર્ષિત કરે તેવા સૂત્રોચ્ચાર કરીને માત્ર ભીડને ભેગી કરવાનું વિચારતા હોવ, તો એવું બધું થઈ શકે છે. પરંતુ વાસ્તવમાં, આ બાબત રાષ્ટ્રની સ્થાપનાની નહીં હોઈને માત્ર તમારા નેતૃત્વની સ્થાપના છે.

એવા નેતાઓ બહુ છે કે જેઓ કકળાટભરી પ્રવૃત્તિઓમાં સામેલ થઈને ચોક્કસપણે અસ્થાયી લાભ મેળવવાની વૃતિ રાખતા હોય છે. પરંતુ જો આપણે ખરેખર રાષ્ટ્રનું નિર્માણ કરવા માંગતા હોઈએ, તો આપણે કાકડીના છોડને ઉગાડવાને બદલે બદામનું વૃક્ષ વાવવામાં રસ અને સમજણ કેળવવી જોઈએ. આવી પહેલ માટે ચોક્કસપણે લાંબા-ગાળાના આયોજનની જરૂર પડે છે. તે ટૂંકા ગાળામાં પ્રાપ્ત કરી શકાતું નથી. જો કોઈ નેતા સૂત્રોચ્ચારમાં જ વિશ્વાસ રાખતા હોય, તો એ તેની મૂર્ખામી અથવા જાહેર લાગણીઓનું ગેરલાભ ઉઠાવવાની ઇચ્છાને આભારી હોઈ શકે છે. અને જો કોઈ વ્યક્તિ લાંબા-ગાળાની તકલીફ વિના જ રાષ્ટ્રની સફળતાને જોવા માંગતા હોય, તો તેઓએ એટલું જાણી લેવું જોઈએ કે આવું ફક્ત મનમાં જ પ્રાપ્ત કરી શકાય છે, અને વાસ્તવિકતામાં નહીં.

## નોબેલ પારિતોષિક કેવી રીતે મેળવી શકાય?

નોબેલ પારિતોષિક વિજેતા, પ્રોફેસર અબ્દુસ સલામે 1986માં અનેક ભારતીય શહેરોની મુલાકાત લીધી હતી અને તેમણે એક ભાષણમાં (ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, જાન્યુઆરી 16, 1986), દક્ષિણ કોરિયાને અસાધારણ રીતે ઝડપી રાષ્ટ્રીય વિકાસના ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. તેમણે કહ્યું કે લગભગ 15 વર્ષ પહેલા, ત્યાં માથાદીઠ કુલ રાષ્ટ્રીય ઉત્પાદન ભારતના બરાબર હતું, અને કોરિયનોએ કરેલા સઘન પ્રયાસોને કારણે

અત્યારે તો અનેકગણું વધી ગયું છે. દક્ષિણ કોરિયાથી એક ટીમ, નોબેલ પારિતોષિક કેવી રીતે જીત્યા, એ જાણવા માટે ઈટાલીના ટ્રીસ્ટે ખાતે તેમને મળવા આવી, તેનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ત્રીજા વિશ્વના લોકોમાં પણ આવી જ ભાવના કેળવવી જરૂરી છે. તેમને લાગ્યું કે આ ખોજની ભાવના જ સમગ્ર વિકાસનો પાયો છે, પછી તે વ્યક્તિની હોય કે રાષ્ટ્રની, દુન્યવી જગતની હોય કે આખેરત (પરલોક)ની હોય.

ઘણીવાર રાષ્ટ્રના વિકાસની બાબતોમાં સ્થગિતતા આવી જાય છે. એવું લાગે છે કે વિકાસના પૈડામાં પંચર પડી ગયું છે. વિકાસને બદલે વિનાશ થતો જણાય છે. સક્રિય પ્રયત્નોને બદલે જડતા નજર આવવા લાગે છે. આવા સમયમાં, કોઈપણ રાષ્ટ્ર અવ્યવસ્થિત થઈને પ્રગતિની સીડીથી સૌથી નીચલા સ્તરે ગબડવાનું શરૂ કરે છે, અને તે માત્ર સાચા સાધકો અને લડવૈયાઓ જ છે, જે તેને આવી અપમાનજનક સ્થિતિમાંથી ઉપર તરફ ખેંચી શકે છે, અને તેને ફરી પાછું યોગ્ય પાથ પર લાવી શકે છે. આ ખોજની પ્રબળ ભાવના જ માત્ર તેને પ્રગતિની સીડીના સૌથી ઉપરના પગથિયાં પર લઈ જઈ શકે છે.

## નિષ્પક્ષતા: સફળતાનું ચાવી

સપ્ટેમ્બર 1986માં દક્ષિણ કોરિયાના સિઓલમાં 10મી એશિયન ગેમ્સ યોજાઈ હતી. આ 16 દિવસની સ્પર્ધામાં દક્ષિણ

કોરિયાએ સૌથી વધુ મેડલ મેળવ્યા હતા, જેની વિગતો નીચે મુજબ છે.

| | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | ટોટલ |
|---|---|---|---|---|
| ચીન | 94 | 82 | 46 | 222 |
| દ. કોરિયા | 93 | 55 | 76 | 224 |
| જાપાન | 58 | 76 | 77 | 211 |
| ઈરાન | 6 | 6 | 10 | 22 |
| ભારત | 5 | 9 | 23 | 37 |
| ફિલિપાઈન્સ | 4 | 5 | 9 | 18 |
| થાઈલેન્ડ | 3 | 10 | 13 | 26 |
| પાકિસ્તાન | 2 | 3 | 4 | 9 |

આમ દક્ષિણ કોરિયાએ ચીન અને જાપાન વચ્ચે કુલ મેડલમાં સિંહફાળો નોંધાવ્યો હતો. આપણો દેશ, ભારત એ દક્ષિણ કોરિયા કરતા કેટલાય ગણો મોટો અને વધુ વસ્તી ધરાવતો દેશ છે, છતાં ઉપરોક્ત ચાર્ટ દર્શાવે છે કે ભારત કોરિયાથી કેટલાય ગણું પાછળ છે. આના પર ટિપ્પણી કરતાં, ઑક્ટોબર 6, 1986 ના ધ ઇન્ડિયન એક્સપ્રેસમાં આવું લખાયું હતું:

'કોરિયનોએ તેમના એથ્લેટ્સની પસંદગી માટે કમ્પ્યુટરનો ઉપયોગ કર્યો, અને તેમને બે વર્ષ સુધી દરેક શિસ્તની તાલીમ માટે એક મિલિયન ડોલર ખર્ચ્યા. ભારતે જાણીતી હિટ-ઓર-મિસ (લાગે તો તીર, નહીં તો થોથા) પદ્ધતિનો ઉપયોગ કર્યો, જેમાં કદાચ સંકુચિતતા અને સગાવાદની જૂની બિમારીનો રોગ જવાબદાર હતો.'

ટૂંકમાં, કોરિયનોએ પ્રતિભાના આધારે તેમના સ્પર્ધકોને પસંદ કર્યા હતા જ્યારે કે ભારતે જેના સારા સંપર્કો હોય એવા સ્પર્ધકોને પસંદ કર્યા હતા. જો કોરિયાએ કર્યું તેવું ભારતે કર્યું હોત તો, જેમકે સંભવિત સહભાગીઓ વિશે જરૂરી ડેટા કોમ્પ્યુટરમાં પૂરો પાડ્યો હોત અને સંપૂર્ણ યાંત્રિક અને નિષ્પક્ષતા સાથે પસંદગી કરવાની મંજૂરી આપી હોત અંતિમ પરિણામ કેવા અલગ હોત!

## એકતાનો તાલમેલ

સ્પેનના લોકોને 50 હજાર ટનના ટેન્કર બનાવવામાં ખાસ્સો સમય - ચોવીસ મહિના - લાગે છે. જ્યારે કે, અમેરિકન શિપબિલ્ડરોને સમાન ટન વજનના જહાજના ઉત્પાદન માટે સોળ મહિનાનો સમય લાગે છે. પરંતુ, જાપાની શિપબિલ્ડરો માટે આ કામ માત્ર આઠ મહિનાનું જ છે.

આ જાપાનીઝ ચમત્કારનું રહસ્ય શું હોઈ શકે? પશ્ચિમી નિષ્ણાતો દ્વારા હાથ ધરવામાં આવેલ એક સર્વેક્ષણ મુજબ, તેનું નિર્ણાયક પરિબળ ટીમવર્ક છે. જાપાની કામદારો અને મેનેજમેન્ટ સંપૂર્ણ રીતે એક જ રાગમાં તાલમેલથી કામ કરે છે. કાર્ય પ્રક્રિયાઓ દરમિયાન કોઈપણ તબક્કે આ બંધન તૂટતું નથી. પરિણામે, આશ્ચર્યજનક રીતે,  ખૂબ જ ટૂંકા-ગાળામાં ઉચ્ચ ગુણવત્તાની વસ્તુઓનું ઉત્પાદન શક્ય બને છે.

જૂથ સંવાદિતા એ જાપાની સંસ્કૃતિ અને કાર્ય પદ્ધતિઓના સમગ્ર ફેબ્રિકનો ભાગ છે. ઘરમાં હોય કે કારખાનામાં, મોટી સંસ્થાઓમાં કે નાની, સહકાર જાળવી રાખવાની વૃતિ દરેક જાપાની પાત્રની વિશિષ્ટ વિશેષતા તરીકે પ્રગટ થાય છે. જાપાનશાસ્ત્રના નિષ્ણાત વિલિયમ ઓચી લખે છે: "જાપાનમાં દરેક પ્રવૃત્તિ જૂથમાં થાય છે, ત્યાં વ્યક્તિગત ગૌરવ અને વ્યક્તિગત જાહેરાતમાં કૂદવા માટેના સ્પ્રિંગબોર્ડ હોતા નથી." (હિન્દુસ્તાન ટાઈમ્સ, ફેબ્રુઆરી 1986)

આ વિશેષતાથી જ જાપાનની રાષ્ટ્રીય પ્રગતિનું સૌથી મોટું રહસ્ય જાણી શકાય છે. સફળતા માટે, કોઈપણ સાહસમાં મોટી સંખ્યામાં લોકોની સદ્ભાવના સાથે કામ કરવાની ઈચ્છા એ પૂર્વશરત છે. સંયુક્ત પ્રયાસની આ વ્યવસ્થામાં એક માત્ર ખામી એ છે કે એકલા વ્યક્તિના વ્યક્તિત્વને ખીલવાની તક ઓછી મળે છે. પરંતુ, રાષ્ટ્રની સફળતા માટે બધા જ લોકો આ વ્યક્તિગત બલિદાન આપવા માટે તૈયાર હોય છે. જ્યાં વ્યક્તિઓ એકબીજાને

વિરુદ્ધ દિશામાં ખેંચતી હોય, ત્યાં રાષ્ટ્રીય સ્તરે ક્યારેય કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ શકતી નથી.

જ્યારે કર્મ-ભાવનામાં સહકાર હોય, સંગઠન સારી-રીતે સંકલિત હોય અને સંવાદિતાનું વાતાવરણ પ્રવર્તતું હોય, ત્યારે ઉત્પાદનની ગુણવત્તા અને જથ્થાની મર્યાદા આકાશ જેટલી વિશાળ હોય છે. આ એકતા જ સફળતાની સાચી ચાવી છે.

## આપણે આપવામાં જ મેળવીએ છીએ

ઓક્ટોબર 17, 1986ના સમય અનુસાર, "મહારાણી એલિઝાબેથે લાંબા સમયથી પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનાની મુલાકાત લેવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ જ્યાં સુધી બ્રિટનનું  ચીનના પ્રદેશના એક ટુકડા, હોંગકોંગની ક્રાઉન કોલોની, પર શાસન ચાલું હતું, ત્યાં સુધી આવી મુસાફરી અશક્ય હતી. 1997માં હોંગકોંગ ચીનને પરત આપતા 1984ના ચીન-બ્રિટીશ કરારે પ્રવેશની કિંમત પૂરી પાડી હતી.

હોંગકોંગને મૂળ ભૂમિ પર પરત કરવું એ કોઈ સરળ કાર્ય ન હતું, કારણકે તે બ્રિટિશ ક્રાઉનમાંથી એક રત્ન ગુમાવવા બરાબર હતું, પરંતુ તે સ્પષ્ટ હતું કે બ્રિટિશ રાણીની ચીનની મુલાકાત લેવાની ઇચ્છા એ ચીન સાથે બ્રિટનના વેપારી-સંબંધો વિકસાવવાની ઉત્સુકતાથી  અળગી નહોતી અને દેખીતી રીતે, તેમાં પુષ્કળ ભાવિ લાભો હતા. પાછલા સો વર્ષોમાં, બ્રિટન અને

ચીન વચ્ચેના સંબંધો વણસેલા રહ્યા હતા, પરંતુ, રાણીની એક ઐતિહાસિક મુલાકાત - બ્રિટિશ રાજવી પરિવારના સભ્ય દ્વારા - ચીન સાથેના વેપારના દરવાજા ખોલી દેવામાં આવ્યા હતા. રાજનીતિના આ એક સફળ હિસ્સાએ, તેમના માટે દોઢ અબજ ડોલરથી વધુના વાર્ષિક વેપાર કરારનો માર્ગ મોકળો કર્યો હતો.

મુગટમાંથી રત્ન ભલે ગુમાવવું પડ્યું, પરંતુ તેના અનેક પ્રચંડ ફાયદાઓ હતા. સ્પષ્ટપણે, આપણે કંઈક મેળવવા માટે કંઈક આપવું પડશે, જગતમાં રીત આ જ છે.

## સર્જનાત્મક આવેગ

ઇતિહાસના સુવિખ્યાત ઇતિહાસકાર અને ફિલસૂફ, આર્નોલ્ડ જોસેફ ટોયન્બી (1889-1975)ની પ્રખ્યાત કૃતિ, અ સ્ટડી ઑફ હિસ્ટ્રી, વર્ષ 1934 અને 1961 વચ્ચે પ્રકાશિત કરવામાં આવી હતી. આ પુસ્તકના 12 ભાગો છે, અને તે ત્રેવીસ સંસ્કૃતિઓનો ફિલોસોફિક અભ્યાસ છે.

ટોયન્બીએ તેના પુસ્તકમાં દર્શાવ્યું છે કે "કોઈપણ સંસ્કૃતિનો ઉદય એ ઉચ્ચ વંશ અથવા ભૌગોલિક વાતાવરણ જેવા પરિબળોનું પરિણામ ન હતું, પરંતુ ખાસ મુશ્કેલભરી પરિસ્થિતિઓમાં પડકારો સામે લોકોનો પ્રતિભાવ હતો, જેણે તેમને અભૂતપૂર્વ પ્રયાસ કરવા માટે ઉત્તેજિત કર્યા હતા. સહેલાઈઓને

બદલે કઠણાઈઓએ માણસોને સાંસ્કૃતિક સિદ્ધિઓ તરફ પ્રેરિત કર્યા છે." (વોલ્યુમ 4, પૃષ્ઠ 659)

ટોયન્બીના મતે, સંસ્કૃતિ હંમેશા સુધારણા તરફના સર્જનાત્મક આવેગમાંથી જન્મે છે. વાસ્તવમાં, તે એક પડકાર-પ્રતિભાવ પદ્ધતિ છે, જે કોઈપણ રાષ્ટ્રમાં વિકાસ કરી શકે છે, અને તેને વિશ્વગુરુ બનાવી શકે છે. તદુપરાંત, આ જગતમાં વંચિતતા એ કંઈ મૂલ્યહીન નથી; વંચિતતા એ સાહસ માટેના જુસ્સાને જન્મ આપે છે. અને આ રીતે, તે જૂથોને વધુ સક્રિય બનાવે છે અને વધુ સફળતાની સંભાવનાઓ પેદા કરે છે. જો મુશ્કેલ સંજોગોમાં કોઈ રાષ્ટ્ર ત્વરિત પ્રતિક્રિયાના માનસથી પીડાય, તો તે અનિવાર્યપણે વિરોધ અને વિલાપની ભૂલમાં સપડાઈ જશે. પરંતુ, જો તે સંજોગોથી ઉપર ઊઠીને સકારાત્મક રીતે વિચારશે, તો તે મુશ્કેલ પરિસ્થિતિઓને સફળતાના ઉચ્ચ પગથિયાં પર પહોંચાડતી સીડી તરીકે જોઈ શકશે.

## સુગમ અભિગમ

એકવાર જ્યારે એક મુસાફર રેલ્વે સ્ટેશન પર પહોંચ્યો, ત્યારે તેને એક કુલી દ્વારા કહેવામાં આવ્યું કે તેની ટ્રેન જતી રહી છે. “સર, પણ ચિંતા કરશો નહીં,” કુલી બોલ્યો. “બે કલાકમાં, આ જ પ્લેટફોર્મ પર તમને બીજી ટ્રેન મળી જશે. ત્યાં સુધી તમે અહીં આરામ કરો.” મુસાફરે તેની સલાહ માની લીધી, અને બે કલાક પછી બીજી ટ્રેન પકડીને પોતાના ગંતવ્ય સ્થાને રવાના થયો.

દરેક મુસાફરને ખબર જ હોય છે કે જો એક ટ્રેન ચૂકી જવાય તો, બીજી ટ્રેન મળતા બહુ વાર લાગતી નથી. આ પ્લેટફોર્મ પરથી શીખવા મળતો પાઠ છે. પરંતુ. સામાન્ય રીતે, લોકો આ જાણીતો પાઠ એ સમયે ભૂલી જાય છે, જ્યારે જીવનની ભીડભાંડમાં તેમની પાસેથી તક સરકી જાય છે. પ્રથમ પ્રયાસમાં મળેલી નિષ્ફળતાથી, તેઓ કાં તો નિરાશ થઈ જાય છે, અથવા તેઓ વિરોધ અને વિલાપમાં પડી જાય છે. જ્યારે કે સાચો રસ્તો એ છે કે તેઓએ તેમના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે, બીજી ટ્રેનમાં બેસીને યોગ્ય અન્ય પગલાઓ સાથે ફરીથી યોજના બનાવવી જોઈએ.

જ્યારે તમે પ્રતિસ્પર્ધી સાથે અથડામણમાં ઉતરો છો, અને તેનાથી તમને કોઈ સારું પરિણામ મળ્યું નથી, તો પછી, તમારે તમારો અભિગમ બદલવો જોઈએ અને નમ્ર પદ્ધતિથી સમસ્યાને હલ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. શક્ય છે કે અગાઉની આક્રમક રણનીતિને કારણે તમારો દુશ્મન બનેલો વ્યક્તિ નરમ અભિગમ સાથે તમારો આદરણીય મિત્ર બની જાય. તેવી જ રીતે, જો તમે નોકરી ગુમાવો, તો વિલાપ ન કરો, પરંતુ અન્ય ક્ષેત્રમાં આવકના નવા સ્ત્રોત શોધવાનો પ્રયાસ કરો.

શક્ય છે કે નવું કાર્ય વધુ લાભદાયક સાબિત થાય. જો કોઈ તમારા અધિકારો છીનવી લે છે અને વિવાદ શરૂ થાય છે, અને ઘણા વર્ષો પછી પણ તમે તમારા અધિકારો પુનઃસ્થાપિત

કરવામાં નિષ્ફળ રહો છો, તો તમારી વ્યૂહરચના બદલો. સખત પરિશ્રમ પર વિશ્વાસ રાખો. તે ચોક્કસપણે શક્ય છે કે સખત મહેનત કરીને તમે, જે હાંસલ કરવામાં નિષ્ફળ ગયા છો, તે અન્યની મદદ માંગીને તમે પ્રાપ્ત કરી શકશો.

સંકુચિત માનસિકતાના કારણે જીવનમાં ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. ઉદાર વિચારસરણી ધરાવતા વ્યક્તિને જલ્દી ખ્યાલ આવી જાય છે કે અહીં "ટ્રાવેલ" કરવા માટે ઘણાબધા વાહનો ઉપલબ્ધ છે. ડીમાન્ડ કરીને જે હાંસલ કરી શકાતું નથી, તે સારા સંબંધો વિકસાવીને સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. જ્યાં કોઈ વ્યક્તિ વિરોધ અને ડીમાન્ડ દ્વારા પોતાના અધિકારો સ્થાપિત કરવામાં નિષ્ફળ રહે છે, ત્યાં તે આત્મનિર્ભરતાના માર્ગે ચાલીને પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકે છે.

જ્યાં કોઈ વ્યક્તિ ગુસ્સો કરીને અને ઉશ્કેરાઈને બીજાને કાબૂમાં કરી શકતો નથી, ત્યાં તે ધૈર્ય વડે દિલ જરૂર જીતી શકે છે.

## માનવતા ખાતર બલિદાન

એ ચોથી નવેમ્બર, 1847નો દિવસ હતો, જ્યારે એક નોકર તેના શેઠ, સ્કોટિશ ડૉક્ટરના રૂમમાં પ્રવેશ્યો, અને તેને તેના બે સાથીદારો સાથે જમીન પર ઊંધા મોઢે નીચે પડેલો જોવા મળ્યો. તેઓ તેમની ખુરશીઓ પરથી નીચે પટકાયા હોવાનું લાગતું હતું. નોકરને લાગ્યું કે કદાચ તેઓએ ખૂબ જ પીધું હશે,

તેથી તેમને ચાદર ઓઢાડીને ત્યાંથી શાંતિથી ચાલ્યો ગયો. પરંતુ હકીકત તદ્દન અલગ હતી. જમીન પર બેભાન અવસ્થામાં પડેલા માણસો સર જેમ્સ સિમ્પસન (1811-1870) અને તેમના બે સહાયકો હતા, જેમણે માનવ શરીર પર ક્લોરોફોર્મની અસરો તપાસવા માટે પ્રથમ વખત તેને સૂંઘ્યું હતું.

સિમ્પસન એક ગરીબ ભઠિયારાનો સૌથી નાનો પુત્ર હતો. ચાર વર્ષની ઉંમરે, તેણે ગામની શાળામાં શિક્ષણની શરૂઆત કરી હતી. સમય જતાં, તેની અભ્યાસમાં રૂચિ જોઈને તેના ,પિતા અને બીજા છ ભાઈઓ તેના માટે બલિદાન આપવા માટે તૈયાર થયા, અને તેઓએ તેમના ખર્ચમાં ઘટાડો કરીને છોકરાને ઉચ્ચ શિક્ષણ માટે શહેરમાં મોકલ્યો. આમ, તે એડિનબર્ગ યુનિવર્સિટીમાં આવ્યો, જ્યાં તેણે M.D.ની ડિગ્રી પ્રાપ્ત કરી, જે તે સમયમાં દવાની સર્વોચ્ચ ડિગ્રી હતી, આ રીતે પરિવારના આત્મવિલોપનની કિંમતે તેને યોગ્ય લાયકાત મળી હતી.

અભ્યાસ દરમિયાન ડો. સિમ્પસનને જાણવા મળ્યું હતું કે ક્લોરોફોર્મમાં અમુક ગુણધર્મો છે જે અસ્થાયી રૂપે માણસની સંવેદનાઓને ક્ષીણ કરે છે, તેથી તેણે તેના પર સંશોધન કરવાનું શરૂ કર્યું, અંતે તે એવા નિષ્કર્ષ પર આવ્યા કે જો દર્દીઓને ક્લોરોફોર્મ દ્વારા બેભાન કરવામાં આવે, તો તેઓ ઓપરેશનના દરમિયાન થતાં ગંભીર દુખાવામાંથી મુક્ત થઈ શકે છે. તેમણે સંશોધન ચાલુ રાખ્યું અને, છેલ્લે પોતાના પર જ પ્રયોગ કરીને સાબિત કર્યું કે ક્લોરોફોર્મ શરીરમાં સફળતાપૂર્વક બિન-હાનિકારક

સંવેદનહરણ કરી શકે છે. એક ગરીબ ભઠિયારાના પુત્રની માનવતાને ડો. બ્રાઉનના શબ્દોમાં આવી રીતે કહેવામાં આવી છે, "ઈશ્વરના પીડિત બંદાઓને શ્રેષ્ઠ વરદાનોમાંથી એક!"

વિશ્વના પશ્ચિમી રાષ્ટ્રોના નેતૃત્વનું રહસ્ય એવા લોકોના અસ્તિત્વ દ્વારા સમજાવી શકાય છે કે જેઓ અન્ય લોકોને દર્દમાંથી ઉગારવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકવાની હિંમત ધરાવે છે - બીજા શબ્દોમાં કહીએ તો - જેમની પાસે માનવતા માટે પોતાનું બલિદાન આપવાની હિંમત હોય છે.

## રાષ્ટ્રનો વિકાસ

વૃક્ષ જેવી ચમત્કારિક વસ્તુ કેવી રીતે અસ્તિત્વમાં આવે છે? તે એક નાનકડા બીજને કારણે થાય છે, જે પોતાની જાતને સોંપી દે છે, પોતાનું બલિદાન આપે છે, જેથી કરીને એક ઘટાદાર, લીલુંછમ વૃક્ષ જમીનમાંથી ઉપર ઉગી શકે. અને મકાન કેવી રીતે બને છે? તેના બાંધકામમાં વપરાયેલી ઈંટોને પૂછશો તો, તેઓ કહેશે કે તેમાંથી અમૂકે પોતાની જાતને પહેલા દફન કરી હતી. આ રીતે, એક માળખું ટટ્ટાર ઊભું રહે છે.

માણસે પોતાનું જીવન પણ આવી રીતે જ બનાવવું જોઈએ - એટલે કે બલિદાન દ્વારા. સમાજનું નિર્માણ કરવા માટે, જો થોડાક પણ વ્યક્તિઓ પોતાના ભવિષ્યનું બલિદાન આપવા તૈયાર હોય, તો જ માનવતાનું ભવિષ્ય રચનાત્મક વળાંક લઈ શકે

છે. કોઈપણ સમુદાય સમૃદ્ધ થઈ શકે નહીં, જો તેના થોડાંક પણ સભ્યો પ્રતિકૂળતાને જીવનના ભાગ તરીકે સ્વીકારવા તૈયાર ન હોય. બાંધકામ બલિદાનના પાયા પર જ ઊભું રહી શકે છે. એ પ્રકૃતિના અપરિવર્તનશીલ નિયમોમાંનો એક છે. તે માનવ વિશ્વમાં, પ્રકૃતિની માફક, જીવનના દરેક ક્ષેત્રે લાગુ પડે છે.

દરેક બાંધકામમાં છત હોય છે, જે આપણે બધા જોઈ શકીએ છીએ. પરંતુ આપણે ઘણીવાર તેના આધાર વિશે ભૂલી જઈએ છીએ, કારણકે તે જમીનમાં ઊંડે દટાયેલું હોય છે. પરંતુ, આ અદ્રશ્ય પાયા પર જ આખી ઇમારત ટકી રહી હોય છે. ઈમારત માટે આવા પાયાની જરૂર હોય છે, અલંકારિક રીતે કહીએ તો તેના માટે એવી વ્યક્તિઓની જરૂર હોય છે, જેઓ પોતાને જમીનમાં દફનાવવા માટે તૈયાર હોય. કુરબાની અથવા બલિદાનનો અર્થ આવો જ થાય છે.

કોઈ વ્યક્તિ, લાગણીમાં આવીને પોતાનો જીવ દઈ દેતાં હોય છે, પરંતુ કુરબાની અથવા બલિદાનનો અર્થ એવો નથી. વાસ્તવિક બલિદાન અથવા કુરબાનીનો અર્થ એવો થાય છે કે રચનાત્મક કાર્યમાં ભાગ લેવો, ભલે તે ગમે તેટલો નાનો અને સ્પષ્ટપણે દેખાતો ના હોય. ભલે તેનો સમયગાળો કેટલો પણ લાંબો હોય અથવા અંતિમ મંઝિલ કેટલી પણ દૂર હોય. સંઘર્ષ એવી વસ્તુ પ્રદાન કરે છે, જે ખ્યાતિ કે સંપત્તિથી હાંસલ કરી શકાતું નથી; અને એ ભાવિના નિર્માણ અને ઘડતર માટે વર્તમાનને ત્યજીને પોતાની જાતને 'દફનાવવાની' વાત છે.

સમગ્ર રાષ્ટ્રનો વિકાસ સમાજના એવા થોડાંક વ્યક્તિઓ પર નિર્ભર છે, જેઓ આવા બલિદાન આપવા માટે તૈયાર હોય છે. આ વ્યક્તિઓ એવા બીજ છે, જે જમીનમાં દફન થઈને માનવતાને જીવન આપે છે; તેઓ રાષ્ટ્રની એવી ઇંટો છે, જેનાથી બનેલા પાયા પર માનવજાતનું નવેસરથી નિર્માણ થાય છે.

## સમર્પણ: ઉમદા હેતુ ખાતર

સ્વામી વિવેકાનંદે (1863-1902) કન્યાકુમારીના કિનારે પહોંચતા પહેલા, સત્યની શોધમાં લાંબી મુસાફરી કરી હતી. દરિયાકિનારે એક નાનકડા ટાપુને જોતાં, તેઓ તરીને ત્યાં ગયા, અને પહોંચીને પોતાની જાતને ધ્યાનમાં મગ્ન કરી. થોડા સમય પછી, તેઓ કિનારે પાછા ફર્યા અને પોતાને હિંદુ ધર્મના પ્રચારમાં સમર્પિત કરી દીધી.

આ ટાપુ પર 2 કરોડ રૂપિયાના ખર્ચે એક મોટું કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યું છે. આઝાદી પછી શરૂ થયેલું બાંધકામ 1970માં પૂર્ણ થયું હતું. કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય “માનવ નિર્માણ” છે. જ્યારે તેમણે કાર્યકર્તાઓની ભરતી માટે અપીલ કરી, ત્યારે ડઝનેક ઉચ્ચ શિક્ષિત પુરુષો અને સ્ત્રીઓ તેમજ સેંકડો યુવા સ્વયંસેવકોએ તેમના કોલને પ્રતિસાદ આપ્યો અને વિવેકાનંદના મિશનને ચાલુ રાખવા માટે તેમનું જીવન સમર્પિત કર્યું. આ હેતુસર તેઓ જીવનભર કાર્યકર્તા રહ્યા.

ડૉ. એચ.આર. નિગેન્દ્ર આ સમર્પિત સ્વયંસેવકોમાંના એક છે. અગાઉ, તેઓ અમેરિકાના સ્પેસ ફ્લાઇટ સેન્ટરમાં ઉચ્ચ હોદ્દા પર હતા, પરંતુ હવે કેન્દ્ર દ્વારા તેમને ઓફર કરવામાં આવતા સાધારણ જીવનથી તેઓ સંતુષ્ટ છે. તેમને બીજે કયાંય મન નથી લાગતું. "એક વૈજ્ઞાનિકનું કામ," તેમણે કહ્યું, "સત્યની શોધ કરવાનું છે, અને મારી શોધ ચાલુ છે. પહેલા તે મિકેનિકલ એન્જિનિયરિંગમાં હતું, હવે તે માનવ એન્જિનિયરિંગમાં છે."

હાલમાં, વિવેકાનંદ કેન્દ્ર ચાર વિશિષ્ટ ક્ષેત્રો - શિક્ષણ, ગ્રામીણ વિકાસ, યોગ સંશોધન અને સાહિત્યના પ્રકાશનમાં તેનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. સેંકડો લોકો આરામદાયક જીવન અને ઉચ્ચ હોદ્દાનો ત્યાગ કરીને શાંત, રચનાત્મક કાર્યમાં જોડાયા છે, જે કેન્દ્ર દેશના વિવિધ રાજ્યોમાં તેમનું કાર્ય ચલાવી રહ્યું છે. ડૉ. નિગેન્દ્રના શબ્દોમાં, "આ ખરેખર સમૃદ્ધ જીવન છે - કામના સંતોષથી છલોછલ!"

ઉચ્ચ પ્રતિભાશાળી વ્યક્તિઓ જ જીવંત રાષ્ટ્ર પેદા કરી શકે છે, જેઓ બૌદ્ધિક શક્તિ તેમને ઉચ્ચ આદર્શો માટે જીવંત બનાવે છે, અને જેઓ ઉમદા હેતુ માટે પોતાનું જીવન સમર્પિત કરવા તૈયાર હોય છે. જો ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા લોકો તેમના જીવનને ઉચ્ચ આદર્શો માટે સમર્પિત કરવા તૈયાર ન હોય, પરંતુ તેના બદલે નીચલી કક્ષાના કાર્યોમાં વ્યસ્ત રહે, તો કોઈપણ ટિપ્પણી કરી શકે છે કે આવા રાષ્ટ્રે તેની બધી દ્રષ્ટિ અને જોમ ગુમાવી દીધી છે.

# પૂન:અભ્યાસ કર્યા વિના

દક્ષિણ અમેરિકાના લિમાની એક મહિલા, સંતોષકારક નોકરી શોધવામાં નિષ્ફળ રહી, આથી તેણીએ સમૃદ્ધ દેશ, ઉત્તર અમેરિકા જઈને પોતાનું નસીબ અજમાવવાનું મન બનાવ્યું. હવાઈ ભાડું પરવડે ના શકે એવી ગરીબ, તેણીએ સૂટકેસની અંદર ગોઠવાઈને પોતાને સામાન તરીકે મોકલવાની યોજના કરી, અને અમલમાં મૂકી.

વિમાન તેણીને લઈને લોસ એન્જલસ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યું. વિમાનમાંથી મુસાફરોની તમામ બેગ પરત કરવા માટે ઉતારવામાં આવી. એક સૂટકેસ સિવાયની બીજી બધી જ સૂટકેસ ઉપડી ગઈ. પોલીસે, તેથી, આ ત્યજી દેવાયેલી સૂટકેસને ખોલવા અને અંદરનો સામાન કબજે કરવા દરમિયાનગીરી કરી, જેથી કરીને જ્યારે પણ તેનો દાવેદાર આવે ત્યારે તેને સોંપી શકાય. તેઓએ સૂટકેસને તપાસવા ખોલી, તો તેમાંથી ભયાનક રીતે એક મહિલાની લાશ મળી આવી. કેસની તપાસ માટે તપાસ-અધિકારીઓ બોલાવવામાં આવ્યા. તેઓએ કહ્યું, "મહિલા અન્ય સામાનના વજનથી કચડાઈને મૃત્યુ પામી હોવી જોઈએ." (UPI)

ઉપરોક્ત ઘટના જીવનના એક સત્યને દર્શાવવા માટે સેવા આપે છે: સફળતા આપણી મરજી મુજબના પગલાઓ લેવાથી સુનિશ્ચિત થતી નથી. ઘણા બધા બાહ્ય અને અણધાર્યા

પરિબળો આપણી ક્રિયાઓના માર્ગ પર અસર કરતાં હોય છે. કોઈપણ કાર્યવાહી કરતાં પહેલાં, આપણે આવા પરિબળોને બરાબર રીતે ધ્યાનમાં લેવા જોઈએ. જો આપણા લીધેલા પગલાઓ, આવા પરિબળો સાથે મેળ ખાતાં હશે, તો જ આપણે મંઝિલ સુધી પહોંચવાની અપેક્ષા રાખી શકીએ છીએ.

જ્યારે પ્રશ્નમાં એવો નેતા વ્યક્તિ હોય, જે સમગ્ર રાષ્ટ્રને સમાવિષ્ટ કરતી નીતિ ઘડવામાં ભૂલ કરે, તો પરિસ્થિતિ ખૂબ ગંભીર વળાંક લઈ શકે છે. કદાચ સંપૂર્ણ તબાહી નહીં, તો વ્યાપક નુકશાનનું કારણ તો બને જ છે. આથી, એ જરૂરી છે કે નેતા તેના વિસ્તારોમાં નિર્ણય લેતી વખતે શક્ય તેટલા સમજદાર અને સાવચેત રહે. તેમણે તમામ સંભવિત ગુણદોષોને ધ્યાનમાં લેવા પડશે. કોઈપણ પ્રવૃતિમાં કૂદકો મારતા પહેલા તેમણે જોવું પડશે કે, જો આવો પ્રયાસ નિષ્ફળ રહેશે તો એ અક્ષમ્ય અપરાધ ના બની જાય. આખા રાષ્ટ્રને લડાઈ-ઝઘડા અને યાતનામાં ધકેલી દેવા કરતાં, તેના માટે યોગ્ય અને આયોજનબદ્ધ પગલાં લેવાનું વધુ ઉચિત રહેશે.

## અંત:કરણની જાગૃતિ

મસ્જિદના એક ઈમામ સવારની નમાઝ (ફજર) ના થોડા સમય પહેલા જાગી ગયા. તે કોઈ હેતુસર મસ્જિદની બહાર ગયા અને એક માણસને તેની દુકાન ખોલતો જોયો. અંધારું હજુ છવાયેલું હતું અને આટલી વહેલી સવારે દુકાન ખોલવી એ

એકદમ અસાધારણ બાબત હતી, તે અટકી ગયા અને દુકાનદાર તરફ જોયું. તેને અચાનક વિચાર આવ્યો, "આ અંધારી દુકાનમાં પ્રવેશ્યા પછી આ માણસ પહેલું કામ શું કરશે?" એક જ સેકંડમાં તેને વિચાર આવ્યો કે તે માણસ અંદર જઈને પહેલા લાઈટ ચાલુ કરશે, કારણકે દુકાનની અંદર અંધારું હોવાને કારણે તે બીજું કંઈ કરી શકશે નહીં. હવે, તે દુકાનદારને જોતાં ઊભા રહ્યા કે તેનું અનુમાન સાચું છે કે નહીં. તેનું અનુમાન સાચુ ઠર્યું. દુકાનનો દરવાજો ખોલ્યા બાદ, દુકાનદારે  સૌપ્રથમ લાઇટ ચાલુ કરી. દુકાન પ્રકાશિત થઈ ગઈ. દુકાનદાર અંદર ગયો, અને પોતાનું કામ કરવા લાગ્યો.

આ ઉદાહરણ દ્વારા આપણે ધર્મ, સમુદાય અને રાષ્ટ્રની સમસ્યાઓને પણ સમજી શકીએ છીએ. ધાર્મિક અથવા સાંપ્રદાયિક કાર્ય કરતા પહેલા લાઇટ ચાલુ કરવી જરૂરી છે. મતલબ કે અંતઃકરણની જાગૃતિ કેળવવી જરૂરી છે.  અંધારા કાળા ઘર અથવા દુકાનને ચમકાવવા માટે પ્રકાશની જરૂર હોય છે. તેવી જ રીતે, સમુદાય અથવા રાષ્ટ્રમાં કોઈપણ વાસ્તવિક અને નફાકારક સારા કાર્યો કરવા માટે, પ્રથમ જરૂરિયાત સમુદાયની વ્યક્તિઓને સંનિષ્ઠ બનાવવાની હોય છે. વિચારવાની અને સમજવાની ક્ષમતા કેળવવી પડશે. વ્યક્તિમાં અંતઃકરણના પ્રકાશ વિના, કોઈપણ મૂલ્યવાન કાર્ય થઈ શકતું નથી.

# રાષ્ટ્રરૂપી વૃક્ષનું વાવેતર

ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ, જ્હોન એફ. કેનેડીએ લ્યુટીનો ઉલ્લેખ કરીને એકવાર કોમેન્ટ કરી હતી:

"મેં એકવાર મારા માળીને એક વૃક્ષ વાવવા કહ્યું. માળીએ વાંધો ઉઠાવ્યો કે તેની વૃદ્ધિ બહુ ધીમી હશે, અને સો વર્ષ સુધી પણ પરિપકવતા સુધી પહોંચી શકશે નહીં. મેં જવાબ આપ્યો, 'આવા કિસ્સામાં તો આપણી પાસે ગુમાવવા માટે બિલ્કુલ સમય નથી, તેને આજે બપોરે જ વાવી દો.'" *(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સપ્લીમેન્ટ, નવી દિલ્હી, 1979)*

રાષ્ટ્રની વૃદ્ધિ અને વિકાસ પણ લાંબા-ગાળાની બાબત છે, અને રાષ્ટ્ર વિકસિત-રીતે ખીલે તે પહેલાં, અને વિશ્વની બાબતોમાં તેને યોગ્ય માનપાન અને ગૌરવની સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં, વ્યક્તિગત અને રાષ્ટ્રીય બંને સ્તરે તેને જબરદસ્ત આવકાર મળવો જોઈએ. પરંતુ જ્યારે પણ આવી કોઈ દરખાસ્ત લોકો સમક્ષ મૂકવામાં આવે છે, ત્યારે તેઓ એકદમ ઝડપથી નિર્દેશ કરતાં હોય છે કે જો કોઈ રાષ્ટ્રીય નીતિને પરિપક્વ થવા માટે સો વર્ષ લાગતાં હશે, તો કોઈ રાહ જોઈ શકશે નહીં. આનો એક જ જવાબ છે: "આવા કિસ્સામાં, આપણે એક પણ ક્ષણ ગુમાવવી જોઈએ નહીં. અને, આપણે એ જ ઘડીએ રાષ્ટ્ર-વિકાસનું 'વૃક્ષ' રોપી દેવું જોઈએ."

જો એક શકિતશાળી વૃક્ષને તેના સંપૂર્ણ કદ સુધી પહોંચવામાં એકસો વર્ષ લાગે, તો જે કોઈપણ વ્યક્તિને આવું વૃક્ષ જોઈએ છે, તેના માટે લાંબાગાળાની સારસંભાળ રાખ્યા સિવાય કોઈ છૂટકો નથી. કાળજી અને કુશળતાથી તેનું પાલન-પોષણ કરવાને બદલે, જો લોકો રસ્તાઓ પર આવીને વૃક્ષોના નામે હડતાળની ઝુંબેશો ચલાવે, અથવા કોઈ ખુલ્લી જગ્યાએ એકઠા થઈને સૂત્રોચ્ચારો કરીને શેરીઓમાં કૂચ કરે, તો તેઓને એક પણ વૃક્ષ મળશે નહીં, બગીચાની વાત તો ક્યાંય દૂર છે.

તેવી જ રીતે, છટાદાર ભાષણો કરીને તમે ક્યારેય ઘરની માલિકી મેળવી શકતા નથી. આવું કરવું એ સૌથી મોટી મૂર્ખતા છે. માત્ર રાજકારણના ક્ષેત્રમાં જ ચમત્કાર કરીને રાષ્ટ્રને મજબૂત કરી શકાતું નથી. શબ્દોની રમત રમીને લવાતી ક્રાંતિ, માત્ર કવિતાના દુર્લભ વિશ્વમાં શક્ય બને છે. ચળવળીયો નેતા ભાવુક ભાષણો કરી શકે છે, અને મોટી ભીડને આકર્ષિત કરી શકે છે. પરંતુ વાસ્તવિક પરિણામો ફક્ત લાંબા-ગાળાના આયોજન અને સઘન, સમર્પિત પ્રયત્નો દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. કહેવાની જરૂર નથી કે સંઘર્ષ માટે બે મહાન ગુણો અનિવાર્ય છે, ધીરજ અને મનોબળ!

# અગત્યની નોંધ

# અગત્યની નોંધ

# અગત્યની નોંધ

લેખક દ્વારા પુસ્તકમાં દર્શાવેલ વિવિધ ઉદાહરણો વ્યક્તિની આંતરિક ક્ષમતા અને સુષુપ્ત ઉર્જાને જગાવીને બહાર લાવવામાં મદદરૂપ બને છે. સામાન્ય સંજોગોમાં વ્યક્તિની ઉર્જા નિષ્ક્રિય પડી હોય છે, પરંતુ અચાનક જ કોઈ પડકાર કે શોક જેવી ઘટના સામે આવે ત્યારે મન-મગજ અસાધારણ રીતે જ કાર્યરત થઈ જાય છે, અને પોતાની બધી જ શકિતઓને આવી પડેલી આફતના નિવારણની દિશામાં એવી રીતે ગતિમાન કરે છે - જેની તેણે ક્યારેય કલ્પના પણ કરી નથી હોતી! આ પુસ્તક, વ્યવહારુ અનુભવોને ટાંકીને વ્યક્તિને એ વાતથી જાગ્રત કરે છે કે તેનામાં વિશાળ ક્ષમતા અને પ્રચંડ ઉર્જા-શક્તિનો ભંડાર ભર્યો છે. આથી, પ્રતિકૂળ સંજોગોમાં નાસીપાસ અને નિરાશ થવાને બદલે વ્યક્તિએ પોતાની અંદર થોડું ડોકિયું કરીને રચનાત્મક માર્ગો શોધવા તરફ પોતાના સ્ત્રોતો લગાડવા જોઈએ, જે તેનામાં પહેલેથી ભર્યા પડ્યા છે.

મૌલાના વહીદુદ્દીન ખાન (1925-2021) એક ઈસ્લામિક વિદ્વાન, અધ્યાત્મ અને શાંતિના કાર્યકર્તા હતા. વિશ્વ-શાંતિ ક્ષેત્રે તેમના અભૂતપૂર્વ યોગદાન બદલ તેઓ આંતર-રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યા હતા. મૌલાનાએ ઈસ્લામની આધ્યાત્મિકતા, પયગંબર સાહેબના અહિંસક વલણ, તેમજ સમકાલીન અને આધુનિક પ્રશ્નોના ઈસ્લામ સાથેનો સંબંધ વગેરે અનેક વિષયો પર 200 (બસ્સો) થી વધારે પુસ્તકો લખ્યા છે. તેમનું કુરઆનનું અંગ્રેજી અનુવાદ સાદું, સ્પષ્ટ અને સહેલાઈથી સમજાય જાય એવું હોવાથી વિપુલ પ્રમાણમાં સ્વીકાર્ય બન્યું છે. તેમણે 2001માં, શાંતિની સંસ્કૃતિના વિકાસ તેમજ વિશ્વને ઈસ્લામનો આધ્યાત્મિક સંદેશો પાઠવવા માટે CPS ઈન્ટરનેશનલ (સેન્ટર ફોર પીસ એન્ડ સ્પિરિચ્યુઆલીટી) સંસ્થાની સ્થાપના કરી હતી.



**મૌલાના વહીદુદ્દીન ખાન (1925 - 2021) એક ઈસ્લામિક આધ્યામિક વિદ્વાન હતા, જેમનું મિશન હંમેશા શાંતિના પ્રચારનો રહ્યો હતો. તેમનું વ્યક્તિત્વ ગાંધીવાદી વિચારો પ્રમાણેનું હતું, તેમના માટે અહિંસા જ સફળતાનું શસ્ત્ર રહ્યુ હતું. તેમણે પોતાની વિચારધારાને અનુરૂપ ઈસ્લામ ધર્મ પર 200 પુસ્તકો લખ્યા છે, તેમજ કુરઆનની સમજણ આપતું પુસ્તક તઝ્કિરુલ કુરઆન પણ લખ્યું છે. વિશ્વ-શાંતિના વિકાસમાં અભૂતપૂર્વ યોગદાન બદલ તેઓ આંતર-રાષ્ટ્રીય ક્ષેત્રે ખૂબ વિખ્યાતિ પામ્યા હતા - અને તેઓ ડેમિયુર્ગસ પીસ ઇન્ટરનેશનલ એવોર્ડ, પદ્મ ભૂષણ, કોમ્યુનલ હાર્મોની એવોર્ડ, તેમજ રાજીવ ગાંધી નેશનલ સદ્ભાવના એવૉર્ડ જેવા એવોર્ડસથી નવાજીત થયા હતા. તદુપરાંત, જાન્યુઆરી 2021માં, તેઓ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના હસ્તક પણ પદ્મ-વિભૂષણથી સન્માનિત કરાયા હતા.**

CPS International
centre for peace and spirituality
www.cpsglobal.org

Goodword
www.goodwordbooks.com

CITIZEN-9825455166